ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-09

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૨

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)

(મુખ્ય વિષય)

વિભાગ

# 2

## રાષ્ટ્રવાદ : આંતરયુદ્ધનાં વર્ષો - III
## (Nationalism : Inter War Years - III)


એકમ 29

બંધારણીય સુધારા 1921-1935 (Constitutional Reforms 1921-1935) 7

એકમ 30

1937ની ચૂંટણીઓ અને કૉંગ્રેસનાં પ્રધાનમંડળો (Elections of 1937 and Congress Ministries) 20

એકમ 31

ભારતીય મૂડીવાદનો વિકાસ, મૂડીપતિ વર્ગ અને સ્વાતંત્ર્ય-સંગ્રામ (The Growth of Indian Capitalism, the Capitalist Class and the Freedom Struggle) 42

એકમ 32

દેશી રાજ્યોમાં લોકસંઘર્ષ (Popular Struggles in the Princely States) 53

એકમ 33

દ્વિતીય વિશ્વયુદ્ધ : કારણો, તવારીખ અને પરિણામો (World War-II : Causes, Course and Consequences) 70

## Expert Committee

Prof. Ravinder Kumar (*Chairman*)
Director
Nehru Memorial Museum & Library
New Delhi

Prof. S. Gopal (CHS)
Prof. Satish Chandra (CHS)
Prof. Romila Thapar (CHS)
Dr. Muzffar Alam (CHS)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P.L. Mehra
Dr. R.I. Malhotra
Department of History
Punjab University
Chandigarh

Prof. B.S. Sharma
Pro-Vice-Chancellor (Acd.)
Prof. Bakhshish Singh (*Convenor*)
IGNOU
New Delhi

## Course Preparation Team

Dr. S.K. Bajaj
Deptt. of History
Panjabi University
Patiala

Mr. Aditya Mukerjee
Mrs. Mridula Mukerjee
C.H.S.
Jawaharlal Nehru University
New Delhi

Dr. Atluri Murali
School of Correspondence Course and Continuing Education
Delhi University
Delhi

Prof. V.N. D[illegible] (*Course Editor*)
Deptt. of History
Kurukshetra University
Kurukshetra

Prof. S. Bhattacharya (*Consultant*)
C.H.S.
Jawaharlal Nehru University
New Delhi

Prof. O.P. Grewal (*Language Editor*)
Deptt. of English
Kurukshetra University
Kurukshetra

**Faculty Members: Indira Gandhi National Open University: New Delhi**

Dr. Kapil Kumar (*Course Coordinator*)
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi

Ms. Anju Sehgal
(*Language Editor*)

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

August, 1989

© Indira Gandhi National Open University, 1989

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, [illegible] વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |


: પ્રકાશક :

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481


© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 2 રાષ્ટ્રવાદ : આંતરયુદ્ધનાં વર્ષો - III

# ( Nationalism : Inter War Years - III )

1920-1935 દરમિયાન થયેલા બંધારણીય સુધારાઓની પ્રક્રિયા વિશે તમને માહિતગાર કરવાનો આ વિભાગમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે અને તેનાથી આ વિભાગ શરૂ થાય છે. પ્રાંતોમાં દ્વિમુખી પદ્ધતિની કામગીરી વિશેના બંધારણીય વિવિધ મુદ્દાઓને એકમ 29 સમજાવે છે. ત્યાર બાદ, આ એકમ, બંધારણીય સુધારાઓ માટે હિંદીઓએ કરેલા પ્રયત્નો વિશે ચર્ચા કરે છે. જેમ કે, સાયમન પંચની નિમણૂક અને ગોળમેજી પરિષદો. 1935ના કાયદાનાં વિવિધ પાસાંઓ અને આ કાયદાની કૉંગ્રેસે કરેલી આલોચનાની ચર્ચા આ એકમ કરે છે.

ચૂંટણીઓ અંગે સંમતિ આપવી કે નહિ તે વિશે કૉંગ્રેસમાં વાદવિવાદ સર્જાયો હતો અને ચૂંટણીઓમાં જીત્યા પછી પ્રધાનમંડળો રચવાં કે નહિ તે પ્રશ્ન પણ હતા. એકમ 30માં આ વિશે અને કૉંગ્રેસે રચેલાં મંત્રીમંડળોનાં કાર્યો અને મર્યાદાઓની પણ ચર્ચા કરવામાં આવી છે.

રાષ્ટ્રવાદ વિશે હિંદી મૂડીવાદીઓનું પોતાનું દૃષ્ટિબિંદુ હતું અને એકમ 31માં ભારતીય રાષ્ટ્રવાદના વિકાસ અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં મૂડીવાદીઓએ ભજવેલા ભાગની ચર્ચા કરવામાં આવી છે.

અંગ્રેજોના શાસન નીચેના પ્રાંતોમા સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલ્યા હતા પરંતુ દેશી રજવાડાંની હકૂમત નીચે રહેતી પ્રજા કોઈ પણ લોકશાહી અધિકારો વિના તમામ પ્રકારના શોષણનો ભોગ બની હતી. સ્વાતંત્ર્ય સંગ્રામને પરિણામે દેશી રજવાડાંમાં લોકપ્રિય સંગ્રામો શરૂ થયા તેની ચર્ચા એકમ 32માં કરવામાં આવી છે.

સપ્ટેમ્બર 1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું અને તેનો ભારત પર સીધો પ્રભાવ પડ્યો હતો. ભારતને તેની મરજી વિરુદ્ધ યુદ્ધમાં ઢસડવામાં આવ્યું હતું અને કૉંગ્રેસે તેનો સખત વિરોધ કર્યો હતો. એકમ 33માં આ યુદ્ધનાં કારણો, યુદ્ધ કેવી રીતે ચાલ્યું અને તેનાં શાં પરિણામો આવ્યાં તેનાથી તમને પરિચિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

# એકમ 29 બંધારણીય સુધારા 1921-1935
## (Constitutional Reforms 1921-1935)

**રૂપરેખા**


29.0 ઉદ્દેશો

29.1 પ્રસ્તાવના

29.2 1919ના બંધારણીય સુધારાની અસરો

 29.2.1 દ્વિમુખી પદ્ધતિની નિષ્ફળતા

 29.2.2 1920-1927 વચ્ચેના સમયની સુધારાની દરખાસ્તો

29.3 સાયમન કમિશન

 29.3.1 નિમણૂક

 29.3.2 બહિષ્કાર

29.4 સર્વપક્ષીય પરિષદ અને નેહરુ અહેવાલ

29.5 પ્રથમ ગોળમેજી પરિષદ

29.6 ગાંધીજી અને બીજી ગોળમેજી પરિષદ

29.7 કોમી ચુકાદો અને પૂના કરાર

29.8 હિંદની સરકારનો 1935નો કાયદો

29.9 સારાંશ

29.10 ચાવીરૂપ શબ્દો

29.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 29.0 ઉદ્દેશો

આ એકમનો હેતુ 1920થી 1935ના સમયગાળા દરમિયાન બંધારણીય સુધારાનો સંક્ષિપ્ત ઇતિહાસ આપવાનો છે. આ એકમ વાંચી રહ્યા પછી તમે નીચેના મુખ્ય મુદ્દા સમજી શકશો :

- સ્વતંત્ર ભારતના બંધારણના મૂળભૂત લક્ષણ (સંસદીય પદ્ધતિની સરકાર સહિત લોકશાહી પ્રજાસત્તાક)નો ઉત્તરોત્તર કેવી રીતે વિકાસ થયો.
- સ્વાતંત્ર્ય માટેની લડત અને બંધારણીય સુધારાઓનો એકસાથે કેવી રીતે વિકાસ થયો અને તે બન્ને કેવી રીતે પરસ્પર પૂરક હતા તે સમજાવો.
- બંધારણીય સુધારાના સંબંધમાં કોમી તથા લઘુમતીઓની સમસ્યાઓનો પડકાર ઝીલવામાં ભારતની આમજનતા તથા તેમના આગેવાનોના પ્રયાસો મૂલવો.

## 29.1 પ્રસ્તાવના

એકમ-17, વિભાગ-4માં, તમે 1892-1920ના સમયગાળા દરમિયાન બંધારણીય વિકાસ વિશે વાંચી ગયા. હવે આ એકમમાં 1920-1935ના સમયગાળાના બંધારણીય વિકાસનો તમને પરિચય કરાવવાનો પ્રયાસ કર્યો છે. અત્રે આપણે જે 1919ના સુધારાના કાયદાની અસરો તથા સાયમન કમિશનની નિમણૂક કરવા માટેના સંજોગોનું વિશ્લેષણ કરીશું. સાયમન કમિશનની નિમણુંક પ્રત્યેનો રાષ્ટ્રવાદી પ્રતિભાવ તથા નેહરુ અહેવાલની ભલામણોની પણ અહીં ચર્ચા કરવામાં આવી છે. ગોળમેજી પરિષદો મારફતે રાષ્ટ્રવાદીઓ સાથે સમાધાન કરવાના બ્રિટિશરોના પ્રયાસોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. અંગ્રેજો દ્વારા જેની ખાતરી આપવામાં આવેલ તે કોમી તથા લઘુમતી વર્ગોના પ્રતિનિધિત્વ દ્વારા મળેલ પડકારને ઝીલવા પૂના કરારના સ્વરૂપમાં રાષ્ટ્રવાદીઓએ રજૂ કરેલ દરખાસ્તને પણ સમજાવી છે. છેલ્લે હિંદની સરકારના 1935ના ધારાનાં મુખ્ય લક્ષણો અને તેની મર્યાદાઓ જણાવવામાં આવી છે.

## 29.2 1919ના બંધારણીય સુધારાની અસરો
### (Effects of the Constitutional Reforms of 1919)

1919ના બંધારણીય સુધારાની અસરોની ચર્ચા કરતાં અગાઉ, આપણે હિંદની સરકારના 1919ના કાયદાનાં

મુખ્ય લક્ષણોનું પુનરાવર્તન સંક્ષિપ્તમાં કરી લઈએ.


હિંદની સરકારના 1919ના કાયદા હેઠળ પ્રાંતિક સરકારોને દ્વિમુખી પદ્ધતિ અનુસાર વધુ સત્તાઓ આપવામાં આવી હતી. નાણાં તથા કાયદો અને વ્યવસ્થા જેવાં કેટલાંક ખાતાં અનામત કહેવાતાં અને તે ગર્વનરના સીધા અંકુશ હેઠળ રાખવામાં આવ્યાં. શિક્ષણ, જાહેર આરોગ્ય અને સ્થાનિક સ્વરાજ જેવાં બીજાં ખાતાં સોંપાયેલાં હતાં અને તે ધારાસભાને જવાબદાર એવા મંત્રીઓના અંકુશ હેઠળ હતાં. કેટલાંક ખર્ચ કરનારાં ખાતાં સોંપાયેલાં હોવા છતાં તેમનાં નાણાં ઉપર ગર્વનર સંપૂર્ણ અંકુશ રાખતો હતો. ગવર્નર પોતાને યોગ્ય લાગે તે કારણસર મંત્રીઓની ઉપરવટ જઈ શકતા હતા. ગવર્નર-જનરલ અને તેની કારોબારી સમિતિ ઉપર વાસ્તવમાં કેન્દ્રની ધારાસભાનો કોઈ અંકુશ નહોતો. બીજી બાજુ, પ્રાંતિક સરકારો ઉપર કેન્દ્ર સરકારનો અનિયંત્રિત અંકુશ હતો.

## 29.2.1 દ્વિમુખી પદ્ધતિની નિષ્ફળતા (Failure of Dyarchy)

વ્યવહારમાં દ્વિમુખી શાસન પદ્ધતિનો અમલ થઈ શકે નહીં એવું પુરવાર થઈ. દ્વિમુખી શાસન પદ્ધતિનો સમગ્ર ખ્યાલ ખામીયુક્ત સિદ્ધાંત પર આધારિત હતો. રાજ્યનાં કાર્યોની ચુસ્ત વિભાગોમાં વહેંચણી અતાર્કિક પુરવાર થઈ. અનામત અને સોંપાયેલાં ખાતાંઓમાં તફાવત સ્પષ્ટ ન હતો : ઉદાહરણ તરીકે, નાણાં ખાતું અનામત હતું. પરન્તુ સોંપાયેલાં ખાતાંઓને કાર્યાન્વિત કરવા માટે તે મહત્ત્વનું હતું. એક પક્ષે મંત્રીઓ પોતાના દેશવાસીઓનું ભલું ચાહતા હતા, જ્યારે બીજે પક્ષે ગવર્નર, કારોબારી સમિતિ અને સનદી સેવાના સભ્યો બ્રિટિશ સરકારનું ભલું ઇચ્છતા હતા. આમ, મંત્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યો, ગવર્નર તથા સનદી અધિકારીઓનાં હિતો એકસરખાં ન હતાં. સોંપાયેલાં ખાતાંઓમાં મંત્રીઓએ સનદી અધિકારીઓ પાસેથી કામ લેવાનું હતું. પરન્તુ તેમના ઉપર તેમનો અંકુશ ન હતો.

મંત્રીઓ ધારાસભાને જવાબદાર હતા અને તેઓ તેમની નિમણૂક તથા બરતરફીની સત્તા ધરાવનાર ગવર્નરના હાથ નીચે હતા. સંગઠિત રાજકીય પક્ષો અને સ્થિર બહુમતીના અભાવે મંત્રીઓમાં સંયુક્ત જવાબદારીની ભાવના ન હતી. અનામત તથા સોંપાયેલાં ખાતાંઓ વચ્ચે નાણાંની ફાળવણીમાં ભેદભાવ રખાતો હતો. આ બાબતમાં અનામત ખાતાંઓને લાભ મળતો હતો. લોકોને સંસદીય પદ્ધતિની 'સરકાર'ની વાસ્તવિક તાલીમ આપવામાં દ્વિમુખી શાસન પદ્ધતિ સફળ થઈ નહીં.

સંગઠિત રાજકીય પક્ષો ન હોવાથી મતદારો અને તેમના પ્રતિનિધિઓ વચ્ચે સંપર્ક ન હતો. ધારાસભ્યો કોમી અને સ્થાનિક બાબતો વિશેના મુદ્દાઓ પર વિભાજિત થયેલા હતા. તેઓ સરકારના હિમાયતીઓ તરીકે અથવા તો રચનાત્મક આલોચકો તરીકે સફળ થયા નહીં. સોંપાયેલાં ખાતાંઓની કામગીરીથી બંધારણીય પ્રગતિ થઈ શકે એવી તંદુરસ્ત પરંપરાઓ ઉદ્‌ભવી નહીં. મંત્રીઓ, ધારાસભ્યો તથા મતદારોને વિશાળ રાજકીય જવાબદારીઓ ઉપાડવા માટે શક્તિશાળી બનાવે એવી તાલીમ મળી નહીં.




સોનેરી પુલ

## 29.2.2 1920-1927 વચ્ચેના સમયની સુધારાની દરખાસ્તો

**(Reform proposals between 1920-1927)**

હિંદની સરકારના 1919ના કાયદા દ્વારા દાખલ કરેલ સુધારાઓથી ભારતીય રાષ્ટ્રવાદીઓનો ભ્રમ ભાંગી ગયો અને આ ઘટનાએ 1920-1921માં રાષ્ટ્રવાદી ચળવળના વિકાસમાં ઘણું મોટું પ્રદાન કર્યું. અસહકારની ચળવળ પાછી ખેંચી લીધા પછીના સમયગાળા દરમિયાન જે રાજકીય શૂન્યાવકાશ વિકસ્યો, તેમાં પણ પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનો સ્વરાજ પક્ષના નેતાઓએ પ્રયાસ કર્યો. જ્યારે બીજી બાજુ અપરિવર્તનીય ગાંધીવાદીઓએ ગામડાંઓમાં રચનાત્મક કાર્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

1920 અને સાયમન કમિશનની રચના વચ્ચેના સમયગાળામાં હિંદીઓ મારફતે સુધારા માટેની અનેક દરખાસ્તો રજૂ કરવામાં આવી. 1921માં કેન્દ્રની ધારાસભામાં એક બિનસરકારી ઠરાવ રજૂ કરવામાં આવ્યો. તે ઠરાવમાં પ્રાન્તોમાં સંપૂર્ણ જવાબદાર સરકાર સ્થાપવાની માગણી કરવામાં આવી. 1923માં બીજા બે બિનસરકારી ઠરાવો દાખલ કરવામાં આવ્યા પરન્તુ તેનાથી લાભ થયો નહીં.

ધારાસભામાં પ્રવેશ્યા બાદ સ્વરાજવાદીઓએ એક બિનસરકારી ઠરાવ રજૂ કર્યો. તે ઠરાવમાં ગવર્નર જનરલ ઇન કાઉન્સિલને હિંદની સરકારનો 1919નો કાયદો સુધારીને પ્રાન્તોમાં પ્રાન્તિક સ્વાયત્તતા તથા બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ સ્થાપવાની ભલામણ કરવામાં આવી. સરકારે આ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. ગૃહખાતાના સભ્ય સર માલ્કમ હેઇલીએ જણાવ્યું કે 1919ના કાયદાના આમુખમાં દર્શાવ્યા મુજબની જવાબદાર સરકારની સ્થાપનાનો ઠરાવ કરવામાં આવશે, જેમાં કારોબારી મર્યાદિત સત્તાઓ સહિત ધારાસભાને જવાબદાર રહેશે. આમ છતાં, પૂર્ણ સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ તેના પછીનું અને આખરી પગલું હશે.

મોતીલાલ નેહરુની નેતાગીરી નીચે સ્વરાજવાદીઓએ 1924માં એક સુધારો રજૂ કર્યો. તેઓએ ભારતની બંધારણ સભા દ્વારા જ ભારતનું બંધારણ ઘડવાની માગણી કરી. તેના પ્રતિભાવ રૂપે સરકારે કારોબારી સમિતિમાં ગૃહખાતાના સભ્ય, સર એલેકઝાંડર મુડીમનના અધ્યક્ષપદ હેઠળ સુધારા તપાસપંચની નિમણૂક કરી. તે પંચે બહુમતી અને લઘુમતી અહેવાલ પ્રકાશિત કર્યો. બહુમતી અહેવાલમાં જાહેર દ્વિમુખી શાસન પદ્ધતિ ખરા સ્વરૂપમાં અમલમાં હતી નહીં. લઘુમતી અહેવાલમાં નિર્દેશ કરાયો કે 1919નો ધારો નિષ્ફળ ગયો હતો. આમ છતાં, સરકારી દૃષ્ટિબિન્દુમાં જણાવવામાં આવ્યું કે બહુમતીના અહેવાલનાં સૂચનોનો સ્વીકાર કરીને 1919ના ધારાને સુધારી શકાય. પરન્તુ મોતીલાલ નેહરુ તેમના અગાઉના ઠરાવને વળગી રહ્યા. તેમણે બધા હિંદી પ્રજાજનો (લઘુમતી સહિત), યુરોપીય તથા ઍંગ્લો-ઇન્ડિયનોનાં હિતો સમાવી લેતી એક ગોળમેજી પરિષદ બોલાવવાની માગણી કરી.

શ્રેણીમાં સરખા પણ દરજ્જામાં ઊતરતા



**2. ઇન્ડિયન રિવ્યુમાં (1924) સુધારા વિશે એક કાર્ટૂન**

આ અરસામાં એમ. એ. ઝીણાના પ્રમુખપદ હેઠળ મુસ્લિમ લીગનું અધિવેશન લાહોરમાં મળ્યું. તેમાં અલગ મતદાર મંડળો દ્વારા લઘુમતીઓને પૂરતું પ્રતિનિધિત્વ, પ્રાન્તો માટે પૂર્ણ સ્વાયત્તતાવાળું સમવાયી બંધારણ તથા સંપૂર્ણ જવાબદાર સરકારની સ્થાપનાની માગણી કરવામાં આવી. રાજ્યસભામાં અલગ મતદારમંડળો નાબૂદ કરવા માટેનો ઠરાવ દાખલ કરવામાં આવ્યો ત્યારે મુસ્લિમ સભ્યોએ અનુભવ્યું કે અલગ મતદારમંડળો નાબૂદ કરવાનો હજુ સમય આવ્યો નથી. જો નીચેની ચાર શરતો પૂરી કરવામાં આવે તો સંયુક્ત મતદાર મંડળોની પદ્ધતિ સ્વીકારવા કેટલાક મુસ્લિમ સભ્યો પાછળથી કબૂલ થયા હતા :

- મુંબઈ ઇલાકાથી અલગ કર્યા બાદ સિંધને અલગ પ્રાન્ત બનાવવો (મુસ્લિમોની બહુમતીવાળો પ્રાન્ત).
- અન્ય પ્રાન્તોની જેમ વાયવ્ય સરહદ પ્રાન્ત તથા બલુચિસ્તાનમાં સુધારાનો અમલ કરવામાં આવે.
- બંગાળ અને પંજાબમાં વસ્તીના ધોરણે પ્રતિનિધિત્વ આપવામાં આવે (ધારાસભાઓમાં મુસ્લિમોની બહુમતી માટે આ શરત મૂકી હતી).
- મધ્યસ્થ ધારાસભામાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કુલ સભ્ય સંખ્યાનું 1/3 અથવા તેનાથી વધારે રાખવું.

ઝીણાએ માગણીઓની આ યાદી બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. મુસ્લિમો દ્વારા રજૂ કરવામાં આવેલી મોટા ભાગની માગણીઓ સ્વીકારતો એક ઠરાવ કૉંગ્રેસે પસાર કર્યો. આ અરસામાં મુસ્લિમ લીગમાં ભંગાણ પડ્યું. સર મિયાં મુહમ્મદ શફીના પ્રમુખપદ હેઠળ લાહોરમાં મુસ્લિમ લીગની અલગ વાર્ષિક બેઠક યોજવામાં આવી. કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે મનમેળ અટકાવવાની બ્રિટિશ નીતિ સાથે તે ભંગાણ સુસંગત હતું. બ્રિટિશ સરકારે આ પૂર્વભૂમિકા ધ્યાનમાં લઈને ભારતમાં લોકોનો વધતો જતો અસંતોષ રોકવા માટે ભારતની પરિસ્થિતિનું અવલોકન કરવાનો નિર્ણય કર્યો. તેના પરિણામે સાયમન કમિશનનું આગમન થયું.

## 29.3 સાયમન કમિશન (Simon Commission)

1919ના કાયદામાં સરકારની કામગીરીની તપાસ કરવાના હેતુથી કાયદો પસાર થયા બાદ દસ વર્ષના અંતે એક શાહી કમિશન નીમવા માટેની જોગવાઈ કરવામાં આવી હતી. આની પાછળ એ સિદ્ધાંત કામ કરતો હતો કે બંધારણીય પ્રગતિ ધીમે ધીમે પ્રાપ્ત કરવી જોઈએ. આમ છતાં આ પદ્ધતિમાં કેટલાંક દૂષણો હતાં. આ એક હંગામી બંધારણ હોવાથી તેને સફળ બનાવવા લોકોમાં ઉત્સાહ પેદા થયો નહિં અને જે લોકો અસંતુષ્ટ હતા, તેઓએ તેને અવ્યવહારુ પુરવાર કરવાનો પ્રયાસ કર્યો. વિશેષે કરીને, કોઈ પણ બંધારણ વ્યવહારુ અને ટકી શકે એવું છે કે નહિ તેનો નિર્ણય કરવા માટે દસ વર્ષનો સમય ઘણો ઓછો ગણાય.

### 29.3.1 નિમણૂક (Appointment)

નવેમ્બર 1927માં સર જોન સાયમનના અધ્યક્ષપદ નીચે હિંદી વજીર લૉર્ડ બર્કનહેડે એક કાયદેસર કમિશનની નિમણૂક જાહેરાત કરી. આ કમિશનનો હેતુ પ્રાંતિક સરકારોની કામગીરીની તપાસ કરવી, પ્રતિનિધિ સંસ્થાઓ કેવી રીતે કામ કરે છે તેનું પરીક્ષણ કરવું અને જવાબદાર સરકાર સ્થાપવામાં ભવિષ્યની પ્રગતિ માટેની રૂપરેખા તૈયાર કરવાનો હતો.

હિંદ સરકારના 1919ના કાયદાનો 1921માં અમલ કરવામાં આવ્યો. આ રીતે કમિશનની નિમણૂક 1931માં કરવી જોઈતી હતી. તેથી પ્રશ્ન એ પેદા થાય છે કે કમિશનની નિમણૂક શા માટે વહેલી કરવામાં આવી? બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે આ નિમણૂક દ્વારા હિંદની સમસ્યાઓ પર તે ઉદારતાથી વિચારણા કરવા માગતી હતી, પરન્તુ વાસ્તવમાં તેનાં કારણો જુદાં હતાં :

- રાષ્ટ્રવાદીઓએ નિશ્ચિત સમયની તપાસપદ્ધતિનો વિરોધ કર્યો અને બંધારણીય પદ્ધતિની સંપૂર્ણ ફેરવિચારણાની માગણી કરી.
- બ્રિટનની રાજકીય પરિસ્થિતિએ ટોરી પક્ષની સરકારને નવેમ્બર, 1927માં કમિશન વહેલું નીમવાની ફરજ પાડી. 1929ના બ્રિટનમાં થનારી સામાન્ય ચૂંટણીઓમાં મજૂર પક્ષને જીતવાની શક્યતા હતી. હિંદની બાબતમાં લગતું કાયદાકીય કમિશનની નિમણૂક કરવાની તક મજૂર પક્ષની સરકારને આપવા ટોરી પક્ષની સરકાર ઇચ્છતી ન હતી.
- આ ઉપરાંત ટોરી સરકાર તે સમયે પ્રતિનિધિમંડળ મોકલવા માગતી હતી કે જ્યારે દેશમાં કોમી પરિસ્થિતિ ખરાબ હોય જેથી સ્વશાસન કરવાની ભારતીયોની ક્ષમતા વિષે કમિશન નીચો અભિપ્રાય આપે.
- પ્રો. કીથના જણાવ્યા પ્રમાણે એક બીજું પણ કારણ હતું કે કમિશનની નિમણૂક એક બાજુ સ્વરાજ પક્ષની પ્રવૃત્તિઓ તથા બીજી બાજુ નેહરુ અને બોઝની આગેવાની હેઠળની યુવક પ્રવૃત્તિઓના - પરિણામરૂપે થઈ હતી.

કમિશનના બધા સાત અંગ્રેજ સભ્યો બ્રિટિશ પાર્લમેન્ટના સભ્યો હતા. બ્રિટિશ સરકારે કમિશનમાં હિંદીઓને ન લેવા માટે બે દલીલો કરી હતી :

1) સરકારે જણાવ્યું કે કમિશને તેની કાર્યવાહીનો અહેવાલ બ્રિટિશ પાર્લમેન્ટને આપવાનો હતો તેથી માત્ર બ્રિટિશ સભ્યોને નીમવા ન્યાયયુક્ત હતું. આ દલીલમાં બહુ વજૂદ ન હતી કારણ કે બ્રિટિશ પાર્લમેન્ટમાં તે સમયે બે હિંદી (ભારતીયો) સભ્યો હતા. લૉર્ડ સિંહા અને મિ. સકલાતવાલા.

2) બીજું, બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે બંધારણીય વિકાસની સમસ્યા વિશે ભારતમાં સમાન મત પ્રવર્તતો ન હતો. તેથી કોઈ હિંદીને તેમાં સભ્ય તરીકે નીમવાનું શક્ય ન હતું. વાસ્તવમાં બર્કનહેડને ભય હતો કે મિશ્ર કમિશનમાં હિંદી અને બ્રિટિશ મજૂર પ્રતિનિધિઓ વચ્ચે જોડાણ સાધવામાં આવશે.

ઇર્વિને જાહેર કર્યું કે ભારતીયોને કમિશનના સભ્યપદમાંથી અલિપ્ત રાખવામાં આવ્યા હતા કારણ કે રાજ્ય કરવાની તેમની ક્ષમતાનું વાસ્તવિક ચિત્ર તેઓ પાર્લમેન્ટને આપી શકે નહિ અને તેમનો અભિપ્રાય નિષ્પક્ષ રહી શકે નહિ. તેમ છતાં, વડાપ્રધાન બોલ્ડવિને મે, 1927માં જાહેર કર્યું કે, ''ભવિષ્યમાં યોગ્ય સમયે સંસ્થાનો સાથે સમાનતાના ધોરણે તે હિંદ જોડાશે એવી અમે આશા રાખીએ છીએ.'' બોલ્ડવિનની જાહેરાતને ધ્યાનમાં લઈને ઇર્વિને બંધારણીય વિકાસની સમસ્યા વિશે હિંદી લોકમતની અભિવ્યક્તિ માટેની વ્યવસ્થા કરી. હિંદમાં કેન્દ્ર અને પ્રાન્તોમાંથી બિનસરકારી સભ્યોની બનેલી સંયુક્ત સમિતિઓ કમિશન સમક્ષ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની હતી. કમિશનના અહેવાલ વિશે સંયુક્ત બ્રિટિશ સંસદીય સમિતિ સાથે મંત્રણા કરવા હિંદી ધારાસભા પોતાનું પ્રતિનિધિમંડળ મોકલી શકે.

### 29.3.2 બહિષ્કાર (Boycott)

કમિશનમાં બધા ગોરા અંગ્રેજ સભ્યોની નિમણૂકની જાહેરાત થવાથી લગભગ બધા હિંદીઓને આઘાત લાગ્યો. બધા પક્ષો એટલે કે કૉંગ્રેસ, મુસ્લિમ લીગનું એક જૂથ, હિન્દુ મહાસભા, લિબરલ્સ ફેડરેશન વગેરેએ આ જાહેરાતનો સખત વિરોધ કર્યો, અને પુરવાર કર્યું કે હિંદના પ્રતિનિધિત્વની બાબતમાં હિંદના લગભગ બધા વર્ગોનો લોકમત એકસમાન છે. તેઓએ એ વાત તરફ ધ્યાન દોર્યું કે તેમણે પોતે તો ભારતીયો તથા બ્રિટિશરોની ગોળમેજી પરિષદની માગણી કરી હતી અને માત્ર અંગ્રેજોના બનેલા કમિશનની નહિ. બહિષ્કાર દ્વારા કૉંગ્રેસે અસહકારની ભાવનાને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો. આમ છતાં, ભગતસિંહ જેવા હિંદના ક્રાન્તિકારીઓ તથા બીજાઓએ સાયમન કમિશનનો એ કારણે વિરોધ કર્યો કે હિંદનું બંધારણ ઘડવામાં માત્ર હિંદીઓને જ બોલવાનો અધિકાર હોવો જોઈએ.

મુહમ્મદ શફીની આગેવાની હેઠળની મુસ્લિમ લીગ મદ્રાસની જસ્ટિસ પાર્ટી, સેન્ટ્રલ શીખ સંઘ અને અખિલ ભારતીય અછૂત સમવાયી સંઘે કમિશનનો વિરોધ કર્યો નહીં.

સાયમન કમિશન 3 ફેબ્રુઆરી, 1928ના દિવસે મુંબઈ ગયું, ત્યાં '' સાયમન પાછો જા '' ના સૂત્રોચ્ચારથી તેને આવકારવામાં આવ્યું. તેના વિરોધમાં હડતાલનું એલાન આપવામાં આવ્યું અને હજારો લોકોએ ભેગા થઈને સાયમન કમિશનના વિરોધમાં સૂત્રોચ્ચારો કર્યા. બહિષ્કાર એક પ્રકારના વિરોધી ચળવળમાં ફેરવાઈ ગયો, તેને જોઈને અસહકારના દિવસોની યાદ તાજી થઈ. ગોળીબાર અને લાઠીચાર્જ કરવા છતાં લોકોનાં ટોળાં પાછાં હઠ્યાં નહિ.

લાહોરમાં લાલા લજપતરાયની આગેવાની હેઠળ નીકળેલા એક સરઘસ પર સખત લાઠીચાર્જ કરવામાં આવ્યો. લાલાજી સખત લાઠીમારથી ઘવાયા અને અવસાન પામ્યા. લખનૌમાં જવાહરલાલ નેહરુ અને ગોવિન્દ વલ્લભ પંત પર સખત લાઠીચાર્જ કરવામાં આવ્યો. ભગતસિંહની આગેવાની હેઠળના ક્રાન્તિકારી જૂથે મદદનીશ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સોન્ડર્સની હત્યા કરીને લાલા લજપતરાયના મૃત્યુનો બદલો લીધો.

કમિશન વિરુદ્ધ લોકોના ગુસ્સાથી એ ભાવના અભિવ્યક્ત થઈ કે હિંદનું ભાવિ બંધારણ પોતાના લોકો દ્વારા જ ઘડાવું જોઈએ. કૉંગ્રેસે ફેબ્રુઆરી 1928માં સર્વપક્ષીય પરિષદ બોલાવી અને 19મેના રોજ બંધારણનો મુત્સદ્દો ઘડવા મોતીલાલ નેહરુના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિની નિમણૂક કરી.

કમિશને બે વાર (ફેબ્રુઆરી-માર્ચ 1928, ઑક્ટોબર 1928- એપ્રિલ 1929) ભારતની મુલાકાત લીધી. દરેક વખતે તેણે બહિષ્કારનો સામનો કરવો પડ્યો. તેણે વિસ્તૃત પ્રવાસો કર્યા અને એક અહેવાલ તૈયાર કર્યો તે મે 1930માં પ્રગટ કરવામાં આવ્યો.

## 29.4 સર્વપક્ષીય પરિષદ અને નેહરુ અહેવાલ (All Parties Conference and Nehru Report)

1927ના મદ્રાસ કૉંગ્રેસ અધિવેશને સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનો ઠરાવ પસાર કર્યો. તેની

કાર્યવાહક સમિતિને અન્ય સંગઠનો સાથે ચર્ચા વિચારણા કરીને હિંદનું બંધારણ તૈયાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો. કૉંગ્રેસ, મુસ્લિમ લીગ, હિન્દુ મહાસભા વગેરે પક્ષોના પ્રતિનિધિઓ ફેબ્રુઆરી 1928માં એક પરિષદમાં ભેગા થયા. તે 'સર્વ પક્ષીય પરિષદ' તરીકે જાણીતી થઈ. આ પરિષદનું પ્રમુખપદ ડૉ. એમ.એ. અન્સારીએ સંભાળ્યું. ભારતનું બંધારણ ઘડવામાં, પૂર્ણ જવાબદાર સાંસ્થાનિક દરજ્જાના સ્વરાજનો સિદ્ધાંત ધ્યાનમાં રાખવો, એમ નક્કી કરવામાં આવ્યું. મદ્રાસમાં 1927માં મળેલ કૉંગ્રેસની બેઠકે દેશની સંપૂર્ણ રાષ્ટ્રીય સ્વતંત્રતાનું ધ્યેય સ્વીકાર્યું હતું તેમ છતાં, સર્વ પક્ષીય પરિષદમાં સંપૂર્ણ સાંસ્થાનિક સ્વરાજને ઇચ્છિત ધ્યેય તરીકે જાહેર કરવામાં આવ્યું. સાંસ્થાનિક દરજ્જાનું ધ્યેય રાખનાર બધા પક્ષોને એક સામાન્ય યોજનામાં ભેગા લાવી શકાય, તેથી આ પ્રમાણે કરવામાં આવ્યું.

મોતીલાલ નેહરુના પ્રમુખપદે મે 1928માં એક સમિતિ નીમવામાં આવી. આમ રાષ્ટ્રવાદીઓ દ્વારા નીમવામાં આવેલી નેહરુ સમિતિ, એ એક તો સાયમન કમિશનની નિમણૂક તથા બીજું સર્વ ભારતીયોના અભિપ્રાયમાં એકવાક્યતા સિદ્ધ કરતું હોય એવું બંધારણ ઘડવા લૉર્ડ બર્કનહેડે ફેંકેલા પડકારનો જવાબ હતો. સમિતિનો અહેવાલ ઑગસ્ટ મહિનામાં સ્વીકારવામાં આવ્યો. કલકત્તામાં મળેલી કૉંગ્રેસની બેઠકમાં રજૂઆત કરાઈ કે ભારતની રાજકીય તથા કોમી સમસ્યાઓ હલ કરવામાં આ અહેવાલે મોટા પ્રમાણમાં ફાળો આપ્યો છે. આ સમિતિનો હેવાલ બંધારણના એક એવા મુસદ્દાની રૂપરેખાના સ્વરૂપમાં હતો કે જે સ્વરાજ ભોગવતાં સંસ્થાનોના બંધારણના નમૂનાના આધારે પૂર્ણ જવાબદાર સરકારના સિદ્ધાન્ત પર રચાયેલો હતો. સંપૂર્ણ જવાબદાર સરકારની સ્થાપનાને અહીં દૂરના લક્ષ્ય તરીકે નહિ પરંતુ તાત્કાલિક લક્ષ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. દેખીતી રીતે તે 1919ના કાયદામાં કલ્પેલી ક્રમિક પ્રગતિના સિદ્ધાંતથી જુદું હતું. આ મુત્સદ્દો સામાન્ય રીતે નેહરુ સમિતિના અહેવાલ તરીકે ઓળખાય છે. તેમાં નીચેની ભલામણો કરવામાં આવી હતી :

(1) ભારતને બ્રિટિશ સામ્રાજ્યમાં અન્ય સંસ્થાનોના જેવો બંધારણીય દરજ્જો આપવામાં આવે અને સંસદને કાયદા ઘડવાની સત્તા હોય તથા ભારતનું રાષ્ટ્રસમૂહ તરીકે તેને ઓળખવામાં આવે.

(2) બંધારણે નાગરિકતાની વ્યાખ્યા કરવી તથા મૂળભૂત અધિકારો જાહેર કરવા.

(3) કાયદા ઘડવાની સત્તા રાજા અને દ્વિગૃહી સંસદ પાસે રાખવામાં આવે તથા કારોબારી વિષયક સત્તા રાજા પાસે હોય અને ગવર્નર-જનરલ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે. પ્રાન્તોમાં જવાબદાર સરકારોની સ્થાપના કરવા માટે ગવર્નરો અને કારોબારી સમિતિઓની બાબતમાં આ રીતની જોગવાઈઓ કરવી જોઈએ ; અને

(4) સર્વોચ્ચ અદાલત ટોચ પર હોય એ રીતે ક્રમશઃ ઊતરતા દરજ્જાની અદાલતો સ્થાપવી.

નેહરુ સમિતિને દેશી રાજ્યોનો દરજ્જો નક્કી કરવામાં જટિલ સમસ્યાનો સામનો કરવો પડ્યો. સ્વશાસનની સંસ્થાઓ સ્થાપવાના લક્ષ્યથી 1927માં દેશી રાજ્યોના લોકોએ સ્ટેટ પીપલ્સ કૉન્ફરન્સની રચના કરી. આ પ્રવૃત્તિ રાજાઓનાં હિતો સામે ધમકી સમાન હતી. તેથી તેઓએ આ બાબતમાં બ્રિટિશ સરકારની મદદ માંગી. તેના પરિણામે સર હારકોર્ટ બટલરના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ નીમવામાં આવી, જેણે બ્રિટિશ સર્વોપરીતા દ્વારા દેશી રાજ્યોના સંરક્ષણ પર ભાર મૂક્યો. નહેરુ સમિતિએ બટલર સમિતિની નિમણૂકની ટીકા કરી અને જણાવ્યું કે સર્વોપરી સત્તાના અધિકારો તથા ફરજો ભારતના રાષ્ટ્રસમૂહની સરકારને સોંપી દેવાં જોઈએ અને ભારતનું રાષ્ટ્રસમૂહ અને દેશી રાજ્યો વચ્ચેના ઝઘડા સર્વોચ્ચ અદાલતને સોંપી દેવા જોઈએ.

નેહરુ અહેવાલમાં સમવાયતંત્રી લક્ષણો ખરેખર ન હતાં. સેનેટની રચના કરવામાં સમવાયતંત્રી સિદ્ધાંત પ્રયોજવામાં આવ્યો હોવા છતાં, તેમાં પ્રાન્તોનું પ્રતિનિધિત્વ સમાન ધોરણે ન હતું અને એ રીતે સમવાયતંત્રી સિદ્ધાંત વાસ્તવમાં અમલમાં મૂકવામાં આવ્યો ન હતો. 1919ના કાયદામાં કરાયું હતું એટલા પ્રમાણમાં વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું. શેષ સત્તાઓ કેન્દ્રને સોંપવામાં આવી હતી. કેન્દ્ર સાથેના સંબંધોમાં દેશી રાજ્યોના સ્થાન વિશે સ્પષ્ટતા કરવામાં આવી નહોતી. સમિતિએ સમવાયતંત્રી બંધારણ સ્થાપવાની વિચારણા કરી પરન્તુ તે માટે તેણે ચોક્કસ પગલાં ભર્યાં નહીં.

અહેવાલનું મહત્ત્વ એ હકીકતમાં રહેલું હતું કે તેમાં કોમી સમસ્યા વિશે હિંદના બહુમતી નેતાઓનો સંગઠિત અભિપ્રાય પ્રથમ વાર દર્શાવવામાં આવ્યો હતો. કુપલેન્ડના અભિપ્રાય મુજબ, ''તેના દ્વારા ભારતીયોએ કોમી સમસ્યાનો સામનો કરવા માટે દઢતાપૂર્વક નિખાલસ પ્રયાસ કર્યો.'' અહેવાલમાં જણાવવામાં આવ્યું કે લઘુમતીઓમાં સલામતીની ભાવના પેદા કરવાનો એકમાત્ર માર્ગ તેઓને સંરક્ષણ અને બાંયધરીઓ આપવાનો છે. સમિતિએ આ અંગે ત્રણ જુદી જુદી દરખાસ્તો મૂકી :

(1) સૂચિત બંધારણમાં અન્તરાત્મા અને ધર્મની સ્વતંત્રતાની જોગવાઈ કરવી.

(2) આત્મ-નિર્ણયના સિદ્ધાંત મુજબ મુસ્લિમ બહુમતી ધરાવતા પ્રાન્તોને સ્પષ્ટ રાજકીય અને સાંસ્કૃતિક ઓળખ આપવી જોઈએઃ દા.ત. સિન્ધને મુંબઈ ઇલાકાથી અલગ કરી દેવો તથા વાયવ્ય સરહદ પ્રાન્તને પૂર્ણ પ્રાન્તિક દરજ્જો આપવો.

(3) અલગ મતદારમંડળોના સિદ્ધાંતનો અસ્વીકાર રદ કરવો અને કેન્દ્ર તથા પ્રાન્તોમાં મુસ્લિમો લઘુમતીમાં હોય ત્યાં મુસ્લિમો માટે અને બિનમુસ્લિમો માટે વાયવ્ય સરહદ પ્રાન્તમાં અનામત બેઠકો રાખીને સંયુક્ત મતદાર મંડળોના આધારે બધી ચૂંટણીઓ યોજવી.

પાછળથી સમિતિએ કોમી સમસ્યાની બાબતમાં બે વધારાની ભલામણો કરી. દસ વર્ષ બાદ, કોમી પ્રતિનિધિત્વની બાબતમાં પુનર્વિચારણા કરવી તથા બલુચિસ્તાનને પૂર્ણ પ્રાન્તનો દરજ્જો આપવો.

કલકત્તામાં ડિસેમ્બર 1928માં મળેલા સર્વ પક્ષીય સંમેલનમાં ઝીણાએ કેન્દ્રીય ધારાસભામાં મુસ્લિમો માટે એક-તૃતીયાંશ પ્રતિનિધિત્વની માગણી કરી. સંમેલનમાં આ માંગણી સ્વીકારવામાં આવી નહિ. તેથી આગાખાન તથા મુહમ્મદ શફીની આગેવાની હેઠળનાં જૂથોમાં ઝીણા જોડાયા. દિલ્હીમાં 1 જાન્યુઆરી, 1929ના દિવસે અખિલ હિંદ મુસ્લિમ પરિષદ ભરવામાં આવી. તેમાં બે સિદ્ધાંતો પર ભાર મૂકતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો :

(1) પ્રથમ સિદ્ધાંત એ હતો કે ભારત પુષ્કળ વિવિધતાવાળો વિશાળ દેશ હોવાથી રાજ્યો જેમાં સંપૂર્ણ સ્વાયત્તતા તથા શેષ સત્તાઓ ધરાવતાં હોય એવી સમવાયતંત્રની પદ્ધતિની સરકારની તેને જરૂર છે.

(2) બીજો સિદ્ધાંત એ હતો કે બંધારણમાં મુસ્લિમોનાં અધિકારો તથા હિતોને સંરક્ષણ આપવામાં ન આવે ત્યાં સુધી અલગ મતદારમંડળોની પદ્ધતિ ચાલુ રહેવી જોઈએ.

માર્ચ 1929માં ઝીણાએ મુસ્લિમ લીગ સમક્ષ ચૌદ મુદ્દાઓ તરીકે ઓળખાતી મુસ્લિમોની માગણીઓ રજૂ કરી. આ માગણીઓએ નેહરુ અહેવાલનો સંપૂર્ણ અસ્વીકાર કરવાનું સૂચવ્યું. તેનાં બે કારણો હતાં :

(1) ઝીણાને એકતંત્રી (**Unitary**) બંધારણ સ્વીકાર્ય ન હતું, કારણ કે ભારતના કોઈ પણ પ્રદેશમાં તેનાથી, મુસ્લિમોને સત્તા મળવાની ખાતરી ન હતી. મર્યાદિત સત્તાઓ ધરાવતી કેન્દ્ર સરકાર અને શેષ સત્તાઓ ધરાવતા સ્વાયત્ત પ્રાન્તો હોય એવા સમવાયી બંધારણથી - વાયવ્ય સરહદ પ્રાન્ત, બલુચિસ્તાન, સિન્ધ, બંગાળ અને પંજાબ - આ પાંચ પ્રાન્તોમાં મુસ્લિમોને પ્રભુત્વ મળી શકતું હતું.

(2) નેહરુ સમિતિ દ્વારા સૂચવવામાં આવેલ કોમી સમસ્યાનો ઉકેલ મુસ્લિમોને સ્વીકાર્ય નહોતો. ઝીણા અલગ મતદારમંડળો નાબૂદ કરવા માગતા ન હતા.

કૉંગ્રેસમાં જવાહરલાલ નેહરુ અને સુભાષચન્દ્ર બોઝની આગેવાની હેઠળ યુવકોના જૂથે સાંસ્થાનિક દરજ્જાનો સ્વીકાર કરવા માટે નેહરુ અહેવાલની ટીકા કરી. અગાઉ જણાવવામાં આવ્યું છે તે મુજબ કૉંગ્રેસ સંપૂર્ણ સ્વતંત્રતાના ધ્યેયને વચનથી બંધાયેલી હતી. તેનો અર્થ બ્રિટિશ સામ્રાજ્યમાંથી અલગ થઈ જવાનો હતો પરન્તુ એક સામાન્ય યોજનામાં બધા પક્ષોને જોડી શકાય તેથી તેણે સમાધાન કર્યું અને સાંસ્થાનિક દરજ્જાના ધ્યેયનો સ્વીકાર કર્યો હતો. તેમ છતાં, યુવાનોના જૂથના વિરોધને કારણે કલકત્તા કૉંગ્રેસના ઠરાવમાં (1928) ઉમેરવામાં આવ્યું કે બ્રિટિશ સરકાર 31 ડિસેમ્બર, 1929ના રોજ અથવા તે પહેલાં નેહરુ અહેવાલનો સ્વીકાર ન કરે, અથવા તે તારીખ અગાઉ અસ્વીકાર જાહેર કરે તો કૉંગ્રેસ બીજું લોકઆંદોલન શરૂ કરશે. લૉર્ડ ઇર્વિને 31 ઑક્ટોબર, 1929ની તેની જાહેરાતમાં જણાવ્યું તે મુજબ પૂર્ણ સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ સ્થાપવાની દિશામાં નક્કર પગલાં ભરવાનાં ચિહ્નો જણાયાં નહિ. તેથી, 31 ડિસેમ્બર, 1929ના રોજ કૉંગ્રેસે નેહરુ અહેવાલ સ્વીકારવાની મુદત પૂરી થયાની જાહેરાત કરી.

મે 1930માં સાયમન કમિશનનો અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો. તેમાં કેન્દ્રમાં જવાબદાર સરકાર અથવા તો દ્વિમુખી શાસન પદ્ધતિ સ્થાપવાની ભલામણ કરવામાં આવી ન હતી. અલગ મતદારમંડળો ચાલુ રાખવામાં આવ્યાં હતાં. દલિત વર્ગો માટે, તેમાં અનામત બેઠકો રાખવાની દરખાસ્ત કરવામાં આવી હતી. પ્રાન્તોમાંથી દ્વિમુખી શાસનપદ્ધતિ દૂર કરીને પ્રાંતો એકતંત્રી જવાબદાર સરકાર સ્થાપવાની તેમાં ભલામણ કરવામાં આવી. તેમાં જણાવવામાં આવ્યું કે દેશની વિવિધતાને પહોંચી વળવા માટે ભારતની સરકારનું અંતિમ લક્ષણ સમવાયી હોવું જોઈએ. તેમાં જાહેર કરવામાં આવ્યું કે કેન્દ્રમાં જવાબદાર સરકારની સ્થાપના થાય તે માટે અનિશ્ચિત સમય સુધી રાહ જોવી પડશે. દા.ત. ભવિષ્યમાં ક્યારેક તેની સ્થાપના કરવાની હતી. સાંસ્થાનિક દરજ્જાની બાબતમાં સાયમન કમિશનનાં અવલોકનો બહુ સ્પષ્ટ ન હતાં. તેમાં ભલામણ કરવામાં આવી હતી કે સમવાયી મંડળ તરીકે બ્રિટિશ ભારત તથા દેશી રાજ્યોના બનેલા બૃહદ્ ભારતની ભવિષ્યમાં સ્થાપના કરવામાં આવશે. પરન્તુ (સર્વોપરી સત્તાના એજન્ટ તરીકે વાઇસરોય સહિત) બ્રિટિશ સર્વોપરીતાની કલમ તેમાં રહેવાની હતી. લગભગ બધા રાજકીય પક્ષો દ્વારા તે અહેવાલનો અસ્વીકાર

કરવામાં આવ્યો અને ભારતની જનતાએ સવિનય કાનૂનભંગની ચળવળમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1.1927માં સાયમન કમિશનની નિમણૂકના પૂર્વસંજોગોની ચર્ચા કરો.

આશરે દસ (વાક્યોમાં) લીટીઓમાં જવાબ આપો.

---

---

---

---

---

---

---

---

---

---

2. નીચે આપેલાં વિધાનોમાંથી જે સાચાં હોય તે સામે (✓) નિશાની કરો.

સાયમન કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ત્યારે :

(ક) બોલ્ડવિન બ્રિટિશ હિંદી વજીર હતા.

(ખ) બર્કનહેડ બ્રિટિશ વડાપ્રધાન હતા.

(ગ) ઈર્વિન ભારતના વાઇસરૉય હતા.

(ઘ) બ્રિટનમાં મજૂર પક્ષ સત્તા પર હતો.

3. નેહરુ અહેવાલની મુખ્ય ભલામણોને ગણાવો. આશરે પાંચ લીટીઓમાં લખો.

---

---

---

---

---

## 29.5 પ્રથમ ગોળમેજી પરિષદ (The First Round Table Conference)



એમ. આર. જયકર

સાયમન કમિશને તેનો હેવાલ રજૂ કર્યો તે અગાઉ ઇંગ્લૅન્ડમાં મજૂર પક્ષ સત્તા પર આવ્યો. લંડનમાં યોજાનારી ગોળમેજી પરિષદમાં ભારતના વિવિધ પ્રકારના રાજકીય અભિપ્રાયો જાણ્યા બાદ નવું બંધારણ ઘડવાનો મજૂર પક્ષની સરકારનો ઇરાદો, ઑક્ટોબર 1929ની લૉર્ડ ઇર્વિનની જાહેરાતે પ્રગટ કર્યો.

ત્યાર બાદ લંડનમાં ગોળમેજી પરિષદની ત્રણ બેઠકો મળી. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે પ્રથમ અને ત્રીજી બેઠકોમાં ભાગ લીધો નહિ. પ્રથમ ગોળમેજી પરિષદની તૈયારીઓ ચાલતી હતી ત્યારે, હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ સવિનય કાનૂનભંગની ચળવળમાં ગળાડૂબ કાર્યરત હતી. સર તેજ બહાદુર સપ્રુ તથા એમ.આર. જયકરની આગેવાની હેઠળનાં જૂથો પરિષદમાં ભાગ લેવા ઉત્સુક હતાં. આમ છતાં, બધા લોકોને સ્પષ્ટ હતું કે કૉંગ્રેસની ગેરહાજરીમાં કોઈ વાટાઘાટો સફળ થશે નહિ. કૉંગ્રેસ તેમાં ભાગ લે તે જોવા સરકાર આતુર હતી.

વાટાઘાટ માટે સરકારની આતુરતા અને ઉદારમતવાદીઓની સમજાવટના જવાબરૂપે કૉંગ્રેસે ગોળમેજી પરિષદોમાં હાજર રહેવા માટે કેટલીક શરતો રજૂ કરી. તેમાં કેન્દ્ર અને પ્રાન્તો બન્નેમાં પૂર્ણ જવાબદાર સરકાર આપવી તથા પોતાની ઇચ્છા મુજબ અલગ થવાનો ભારતનો અધિકાર માન્ય રાખવાનો સમાવેશ થતો હતો. બ્રિટિશ સરકારને આ શરતો સ્વીકાર્ય ન હતી. તેથી કૉંગ્રેસના પ્રતિનિધિઓની ગેરહાજરીમાં તેણે પરિષદની કાર્યવાહી શરૂ કરી.

ગોળમેજી પરિષદની પ્રથમ બેઠકની શરૂઆત 12 નવેમ્બર 1930ના રોજ થઈ. પરિષદમાં હાજર રહેવા માટે બધા મળીને 89 વ્યક્તિઓને નિમંત્રણો પાઠવવામાં આવ્યાં હતાં. તેમાંથી 16 વ્યક્તિઓ બ્રિટિશ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ હતા. બ્રિટિશ હિંદી (ભારતીય) પ્રતિનિધિમંડળના 58 સભ્યો હતા. તેઓ હિંદનાં વિવિધ પક્ષો અને હિતોના પ્રતિનિધિઓ હતા. તેમાં ભાગ લેનાર મુખ્ય હિંદી નેતાઓ નીચે મુજબ હતા :

- હિન્દુ મહાસભાના નેતા એમ.આર. જયકર, ઉદારમતવાદીઓના પ્રતિનિધિઓ સી. વાય.ચિંતામણી અને તેજ બહાદુર સપ્રુ.
- વિવિધ પ્રકારના મુસ્લિમ રાજકીય મત ધરાવતા પ્રતિનિધિઓમાં આગાખાન, મુહમ્મદ શફી, મુહમ્મદ અલિત, ફઝલુલ હક અને મહમ્મદ અલી ઝીણા.
- શીખોના પ્રવક્તા તરીકે સરદાર સમ્પુરણસિંહ, હિન્દુ મહાસભાના પ્રતિનિધિ તરીકે બી.એસ. મુંજે, દલિતવર્ગોના બી. આર. આંબેડકર અને ભારતીય ખ્રિસ્તીઓના કે. ટી. પૉલ. બ્રિટિશ તથા એન્ગ્લૉ-ઈન્ડિયન વેપારીઓના પ્રતિનિધિઓ પણ હતા. ભારતનાં દેશી રાજ્યોના પ્રતિનિધિઓ તરીકે રાજાઓ અથવા તેમના નિયુક્ત કરેલા 16 સભ્યો હાજર રહ્યા હતા. તેઓમાં અલ્વર, વડોદરા, ભોપાલ, બિકાનેર, કાશ્મીર, પતિયાળા, હૈદરાબાદ, મૈસૂર અને ગ્વાલિયર રાજ્યોના પ્રતિનિધિઓ મહત્ત્વના હતા.

તે પરિષદમાં કેટલાક જાણીતા નેતાઓ, નામાંકિત માણસો અને રાજાઓનો સમાવેશ થતો હતો. તેમ છતાં, જેનું ભાવિ પરિષદે નક્કી કરવાનું હતું તે, ભારતીય લોકોના સાચા પ્રતિનિધિઓ ગણી શકાય નહિ, એવા માણસો ત્યાં ભેગા થયા હતા. આ અંતરાય હોવા છતાં બંધારણીય સુધારાના દૃષ્ટિબિન્દુથી, પરિષદે બે વિધાયક મુદ્દાની તરફેણમાં પહેલ કરી. બ્રિટિશ ભારતીય પ્રાન્તો તથા દેશી રાજ્યોના અખિલ ભારતીય સમવાયતંત્રની રચનાની તેણે ભલામણ કરી. સંક્રાન્તિ કાળ માટે કેટલીક સુરક્ષાની વ્યવસ્થા સહિત, કેન્દ્રમાં જવાબદાર સરકારની સ્થાપના કરવાની દરખાસ્ત પણ તેણે કરી આમ છતાં, સંક્રાન્તિકાળની મુદત સ્પષ્ટ કરવામાં આવી ન હતી, તેથી રાષ્ટ્રવાદીઓ નિરાશ થયા.

ગોળમેજી પરિષદના સભ્યોને જોતાં તે કોમવાદી તથા પ્રતિક્રિયાવાદી તત્ત્વોની સભા હોય એવી છાપ પડતી હતી. કૉંગ્રેસનો સહયોગ પ્રાપ્ત કરવાની ઉત્સુકતાથી બ્રિટિશ વડાપ્રધાન રામસે મેકડોનલ્ડ તથા ભારતના વાઇસરૉયે ભારતના નેતાઓને બિનશરતી મુક્ત કર્યા, કે જેથી તેઓ બીમાર નેતા મોતીલાલ નેહરુના નિવાસસ્થાને મળી શકે અને ગોળમેજી પરિષદની બીજી બેઠકમાં ભાગ લેવા કૉંગ્રેસ કઈ શરતોએ કબૂલ થઈ શકે તેની વિચારણા કરી શકે.

## 29.6 ગાંધીજી અને બીજી ગોળમેજી પરિષદ (Gandhi and the Second Round Table Conference)

સરકારના વલણમાં બહુ ફેરફાર ન થયો હોવા છતાં, 5મી માર્ચ, 1931ના ગાંધી-ઇર્વિન કરાર તરીકે પ્રખ્યાત કરાર વાઇસરૉય સાથે કર્યા બાદ, ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા કબૂલ થયા. આ સમય દરમિયાન ક્રાન્તિકારી આતંકવાદ ચરમ સીમાએ હતો અને સામ્યવાદીઓ મજૂરોને સંગઠિત કરીને હડતાલો પડાવતા હતા. અરાજકતાની આશંકાથી ગાંધીજીએ ઇર્વિન સાથે કરાર કર્યા.

કૉંગ્રેસે સવિનય કાનૂનભંગ ચળવળ મુલતવી રાખી અને ગોળમેજી પરિષદની બીજી બેઠકમાં કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તથા પ્રવક્તા તરીકે ગાંધીજી હાજરી આપશે એમ નક્કી કરવામાં આવ્યું. પોતાના આખરી રાજકીય ધ્યેય તરીકે પૂર્ણ સ્વરાજની કૉંગ્રેસે પુનઃ જાહેરાત કરી.

વચ્ચેના સમયગાળામાં પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું હતું. મેકડોનલ્ડના મજૂર પક્ષના પ્રધાનમંડળે 26 ઑગસ્ટ, 1931ના રોજ રાજીનામું આપ્યું અને રૂઢિચુસ્તોના પ્રભુત્વવાળી નવી મિશ્ર સરકાર તેની આગેવાની હેઠળ રચવામાં આવી. એપ્રિલ, 1931માં લૉર્ડ ઇર્વિનના અનુગામી તરીકે દિલ્હીમાં વેલિંગ્ડનને વાઇસરૉય તરીકે નીમવામાં આવ્યો. રૂઢિચુસ્તોના આગેવાન સર સેમ્યુઅલ હોરને હિંદી વજીર (ભારત માટેનો પ્રધાન) બનાવવામાં આવ્યો. આ પરિવર્તનોના પરિણામે સરકારનું વલણ અક્કડ બન્યું. પ્રથમ બેઠકના મોટા ભાગના નામાંકિત મહાનુભાવો બીજી બેઠકમાં હાજરી આપવા આવ્યા. આમ છતાં, તેમાં ઘણા નવા ચહેરા પણ હતા. ગાંધીજી ઉપરાંત, મહાન કવિ મહમ્મદ ઇકબાલ, મહાન રાજકીય નેતાઓ અને રાષ્ટ્રવાદીઓમાં મદનમોહન માલવિયા, શ્રીમતી સરોજિની નાયડુ અને અલિ ઇમામ, જી. ડી. બિરલા જેવા મૂડીપતિ અને એસ. કે. દત્તા જેવા જાણીતા ભારતીય ખ્રિસ્તી તેમાં હાજર હતા. તેઓ આ પરિષદમાં પ્રથમ વાર હાજરી આપતા હતા. બીજી બેઠક 1 ડિસેમ્બર, 1931ના રોજ સમાપ્ત થઈ અને તેણે નીચેની બાબતો વિશે ભલામણ કરી :



ડૉ. ભીમરાવ આંબેડકર

- ભારતીય સમવાયતંત્રની રચના
- સમવાયી ન્યાયતંત્રનું માળખું
- રાજ્યોએ સમવાયતંત્રમાં જોડાવાની રીત, અને
- નાણાકીય સાધનોની વહેંચણી.

ગાંધીજી દ્વારા રજૂ કરવામાં આવેલી કૉંગ્રેસની યોજના નેહરુ સમિતિના અહેવાલ દ્વારા અગાઉ સૂચવવામાં

આવેલ યોજનાને મળતી આવતી હતી. કોમી બાબતોને લીધે પરિષદની કાર્યવાહીમાં મુશ્કેલીઓ પેદા થઈ. ગાંધીજી એ હકીકત જાણતા હતા કે કોમી સમસ્યા એવી જટિલ છે કે બધા તાત્કાલિક ઉકેલોને તે મુશ્કેલ બનાવી દે છે. તેમણે સૂચન કર્યું કે બંધારણીય સમજૂતી સાધવામાં આવે ત્યાં સુધી કોમી સમજૂતીનો ઉકેલ બાકી રાખવો જોઈએ. આ સૂચનથી લઘુમતીઓના પ્રતિનિધિઓને અસંતોષ થવા ઉપરાંત તેમનું વલણ કઠોર બન્યું. મુસ્લિમ પ્રતિનિધિઓએ અલગ મતદારમંડળો માટે આગ્રહ રાખ્યો. આ રીતે બીજી ગોળમેજી પરિષદ કડવાશ અને ચિંતાના વાતાવરણમાં પૂર્ણ થઈ.

## 29.7 કોમી ચુકાદો અને પૂના કરાર (Communal Award and Poona Pact)

રાષ્ટ્રીય આંદોલન ફરી વાર શરૂ થવાની આશંકાથી, સરકારે 4થી જાન્યુઆરી 1932ના દિવસે એટલે કે ભારતમાં તેમના આગમનના માત્ર એક સપ્તાહ બાદ ગાંધીજીની ધરપકડ કરી, અને લોકો ઉપર ત્રાસ ગુજારવા માંડ્યો. કોમી સમસ્યાએ દેશના લોકોનું ધ્યાન ખેંચ્યું. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે આ બાબત વિશે એક ચોક્કસ યોજના ઘડી હતી જે સરકારની વિચારસરણીથી વિરુદ્ધની હતી. કૉંગ્રેસ ફરી વાર જાહેર કર્યું કે સૂચિત બંધારણના મૂળભૂત અધિકારોમાં લઘુમતીઓને તેમનાં સંસ્કૃતિ, ધર્મ તથા ભાષાના સંરક્ષણની ખાતરીનો સમાવેશ કરશે. અલગ મતદારમંડળોનો અસ્વીકાર કર્યો અને તેણે સાર્વત્રિક મતાધિકારના સિદ્ધાંત પર ભાર મૂક્યો. પરન્તુ આ દરમ્યાન 16 ઑગસ્ટ, 1932ના રોજ ગ્રેટ બ્રિટનના વડાપ્રધાન રામસે મેકડોનલ્ડે ''કોમી ચુકાદા'' તરીકે જાણીતા લઘુમતીઓના પ્રતિનિધિત્વ વિશેની દરખાસ્તો જાહેર કરી. તેમાં નીચેની ભલામણો કરવામાં આવી :

(1) પ્રાન્તિક ધારાસભાઓની બેઠકોની સંખ્યા બમણી કરવી,
(2) લઘુમતીઓ માટે અલગ મતદારમંડળોની પદ્ધતિ ચાલુ રાખવી.
(3) મુસ્લિમો લઘુમતીમાં હોય તે પ્રાન્તોમાં તેઓની વધુ બેઠકો મંજૂર કરવી.
(4) વાયવ્ય સરહદ પ્રાન્ત સિવાય બધા પ્રાન્તોમાં મહિલાઓ માટે ત્રણ ટકા બેઠકો અનામત રાખવી.
(5) દલિત વર્ગોને લઘુમતી કોમ તરીકે માન્ય રાખવી અને તેમને અલગ મતદારમંડળોનો અધિકાર આપવામાં આવે, અને
(6) મજૂરો, જમીનદારો અને વેપારીઓ તથા ઉદ્યોગપતિઓને અલગ બેઠકો ફાળવવામાં આવે.

દલિત વર્ગોને અલગ મતદારમંડળોનો અધિકાર આપવાની દરખાસ્તનો ગાંધીજીએ સખત વિરોધ કર્યો. તેઓ દલિત વર્ગોને હિન્દુ સમાજની એકતાના ભાગ રૂપે માનતા હતા. ગાંધીજીને એવી આશા હતી કે હિન્દુ સમાજ દલિતોના કલ્યાણ માટે કામ કરશે, તથા સદીઓ સુધી તેમણે જેનું શોષણ કર્યું હતું તે, સમાજના દલિત વર્ગને સંપૂર્ણ સામાજિક ન્યાય આપશે, જેથી તેઓ હિન્દુ સમાજમાં પૂર્ણ રીતે સમાઈ જાય. આ પ્રશ્ન ઉપર દૃઢ આગ્રહ ધરાવનાર આંબેડકરને તેમનું દૃષ્ટિબિન્દુ સ્વીકારવાનું સમજાવવા ગાંધીજીએ યરવડા જેલમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. તેમનું જીવન બચાવી લેવાની ચિંતાથી, ગાંધીજી અને આંબેડકર વચ્ચે 25 સપ્ટેમ્બર 1932ના રોજ, નીચેની મુખ્ય શરતો સાથે પૂના કરાર કરવામાં આવ્યો :

(1) પ્રાંતિક ધારાસભાઓમાં કોમી ચુકાદા દ્વારા જે 71 બેઠકો આપવામાં આવી હતી, તેને બદલે દલિત વર્ગોને 148 બેઠકો ફાળવવા કબૂલ થયા.
(2) બિનમુસ્લિમ સામાન્ય મતદારમંડળોને ફાળવેલી બેઠકોના કેટલાક ટકા બેઠકો દલિત વર્ગો માટે અનામત રાખવાનું વચન આપવામાં આવ્યું.
(3) સનદી નોકરીઓમાં દલિત વર્ગોને. પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવામાં આવશે એ બાબતનો પણ કૉંગ્રેસે સ્વીકાર કર્યો.
(4) આંબેડકરના પ્રતિનિધિત્વ નીચે દલિત વર્ગોએ સંયુક્ત મતદારમંડળોનો સ્વીકાર કર્યો.

## 29.8 હિંદની સરકારનો 1935નો કાયદો (The Government of India Act of 1935)

ત્રીજી ગોળમેજી પરિષદ પૂરી થયા બાદ, હિંદના નવા બંધારણ અંગે એક શ્વેતપત્ર તૈયાર કરવામાં આવ્યું. બ્રિટિશ સરકારે તૈયાર કરેલ શ્વેતપત્રમાં મુખ્ય ત્રણ દરખાસ્તો હતી. તેમાં સમવાયતંત્ર, પ્રાંતિક સ્વાયત્તતા અને કેન્દ્ર તથા પ્રાન્તોની કારોબારીને આપવામાં આવેલી ખાસ સત્તાઓના બચાવ વિશેની હતી. સંપૂર્ણ સ્વતંત્રતાના ધ્યેય કરતાં તેમાં ઘણું ઓછું મળતું હોવાથી ભારતના બધા રાજકીય પક્ષોએ શ્વેતપત્રની ટીકા કરી અને તેનો અસ્વીકાર કર્યો. તેને માર્ચ 1933માં પ્રગટ કરવામાં આવ્યો અને બંને ગૃહોની સંયુક્ત

સંસદીય સમિતિને વિચારણા માટે રજૂ કરવામાં આવ્યો. સંયુક્ત સમિતિએ 22મી નવેમ્બર, 1934ના રોજ પોતાનો અહેવાલ આપ્યો. આ હેવાલનાં આધારે 2જી ઑગસ્ટ, 1935ના દિવસે એક ખરડો પસાર કરવામાં આવ્યો. તેને રાજકીય સંમતિ મળ્યા બાદ, તે હિંદની સરકારનો 1935નો કાયદો બન્યો.

તેમાં પ્રાંતિક વિભાગની બાબતમાં સૌથી મહત્ત્વના મુદ્દા નીચે પ્રમાણે હતા :

- પ્રાંતિક સ્વાયત્તતાની શરૂઆત થઈ. સૌ પ્રથમ વાર આ કાયદાએ પ્રાન્તોને કાયદેસરના અલગ એકમ તરીકે માન્ય કર્યા. તેની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી હતી કે કેટલાંક ચોક્કસ ક્ષેત્રો સિવાય કેન્દ્ર સરકારના અંકુશમાંથી પ્રાન્તોને સંપૂર્ણ સ્વતંત્રતા મળે.
- 1919ના કાયદા દ્વારા પ્રાન્તોમાં શરૂ કરવામાં આવેલી દ્વિમુખી શાસન-પદ્ધતિ દૂર કરવામાં આવી.
- ભારતમાંથી બર્માને અલગ કરવામાં આવ્યું. આ કાયદાએ સિન્ધ તથા ઓરિસાના બે પ્રાન્તો રચવાનું સૂચન કર્યું. તેનો અમલ કરવા માટેના હુકમો 3જી માર્ચ, 1936 થી જાહેર કરવામાં આવ્યા.
- આ કાયદાએ સિન્ધ અને ઓરિસા સહિત બધા, અગિયારે પ્રાન્તોમાં જવાબદાર સરકારની સ્થાપના કરવાની જોગવાઈ કરી. તેમાં મુંબઈ, બંગાળ, મદ્રાસ, સંયુક્ત પ્રાન્તો, બિહાર તથા આસામ પ્રાન્તોમાં દ્વિગૃહી ધારાસભા રાખવાની હતી.

મતાધિકાર મિલકતની લાયકાતો પર આધાર રાખતો હતો. આમ છતાં, મતદારોની સંખ્યા 1919માં 50 લાખની હતી તે 1935માં વધીને ત્રણ કરોડની થઈ.

બેઠકોની ફાળવણીના સિદ્ધાન્તમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. અલગ મતદારમંડળો અને કેટલીક કોમને વધુ મહત્ત્વ આપવાની પદ્ધતિ ચાલુ રાખવામાં આવી હતી.

પ્રાન્તોના ગવર્નરોને કારોબારીની વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી હતી. તેઓ કાયદો અને વ્યવસ્થા, લઘુમતીઓ તથા પછાત વિસ્તારોના લોકો, બ્રિટિશ વ્યાપારી હિતોનું રક્ષણ અને દેશી રાજ્યોના રાજાઓ જેવી બાબતોમાં સ્વવિવેકની સત્તા ધરાવતા હતા.

આ કાયદાએ ભારતની સરકાર માટે સમવાયી માળખું નિયત કર્યું. તેમાં સમવાયી કેન્દ્ર તથા પ્રાંતિક ધારાસભાઓ સહિત પ્રાન્તો તથા દેશી રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કેન્દ્રમાં દ્વિમુખી શાસનપદ્ધતિ દાખલ કરવામાં આવી હતી. વિદેશની બાબતો તથા સંરક્ષણનાં ખાતાં ગવર્નર-જનરલ પાસે અનામત રાખવામાં આવ્યાં હતાં. ચૂંટાયેલા પ્રધાનોને સોંપવામાં આવેલાં ખાતાઓમાં પણ રક્ષણાત્મક જોગવાઈઓ હતી.

કેન્દ્રની ધારાસભામાં બે ગૃહોની જોગવાઈ હતી. રાજ્યસભા એટલે કે ઉપલા ગૃહમાં બ્રિટિશ હિંદના 156 સભ્યો તથા દેશી રાજ્યોના 104 સભ્યો રાખવાની જોગવાઈ કરી હતી.

1935ના કાયદા દ્વારા સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ દાખલ કરવામાં આવ્યું નહિ. તેથી, આ કાયદો જવાબદાર સરકારમાંથી સંપૂર્ણ સ્વતંત્રતા તરફ જવાના સંક્રાન્તિના કામચલાઉ સમય માટેની વ્યવસ્થા હતી. અને રક્ષણાત્મક તથા વિશિષ્ટ જવાબદારી અંગેની જોગવાઈઓ પણ સંક્રાન્તિના સમય માટે કરવામાં આવી હતી.

1935નો કાયદો સમવાયતંત્ર અને સંસદીય પદ્ધતિના એમ બે પાયાના સિદ્ધાન્તો પર આધારિત હતો. સમવાયતંત્રનો સિદ્ધાન્ત પહેલેથી એકતંત્રી (Unitary)ના વલણ સહિત દાખલ કર્યો હોવા છતાં પ્રાન્તોને ગૌણ સત્તાઓ નહિ, પરન્તુ સમાન સત્તાઓ આપવામાં આવી હતી. નિઃશંકપણે કેન્દ્ર અને પ્રાન્તોમાં કારોબારીના વડાને અસાધારણ સત્તાઓ આપતી રક્ષણાત્મક જોગવાઈઓ તથા ખાસ જવાબદારીઓને કારણે સમવાયી લક્ષણ ગંભીરપણે વિકૃત બન્યું હતું. નોંધપાત્ર અગત્યનો મુદ્દો એ છે કે કેન્દ્રમાં પૂર્ણ જવાબદાર સરકારની સ્થાપના કરવામાં આવી ન હતી. આ કાયદા હેઠળ રજૂ કરવામાં આવેલ પ્રાન્તિક સ્વાયત્તતા પર પણ ગંભીર મર્યાદાઓ ધ્યાનથી વિચારવામાં આવી હતી. હિંદ માટે સાંસ્થાનિક દરજ્જો એ હજી દૂરનું સ્વપ્ન હતું. રક્ષણાત્મક જોગવાઈઓ પૂર્ણ જવાબદાર સરકારની સ્થાપનામાં મોડું કરવા માટેની હોશિયારીપૂર્વકની બંધારણીય યોજના હતી. આ જોગવાઈઓ સંક્રાન્તિના સમય માટે કરવામાં આવી હોવા છતાં, સંક્રાન્તિ કાળની મુદત કેટલી રાખવી તેની સ્પષ્ટતા કરવામાં આવી ન હતી.

હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે રક્ષણાત્મક જોગવાઈઓનો અસ્વીકાર કર્યો અને સંક્રાન્તિના વિચારને અમાન્ય કર્યો. તેને શંકા પડી કે તેની પાછળ અશુભ ઇરાદાઓ રહેલો છે અને રાષ્ટ્રીય આંદોલન ઉપર તેની પ્રતિકૂળ અસર પડવાના સંભવ છે.

કૉંગ્રેસે આ કાયદાની એ કારણસર ટીકા કરી અને તેનો અસ્વીકાર કર્યો કે તેને ઘડતી વખતે ભારતના લોકોની

સલાહ લેવામાં નહોતી આવી, અને તેથી તે ભારતના લોકોની ઇચ્છાઓનું પ્રતિનિધિત્વ કરતો ન હતો. કૉંગ્રેસે એવો આક્ષેપ કર્યો કે જવાબદાર સરકારની સ્થાપના અટકાવી દઈ શકાય, પોતાનું રાજ ચિરસ્થાયી બનાવી શકાય તથા ભારતની જનતાનું શોષણ કરી શકાય એ રીતે સરકારે આ કાયદો ઘડ્યો છે. જવાબદાર સરકાર પ્રાપ્ત કરવાની ભારતીયોની આકાંક્ષાઓને માન્ય કરવા છતાં, 1935નો કાયદો તે આકાંક્ષાઓ પરિપૂર્ણ કરતો ન હતો. બધા પુખ્ત વયના લોકોને મતાધિકાર આપવાનો તેણે સ્વીકાર કર્યો નહિ. મિલકતની લાયકાતો, અલગ મતદારમંડળોની પદ્ધતિ, સંરક્ષણાત્મક જોગવાઈઓ - આ બધાં લોકોના લોકશાહી અધિકારોના ઉલ્લંઘન સમાન હતા. તેથી, આ કાયદાને નૈતિક રીતે બિનલોકશાહી, લોકોના સાર્વભૌમત્વ પર આક્રમક તથા સંસ્થાગત રીતે અવ્યવહારુ ગણીને તેની સખત ટીકા કરવામાં આવી. ઉદારવાદીઓએ આ કાયદાની ટીકા કરી પરન્તુ જવાબદાર સરકાર તરફ એક ડગલું આગળ છે તેમ સમજીને તે આ સુધારાનો અમલ કરવા ઇચ્છતા હતા. મુસ્લિમ લીગે પણ આ કાયદાની ટીકા કરી, પરન્તુ તેને અજમાવી જોવા તે તૈયાર થઈ. સમગ્રપણે કૉંગ્રેસે આ કાયદાને વખોડી કાઢ્યો. પરન્તુ તેના પ્રાન્તિક સ્વાયત્તતાના વિભાગનો, વિરોધ સહિત અમલ કરી જોવાની તેની તૈયારી હતી. આમ, 1937માં યોજવામાં આવેલી ચૂંટણીઓમાં કૉંગ્રેસે ભાગ લીધો અને તેણે કેટલાક પ્રાન્તોમાં પ્રધાનમંડળોની રચના કરી.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. પૂના કરારની મુખ્ય જોગવાઈઓ જણાવો. આશરે પાંચ લીટીઓમાં જવાબ આપો.

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

2. નીચે આપેલાં સાચાં વિધાનો આગળ (✓) નિશાની કરો :

(ક) પ્રથમ ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસે મહાત્મા ગાંધીની નિયુક્તિ કરી હતી.

(ખ) ત્રીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસે ભાગ લીધો હતો.

(ગ) ગાંધીજી અને આંબેડકર વચ્ચે પૂના કરાર કરવામાં આવ્યા.

(ઘ) કોમી ચુકાદાનો હેતુ લઘુમતીઓના પ્રતિનિધિત્વને નાબૂદ કરવાનું હતું.

3. 1935ના હિંદ સરકારના ધારાનાં મુખ્ય લક્ષણોની ચર્ચા કરો. આશરે દસ લીટીમાં જવાબ આપો.

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

## 29.9 સારાંશ

બંધારણીય સુધારાની બાબતમાં 1920-1935 દરમ્યાન કેવી રીતે કેટલીક પ્રગતિ સાધવામાં આવી હતી, તે આપણે આ એકમમાં જોઈ ગયા. અંગ્રેજોને સુધારા વિશેના પોતાના અલગ વિચારો હતા, તેને હિંદી રાષ્ટ્રવાદી નેતાઓએ પડકાર્યા હતા. આમ છતાં, ઉદારમતવાદીઓના જેવો હિંદી પ્રજાજનોનો એક વર્ગ હતો જે અંગ્રેજો દ્વારા આપવામાં આવ્યા હતા તે રીતે સુધારા સ્વીકારીને આગળ વધવા માંગતો હતો. રાષ્ટ્રવાદીઓએ આ સુધારાને માત્ર શરતી ટેકો આપ્યો હતો. તેથી સ્વતંત્રતાની માગણી માટે અંગ્રેજો સામે તેમણે કોઈ પ્રકારનું સમાધાન કરવું પડ્યું નહિ. આ દૃષ્ટિબિંદુથી આપણે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં બંધારણવાદીઓના વલણને સમજવાનું છે. રાષ્ટ્રવાદીઓએ કોમી પ્રતિનિધિત્વ, દેશી રાજ્યોની સ્થિતિ વગેરે પડકારોનો સામનો કરવાનો હતો. નિઃશંકપણે તેની બધી મર્યાદાઓ સહિત આ બંધારણીય સુધારા ભારતને સંસદીય લોકશાહી તરફ લઈ જવામાં અવશ્ય મદદરૂપ બન્યા.

## 29.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અલગ મતદારમંડળો (Separate Electorates) :** ધર્મ, કોમ વગેરેના આધારે અલગ પાડવામાં આવેલા મતદાર વિભાગો.

**દ્વિમુખી શાસનપદ્ધતિ (Dyarchy) :** રાજ્યના કાર્યનું બે વિભાગોમાં વિભાજન કરવામાં આવ્યું હોય એવી સરકાર તેમાં શિક્ષણ, આરોગ્ય વગેરે જેવાં ખાતાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને સોંપાયેલાં હતાં, જ્યારે નાણાં, કાયદો અને વ્યવસ્થા વગેરે જેવાં અન્ય ખાતાં સરકારી અધિકારીઓ માટે અનામત રાખવામાં આવ્યાં હતાં.

**નાફેરવાદીઓ (No-changers) :** કૉંગ્રેસમાં રહીને ધારાસભાઓમાં પ્રવેશવાનો વિરોધ કરનારા નેતાઓનું જૂથ.

**સાંસ્થાનિક દરજ્જો (Dominion Status) :** (સરકારની એવી પદ્ધતિ જે મુજબ વસાહતી સત્તા દ્વારા દેશને સ્વરાજ આપવામાં આવે, પરન્તુ વસાહતી સત્તા પ્રત્યેની વફાદારી ચાલુ રાખવામાં આવે.

## 29.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ : 1919ના અપૂર્ણ સુધારાઓથી રાષ્ટ્રવાદીઓમાં અસંતોષ, સ્વરાજવાદીઓની રાજદ્વારી પ્રવૃત્તિઓ, બ્રિટનની રાજકીય સ્થિતિ વગેરે જુઓ પેટા મુદ્દા 29.2.1 અને 29.2.2.
2. (ગ)
3. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ : બ્રિટિશ સામ્રાજ્યમાં રાખીને હિંદને સાંસ્થાનિક દરજ્જો આપવો જોઈએ, બંધારણમાં નાગરિકતાની વ્યાખ્યા કરવી તથા મૂળભૂત અધિકારો જાહેર કરવા વગેરે. જુઓ મુદ્દો 29.4.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ : પ્રાન્તિક ધારાસભાઓમાં દલિત વર્ગોને માટે બેઠકો ફાળવવાની હતી, સનદી નોકરીમાં દલિત વર્ગોને પ્રતિનિધિત્વ આપવાનું હતું વગેરે. જુઓ મુદ્દો 29.7.
2. (ગ)
3. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ : તે કાયદા દ્વારા પ્રાન્તિક સ્વાયત્તતાનો અમલ શરૂ કરવામાં આવ્યો, આ કાયદા દ્વારા પ્રાન્તોમાંથી દ્વિમુખી શાસનપદ્ધતિ નાબૂદ કરવામાં આવી, ભારતની સરકાર માટે તેણે સમવાયી માળખું નિયત કર્યું વગેરે. જુઓ મુદ્દો 29.8.

# એકમ 30 1937ની ચૂંટણીઓ અને કૉંગ્રેસનાં પ્રધાનમંડળો

# (Elections of 1937 and Congress Ministries)

**રૂપરેખા**

30.0 ઉદ્દેશો
30.1 પ્રસ્તાવના
30.2 બંધારણવાદ તરફ
30.3 ચૂંટણીઓ
30.3.1 સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ
30.3.2 લખનૌ કૉંગ્રેસ
30.3.3 ચૂંટણીનું જાહેરનામું
30.3.4 ફૈઝપુર અધિવેશન
30.4 1937ની ચૂંટણીઓ
30.4.1 ઉમેદવારોની પસંદગી
30.4.2 ચૂંટણી પ્રચાર
30.4.3 ચૂંટણીનાં પરિણામો
30.5 હોદ્દાનો સ્વીકાર
30.6 કૉંગ્રેસનાં પ્રધાનમંડળોની કામગીરી
30.6.1 રાજકીય કેદીઓ અને નાગરિક સ્વાતંત્ર્યો
30.6.2 ખેડૂતોનો પ્રશ્ન
30.6.3 મજૂરોનો વર્ગ
30.6.4 રચનાત્મક કાર્યક્રમ
30.6.5 કૉંગ્રેસ સામેની કેટલીક સમસ્યાઓ
30.7 સારાંશ
30.8 ચાવીરૂપ શબ્દો
30.9. 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 30.0 ઉદ્દેશો

અગાઉના એકમ 29માં 1935ના કાયદા દ્વારા બંધારણીય સુધારા કેવી રીતે અમલમાં મૂકવામાં આવ્યા હતા તે આપણે જોઈ ગયા છીએ. આ સુધારાની બાબતમાં કૉંગ્રેસના નેતાઓમાં મતભેદો હતા. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :

- બંધારણીય સુધારાઓની બાબતમાં કૉંગ્રેસીઓમાં પ્રવર્તતા વિવિધ અભિપ્રાયો જાણશો.
- 1937ની ચૂંટણીઓ તથા તેને સંબંધકર્તા વિવિધ પાસાંઓ વિશે શીખશો.
- 1937-39 દરમિયાન પ્રાન્તોમાં વિવિધ પ્રધાનમંડળોની કામગીરી વિશે જાણશો.
- આ સમયગાળા દરમ્યાન કૉંગ્રેસી પ્રધાનમંડળોની સામે આવતી સમસ્યાઓને સમજશો. અને
- આ પ્રધાનમંડળોનાં રાજીનામાં માટેનાં કારણો સમજી શકશો.

## 30.1 પ્રસ્તાવના

આ એકમમાં 1936-39નાં વર્ષો દરમિયાન રાજકીય વિકાસની ચર્ચા કરવામાં આવી છે. આ સમયગાળામાં કૉંગ્રેસે સંઘર્ષના માર્ગનો ત્યાગ કર્યો અને તે બંધારણીય રાજકારણમાં પ્રવેશી. આમ છતાં, અગાઉના સ્વરાજવાદી તબક્કાની વિરુદ્ધ, આ સમયનો તેનો હેતુ બંધારણીય પદ્ધતિઓ અજમાવી જોવાનો હતો અને કૉંગ્રેસીઓએ તેમને સફળ બનાવવા કામ કર્યું. પરન્તુ બંધારણીય પદ્ધતિઓની બાબતમાં કૉંગ્રેસીઓમાં મતભેદો ન હતા એમ કહેવું યોગ્ય નથી. વાસ્તવમાં કૉંગ્રેસ દ્વારા લેવાયેલા દરેક નિર્ણય ઉપર તેનો સ્વીકાર કરતાં પહેલાં ખૂબ ચર્ચાઓ થતી હતી. જોકે બ્રિટિશ સામ્રાજ્યવાદની વિરુદ્ધ લડવાની પાયાના મુદ્દાની

બાબતમાં સંમતિ હતી, છતાં તે માટે અપનાવવાની પદ્ધતિઓની બાબતમાં કૉંગ્રેસીઓમાં વિવાદ હતો. આ તે સમયગાળા દરમિયાન કૉંગ્રેસમાં ડાબેરી જૂથ પોતાની હાજરીની પ્રતીતિ કરાવી રહ્યું હતું. ડાબેરી જૂથ અને જમણેરી જૂથ વિવિધ મુદ્દા વિશે ચર્ચા તથા વાદવિવાદ કરતાં હતાં. એક આવેશમય ચર્ચા બાદ કૉંગ્રેસે 1937ની ચૂંટણીઓમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો અને તેને સાત પ્રાન્તોમાં સરકારોની રચના કરવામાં સફળતા મળી.

કૉંગ્રેસી પ્રધાનમંડળોએ બે વર્ષ કરતાં થોડો વધુ સમય કામ કર્યું. હોદ્દા ઉપર રહેવાનો તેમના ટૂંકા સમય દરમ્યાન તેમણે અનેક સમસ્યાઓના ઉકેલો શોધવા પડ્યા. જુદા જુદા સામાજિક વર્ગોને કૉંગ્રેસ પાસે તેમની પોતાની જુદી જુદી અપેક્ષાઓ હતી અને તેથી કૉંગ્રેસ સત્તા પર આવતાં તેમની મહત્ત્વાકાંક્ષાઓમાં પણ વધારો થયો. કૉંગ્રેસ જે સિદ્ધાંતોમાં માનતી હતી એવા કેટલાક સિદ્ધાંતોનો અમલ કરવામાં તેને સફળતા મળી. પરન્તુ કૉંગ્રેસ જેમાં અંદરથી વિભક્ત હોય એવા પણ બીજા મુદ્દાઓ હતા.

કૉંગ્રેસનાં પ્રધાનમંડળોએ સપ્ટેમ્બર 1939માં રાજીનામાં આપી દીધાં, તેમ છતાં સત્તા પર રહેવાનો તેનો બે વર્ષનો સમય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણો મહત્ત્વનો સાબિત થયો.

## 30.2 બંધારણવાદ તરફ (Towards Constitutionalism)

સવિનય કાનૂન ભંગના બીજા તબક્કાએ (એટલે 1932થી આગળનો) લોકોને અગાઉના તબક્કા જેટલા ઉત્તેજિત કર્યા નહીં. એવું સ્પષ્ટ લાગતું હતું કે આ વખતનું લોકઆંદોલન લાંબો સમય ટકશે નહિ. આ લોકઆંદોલનની શિથિલતાથી કૉંગ્રેસમાં બંધારણીય પદ્ધતિઓ તરફ પાછા જવાના અવાજો ઊઠવા લાગ્યા. કેટલાંક જૂથોમાં સ્વરાજ પક્ષને પુનર્જીવિત કરવાની ચર્ચાઓ પણ થવા લાગી. લોક આંદોલનના સમય દરમિયાન પણ અસફઅલી અને એસ. સત્યમૂર્તિએ આ સવાલ ગાંધીજી સમક્ષ ઉઠાવ્યો હતો. એક બીજા મુખ્ય કૉંગ્રેસી ડૉ. એમ. એ. અન્સારી ધારાસભા પ્રવેશની તરફેણ કરતા હતા. 1933માં સત્યમૂર્તિએ મદ્રાસ સ્વરાજ પક્ષની રચના કરી. કે. એમ. મુનશી, બી. સી. રૉય અને રામાસ્વામી આયંગરે પણ સ્વરાજપક્ષ પુનર્જીવિત કરવા ગાંધીજીના ટેકાની માગણી કરી. તેમ છતાં, આ વખતે ગાંધીજી બંધારણીય પદ્ધતિઓ તરફ પાછા જવાના વિચારની તરફેણમાં ન હતા. છતાં તેમણે તેઓને કહ્યું :

> " જો આપ આ પગલામાં (બંધારણીય પદ્ધતિ તરફ પાછા જવાના) માનતા હો, તો આપ એનો અમલ કરાવવા માટે સ્વતંત્ર છો."



સત્યમૂર્તિ

કેટલાક કૉંગ્રેસી નેતાઓ ધારાસભા પ્રવેશની તરફેણ કરતા હતા જ્યારે આચાર્ય નરેન્દ્ર દેવ અને પુરુષોત્તમદાસ ટન્ડન જેવા બીજા થોડા આગેવાનો તેનો વિરોધ કરતા હતા. આમાં કૉંગ્રેસમાંના મતભેદોનું પ્રતિબિંબ પડે છે. દરેક જૂથ કૉંગ્રેસની નીતિ પર પ્રભાવ પાડવા તથા તેને પોતાના તરફ વાળવા ઉત્સુક હતું. પરન્તુ બન્ને જૂથ આ કામ ગાંધીજીની સંમતિ લઈને કરવા માગતા હતા. સનિવય કાનૂનભંગની ચળવળ પાછી ખેંચી લેવામાં આવી કે તરત જ ગાંધીજીએ દરેક જૂથને નીચે મુજબ કહીને પોતાની ઇચ્છા મુજબ વર્તવાની છૂટ આપી :

> " હું ઇચ્છું છું કે બધાં જૂથો બધી દિશાઓમાંથી એક જ લક્ષની તરફ, એકબીજાની ટીકા કર્યા વિના, પોતાની રીતે કામ કરે."

આ સમયે જે જૂથ ધારાસભા પ્રવેશને ટેકો આપતું હતું તે 12 વર્ષ પહેલાં સ્વરાજવાદીઓ દ્વારા કરવામાં આવેલી દલીલોને બરાબર અનુસરતું ન હતું. તમે એકમ 21માં વાંચી ગયા છો તે મુજબ, સ્વરાજવાદીઓએ અંદરથી બંધારણને તોડવા માટે ધારાસભાઓમાં પ્રવેશ કર્યો હતો અને તેઓએ ધારાસભામાં હોદ્દા સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. પરન્તુ આ વખતે રાજગોપાલાચારી જેવા નેતાઓ સ્વરાજવાદીઓથી બે રીતે અલગ કારણોથી ધારાસભા પ્રવેશની તરફેણ કરતા હતા :



પુરુષોત્તમદાસ ટંડન

1. તેનો ઉદ્દેશ બંધારણ તોડવાનો અથવા તેની સરળ કામગીરીમાં અંતરાયો નાખવાનો ન હતો. તેનો ઉદ્દેશ બંધારણનો અમલ થઈ શકે એવું બનાવવાનો હતો.
2. બહુમતી પ્રાપ્ત થાય તો, હોદ્દા સ્વીકારવા અને પ્રધાનમંડળોની રચના કરવી.

બીજી બાજુ સમાજવાદી વલણ ધરાવતા કૉંગ્રેસીઓ ધારાસભા પ્રવેશનો વિરોધ કરતા હતા અને બંધારણને કામ કરી શકે એવું બનાવવાની તરફેણમાં ન હતા. આપ આગળ (એકમ 27માં) કૉંગ્રેસની અંદર કૉંગ્રેસ સમાજવાદી પક્ષની રચના કરીને સમાજવાદીઓએ કેવી રીતે તેમને સંગઠિત કર્યા હતા તે વાંચી ગયા છો. અહીં ઉલ્લેખ કરવો જોઈએ કે, આ મતભેદો - વિચારસરણીનાં વલણો દ્વારા તે નિયંત્રિત હોવા છતાં મુખ્યતઃ કૉંગ્રેસની અંદરની આંતરિક બાબતો ગણાતી હતી. જ્યાં સુધી કૉંગ્રેસને પક્ષે બ્રિટિશ સામ્રાજ્યવાદના વિરોધ

કરતા કૉંગ્રેસના મૂળભૂત વલણને લાગેવળગે છે ત્યાં સુધી હંમેશાં તે એક અવાજે પ્રગટ કરવામાં આવતું હતું. ઉદાહરણ તરીકે, 1935ના કાયદાની વાંધાજનક કલમોને કૉંગ્રેસનાં જૂથોના સંપૂર્ણ સમર્થન સહિત વખોડવામાં આવી હતી. (એકમ 29માં કાયદાના વિરોધ વિશે તમે વાંચી ગયા છો.)

આગામી ચૂંટણીઓમાં ભાગ લેવો કે નહીં અને હોદ્દા સ્વીકારવા કે નહીં તેનો નિર્ણય કરવાનો મુદ્દો કૉંગ્રેસ સમક્ષ હતો. આ સવાલો વિશે કૉંગ્રેસે પોતાની નીતિ કેવી રીતે ઘડી તે હવે પછીના વિભાગોમાં આપણે જોઈશું.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. ધારાસભા પ્રવેશના ટેકેદારોના વિચારો સ્વરાજવાદીઓના વિચારો કરતાં કઈ રીતે અલગ પડતા હતા. ?

-----------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------

2. નીચેનાંમાંથી કયાં વિધાનો સાચાં / ખોટાં છે. ? (✓) અથવા (X) નિશાની કરો.
   (ક) સવિનય કાનૂનભંગની ચળવળના બીજા તબક્કાએ પ્રથમ તબક્કા જેટલો લોકોનો પ્રતિભાવ જાગ્રત કર્યો.
   (ખ) 1933માં ગાંધીજીએ બંધારણીય પદ્ધતિઓ તરફ પાછા જવાના વિચારને ટેકો આપ્યો.
   (ગ) ધારાસભા પ્રવેશની બાબતમાં કૉંગ્રેસમાં મતભેદ હતો.
   (ઘ) અંગ્રેજ સરકારની વિરુદ્ધ કોઈ પગલું ભરવાનું હોય તો કૉંગ્રેસ એક અવાજે રજૂઆત કરતી હતી.
   (ચ) આચાર્ય નરેન્દ્ર દેવ ધારાસભા પ્રવેશને ટેકો આપતા હતા.

## 30.3 ચૂંટણીઓ (Towards Elections)

1937ની ચૂંટણીઓ અને તેને સંબંધકર્તા ઘટનાઓનું આપણે વિશ્લેષણ કરવાનું શરૂ કરીએ તે પહેલાં આપણે તે સમયે પ્રવર્તમાન સામાન્ય રાજકીય સ્થિતિ તથા અગાઉ થયેલી કેટલીક ચૂંટણીઓની સંક્ષિપ્તમાં ચર્ચા કરીશું. પૂરતી ચર્ચાઓ અને વાદવિવાદ બાદ 1936માં લખનૌમાં યોજાયેલી બેઠકમાં કૉંગ્રેસે પ્રાન્તિક ધારાસભાઓ માટેની આગામી ચૂંટણીઓમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો. પરન્તુ તે પહેલાં ઑક્ટોબર, 1934માં કૉંગ્રેસના ચાર આના (25 પૈસા)ના સભ્યપદનો ઇનકાર કરીને ગાંધીજી કૉંગ્રેસમાંથી અલગ થઈ ગયા હતા. તેમ છતાં તેનો અર્થ એવો નહોતો થતો કે કૉંગ્રેસ ઉપર તેમનો કાબૂ નબળો પડી ગયો હતો અથવા તો હવે પછી કૉંગ્રેસને નીતિવિષયક માર્ગદર્શન આપવાનું તેમણે બંધ કર્યું હતું. હકીકતમાં ગાંધીજી ચાર આનાના સભ્ય બને કે ન બને, કૉંગ્રેસમાં તેમનું વર્ચસ્વ ચાલુ રહ્યું હતું.

### 30.3.1 સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ (Election to Local Bodies)

અગાઉ જણાવ્યા પ્રમાણે, અંગ્રેજોનો વિરોધ કરવાના એક જ લક્ષ માટે તેઓ બધા કામ કરે ત્યાં સુધી બધાં જૂથોને પોતપોતાની પદ્ધતિઓને અનુસરવાની સ્વતંત્રતા ગાંધીજીએ આપી હતી. એ રીતે 1934થી જ્યારે જ્યારે ધારાસભા તથા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી યોજવામાં આવી ત્યારે કૉંગ્રેસે તેમાં ભાગ લીધો. નીચેના દૃષ્ટિકોણથી આ ચૂંટણીઓ ઉપયોગી સાબિત થઈ :

(1) ચૂંટણીનાં પરિણામો દ્વારા કૉંગ્રેસ તેની લોકપ્રિયતાની પરીક્ષા કરી શકતી હતી.
(2) ચૂંટણીઓનું સંગઠન, આયોજન તથા તેની વ્યવસ્થાની બાબતમાં આ ચૂંટણીઓએ કૉંગ્રેસને પુષ્કળ અનુભવ કરાવ્યો.
(3) ચૂંટણીઓના રાજકારણમાં આવશ્યક નાણાં માટે કૉંગ્રેસ તેના સાથીઓની કસોટી કરી શકી.

મદ્રાસ ઈલાકામાં યોજવામાં આવેલી ચૂંટણીઓનો અહીં આપણે ઉલ્લેખ કરી શકીએ. સ્થાનિક ચૂંટણીઓ માટે પક્ષના ઉમેદવારોની પસંદગી કરવા માટે મે 1935માં કૉંગ્રેસ નાગરિક સમિતિની રચના કરવામાં આવી. ઉમેદવારોએ આ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલ કાર્યક્રમ પ્રત્યે વફાદારીના સોગંદ લેવાના હતા (ડેવિડ આરનોલ્ડ 'ધ કૉંગ્રેસ ઇન તામિલનાડુ') તેમાં નીચેનાં કામોનો સમાવેશ કર્યો હતો :

- સ્વદેશીને પ્રોત્સાહન
- લાંચરુશવત નાબૂદ કરવી

- આરોગ્યવિષયક તથા શૈક્ષણિક સગવડોમાં સુધારા કરવા.

સ્થાનિક ચૂંટણીઓનાં પરિણામો કૉંગ્રેસ માટે પ્રોત્સાહક હતાં. મદુરામાં, નગરપાલિકામાં 36 બેઠકોમાંથી કૉંગ્રેસને 21 બેઠકો મળી (ઑક્ટોબર 1935) અને એક વર્ષ પછી (ઑક્ટોબર 1936) મદ્રાસમાં 40માંથી 27 બેઠકો પર કૉંગ્રેસે વિજય મેળવ્યો. કેન્દ્રીય ધારાસભાની ચૂંટણીઓમાં, કૉંગ્રેસે મદ્રાસના મતદાર મંડળ સમક્ષ નીચે મુજબ વિનંતી કરી :

(1) તેઓએ કૉંગ્રેસને મત આપીને રાષ્ટ્રીય પ્રશ્નો પ્રત્યે તેમના સતત સમર્થનની ખાતરી કરાવવી

(2) સરકારને બતાવી આપવું જોઈએ કે જુલમ કરવા છતાં કૉંગ્રેસ હજી જીવંત રહી છે.

પરિણામોની જાહેરાત થઈ ત્યારે, આ પ્રાન્તમાં તેણે ભાગ લીધો હતો તે બધી જ સાત બેઠકો કબજે કરીને કૉંગ્રેસે જસ્ટિસ પક્ષને સાફ કરી નાખ્યો. રાષ્ટ્રીય કક્ષાએ કુલ 76 બેઠકોની ચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવારોએ 55 બેઠકો પર સ્પર્ધા કરી અને 44 બેઠકો પર જીત મેળવી. કુલ મતદાન 6,50,000નું થયું તેમાંથી કૉંગ્રેસના ઉમેદવારોએ 3,75,000 મત મેળવ્યા.

પ્રાન્તિક ધારાસભાઓની ચૂંટણીઓમાં ભાગ લેવાની તરફેણમાં નિર્ણય કરવામાં કૉંગ્રેસે લાંબો સમય લીધો. ઑગસ્ટ 1935માં યોજાયેલી કૉંગ્રેસની કાર્યવાહક સમિતિની સભામાં નક્કી કરવામાં આવ્યું કે લખનૌની બેઠકમાં ચૂંટણીમાં ભાગ લેવાના મુદ્દા ઉપર નિર્ણય કરવામાં આવશે.

### 30.3.2 લખનૌ કૉંગ્રેસ (Lucknow Congress)

લખનૌમાં મળેલ કૉંગ્રેસની બેઠક (એપ્રિલ 1936)નું પ્રમુખપદ જવાહરલાલ નેહરુએ સંભાળ્યું હતું.



7. લખનૌમાં મળેલ કૉંગ્રેસની બેઠક

તેમના પ્રમુખ તરીકેના ભાષણમાં તેમણે સમાજવાદની હિમાયત કરી જેને તેઓ "દુનિયાની સમસ્યાઓ અને ભારતની સમસ્યાઓ ઉકેલવાની એકમાત્ર ચાવી" તરીકે માનતા હતા. કૉંગ્રેસનાં સીધાં પગલાંના સંઘર્ષોમાં તેમણે આમજનતાએ ભજવેલા ભાગની પ્રશંસા કરી પરન્તુ આત્મશોધનની રીતે ટીકા કરતાં તેમણે કહ્યું. :

> " આપણી નીતિઓ તથા વિચારો વસ્તીની મોટી બહુમતીની જરૂરિયાતોને ધ્યાનમાં લેવા કરતાં મધ્યમ વર્ગના દૃષ્ટિકોણથી ઘણુંખરું નિયંત્રિત થાય છે."

તેમના અભિપ્રાય અનુસાર, લોકો સુધી પહોંચવાનો માર્ગ એ હતો કે, "આમજનતાનો રોજબરોજનો સંઘર્ષ તેમની આર્થિક માગણીઓ તથા બીજી ફરિયાદોને આધારે ચલાવવો જોઈએ." નેહરુએ જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દવે અને અચ્યુત પટવર્ધન એ ત્રણ સમાજવાદીઓને કૉંગ્રેસની કાર્યવાહક સમિતિમાં પણ

લીધા. આ બેઠકમાં સંખ્યાબંધ ઠરાવો પસાર કરવામાં આવ્યા. તેમાંના વધારે જાણીતા નીચેના હતા :

(1) ''રાજ્યો (દેશી રાજ્યો)ના લોકોને પણ બાકીના હિંદના લોકોના જેનો આત્મનિર્ણયનો અધિકાર હોવો જોઈએ અને કૉંગ્રેસ ભારતના દરેક પ્રદેશના સમાન રાજકીય, નાગરિક અને લોકશાહી સ્વાતંત્ર્યોનું સમર્થન કરે છે.'' પરન્તુ કૉંગ્રેસે જણાવ્યું કે, '' સ્વતંત્રતા માટેનો સંઘર્ષ'' રાજ્યોના લોકોએ પોતે ચલાવવો જોઈએ. (આના વિશે વધારે એકમ 32માં તમે વાંચી શકશો.)

(2) કૉંગ્રેસનાં પ્રાન્તિક એકમોને ખેતીવિષયક તપાસ કરવા જણાવવામાં આવ્યું, જેની માહિતી અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિ (એ.આઇ.સી.સી.)ને સમગ્ર હિંદના ખેતી વિષયક કાર્યક્રમને ઘડવામાં મદદરૂપ થઈ શકે.

કૉંગ્રેસે જાહેરનામાના આધારે ચૂંટણીઓ લડવાનો નિર્ણય કર્યો તે સૌથી વધારે અગત્યનો નિર્ણય હતો. તેમ છતાં, હોદ્દા સ્વીકારવાનો પ્રશ્ન મોકૂફ રાખવામાં આવ્યો હતો. કૉંગ્રેસમાં પ્રચંડ વાદવિવાદ જગાડનાર આ મુદ્દો હતો. ઉદાહરણ તરીકે, ટી. પ્રકાશન તથા સત્યમૂર્તિએ હોદ્દા સ્વીકારવાની જોરદાર તરફેણ કરી, જ્યારે એમ. આર. મસાણીએ તે દરખાસ્તનો અસ્વીકાર કરતાં જણાવ્યું :

> ''અમને કહેવામાં આવ્યું છે કે કૉંગ્રેસનું પ્રધાનમંડળ સરકારી શાળાઓ તથા અન્ય સંસ્થાઓમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી શકશે. જે દિવસે યુનિયન જેકની નીચે, રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે ત્યારે આપણો ધ્વજ પ્રદૂષિત થશે અને આપણે નવા રાષ્ટ્રીય ધ્વજની શોધ કરવી પડશે.''

વાસ્તવમાં ચૂંટણી લડવાનો તથા હોદ્દા સ્વીકારવાના પ્રશ્નને મોકૂફ રાખવાનો નિર્ણય, એક બાજુ હોદ્દા સ્વીકારવાની તરફેણ કરનારા અને બીજી બાજુ ચૂંટણીઓનો બહિષ્કાર કરવાની માગણી કરનારા-એમ બે મતો વચ્ચે એક પ્રકારનું સમાધાન હતું.

२० मीरगंज
इलाहाबाद

प्रिय भाई,

संयुक्त प्रान्तीय काँग्रेस कमेटी ने अपनी ३ मई की बैठक में एक किसान समिति निम्नलिखित सज्जनों की मुक़र्रर की है :—

श्री० पुरुषोत्तम दास टण्डन, श्री० गोविन्द वल्लभ पन्त, श्री० सम्पूर्णानन्द, श्री० वेंकटेश नारायण तिवारी, लालबहादुर।

समिति को यह कार्य सौंपा गया है कि वह उन कारणों का पता लगावें जिनसे किसानों की दशा इस समय इतनी खराब हो गयी है, और साथ ही उन उपायों को बतावे जिनसे उनकी मौजूदा हालत में सुधार हो सकता है। प्रान्तीय कमेटी के प्रस्ताव के मुताबिक़ इस समिति को ३० जून तक ऐसी संस्थाओं से जो किसानों के काम में दिलचस्पी रखती है, रिपोर्ट मँगा लेनी है।

इस समिति ने जाँच करने की सुविधा के लिए एक प्रश्नावली तैयार की है जिसकी एक प्रति आप के पास साथ भेजता हूँ। आप से निवेदन है कि उक्त समय तक इस प्रश्नावली में से जितने सवालों का जवाब दे सकें, खोजकर दें। अगर किसी सवाल का जवाब न दे सकें, तो लिखिए कि किस वजह से नहीं दे सकते। जवाब देने में हर शीर्षक और उसकी अन्तर्गत संख्या का हवाला दीजिएगा ताकि यह पता लग सके कि किस सवाल का कौन सा जवाब है।

आपका
लाल बहादुर
मंत्री
किसान-समिति

हिन्दी-साहित्य प्रेस, प्रयाग।

૪. યુ.પી. કિસાન તપાસ સમિતિની એક પત્રિકા.

આમ છતાં પણ નેતાઓનું એક જૂથ એવું હતું જેનો અભિપ્રાય હતો કે હોદ્દા સ્વીકારવાની બાબતમાં કોઈ પ્રતિબંધ ન હોવો જોઈએ. મદ્રાસમાં મુદલિયાર અને સત્યમૂર્તિ, મધ્ય પ્રાન્તો (હવે મધ્ય પ્રદેશ)માં ડૉ. ખરે અને બીજા ઘણા નેતાઓ માનતા હતા કે હોદ્દા સ્વીકારવાની બાબતમાં જાહેરાત કરવાથી ચૂંટણીઓમાં વિજય મેળવવાની શક્યતાઓ વધી જશે. કેટલાક વિસ્તારોમાં હોદ્દા સ્વીકારવા અને ભાવિ-મુખ્ય પ્રધાનો સંબંધી ચર્ચાઓ શરૂ થઈ હતી. આમ છતાં. રાજગોપાલચારીના જણાવ્યા મુજબ :

''કૉંગ્રેસ ફરી એક વાર સંગઠિત મોરચો રજૂ કરવા માટે પોતાની શક્તિ બતાવી આપી છે. વાદવિવાદમાં પડેલા બહુમતી પક્ષોને કોઈ રીતનું રાજકીય વિભાજન સમજવું ન જોઈએ. સામૂહિક ચિંતનની તે એક સામાન્ય રીત છે.''



રાજગોપાલચારી

### 30.3.3 ચૂંટણીનું જાહેરનામું (Election Manifesto)

કૉંગ્રેસની ચૂંટણીના જાહેરનામાનો મુસદ્દો ઘડવો તે સંસદીય સમિતિનું કામ હતું. જાહેરનામાનો ઉદ્દેશ ''કૉંગ્રેસની રાજકીય તથા આર્થિક નીતિ અને કાર્યક્રમ સમજાવવાનો'' હતો. ઑગસ્ટ 1936માં અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ (એ.આઈ.સી.સી.) દ્વારા સ્વીકારવામાં આવેલ ચૂંટણીના જાહેરનામાનાં મુખ્ય લક્ષણો તમારા માટે અત્રે નોંધીએ છીએ :

(1) જાહેરનામામાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે કૉંગ્રેસીઓને ધારાસભાઓમાં મોકલવાનો હેતુ સરકારને સહકાર આપવાનો નહિ, પરન્તુ 1935ના કાયદા વિરુદ્ધ લડવાનો તથા તેને સમાપ્ત કરવાનો હતો. બ્રિટિશ સામ્રાજ્યવાદની ''ભારત પરની પકડ મજબૂત કરવાના તેના પ્રયાસો''નો સામનો કરવાનો હતો.

(2) તેણે હિંદની પ્રજા ખાસ કરીને ખેડૂતો, કામદારો તથા કારીગરોની ગરીબીને ભારપૂર્વક રજૂ કરી અને જણાવ્યું કે ''આપણા દેશના કરોડો લોકોને માટે રાષ્ટ્રીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની સમસ્યાઓથી આપણી આર્થિક અને સામાજિક સમસ્યાઓ હલ કરવાની અને આપણી આમજનતાનું શોષણ દૂર કરવાની આપણને શક્તિ મળી શકશે.''

(3) કૉંગ્રેસી પ્રતિનિધિઓનું કાર્ય '' ભારતીય જનતા પર જુલમ કરનારા જુદા જુદા કાયદા, જાહેરનામાં તથા નિયમોનો અંત લાવવા માટેના બધા શક્ય પગલાં ભરવાનું છે.'' તેઓ નીચેનાં કાર્યો કરશેઃ
- નાગરિક સ્વાતંત્ર્યની સ્થાપના,
- રાજકીય કેદીઓ તથા અટકાયતીઓને મુક્ત કરવા, તથા
- ખેડૂતોને કરવામાં આવેલા અન્યાયો દૂર કરવા વગેરે.

(4) ઔદ્યોગિક કામદારોની બાબતમાં કૉંગ્રેસની નીતિ, તેમને માટે નીચેની બાબતો પ્રાપ્ત કરવાની હતીઃ
- સુઘડ યોગ્ય જીવનધોરણ,
- કામના નિયમિત કલાકો, તથા
- શ્રમ દરમ્યાન વધારે સારી સવલતો.

તેની સાથે નીચેની ખાતરીઓ આપવામાં આવી હતી :
- સંઘ રચવાનો અધિકાર.
- માલિકો સાથેની તકરારો નિવારવા માટે યોગ્ય તંત્ર સ્થાપવું.
- ''વૃદ્ધાવસ્થાને કારણે આર્થિક મુશ્કેલીઓ સામે'' રક્ષણ આપવું.

જાહેરનામામાં બીજાં અનેક વચનો આપવામાં આવ્યાં હતાં, જેવાં કે :
- અસ્પૃશ્યતા નિવારણ,
- સ્ત્રીઓ માટે સમાન દરજ્જો,
- ખાદી તથા ગ્રામોદ્યોગોને પ્રોત્સાહન, તથા
- કોમી સમસ્યાનો સંતોષકારક ઉકેલ.

હોદ્દા સ્વીકારવાના પ્રશ્નનો ચૂંટણીઓ બાદ નિર્ણય કરવાનો હતો. આ રીતે, કૉંગ્રેસ પોતે ચૂંટણીઓ માટે તૈયારીઓ કરી રહી હતા, અને ઉમેદવારોની પસંદગી માટે નિર્ણય કરવાનો પ્રયાસ કરતી હતી.

લખનૌ અધિવેશન બીજી એક દૃષ્ટિકોણથી પણ મહત્ત્વનું હતું. આ અધિવેશન દરમ્યાન સ્વામી સહજાનંદ સરસ્વતીના પ્રમુખપદ હેઠળ અખિલ હિંદ કિસાન સભાની પ્રથમ સભા યોજવામાં આવી હતી.

## 30.3.4 ફૈઝપુર અધિવેશન (Faizpur Congress)

કૉંગ્રેસનું એ પછીનું અધિવેશન ડિસેમ્બર 1936માં ફૈઝપુર મુકામે ફરી વાર જવાહરલાલ નેહરુના પ્રમુખપદ હેઠળ મળ્યું. આ અધિવેશનમાં અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા. આ સવાલો આંતરરાષ્ટ્રીય તથા આંતરિક સ્થિતિ બંનેને લગતા હતા. નેહરુએ તેમના પ્રમુખ તરીકેના પ્રવચનમાં ફાસીવાદની ઝાટકણી કાઢી, અને કૉંગ્રેસે ઇટાલીના એબિસિનિયા પરના આક્રમણને તથા જાપાનના ચીન પરના આક્રમણને વખોડી કાઢતા ઠરાવો પસાર કર્યા. કૉંગ્રેસે વિશ્વયુદ્ધ થાય તો અંગ્રેજો દ્વારા ભારતનાં સાધનોનો ઉપયોગ કરવા સામે લોકોને ચેતવણી આપી. રાષ્ટ્રીય સવાલો વિશે નેહરુએ સ્પષ્ટતા કરી કે :

> ''કૉંગ્રેસની નીતિનું તાર્કિક પરિણામ માત્ર એ છે કે તેને હોદ્દા તથા પ્રધાનમંડળ સાથે કંઈ લેવા-દેવા નથી. આ નીતિથી કોઈ પણ રીતે અળગા ચાલવાનો અર્થ - હિંદી પ્રજાના શોષણમાં બ્રિટિશ સામ્રાજ્યવાદના સહભાગી થવું - એવો થશે.''

આ અધિવેશનમાં કૉંગ્રેસે બંધારણ ઘડવા માટે એક બંધારણ સભાની રચના કરવાની માગણી કરી. હોદ્દા સ્વીકારવાના પ્રશ્નને ફરી વાર મુલતવી રાખવામાં આવ્યો. તેમ છતાં, કૉંગ્રેસે ફૈઝપુરમાં ખેતી વિષયક કાર્યક્રમ અપનાવીને સૌથી અગત્યનું કામ કર્યું. આ કાર્યક્રમનાં મુખ્ય લક્ષણોમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો :

- મહેસૂલ અને ગણોત (સાંથ)માં 50 ટકાનો ઘટાડો કરવો.
- અનુત્પાદક જમીનને મહેસૂલ તથા જમીનવેરામાંથી માફી આપી.
- ખેતીની આવક પર કર લેવો.
- સામંતી કરવેરા તથા વેઠપ્રથા નાબૂદી કરવી.
- સહકારી ખેતી.
- ગણોતનું દેવું દૂર કરવું.
- જમીન ખાલી કરાવવાના કાયદા સુધારવા.
- ખેડૂત સંઘો (ખેડૂત સભા) વગેરેને માન્યતા આપવી.

આમ છતાં આ કાર્યક્રમ જમીનદારી તથા તાલુકદારી પદ્ધતિઓની નાબૂદીના સવાલ પર ચૂપ હતો. ખેડૂત સભાના આગેવાનોએ સમગ્રપણે આ કાર્યક્રમને આવકારવા છતાં, જમીનદારી નાબૂદીના પ્રશ્ન પર તેની ટીકા કરી, કારણ કે તેઓ માનતા હતા કે ખેડૂતોના શોષણનું મૂળ જમીનદારી અને તાલુકાદારી પદ્ધતિઓમાં રહેલું છે. જયપ્રકાશ નારાયણ જેવા સમાજવાદી નેતાઓનો તેમને ટેકો મળ્યો. અહીં એ જણાવવાનું આવશ્યક છે કે કૉંગ્રેસમાં જમણેરી પાંખના નેતાઓ જમીનદારી નાબૂદીની તરફેણ કરતા ન હતા. પરન્તુ નિ:શંકપણે ખેતી વિષયક કાર્યક્રમ એક પ્રગતિશીલ દસ્તાવેજ હતો અને આપણે પાછળથી જોઈશું કે, તેણે ખેડૂતોમાં લાંબા સમય પર્યંત ઉત્સાહ પેદા કરીને તેમને કૉંગ્રેસમાં સક્રિય જોડાયેલા રાખ્યા.

આ સમય દરમિયાન કૉંગ્રેસના સભ્યપદમાં ઘણો મોટો વધારો થયો. ઉદાહરણ તરીકે, મે 1936માં કૉંગ્રેસના 4,50,000 સભ્યો હતા તે ડિસેમ્બર 1936 સુધીમાં વધીને 6,36,000 થયા.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાગ લેવાથી કૉંગ્રેસને શું લાભ થયો ? આશરે પાંચ લીટીઓમાં જવાબ આપો.

--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------

2. હોદ્દા સ્વીકારવાની તરફેણમાં કરવામાં આવેલ દલીલોની પાંચ લીટીમાં ચર્ચા કરો.

--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------

3. ફૈઝપુરના ખેતી વિષયક કાર્યક્રમનાં મુખ્ય લક્ષણોની આશરે દસ લીટીઓમાં ચર્ચા કરો.

--------------------------------------------------------------------------------
--------------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------

## 30.4. 1937ની ચૂંટણીઓ (Elections of 1937)

કૉંગ્રેસે એક વાર ચૂંટણીઓ લડવાનો નિર્ણય કર્યો. એટલે દરેક કૉંગ્રેસ કાર્યકરે, કૉંગ્રેસના ઉમેદવારોની સફળતા માટે શક્ય એટલા બધા પ્રયાસો કર્યા.

### 30.4.1 ઉમેદવારોની પસંદગી (Selections of Candidates)

કૉંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી કેવી રીતે કરવામાં આવી તે સંક્ષિપ્તમાં આપણે જોઈએ. એક સામાન્ય પ્રક્રિયા એ હતી કે પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિઓ કૉંગ્રેસની સંસદીય સમિતિને નામોની ભલામણ કરે, અને તે સંસદીય સમિતિ આખરી પસંદગી કરે. તેમ કરવા માટે પ્રદેશ કૉંગ્રેસ સમિતિઓએ એક માપદંડ અપનાવ્યો હતો, તેમાં ઉમેદવાર વિશે નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :

- કૉંગ્રેસની શિસ્ત કબૂલ રાખે.
- કૉંગ્રેસના કાર્યક્રમને અનુસરે તથા તે માટે કામ કરે.

આ બે પાયાની યોગ્યતાઓ ઉપરાંત, પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિઓએ ઉમેદવારોની નીચેની લાયકાતો પણ ધ્યાનમાં લીધી :

- કૉંગ્રેસ સંસ્થાને માટે કરેલી સેવાઓ,
- આમજનતામાં તેની લોકપ્રિયતા, તથા
- પોતાની જાતે ચૂંટણીનો ખર્ચ ભોગવવાની શક્તિ.



10. રાજેન્દ્ર પ્રસાદ



11. વલ્લભભાઈ પટેલ

ઉપર્યુક્ત શરતાના આધારે ઉત્તમ ઉમેદવારો પસંદ કરવાના તેમના પ્રામાણિક પ્રયાસો કરવા છતાં, કેટલાક કિસ્સાઓમાં આ પ્રક્રિયામાં જ્ઞાતિએ તેનો ભાગ ભજવ્યો. જ્ઞાતિ દ્વારા ભજવાયેલા ભાગ વિશે રાજેન્દ્ર પ્રસાદે

આ પ્રમાણે લખ્યું :

> '' કૉંગ્રેસ જેવી સંસ્થા માટે એવું કરવું તે શરમજનક છે, પરન્તુ ચૂંટણીઓમાં વિજય મળે તે અમારો પ્રથમ ઉદ્દેશ હતો, અને બીજું, એ બાબતની ઉપેક્ષા કરવી ન જોઈએ કે કૉંગ્રેસ બધી જ્ઞાતિઓના લોકોની બનેલી એક વિશાળ સંસ્થા છે.''

કેટલાક કિસ્સાઓમાં પસંદગી કરવામાં વાદવિવાદો થયા હતા. ઉદાહરણ તરીકે, બિહારમાં ઉમેદવારો તરીકે સમાવી લીધેલા કેટલાક માણસો હકીકતમાં તકવાદીઓ હતા. તેઓને અગાઉની કૉંગ્રેસ સાથે કોઈ લેવાદેવા ન હતી. તે જોઈને સહજાનંદ સરસ્વતીને ઘણું દુઃખ થયું હતું. એવી રીતે, મુંબઈમાં કે. એફ. નરિમાન તથા વલ્લભભાઈ પટેલ વચ્ચે મતભેદો પેદા થયા. આંધ્રમાં, આંધ્ર રૈયત એસોસિયેશન વતી કામ કરતા એન.જી. રંગાએ કૉંગ્રેસી ઉમેદવારોને એક પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવા વિનંતી કરી. આ પ્રતિજ્ઞાપત્રે ઉમેદવારોને ધારાસભાની અંદર તેમ જ બહાર ખેડૂતોને માટે કામ કરવા બંધનમાં મૂક્યા. ઘણા કૉંગ્રેસી ઉમેદવારોએ પ્રતિજ્ઞાપત્ર પર સહીઓ કરી પરન્તુ વલ્લભભાઈ પટેલે આ પગલાને વખોડી કાઢ્યું. રંગાએ ચોખવટ કરી કે તે પ્રતિજ્ઞાપત્ર કોઈ પણ રીતે કૉંગ્રેસની શિસ્તની વિરુદ્ધ નથી. ખરેખર તેનાથી કૉંગ્રેસનું સંગઠન મજબૂત બન્યું હતું. પરન્તુ પટેલ અણનમ રહેવાથી રંગાએ પ્રતિજ્ઞાપત્ર પાછું ખેંચી લીધું.

### 30.4.2 ચૂંટણી પ્રચાર (Election Campaign)

જોરદાર પ્રચાર દ્વારા ચૂંટણીઓમાં વિજય મેળવવા કૉંગ્રેસે શક્ય એટલા બધા પ્રયાસો કર્યા. નેહરુએ કૉંગ્રેસના સ્વયંસેવકોને સલાહ આપી કે '' આપણા ચૂંટણી પ્રચારમાં ફૈઝપુરના ખેતીવિષયક કાર્યક્રમને મહત્ત્વનું સ્થાન'' મળવું જોઈએ. નેહરુએ પોતે આખા દેશનો પ્રવાસ ખેડ્યો. અલ્લાહાબાદના ગ્રામજનોને પ્રચાર કરતાં તેમણે કહ્યું,

''ભારતમાં માત્ર બે પક્ષો છે – એક લોકોના ભલા માટે લડે છે તે અને બીજો એની વિરુદ્ધનો.... સરકારની તરફેણ કરનારા ખાન બહાદુરો, રાજા બહાદુરો તથા નવાબોને બહાર રાખવા માટે કૉંગ્રેસ ધારાસભાઓમાં પ્રવેશ કરી રહી છે.''

લોકોમાં એક સામાન્ય લાગણી જોર પકડતી હતી કે બ્રિટિશ રાજને સ્થાને કૉંગ્રેસ રાજ બહુ ઝડપથી આવશે. કૉંગ્રેસના પ્રચાર વિશે સંયુક્ત પ્રાંતો (ઉત્તર પ્રદેશ)ના ગવર્નરે વાઇસરૉયને લખ્યું હતું :

> '' કૉંગ્રેસના સ્વયંસેવકો નોટબુકો સહિત બધે ફરે છે અને ગણોતિયાઓને પૂછે છે કે હાલમાં તેઓ કેટલી ગણોત ભરે છે ? ગણોતિયો કહે છે : 'એક વીઘાના કદાચ રૂા.2.' કૉંગ્રેસનો સ્વયંસેવક કહે છે : 'સારુ. તમે કૉંગ્રેસને મત આપશો તો તે ઘટાડીને ચાર આના કરી દેવામાં આવશે.' તે તેની નોટબુકમાં નોંધ કરી લે છે....''

બિહારમાં ચૂંટણીએ 'ખેડૂત વિરુદ્ધ જમીનદાર'નું સ્વરૂપ લીધું. ગામડાંઓમાં ચૂંટણીનું લોકપ્રિય ગીત બન્યું હતું : '' મગર કોઠરીમેં બદલ જાયેંગે'' (મતદાન મથકમાં ગયા બાદ મતદારો પોતાનો નિર્ણય બદલી નાખશે) બિનકૉંગ્રેસી ઉમેદવારો તેમને મત આપવા માટે જે લોકોને ફરજ પાડતા હતા તે લોકો ઉપરનું ગીત ગાતા હતા. મદ્રાસમાં, કૉંગ્રેસી ઉમેદવારો માટે પ્રચાર કરવા સત્યમૂર્તિએ લગભગ 9000 માઇલનો પ્રવાસ કર્યો. વાસ્તવમાં બધા કૉંગ્રેસી ઉમેદવારોએ પીળા રંગની મતપેટીઓ પસંદ કરી હતી તેથી અહીં ''પીળી પેટીમાં મતદાન કરો'' એવો પ્રચાર કરવામાં આવતો હતો. 'જસ્ટિસ પાર્ટી' ચૂંટણીમાં હારી જશે એમ સ્પષ્ટ લાગતું હતું. સમગ્ર દેશમાં મતદારોમાં પ્રચંડ ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. તેમ છતાં, કેટલાક પ્રદેશોમાં કૉંગ્રેસ નબળી સ્થિતિમાં હતી. ઉદાહરણ તરીકે, બંગાળમાં 'પ્રજા કૃષક પક્ષ' ખૂબ લોકપ્રિય હતો. એવી રીતે પંજાબમાં 'યુનિયનિસ્ટ પાર્ટી' પણ લોકપ્રિય હતી. સંયુક્ત પ્રાન્તો (ઉત્તર પ્રદેશ)માં જમીનદારોએ ઉતાવળમાં ચૂંટણી લડવા માટે 'નેશનાલિસ્ટ એગ્રિકલ્ચરિસ્ટ પાર્ટી' ની રચના કરી, પરન્તુ તે મતદારોને પ્રભાવિત કરી શકી નહિ. આ પ્રાદેશિક પક્ષો ઉપરાન્ત કોમવાદી રાજકારણ પર આધાર રાખનાર મુસ્લિમ લીગ તથા હિન્દુ મહાસભા જેવા પક્ષોના પડકારોનો પણ કૉંગ્રેસે સામનો કરવો પડ્યો.

CONGRESS SOCIALIST

*ALL INDIA KISAN SUPPLEMENT*

# Kisan Movement Ensures Congress Victory

## ANDHRA RYOT ASSOCIATIONS' PLEDGE: SIRDAR'S WARNING: PLEDGE CONTROVERSY & WITHDRAWAL: KISAN MOVEMENT & ELECTIONS

On January 17th Prof. N. G. Ranga, President of the All India Kisan Sabha issued the following statement to the press:—

"In pursuance of the resolution of the Second All India Kisan Congress, which has called upon al Kisan comrades to place all their organisational resources at the disposal of those Congress candidates, who pledge themselves to do their best to implement the minimum demands of the peasants, the Andhra Provincial Peasants' Association has prepared a pledge form. It expects a Congress candidate to vow to do his best to contantly radicalise and liberalise the Congress attitude towards peasants and to try to achieve the peasants' demands (as formulated by the Kisan Congress) by suitably influencing the day to day decisions of the Congress Parliamentary Party."

SARDAR VALLABHBHAI PATEL'S WARNING.

On January 20th Sardar Vallabhbhai Patel, President of the All India Congress Parliamentary Committee wrote as follows to the Presidents of the various Parliamentary Boards in the Madras Presidency with reference to the Kisan pledge mentioned above:—

Prof. Ranga is a member of the A. I. C. C. from your province and is a member of the Legislative Assembly elected on Congress ticket; that a responsible man of his position should have thought fit to circulate a pledge, which has not been approved by the A.I.C.C. amongst the candidates, who are pledged to contest elections on the Congress Manifesto is very regrettable. In my opinion, it is an act of gross indiscipline, and he should be called upon to explain his conduct and disciplinary action be taken against him forthwith."

ANDHRA RYOTS' ASSOCIATION SECRETARY'S REPLY.

On January 22nd. the Joint Secretary of the Andhra Provincial Ryots' Association issued a spirited reply to the threat of Sardar Patel for taking disciplinary action against Prof. Ranga. He stated:—

"Neither the Andhra Peasants' Association nor Mr. Ranga called upon the Congress candidates to disobey the Congress or put the interests of the Nation second to those of the peasants. Peasants are never disloyal to the Congress and they are always its loyal allies. Unlike the Trade Union Congress or the Congress Nationalist Party, the Kisan Sabha has not thought it fit to organise a separate election campaign merely because the present agrarian programme of the Congress falls far short of the Minimum Demands or because the Congress failed to state in unequivocal terms its attitude towards the abolition of the Zamindari system or absentee landlordism. In fact, the Andhra Provincial Ryots' Conference held at Nidubrole last May demanded of its President, Mr. Ranga, to organise an independent peasants' parliamentary programme. But for his lucky intervention, things would have taken an altogether different turn."

After referring to the existence of the Peasants' Group of nearly 30 members of the Indian Legislative Assembly with Dr Khan Sahib as its President, and to the agrarian programme adopted by the Indian National Congress at Faizpur, the Secretary concluded his reply as follows:—

"I may inform Sardar Patel that Mr. Ranga is not alone responsible for this pledge, but the whole Kisan Sabha, which passed their resolution, and it has within its fold many Congressmen. So the Sardar has to take wholesale disciplinary action. But before he launches upon that extreme step, he would do well to realise that this pledge, while blowing the winds off the sails of the Justice Party, which claims to have done so much for the peasants for the last ten years when they were in power, strengthens the Congress candidates, where the Congress has to encounter the Zamindari vested interest in this Presidency. If the Sardar insists on his unwise and unjust disciplinary action, the peasants will surely stick to their guns, which is not safe either for the Congress or the Kisans."

PROF. RANGA WITHDRAWS THE PLEDGE.

On January 23rd. Prof. Ranga issued the following statement:—

I have seen Sardar Vallabhbhai's statement regarding the peasants demand for a pledge from the Congress candidates to continuously liberalise the Congress attitude towards the peasants

12. કોંગ્રેસ સોશિયાલિસ્ટમાં એક હેવાલ (એક અખબાર 5.2.1937)

### 30.4.3 ચૂંટણીનાં પરિણામો (Election Results)

જુદા જુદા પ્રાન્તોમાં જુદી જુદી તારીખોએ ચૂંટણીઓ યોજવામાં આવી અને તેનાં પરિણામો કૉંગ્રેસ માટે ઘણાં પ્રોત્સાહક હતાં. બંગાળ, પંજાબ તથા સિંધ સિવાય બીજા પ્રાન્તોમાં કૉંગ્રેસે ઘણાં સારાં પરિણામો મેળવ્યાં. પાંચ પ્રાન્તોમાં તેને સ્પષ્ટ બહુમતી મળી (જુઓ કોઠો-1).

**કોઠો-1**

| પ્રાન્ત | કુલ બેઠકોની સંખ્યા | કૉંગ્રેસે મેળવેલી બેઠકો |
|---|---|---|
| યુ.પી. | 228 | 134 |
| બિહાર | 152 | 95 |
| મદ્રાસ | 215 | 159 |
| સી.પી. | 112 | 70 |
| ઓરિસા | 60 | 36 |
| મુંબઈ | 175 | 87 |
| બંગાળ | 250 | 60 |
| સિંધ | 60 | 8 |
| અસમ | 108 | 35 |
| વાયવ્ય સરહદ પ્રાન્ત | 50 | 19 |
| પંજાબ | 175 | 18 |

બંગાળ, વાયવ્ય સરહદ પ્રાન્ત, અસમ અને મુંબઈમાં કૉંગ્રેસનો એકમાત્ર સૌથી મોટા પક્ષ તરીકે ઉદય થયો જ્યારે પંજાબ તથા સિન્ધમાં તેનો દેખાવ નબળો હતો. પંજાબમાં પક્ષવાર સ્થિતિ કોઠા-2માં તથા મુંબઈમાં પક્ષવાર સ્થિતિ કોઠા-3માં દર્શાવ્યા મુજબની હતી.

**કોઠો-2 (પંજાબ)**

| | |
|---|---|
| કોંગ્રેસ | 18 |
| યુનિયનિસ્ટ પાર્ટી | 98 |
| હિન્દુ મહાસભા | 12 |
| અકાલી | 11 |
| ખાલસા નેશનલ પાર્ટી | 13 |
| મુસ્લિમ લીગ | 2 |
| અન્ય બેઠકો | 21 |
| કુલ | 175 |

**કોઠો-3 (મુંબઈ)**

| | |
|---|---|
| અબ્રાહ્મણ પક્ષ | 8 |
| કૉંગ્રેસ | 87 |
| મુસ્લિમ લીગ | 10 |
| મુસ્લિમ સ્વતંત્ર | 12 |
| સ્વતંત્ર | 17 |
| યુરોપિયનો | 6 |
| કિસાન પક્ષ | 2 |
| સ્વતંત્ર મજૂર પક્ષ | 13 |
| અન્ય | 20 |
| **કુલ** | **175** |

વિધાન પરિષદો (ઉપલાંગૃહો)ની ચૂંટણીઓમાં કૉંગ્રેસ સારો દેખાવ કરી શકી નહિ કારણ કે તેમાં મતાધિકાર માત્ર ઉપલા વર્ગ પૂરતો મર્યાદિત હતો (જુઓ કોઠો-4).

**કોઠો - 4**

વિધાન પરિષદો (ઉપલાં ગૃહો)નાં પરિણામો

| પ્રાન્તો | કુલ બેઠકો | કોંગ્રેસે મેળવેલી બેઠકો |
|---|---|---|
| મદ્રાસ | 46 | 26 |
| મુંબઈ | 26 | 13 |
| બિહાર | 26 | 08 |
| યુ.પી. | 52 | 08 |
| બંગાળ | 57 | 09 |

અનામત બેઠકોની બાબતમાં, કૉંગ્રેસના દેખાવનાં થોડાં ઉદાહરણો અત્રે આપવામાં આવ્યાં છે (કુલ 11 પ્રાન્તોમાં) :

- મજૂરો માટે અનામત રાખેલી 38 બેઠકોમાંથી કૉંગ્રેસે 20 બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા અને તેમાંથી 18 બેઠકો મેળવી.
- મુસ્લિમ બેઠકો તરીકે 482 બેઠકો અનામત રાખવામાં આવી હતી. તેમાંથી કૉંગ્રેસે 58 બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા અને તેમાંથી માત્ર 26 બેઠકો મેળવી. તેમાંથી 19 બેઠકો વાયવ્ય સરહદ પ્રાન્તમાં હતી. મુંબઈ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, સિંધ તથા બંગાળમાં એક પણ મુસ્લિમ બેઠક કૉંગ્રેસ મેળવી શકી નહિ. આમ છતાં, અહીં ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે કે મુસ્લિમ લીગનો દેખાવ પણ વધારે સારો ન હતો. વાયવ્ય સરહદ પ્રાન્તમાં તેને એક પણ બેઠક મળી નહિ. પંજાબમાં 84 અનામત બેઠકોમાંથી તેને (મુસ્લિમ લીગને) માત્ર બે બેઠકો મળી.
- વેપાર તથા ઉદ્યોગ માટે 56 બેઠકો અનામત રાખવામાં આવી હતી. તેમાંથી 8 બેઠકો પર કૉંગ્રેસે ઉમેદવારો ઊભા રાખ્યા અને માત્ર ત્રણ બેઠકો મેળવી.
- જમીનદારો માટે 37 બેઠકો અનામત હતી. તેમાંથી 8 બેઠકો પર કૉંગ્રેસે ચૂંટણીમાં ભાગ લીધો તથા 4 બેઠકો મેળવી.

આ રીતે, મજૂરોની બેઠકો સિવાય અનામત મતદારમંડળોમાં કૉંગ્રેસનો દેખાવ લેશમાત્ર સંતોષકારક ન હતો. પરન્તુ સામાન્ય બેઠકોમાં કૉંગ્રેસનો દેખાવ ઘણો સારો હતો. કૉંગ્રેસની કારોબારી સમિતિએ ચૂંટણીઓમાં થયેલી તેની જીત અંગે લોકોને નીચેનો સંદેશો આપ્યો :

> ''હાલની ચૂંટણીઓ દરમિયાન કૉંગ્રેસના આહ્‌વાન પર, કોંગ્રેસની નીતિની આમજનતા અનુયાયી છે એમ બતાવતા તેના ખૂબ સારા પ્રતિભાવ માટે કૉંગ્રેસની કારોબારી સમિતિ રાષ્ટ્રને અભિનંદન પાઠવે છે.''

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. કૉંગ્રેસના ઉમેદવારોની પસંદગી માટે અપનાવવામાં આવેલ માપદંડની આશરે પાંચ લીટીઓમાં ચર્ચાકરો.

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

2. નીચેનાં વિધાનોમાંથી કયું ખરું (3) કે ખોટું (l) છે ?

(1) વલ્લભભાઈ પટેલે એન.જી.રંગાના પ્રતિજ્ઞાપત્રને ટેકો આપ્યો.

(2) નેહરુ ચૂંટણી પ્રચારમાં ખેતીવિષયક કાર્યક્રમને મહત્ત્વનું સ્થાન આપવા માગતા હતા.

(3) લોકો માનતા હતા કે બ્રિટિશ રાજનું સ્થાન કૉંગ્રેસ રાજ લેશે.

(4) મુસ્લિમોની અનામત બેઠકોમાં કૉંગ્રેસે ઘણો સારો દેખાવ કર્યો.

(5) વિધાન પરિષદો (ઉપલાં ગૃહો)ની ચૂંટણીઓમાં કૉંગ્રેસે સારો દેખાવ કર્યો નહીં.

## 30.5 હોદ્દાનો સ્વીકાર (Office Acceptance)

આપણે પહેલાં જોઈ ગયા છીએ તે પ્રમાણે, હોદ્દા સ્વીકારવા અંગેનો નિર્ણય કૉંગ્રેસના આંતરિક મતભેદોને કારણે મુલતવી રાખવામાં આવ્યો હતો. આ સવાલ ઉપર નિર્ણય કરવા માર્ચ 1937માં (એ.આઇ.સી.સી.) અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિની બેઠક મળી. રાજેન્દ્ર પ્રસાદે હોદ્દાનો 'શરતી સ્વીકાર' કરવા માટેનો ઠરાવ રજૂ કર્યો. તેનો સ્વીકાર કરવામાં આવ્યો. તેની સાથે જોડવામાં આવેલ શરત એ હતી કે પ્રધાનમંડળોના કામકાજમાં દરમિયાનગીરી કરવા માટે ગવર્નરો તેમના વિશિષ્ટ અધિકારોનો ઉપયોગ કરશે નહિ. તે સમયે જયપ્રકાશ નારાયણ હોદ્દાનો સંપૂર્ણ અસ્વીકાર કરવા માટે એક સુધારો રજૂ કર્યો. પરન્તુ મતદાન કરતાં તે સુધારો નામંજૂર થયો (તરફેણમાં 78 અને વિરોધમાં 135 મત) કૉંગ્રેસમાં જમણેરી પાંખ (જૂથ) માટે આને મોટા વિજય તરીકે ગણવામાં આવ્યો. ગાંધીજી પોતે હોદ્દાનો-શરતી સ્વીકાર કરવામાં માનતા હતા.

આ સમયે ફરી વાર હોદ્દા સ્વીકારવાની તરફેણમાં તથા વિરોધમાં દલીલો કરવામાં આવી. પ્રધાનમંડળો રચવાની તરફેણમાં મુખ્ય દલીલ એ હતી કે તેના દ્વારા કૉંગ્રેસ ખેડૂતો તથા કામદારોને થોડી રાહત આપી શકશે. પરન્તુ એન. જી. રંગા, સહજાનંદ સરસ્વતી તથા ઇન્દુલાલ યાજ્ઞિક જેવા નેતાઓએ 'હોદ્દા સ્વીકાર'ને સામ્રાજ્યવાદ સાથે અસહકાર કરવાની કૉંગ્રેસની પાયાની નીતિમાંથી પીછેહઠ તરીકે ગણાવી. સહજાનંદને લાગ્યું કે હોદ્દા સ્વીકારવાની તરફેણ કરનારા થાકી ગયેલા માણસો છે અને ''ખેડૂતોના બહાનાને આગળ ધરી પોતે બચી જવાનો પ્રયાસ કરે છે.'' અને વલ્લભભાઈ પટેલે જણાવ્યું તદનુસાર, ''સંસદીય માનસિક વૃત્તિ લોકોમાં જામી ગઈ હતી''.

કૉંગ્રેસ બહુમતીમાં હતી તે છ પ્રાન્તોમાં પ્રધાનમંડળોની રચના કરવા માટે ગવર્નરોએ, તેના નેતાઓને આમંત્રણો પાઠવ્યાં. આમ છતાં, કૉંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલ શરતો પર ગવર્નરો દ્વારા ખાતરી આપવાનો ઇનકાર કરવાને લીધે તે આમંત્રણનો અસ્વીકાર કરવામાં આવ્યો. સરકારનો બીજો પ્રયાસ આ પ્રાન્તોમાં ''વચગાળાનાં પ્રધાનમંડળો''ની રચના કરવાનો હતો. ઉદાહરણ તરીકે છત્તારીના નવાબે યુ.પી.માં અને સર ધનજીશાહ કુપરે મુંબઈમાં તેમના પ્રધાનમંડળની રચના કરી. અહીં નોંધવું જોઈએ કે ધારાસભાઓમાં બહુમતી ધરાવતાં ન હોય એવાં આ પ્રધાનમંડળો હતાં અને તેથી છ મહિનાથી વધારે સમય માટે તે હોદ્દા ઉપર રહી શક્યાં નહિ. મુંબઈમાં હોદ્દા સ્વીકારવાની તરફેણ કરતા હતા તેમાંના મોટા ભાગના કૉંગ્રેસીઓ સરકારના આ પગલા સાથે સહમત થઈ શક્યા નહિ. તેઓમાંના કેટલાકને એવું લાગ્યું કે જે ખરેખર તેમને મળવું જોઈએ તે બીજાઓને આપી દેવામાં આવ્યું હતું. આ રીતે હોદ્દા સ્વીકારવાની તરફેણમાં કારોબારી સમિતિ પર દબાણ કરવામાં તેમણે જોરદાર પ્રયાસો કર્યા. મદ્રાસમાં રાજગોપાલાચારીના નેતૃત્વ હેઠળ આના જેવી પરિસ્થિતિ પેદા થઈ. રાજગોપાલાચારી આ સમય સુધી હોદ્દા સ્વીકારવાની તરફેણના સૌથી વાચાળ આગેવાન હતા. બિહારમાં ખેડૂત તપાસ સમિતિનું કાર્ય પુનર્જીવિત કરવામાં આવ્યું, પરન્તુ સભાઓમાં જે ઉપદેશ આપવામાં આવતો હતો તે હોદ્દા સ્વીકારવાનો હતો. યુ.પી.માં ખેડૂતોને એવી ખાતરી સાથે મહેસૂલ ન ભરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા કે કૉંગ્રેસ તેનાં પ્રધાનમંડળોની રચના કરશે ત્યારે મહેસૂલ બાકી હશે તે બધું માફ કરી દેશે.

કેટલાક કિસ્સાઓમાં ગવર્નરોએ ધારાસભાઓ બરખાસ્ત કરી નાખવાનું (મદ્રાસના ગવર્નર લૉર્ડ એરિસ્કીનની માફક) વાઇસરૉયને સૂચવ્યું. પરન્તુ લિનલિથગો માનતો હતો કે કૉંગ્રેસ તરત જ તાબે થશે - એ તો માત્ર થોડા સમયનો સવાલ હતો. તે સાથે તે જાણતો હતો કે જે કૉંગ્રેસીઓ હોદ્દા સ્વીકારવાની તરફેણમાં હતા તેઓએ હાઇકમાન્ડના નિર્ણયનું પાલન કરીને નોંધપાત્ર શિસ્ત બતાવી આપી હતી. 20 જૂનના દિવસે, વાઇસરૉયે પ્રધાનોની સમક્ષ ગવર્નરોની વિશિષ્ટ સત્તાઓના સંબંધમાં સરકારની સ્થિતિનું સ્પષ્ટીકરણ કર્યું. કૉંગ્રેસની કારોબારી સમિતિની બેઠક જુલાઈ મહિનાના પ્રથમ અઠવાડિયામાં વર્ધામાં મળી અને તેણે હોદ્દા સ્વીકારવાની પરવાનગી આપી.

અહીં એ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે ભારતના મોટા ભાગના મૂડીપતિઓ, કૉંગ્રેસ પક્ષ હોદ્દાઓનો સ્વીકાર કરે તેની તરફેણ કરતા હતા. જી. ડી. બિરલા આ દિશામાં સતત પ્રયાસો કરતા હતા અને કૉંગ્રેસના નેતાઓના સંપર્કમાં હતા. ગાંધીજીએ આખરે હોદ્દા સ્વીકારવા માટે તેમની સંમતિ આપી, ત્યારે બિરલાએ મહાદેવ દેસાઈને લખ્યું હતું :

''મારું મિથ્યાભિમાન એમ માનવા માટે મને પ્રેરે છે કે કદાચ મારા પત્રોએ બાપુના મનને પ્રભાવિત કરવામાં થોડું યોગદાન આપ્યું હોય.''

બિરલા કૉંગ્રેસને સરકારની નજીક લાવવા એટલા બધા આતુર હતા કે તેમણે હિંદી વજીર, લૉર્ડ ઝેટલેન્ડને ગાંધીજીના એ નિવેદનની જાણ કરી કે, ''હોદ્દા સ્વીકાર તે એક બાજુ **લોહિયાળ ક્રાન્તિ** તથા બીજી બાજુ જનતાનો સવિનય કાનૂનભંગ નિવારવાનો પ્રયાસ હતો''.

વચગાળાનાં પ્રધાનમંડળોનાં રાજીનામાં બાદ કૉંગ્રેસી પ્રધાનમંડળોની રચના કરવામાં આવી. સ્વાતંત્ર્ય સંગ્રામમાં તે નવા યુગની શરૂઆત હતી.

**1937ની ચૂંટણીઓ અને કૉંગ્રેસનાં પ્રધાનમંડળો**

| પ્રાન્ત | કૉંગ્રેસના મુખ્ય પ્રધાન |
|---|---|
| મુંબઈ | બી.જી.ખેર |
| યુ.પી. | ગોવિંદ વલ્લભ પંત |
| મદ્રાસ | સી. રાજગોપાલાચારી |
| ઓરિસા | હરેકૃષ્ણ મહેતાબ |
| સી.પી. | ડૉ. ખરે |
| બિહાર | શ્રી કૃષ્ણસિંહા |
| વાયવ્ય સરહદ પ્રાંત | ડૉ. ખાન સાહેબ |



ગોવિંદ વલ્લભ પંત

બંગાળમાં ફઝલુલ હકે કૉંગ્રેસને મિશ્ર સરકારની રચના કરવામાં સહકાર આપવા આમંત્રણ પાઠવ્યું. કૉંગ્રેસે ઇનકાર કર્યો અને તે પછી હકે મુસ્લિમ લીગનો સહકાર લીધો. કૉંગ્રેસે સિન્ધમાં ગુલામ હુસેન હિદાયતુલ્લા અને અસમમાં બારડોલાઈનાં પ્રધાનમંડળને સમર્થન આપ્યું. પંજાબમાં કૉંગ્રેસ મહત્ત્વનો ભાગ ભજવી શકે એવી સ્થિતિમાં ન હતી.

હોદ્દા સ્વીકારવાનો નિર્ણય કરવામાં કૉંગ્રેસે આશરે છ મહિના મોડું કર્યું હતું. રૈની ધવન શંકર દાસના મતાનુસાર (ધી ફર્સ્ટ કૉંગ્રેસ રાજ) આ રીતે મોડું કરવાથી કૉંગ્રેસને નીચેના લાભ થયા હતા :

(1) આ વિલમ્બે કૉંગ્રેસ વિરુદ્ધ ચૂંટણી સમયના પ્રચારને ખોટો સાબિત કર્યો કે કૉંગ્રેસીઓ સત્તાભૂખ્યા છે અને પ્રધાનમંડળો રચવાની પ્રથમ તક મળતાં તેમાં કૂદી પડશે.

(2) કૉંગ્રેસની એકતા ટકી રહી અને તે લોકો સમક્ષ દર્શાવવામાં આવી.

(3) ગવર્નરો તથા પ્રધાનો સમક્ષ સ્પષ્ટતા થઇ ગઈ કે કૉંગ્રેસ હાઇ કમાન્ડનો નિર્ણય સર્વોચ્ચ છે.

(4) પ્રધાનોના કામમાં દરમિયાનગીરી કરતાં પહેલાં ગવર્નરો અનેક વાર વિચાર કરશે.

## 30.6 કૉંગ્રેસનાં પ્રધાનમંડળોની કામગીરી (Congress Ministries At Work)

ખાસ કરીને કૉંગ્રેસ પાસેથી લોકો જે પ્રકારની અપેક્ષાઓ રાખતા હતા તેને કારણે કૉંગ્રેસની સામે જે કામ હતું તે ઘણું વિશાળ હતું. કૉંગ્રેસી પ્રધાનમંડળોની કામગીરીનો દૈનિક હેવાલ આપવાને બદલે, સત્તા પરનાં અઢી વર્ષ દરમિયાન કૉંગ્રેસે શું કર્યું તેનો સંક્ષિપ્ત હેવાલ અમે તમને આપીએ છીએ.

### 30.6.1 રાજકીય કેદીઓ અને નાગરિક સ્વાતંત્ર્યો (Political Prisoners and Civil Liberties)

કૉંગ્રેસ તેના ચૂંટણીના જાહેરનામા દ્વારા રાજકીય કેદીઓ તથા અટકાયતીઓને મુક્ત કરવા માટે બંધાયેલી હતી. તેઓમાંના ઘણા મુકદમા ચલાવ્યા વિના પણ જેલમાં હતા. આંદામાનના કેદીઓએ ગાંધીજીને જણાવ્યું હતું કે તેઓ હવે હિંસામાં માનતા નથી. બંગાળમાં સૌથી મોટી સંખ્યામાં રાજકીય કેદીઓ હતા અને તે બિન-કૉંગ્રેસી રાજ ધરાવતો પ્રાન્ત હતો. તેઓની મુક્તિ માટેની મંત્રણા કરવા ગાંધીજી જાતે કલકત્તા ગયા અને ત્રણ અઠવાડિયાની લાંબી વાટાઘાટ પછી 1100 અટકાયતીઓને મુક્ત કરાવવામાં તેમને સફળતા મળી. યુ.પી.માં ઘણા કેદીઓને મુક્ત કરવામાં આવ્યા જેમાં કાકોરી કેસના કેદીઓ મુખ્ય હતા. આ કેદીઓના સ્વાગત માટે લોકોએ વ્યાપક દેખાવો યોજ્યા. પરન્તુ બ્રિટિશ સરકારને આ બધું પસંદ પડ્યું નહિ. ગાંધીજી, ગોવિંદ વલ્લભ પંત તથા જવાહરલાલ નેહરુએ કેદીઓની મુક્તિને આવકાર આપ્યો, પરન્તુ તેમના સ્વાગત માટેના દેખાવોની ટીકા કરી. પંત માનતા હતા કે લોકોના આવા પ્રતિભાવની અન્ય કેદીઓની મુક્તિ પર અસર થઈ શકે. અને બન્યું પણ એવું કે યુ.પી. અને બિહારના ગવર્નરોએ કેદીઓની મુક્તિ અટકાવી દીધી. હરિપુરા અધિવેશનના થોડા સમય પહેલાં (માર્ચ 1938) આ પ્રાન્તોના મુખ્યપ્રધાનોએ આ સવાલ પર

રાજીનામાં આપી દીધાં.

હરિપુરામાં કૉંગ્રેસના વલણની સ્પષ્ટતા કરવામાં આવી કે તે હિંસક ગુનાની બાબતમાં પગલાં ભરવામાં અચકાશે નહિ. પરન્તુ કેદીઓએ હિંસાનો ત્યાગ કર્યો હોવાથી તેઓને મુક્ત કરવામાં કોઈ ભય નથી. આખરે સરકારે નમવું પડ્યું.

કૉંગ્રેસે રાસબિહારી ઘોષ, પૃથ્વીસિંહ, મૌલવી અબ્દુલ્લા ખાન, અવનિ મુખરજી વગેરે જેવા રાજકીય દેશવટો ભોગવનારના હિંદમાં પાછા ફરવા પરનાં નિયંત્રણો દૂર કરવાના પ્રયાસો પણ કર્યા. પરન્તુ આ બાબતમાં કૉંગ્રેસને બહુ સફળતા મળી નહિ.
કૉંગ્રેસ અહિંસાની નીતિની મર્યાદામાં રહીને નાગરિક સ્વાતંત્ર્યો અપાવવા બંધાયેલી હતી.

સપ્ટેમ્બર, 1938માં, અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિએ ઠરાવ કર્યો કે :

> ''...... કૉંગ્રેસ લોકોને ચેતવણી આપે છે કે નાગરિક સ્વાતંત્ર્યમાં હિંસક કાર્યો, હિંસાને ઉશ્કેરણી અથવા ખુલ્લે ખુલ્લી જુઠાણાની જાહેરાત'' ઉપયોગી થતાં નથી.''

એવી સ્પષ્ટતા કરવામાં આવી કે ''કૉંગ્રેસ તેની પરંપરાઓને અનુરૂપ એવાં પગલાંનું સમર્થન કરશે જે કૉંગ્રેસની સરકારો દ્વારા લોકોના જીવન તથા મિલકતના સંરક્ષણ માટે અપનાવવામાં આવશે.''

કૉંગ્રેસમાંના ડાબેરીઓ આવાં પગલાંના વિરોધી હતા અને આ ઠરાવ કૉંગ્રેસમાં તેમને માટે પરાજય તરીકે માનવામાં આવ્યો.

### 30.6.2 ખેડૂતોનો પ્રશ્ન (The Peasants' Question)

ખેડૂતોની સમસ્યા એક સળગતો પ્રશ્ન હતો. જવાહરલાલ નેહરુએ જણાવ્યું હતું કે, ''ભારતની મુખ્ય સમસ્યા એ ખેડૂતોની સમસ્યા છે, બાકીનું બધું ગૌણ સ્વરૂપનું છે.'' તેઓ માનતા હતા કે કૉંગ્રેસનાં પ્રધાનમંડળોની રચના થવાથી ખેડૂતોમાં નવી આશાઓ પેદા થઈ છે, જ્યારે તે સામે મોટા જમીનદારો તથા તાલુકદારો '' ખેડૂતોના લાંબા સમયથી મુલતવી રાખેલા ન્યાયપૂર્ણ અધિકારો પ્રાપ્ત થવામાં અવરોધ કરવા સંગઠિત થઈ રહ્યા છે''. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ''આપણે આપેલાં વચનો પ્રત્યે વફાદાર રહેવું જોઈએ અને ખેડૂતોની આશાઓ સંતોષવી તથા પરિપૂર્ણ કરવી જોઈએ''. કિસાન સભાઓએ 1937માં કૉંગ્રેસ પ્રમુખના આવા નિવેદનને આવકાર્યું.

કૉંગ્રેસના શાસન હેઠળના બધા પ્રાન્તોમાં ગણોતધારો લાવવામાં આવ્યો. જમણેરી જૂથના જમીનદારો સાથે મંત્રણાઓ કર્યા વિના આ બાબતમાં આગળ વધવા માંગતા ન હતા. આ સ્થિતિ દરેક પ્રાન્તમાં જુદી જુદી હતી. ઉદાહરણ તરીકે, બિહારમાં કૉંગ્રેસે ગણોતખરડાની જોગવાઈઓ અંગે જમીનદારો સાથે એક કરાર પર સહીઓ કરી. આ કરાર કરવામાં રાજેન્દ્ર પ્રસાદ તથા મૌલાના આઝાદે મુખ્ય ભાગ ભજવ્યો. તેમાં બિહાર કિસાન સભાની સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી અને માત્ર (ડાબેરી જૂથ) જ નહિ પરન્તુ ખેડૂતોનાં હિતો પ્રત્યે સહાનુભૂતિ દાખવનારા કૉંગ્રેસીઓ દ્વારા પણ તે કરારની સખત ટીકા કરવામાં આવી. રાજેન્દ્ર પ્રસાદે દરભંગાના મહારાજાને લખ્યું હતું કે '' તેમની માત્ર કિસાન સભા દ્વારા નહિ પરન્તુ સામાન્ય રીતે કૉંગ્રેસીઓ અને કદાચ હાઈકમાન્ડ દ્વારા પણ ટીકા કરવામાં આવશે.'' આ સમયે બિહારમાં કિસાન સભાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે કૉંગ્રેસીઓ પર મનાઈ ફરમાવવામાં આવી. બિહારમાં કૉંગ્રેસની નીતિ અંશતઃજમીનદારી તરફી હતી. જમીનદારોને ખાતરી હતી કે તેમના માટે '' કૉંગ્રેસ દ્વારા ખેડૂત આંદોલન કચડી નાખવામાં આવે છે''. બીજી બાજુએ, કિસાન સભાઓ ફૈઝપુરનો ખેતીવિષયક કાર્યક્રમનો અમલ કરાવવાનું કૉંગ્રેસને યાદ કરાવવા પ્રાદેશિક ધોરણે સંખ્યાબંધ આંદોલનો શરૂ કર્યાં.

યુ.પી.ની પરિસ્થિતિ બિહાર કરતાં જુદી હતી. યુ.પી.ની કૉંગ્રેસ ઉપર ઉદ્દામવાદીઓનું વર્ચસ્વ વધારે હતું. અહીં પસાર કરવામાં આવેલ ગણોત ખરડાને પસાર કર્યા પછી બે વર્ષે પણ ગવર્નરે મંજૂરી આપી નહોતી.

મુંબઈમાં સવિનય કાનૂન ભંગની ચળવળ દરમિયાન ના-કર આંદોલનના પરિણામે નવા માલિકોને વેચી દેવામાં આવેલી જમીનો તેના મૂળ માલિકોને પાછી આપવવામાં કૉંગ્રેસને સફળતા મળી હતી.

બધા પ્રાન્તોમાં, શાહુકારોની પકડમાંથી ખેડૂતોને રક્ષણ આપવાના તથા સિંચાઈની સગવડો વધારવાના પ્રયાસો કરવામાં આવ્યા. પરન્તુ મોટા ભાગના વિસ્તારોમાં જમીનદારો વર્ચસ્વ ધરાવતી સ્થિતિમાં રહ્યા. ઉદાહરણ તરીકે, ઓરિસામાં કાલિકોટના જમીનદારે તેનાં ગામોમાં અનામત પોલીસ દળના લૉરી પર સવાર થયેલા જવાનોની પરેડ, ખેડૂતોને એવી ચેતવણી આપવા કરાવી કે કૉંગ્રેસના શાસનમાં પણ પોતે અગાઉના જેટલો જ શક્તિશાળી હતો. પરન્તુ સમગ્રપણે ખેડૂતોમાં પ્રચંડ જાગૃતિનો આ સમય હતો અને

તેઓ કૉંગ્રેસની સાથે હતા.

### 30.6.3 મજૂરોનો વર્ગ (Labour)

કૉંગ્રેસે કામદારોના વર્ગને કામ દરમ્યાન વધારે સારી સવલતોની ખાતરી આપી હતી. તેમ છતાં તેની મજૂર

# नया क़ानून

पिछले चुनाव में काँग्रेस ने किसानों और छोटे छोटे ज़मींदारों के फ़ायदे के लिये कानून बनाने का वादा किया था। ८ महीने की लगातार कोशिश और तहकीकात के बाद हमारे प्रान्त के कांग्रेसी मंत्रिमंडल ने पिछले कानून लगान और कानून मालगुजारी की जगह पर जो नये कानून का मसविदा तैयार किया है उसकी मोटी मोटी बातें छाप कर आपकी सेवा में भेजी जाती हैं और यह आशा की जाती है कि आप इस पर अच्छी तरह विचार करेंगे और जल्द से जल्द अपने अपने गांव वालों की और अपने यहाँ के मंडल और ज़िला कांग्रेस कमेटियों की जो भी राय इन तजवीज़ों पर होगी उसे नीचे लिखे पते पर भेजने का कष्ट करेंगे ॥

## महकमे माल के मंत्री

### श्री रफ़ीअहमद किदवाई का वक्तव्य

किसानों का जीवन मुसीबतों से भरा हुआ है वे लगान के बोझ से दबे हुए हैं। जमीन पर उनका हक़ सुरक्षित नहीं है क्योंकि वे अनेक बहानों से बेदखल किये जा सकते हैं। कभी-कभी उनसे ऐसी नाजायज़ रक़में वसूल करली जाती हैं जो ग़ैर क़ानूनी हैं।

जो नई तजवीजें हम पेश कर रहे हैं उनसे ये सब ज्यादतियाँ रुक जायेंगी। तमाम किसानों को मौरूसी हक़ दिये जायेंगे। लगान की नादेहंदी के सिवा, वे किसी और कारण से बेदखल नहीं हो सकेंगे। लगान की दर बदल दी जायगी और लगान की कमी बेशी क़ानून के ज़रिये हुआ करेगी, किसानों को अपनी ज़मीन पर पेड़ लगाने और मकान बनाने के हक़ होंगे। ज़मींदार किसानों से जो भी रक़म वसूल करेगा उसकी रसीद लाज़िमी देनी पड़ेगी। क़ानूनी लगान के सिवा और तमाम मुतालबे नाजायज़ होंगे।

मैं जानता हूँ कि इनके अलावा किसानों के और भी कई गंभीर मसले हैं, जिनका ज़िक्र इस मसौदे में नहीं आया। उनके लिये भी अलग क़ानून बनेंगे।

इसके फ़ौरन ही बाद क़र्ज़े का सवाल हल किया जायगा। इसी तरह आबादी के संबंध में भी क़ानून बनाये जायेंगे। ये तो सिर्फ़ काश्तकारी हक़ का मसौदा है।

मुझे पूरी उम्मीद है कि इस मसविदे से किसानों की तकलीफ़ें बहुत हद तक दूर होंगी।

लखनऊ। आपका

१० अप्रैल १९३८ रफ़ीअहमद क़िदवाई

महावीर त्यागी
मंत्री
प्रांतीय कांग्रेस कमेटी, लखनऊ।

..............................
मेम्बर लेजिस्लेटिव असेम्बली

साहित्य-मन्दिर प्रेस लि०, लखनऊ।

14. યુ.પી. ગણોત ખરડાની દરખાસ્ત વિષે કૉંગ્રેસના નેતાઓનાં નિવેદનો

નીતિ જમણેરી પક્ષ તથા ડાબેરી પક્ષ (ઉદ્દામવાદીઓ) વચ્ચેના તે કેવા સંબંધો છે. સંબંધોથી અસર પામી હતી. જમણેરી પક્ષવાળા માનતા હતા કે મજૂરો તથા મૂડીપતિઓ વચ્ચેના સંબંધો ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંત પર આધારિત હોવા જોઈએ. પરન્તુ ડાબેરી પક્ષવાળા નેતાઓ આ સંબંધોને વર્ગ-વર્ગ વચ્ચેના સંબંધ માનતા હતા. ઑક્ટોબર 1937માં કૉંગ્રેસ દ્વારા નીમવામાં આવેલી કામદાર સમિતિએ આપેલ કાર્યક્રમ 'અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ' દ્વારા સ્વીકારી લેવામાં આવ્યો. તે કાર્યક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ થતો હતો :

- પગાર સહિત રજાઓ,
- રોજગાર વીમો,
- માંદગી દરમિયાન પગાર સહિત રજાઓ,
- લઘુતમ વેતનો નક્કી કરવાની રીત શોધવી, અને
- શાંતિપૂર્ણ તથા કાયદેસરનાં સાધનોનો ઉપયોગ કરનાર મજૂર સંઘોને રાજ્ય દ્વારા માન્યતા આપવી વગેરે.

આમ છતાં, ફક્ત મુંબઈ મજૂરોના કાયદા ઘડવાનું હાથમાં લેનાર પ્રાન્ત હતો. પ્રધાનમંડળે શક્ય હોય ત્યાં સુધી હડતાલો તથા તાળાબંધી રોકવાના હેતુથી ઔદ્યોગિક વિવાદ ખરડો (ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ બિલ) રજૂ કર્યો. મજૂરોના મતાનુસાર એનો અર્થ માત્ર હડતાલોને રોકવાનો થતો હતો કારણ કે મજૂરોના શોષણ માટેનું મૂડીપતિઓના શસ્ત્રગારમાંનું સૌથી વધારે અસરકારક હથિયાર તાળાબંધી હતું, જેની વિરુદ્ધ સરકાર કાંઈ કરી શકતી નહિ. મજૂરોએ હડતાલ પાડી જેને કૉંગ્રેસ સરકારે પોલીસની મદદ વડે કચડી નાખી. પોલીસની કામગીરીમાં આશરે 20 મજૂરો મરણ પામ્યા.

આ સમયે કાનપુરમાં મજૂરોએ એક વ્યાપક હડતાલ પાડી. ત્યાં ઑગસ્ટ 1937માં 24,000 મજૂરોએ વધારે પગાર તથા કામ દરમિયાનની વધારે સારા જીવનની માગણી સહિત હડતાળ પાડી. અહીં પણ કૉંગ્રેસી નેતાઓએ હડતાલને વખોડી કાઢી. મજૂરોએ પિકેટિંગ શરૂ કર્યું ત્યારે જવાહરલાલ નેહરુએ ભારપૂર્વક જણાવ્યું :

> ''જો હિંસાનો આશ્રય લેવામાં આવશે તો સરકાર દરમિયાનગીરી નહિ કરે અને લશ્કર અથવા પોલીસને બોલાવાશે નહિ એવી અપેક્ષા રાખી શકાય નહિ. કામદારોએ યાદ રાખવું જોઈએ કે સરકાર ઘણી શક્તિશાળી છે અને હિંસા દ્વારા હિંસાને દબાવી દેવામાં આવશે તથા કામદારોને થોડા સમયમાં કચડી નાખવામાં આવશે.''

આખરે એ તકરારનું પ્રધાનમંડળ દ્વારા સમાધાન કરવામાં આવ્યું. બંગાળમાં કૉંગ્રેસે શણની મિલોની હડતાલ (માર્ચ-મે1937) ને ટેકો આપ્યો. બંગાળ પ્રદેશ કૉંગ્રેસ સમિતિએ શણની મિલોના મજૂરો પરના જુલમને વખોડી કાઢ્યો. ત્યાં હકની આગેવાની હેઠળની બિનકૉંગ્રેસી સરકાર હતી. જમશેદપુરમાં ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (ટિસ્કો)ના મજૂરોની હડતાલ દરમિયાન નેહરુ અને રાજેન્દ્ર પ્રસાદે તેના માલિકો ટાટા તથા મજૂરો વચ્ચે લવાદો તરીકે કામ કર્યું. સમગ્રપણે, આ સમય દરમિયાન ડાબેરીઓએ મજૂરો ઉપર તેમનો પ્રભાવ વધાર્યો.

### 30.6.4 રચનાત્મક કાર્યક્રમ (Constructive Programme)

કૉંગ્રેસની સત્તા હેઠળના બધા પ્રાન્તોમાં, દારૂબંધી કરવી, શિક્ષણને ઉત્તેજન તથા ગ્રામોદ્યોગોને વેગ આપવાના પ્રામાણિક પ્રયાસો કરવામાં આવ્યા. તેમાં નીચેના કાર્યક્રમનો સમાવેશ થયો હતો :

(1) દારૂબંધીની તરફેણમાં જોરદાર પ્રચાર.

(2) મદ્રાસના પ્રધાનમંડળ દ્વારા ખાદી અને હાથકંતામણ માટે રૂપિયા બે લાખનું અનુદાન.

(3) દવાખાનાંઓમાં માનદ મેડિકલ ઑફિસરો નીમવા.

(4) જાહેર મકાનોના બાંધકામમાં થતું રોકાણ પૂરતા પ્રમાણમાં ઘટાડવું વગેરે.

શિક્ષણના ક્ષેત્રમાં પ્રગતિ કરવામાં આવી. વર્ધા મુકામે (22 અને 23 ઑક્ટોબર 1937) અખિલ હિંદ શિક્ષણ પરિષદ યોજવામાં આવી. આ પરિષદે એક યોજના ઘડી જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

(1) સમગ્ર દેશમાં મફત અને ફરજિયાત શિક્ષણ સાત વરસ સુધી આપવું.

(2) શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ.

(3) વ્યાવસાયિક તથા હાથે કામ કરવાની તાલીમ પર ભાર મૂકવો વગેરે.

આ માર્ગદર્શક રૂપરેખાના આધારે કૉંગ્રેસી પ્રધાનમંડળોએ અમલ કરવા માટે બુનિયાદી શિક્ષણની એક યોજના ડૉ. ઝાકિર હુસેને રજૂ કરી (રજી ડિસેમ્બર, 1937). આ યોજનામાં બુનિયાદી ઉદ્યોગો શીખવા માતૃભાષાનું યોગ્ય જ્ઞાન, બુનિયાદી વૈજ્ઞાનિક જ્ઞાન વગેરેનો સમાવેશ થતો હતો. કૉંગ્રેસની શિક્ષણની નીતિના ફલસ્વરૂપે વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષણ સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો. ઉદાહરણ તરીકે, મુંબઈ ઇલાકામાં 1936-37માં શિક્ષણ સંસ્થાઓની સંખ્યા 14,609 હતી તે 1939-40માં વધીને 18,729ની થઈ. એવી રીતે, વિદ્યાર્થીઓની સંખ્યા 1936-37માં 13,35,889 હતી તે 1939-40માં વધીને 15,56,441ની થઈ.

કૉંગ્રેસી પ્રધાનમંડળોની બીજી મહત્ત્વની સિદ્ધિઓ નીચે મુજબની હતી :

(1) પ્રધાનોના પગારોમાં ઘટાડો

(2) મૂળભૂત અધિકારોની જાહેરાત

(3) આદિવાસીઓ માટે કલ્યાણકારી યોજનાઓ

(4) જેલોમાં સુધારા કરવા


(5) મોપલા અત્યાચાર ધારાની સમાપ્તિ

(6) વ્યાપારી અને આર્થિક સર્વેક્ષણ કરવું વગેરે.

આ સમયનું ઘણું અગત્યનું લક્ષણ સરકારી અધિકારીઓના વલણમાં થયેલ પરિવર્તન હતું. તેઓએ અગાઉ જેમની ધરપકડ કરી હતી તે નેતાઓની હેઠળ હવે તેમણે કામ કરવું પડ્યું હતું.

### 30.6.5 કૉંગ્રેસ સામેની કેટલીક સમસ્યાઓ (Some Problems Faced by Congress)

કોમી પક્ષો દ્વારા કૉંગ્રેસની વિરુદ્ધમાં દુષ્ટ પ્રચાર કરવામાં આવતો હતો. લઘુમતીઓની વિરુદ્ધ ભેદભાવ રાખ્યાનો કૉંગ્રેસ પર તેમણે આરોપ મૂક્યો. પરન્તુ એવો રાજકીય અને કોમી કારણોથી કરાયેલો પ્રચાર હકીકતો પર આધારિત ન હતો. તે જ વખતે હોદ્દાનો લાભ લેવાના ઇરાદાથી આ સમય દરમ્યાન ઘણા તકવાદીઓ કૉંગ્રેસમાં જોડાયા. કૉંગ્રેસ એવા પાત્રોને ઓળખતી હતી અને ગાંધીજીએ તેમના અખબાર 'હરિજન'માં કૉંગ્રેસમાં ભ્રષ્ટાચાર વિશે ખુલ્લા દિલથી લખ્યું હતું. કૉંગ્રેસને એવાં તત્ત્વોમાંથી મુક્ત કરાવવા માટે ઘણા પ્રાન્તોમાં ઝુંબેશ ચલાવવામાં આવી.



17. હરિપુરામાં નેહરુ અને બોઝ

## PROGRESS OF WARDHA SCHEME

[ The following note has been prepared by Shrimati Ashalata Devi. M. K. G. ]

**Bihar**

A training centre with sixty students and eight teachers has been started in the Training School, Patna, for a six months' emergency training course, and a compact area has been selected for experiment in the Bettiah thana of the Champaran District, where 50 Basic Schools will be started from March 1939.

**Orissa**

A Basic Education Committee consisting of both official and non-official members has been appointed by the Government, with Sjt. Gopabandhu as chairman, to take the necessary steps for the introduction of Basic Education in the province. Eight workers have been selected by the Government and sent to Wardha to be trained as training school teachers and supervisors. One of the party is Smt. Annapurna Chowdhuri, the daughter of Sjt. Gopabandhu Chowdhuri.

A training school with one year's course will be opened in April 1939, and Basic Schools will be opened in April 1940 in a selected compact area.

**C. P.**

160 pupil teachers are receiving a further training of two months in the training school while the school-building and equipment is being got ready for starting Vidya Mandirs. It is hoped that one hundred schools will be ready by the end of December, and will start work with the new year.

A committee consisting of C. P. educational officers and local members of the Hindustani Talimi Sangh has been formed by the Government to guide the work of the training school.

**Madras**

The Government has deputed three trained teachers, including the headmaster of a training school, to undergo two months' training in Wardha. The secretary is meeting the Education Minister on Nov. 5th and 6th. to discuss further details regarding the introduction of Basic Education in the province.

A private training school with forty students has been organised at Masulipatam attached to the Andhra Jatiya Kalasala and is doing very good work.

**Bombay**

The Education Minister has accepted the plan submitted by the secretary for the introduction of Basic Education in the three linguistic provinces of Maharashtra, Karnatak and Gujarat and is sending the Education Secretary Sjt. Gandhi to Wardha towards the end of November to discuss further details.

**Kashmir State**

A short reorganisation course organised for all teachers and inspectors to acquaint them with the principles of the Wardha Scheme has been successfully completed, and a training school has been opened to train teachers according to the Wardha Scheme of Education.

**Mysore State**

A Wardha Education Committee has been formed. The secretary has been invited to preside over the first conference and open the first experimental school on November 2nd. and 3rd

## TRAINING IN PALM-JAGGERY

Under the auspices of the A. I. V. I. A. the class for imparting training in palm-jaggery making has been started for the current season from 1st November 1938, at Segaon, near Wardha. The course is for a month. Tapping is not included in it. Only the process of gur making is taught. The students have to do practical work for about 7 hours a day. Theory is taught for an hour daily, for acquainting the students with the various aspects of the industry, including its botany, chemistry, commerce, history, economics etc. The students must be strong enough to stand the rigour of the practical work. A fee of Rs. 5 is charged per student. The boarding charges will be about Rs. 8 and Re. 1 for lodging. A deposit of Rs. 15 is required to cover the said expenses and of Rs. 10 for ensuring return journey expenses. The class will be closed on 31st March 1939. Intending candidates should apply for admission to the Secretary, Training School Committee, A. I. V. I. A., Maganvadi, Wardha ( C. P. ), and should not proceed before obtaining a permission in writing.

Segaon, 14-11-38

Gajanan Naik
Supervisor, Gur Department,
Segaon, Wardha

**SUBSCRIPTION RATES**

| | |
|---|---|
| **INLAND** | |
| One Year, post free | Rs. 4 |
| Six Months " | Rs. 2-8 |
| **FOREIGN** | |
| One Year, post free | Rs. 5-8 |
| | foreign Sh. 8 |

CONTENTS PAGE


| | | |
|---|---|---|
| CONGRESS AND KHADI ... | M. K. Gandhi | 333 |
| THE PEOPLE'S EDUCATION MOVEMENT ... | T. H. Tao | 334 |
| A CORRECTION ... | | 335 |
| KHUDAI KHIDMATGARS AND BADSHAHKHAN ... | M. K. Gandhi | 336 |
| OCCASIONAL NOTES ... | M. D. | 338 |
| IN THE FRONTIER PROVINCE—V | Pyarelal | 341 |
| PROHIBITION IN SALEM ... | | 344 |
| PROGRESS OF WARDHA SCHEME | | 343 |
| TRAINING IN PALM GUR ... | Gajanan Naik | 345 |


Printed and Published by Anant Vinayak Patwardhan at the Aryabhushan Press, House No. 915/1 Fergusson College Road, Poona 4

15. 19-11-1938ના 'હરિજન'માં આપેલા હેવાલ મુજબ વર્ધા યોજનાની પ્રગતિ

To the Readers

Reg. No. B 3092

# HARIJAN

Editor: MAHADEV DESAI

Under the Auspices of The Harijan Sevak Sangh

VOL. VI, No. 33 ] POONA — SATURDAY, SEPTEMBER 24, 1938 [ ONE ANNA

## CORRUPTION IN THE CONGRESS

*( By M. K. Gandhi )*

It is difficult to cope with the correspondence that I am having from several places about violence, untruth and corruption in the Congress. Whilst I must continue to publish typical correspondence about the weaknesses of Congressmen, I must issue a warning against hasty deduction being drawn that all is ill with the Congress. I know it is not. But it is true that violence, untruth and corruption have made inroads enough to warrant drastic measures in order to prevent decay overtaking the great organisation.

Here are extracts from two typical letters:

( 1 ) "Perhaps you are aware how the enrolment of bogus Congress members is going on unimpeded everywhere, and how rich and unscrupulous persons are controlling the affairs of the Congress organisation, keeping skilfully the genuine and devoted workers out of their way. Some are paying the membership subscription of annas 4 for others under their control out of their own pockets, and some are going a step forward and are not paying a single pie to the Congress Committees and instead making the Primary Committees under their clutches prepare false accounts of their apparent collections and thereby evading the supervising eye of the Sub-Divisional as well as District Committees.

Primary Committees having less than 25 members are not required, under the rules framed by it, to pay anything to higher Committees out of the membership fee. The result is that a good many paper Committees are being set up with less than 25 members to deprive the Sub-Divisional and District Committees of their quota of the membership subscription as also to secure a larger proportion of representation in these Committees."

( 2 ) "It is my duty to bring to your notice the open and scandalous corruption in enrolling Congress members. The Congress authorities here, especially the Executives, know this state of things well, but it is difficult to know why the necessary steps are not being taken. If steps are not taken, things will go from bad to worse and the whole Congress Institution will be disgraced and the hold on people will be lost.

( i ) Every party is trying to capture the Congress Office — whether Primary, Sub-divisional, District or Provincial. And for this purpose bogus members are being enrolled by practically every group.

( ii ) There are a good many names of persons on the Congress rolls, but on scrutiny it can be easily found out that there are no such persons in existence at all. During election time the same group of persons is mobilised at elections of Primary Congress Committees of different wards.

( iii ) The members are enrolled sometimes without their own signatures on application forms and in most cases without taking payment of the annual subscription of four annas.

( iv ) The question arises how the account of collection of subscription by the Primary, Sub-divisional and District Congress Committees is maintained. In almost all cases where a group is in possession of the office and necessarily the office account, collection of the annual subscription for all the bogus members is shown to the credit side, and at the same time nearly the whole amount is shown to the debit side on the different heads of expenses, such as travelling expense, meeting expense, allowance expense, etc. Really they do not collect the subscription and maintain a false account.

I do not know how all these corruptions can be stopped. There will be, I hope, changes of rules at the next A. I. C. C. meeting at Delhi. Some steps should be immediately taken to stop the corruption. Identification of Congress members, signatures of the members on the application forms, actual realisation of subscription from the members, and true accounts should be enforced.

These statements have been made by responsible parties. The letters are meant for publication. But I have purposely suppressed the names of my correspondents as also of the province in which the corruption is said to exist.

It is to be hoped that the Working Committee and the A. I. C. C. will deal with this as well as the other serious questions that will come up for discussion and decision. It would be a tragedy if the session of the A. I. C. C. were to be frittered away in orations or mutual wranglings.

6. કૉંગ્રેસની કામગીરી વિશે 'હરિજન' માં ગાંધીજીના લેખો

બાબતો તથા હિંદની આંતરિક પરિસ્થિતિને લગતા સંખ્યાબંધ ઠરાવો પસાર કરવામાં આવ્યા. આમ છતાં તે પછીના ત્રિપુરામાં મળેલા અધિવેશનમાં કૉંગ્રેસે મોટા સંકટનો સામનો કરવો પડ્યો. આ સમયે પ્રમુખપદ માટે ચૂંટણી યોજવામાં આવી અને સુભાષચન્દ્ર બોઝે, પટ્ટાભિ સિતારામૈયાને 1580 વિરુદ્ધ 1377 મતથી પરાજય આપ્યો. આને ડાબેરી પક્ષનો વિજય માનવામાં આવ્યો, કારણ કે જમણેરી આગેવાનોએ સિતારામૈયાને મજબૂત ટકો આપ્યો હતો. ગાંધીજીએ પણ આ પરાજયને પોતાનો પરાજય માન્યો હતો. કાર્યવાહક સમિતિની રચના કરવાની બાબતમાં સમસ્યાઓ પેદા થઈ તેથી આખરે સુભાષચન્દ્ર બોઝે પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું.

કૉંગ્રેસના નેતાઓ સાથે મંત્રણા કર્યા વિના વાઈસરૉયે પોતાની મેળે હિંદને સામ્રાજ્યવાદી યુદ્ધમાં ભાગીદાર બનાવ્યું તે કારણસર નવેમ્બર 1939માં કૉંગ્રેસી પ્રધાનમંડળોએ તેમના હોદ્દાનાં રાજીનામાં આપી દીધાં.

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. હોદ્દા સ્વીકારવાના સવાલમાં મોડું કરવાથી કૉંગ્રેસને શું લાભ થયો ? આશરે પાંચ લીટીઓમાં જવાબ આપો.

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

2. નીચેનાં વિધાનોમાંથી કયું સાચું (✓) અથવા ખોટું (x) છે ?

(1) મૂડીપતિઓ હોદ્દા સ્વીકારવાના વિરોધી હતા.
(2) ગાંધીજી શરતી હોદ્દા સ્વીકારવાની તરફેણમાં હતા.
(3) પ્રધાનમંડળની રચના કરવા માટે, કૉંગ્રેસનો ટેકો મેળવવાના પ્રયાસો ફઝલુલ હકે કર્યા નહિ.
(4) કૉંગ્રેસે રાજકીય કેદીઓની મુક્તિ માટે પગલાં ભર્યાં.
(5) બિહારમાં કિસાન સભામાં લેવા માટે કૉંગ્રેસીઓ પર કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો ન હોતો.
(6) મુંબઈના કામદાર વર્ગે ઔદ્યોગિક વિવાદ ખરડાનો વિરોધ કર્યો.

3. ખેડૂતો પ્રત્યેના કૉંગ્રેસના વલણની આશરે દસ લીટીઓમાં ચર્ચા કરો.

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

## 30.7 સારાંશ

આ એકમમાં આપણે જોઈ ગયા કે કેવી રીતે લાંબી મંત્રણાઓ બાદ કૉંગ્રેસે ચૂંટણીઓ લડવાનો નિર્ણય કર્યો અને પાંચ પ્રાન્તોમાં વિજય મેળવ્યો. કૉંગ્રેસના વિજયનું કારણ તેની લોક-તરફી નીતિઓ હતું. મોટા ભાગના બનાવોમાં જમીનદારો તથા કોમી સંગઠનોએ કૉંગ્રેસનો વિરોધ કર્યો. ચૂંટણીઓમાં ભાગ લેવાની બાબતમાં અને ત્યાર બાદ હોદ્દા સ્વીકારવાની બાબતમાં કૉંગ્રેસીઓમાં મતભેદ હોવા છતાં, એક વાર નિર્ણય કર્યા બાદ પ્રત્યેક કૉંગ્રેસી તેનો બરાબર અમલ કરતો હતો. પ્રધાનમંડળોએ કેટલાંક નિયંત્રણો હેઠળ કામ કર્યું, પરન્તુ લોકોને રાહત આપવા માટેના ઉત્તમ પ્રયાસો કર્યા. આ સમય દરમિયાન રચનાત્મક કાર્યક્રમને વેગ મળ્યો. કૉંગ્રેસી પ્રધાનંડળોની રચના થવાથી લોકોએ પોતાનું 'રાજ' સ્થપાયાની અનુભૂતિ કરી, અને તેઓ દૃઢતાથી માનવા લાગ્યા કે બ્રિટિશ રાજના દિવસો હવે ઓછા રહ્યા છે. કૉંગ્રેસમાં ઉદ્દામવાદીઓ ઘણા વાચાળ હોવા છતાં કૉંગ્રેસમાં જમણેરી પક્ષના નેતાઓનું વર્ચસ્વ હતું.

## 30.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જાહેરનામું (Manifesto)** : રાજકીય પક્ષના ઉદ્દેશો તથા નીતિઓનું પ્રગટ કરેલું જાહેરનામું.
**દારૂબંધી (Prohibition)** : દારૂના વેચાણ અને ઉપયોગ પરના પ્રતિબંધને સૂચવવા આ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**નાગરિક સ્વાતંત્ર્યો (Civil Liberties) :** સરકાર દ્વારા લોકોને આપવામાં આવેલ મુક્ત આવાગમન તથા અભિવ્યકિતની સ્વતંત્રતા

**વચગાળાનાં પ્રધાનમંડળો (Interim Ministries) :** કૉંગ્રેસે હોદ્દા સ્વીકારનો ઇનકાર કર્યો તેથી સરકારે બીજાઓને પ્રધાનમંડળોની રચના કરવા નિમંત્રણો પાઠવ્યાં. આ પ્રધાનમંડળો ધારાસભાઓમાં બહુમતીનો ટેકો ધરાવતાં ન હતાં અને હંગામી પગલાં તરીકે રચ્યાં હતાં.

**હોદ્દા સ્વીકાર (Office Acceptance) :** અહીં આ શબ્દપ્રયોગ, પ્રધાનમંડળોની રચના કરવા કબૂલ થવા માટે કરવામાં આવ્યો છે.

## 30.9. 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. સ્વરાજવાદીઓ બંધારણને અંદરથી તોડવા માટે ધારાસભાઓમાં પ્રવેશ્યા હતા જ્યારે હાલમાં હોદ્દા સ્વીકારવાની હિમાયત કરતા હતા. તેઓ બંધારણીય સુધારાને સફળ બનાવવા માગતા હતા. વિભાગ 30.2. જુઓ.
2. (ક) x (ખ) x (ગ) ✓ (ઘ) ✓ (ચ) x

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. કૉંગ્રેસ લોકોમાં પોતાની લોકપ્રિય પાયાની પરીક્ષા કરી શકી, ચૂંટણીઓ માટે અનુભવ મેળવ્યો અને પોતાના સાથીઓની પરીક્ષા કરી શકી. જુઓ પેટાવિભાગ 30.3.1.
2. જુઓ પેટા વિભાગ 30.3.2.
3. જુઓ પેટા વિભાગ 30.3.4.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. આ માપદંડ અનુસાર ઉમેદવારોની લોકપ્રિયતા, કૉંગ્રેસ સંસ્થાને તેઓની સેવાઓ, કૉંગ્રેસની શિસ્તનું પાલન વગેરે. જુઓ પેટા વિભાગ 30.4.1.
2. (1) x (2) ✓ (3) ✓ (4) x (5) ✓

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. એકમ 3.5 જુઓ
2. (1) x (2) ✓ (3) x (4) ✓ (5) x (6) ✓
3. જુઓ પેટા વિભાગ 30.6.2.

# એકમ 31 ભારતીય મૂડીવાદનો વિકાસ, મૂડીપતિ વર્ગ અને સ્વાતંત્ર્ય-સંગ્રામ

## (The Growth of Indian Capitalism, the Capitalist Class and the Freedom Struggle)

**રૂપરેખા**


31.0 ઉદ્દેશો
31.1 પ્રસ્તાવના
31.2 ભારતીય અર્થવ્યવસ્થા અને ભારતીય મૂડીવાદી વર્ગનો વિકાસ
31.3 વર્ગસંગઠનનો ઉદય
  31.3.1 આર્થિક ક્ષેત્રમાં ભૂમિકા
  31.3.2 રાજકીય ક્ષેત્રમાં ભૂમિકા
31.4 સામ્રાજ્યવાદના વિરોધનું સ્વરૂપ : બંધારણીય માર્ગ
31.5 કૉંગ્રેસ અને મૂડીપતિઓ
31.6 કૉંગ્રેસ વિષે મૂડીપતિઓનો દૃષ્ટિકોણ
  31.6.1 કૉંગ્રેસનો સંપર્ક
  31.6.2 ડાબેરીઓને અંકુશમાં રાખવાની મૂડીપતિઓની યુક્તિ
31.7 સારાંશ
31.8 ચાવીરૂપ શબ્દો
31.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 31.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેની બાબતો વિશે જાણી શકશો :

- સંસ્થાનવાદ તથા વસાહતી અર્થવ્યવસ્થાના સંદર્ભમાં ભારતીય મૂડીપતિ વર્ગનો વિકાસ
- સંસ્થાનવાદ પ્રત્યે હિંદના મૂડીપતિઓનું વલણ
- સામૂહિક ચળવળ અને ઉદ્દામવાદીઓ (ડાબેરીઓ) પ્રત્યે હિંદના મૂડીપતિઓનું વલણ
- મૂડીપતિ વર્ગ અને હિંદની રાષ્ટ્રીય કૉંગ્રેસ વચ્ચેના સંબંધો

## 31.1 પ્રસ્તાવના

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ, તેના શરૂઆતના તબક્કાઓમાં એટલે કે 19મી સદીના ઉત્તરાર્ધ દરમ્યાન મુખ્યત્વે શિક્ષિત મધ્યમવર્ગમાં મર્યાદિત હતી. તેમ છતાં, સમય જતાં તેણે તેનો સામાજિક પાયો વિસ્તારવા માંડ્યો અને ક્રમશઃ સમાજના અન્ય વર્ગો અને વિભાગો તેમાં જોડાવા લાગ્યા. આ વિવિધ વર્ગો અને સામાજિક જૂથોએ ભજવેલ ભૂમિકાનું સ્વરૂપ તથા રાષ્ટ્રીય સંગ્રામમાં તેમના જોડાવાનો સમય જુદો જુદો હતો. આ એકમમાં આપણે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભારતીય મૂડીપતિ વર્ગની ભૂમિકાની ચર્ચા કરીશું.

19મી સદીના ઉત્તરાર્ધમાં હિંદમાં આધુનિક મૂડીપતિ વર્ગના ઉદય પામવાની શરૂઆત થઈ. પ્રથમ વિશ્વયુદ્ધ પર્યંત ભારતીય મૂડીપતિઓ થોડા હતા અને તેમના મૂડીરોકાણનું પ્રમાણ પણ ઘણું મોટું ન હતું. તદુપરાંત, તેઓ હજુ સુધી ઘણુંખરું સંસ્થાનવાદી (વસાહતી) સરકારના ટેકા પર આધાર રાખતા હતા. વિકાસના આ તબક્કે, વસાહતી સરકારની સામે ખુલ્લેઆમ સંઘર્ષ કરવો તે એક વર્ગ તરીકે ભારતીય મૂડીપતિઓ માટે ભાગ્યે જ શક્ય હતું. 1905થી 1908 દરમિયાનની સ્વદેશી ચળવળથી મૂડીપતિઓ અલગ રહ્યા હતા. અસહકારની ચળવળ (1920-1922) ના સમયે અનેક વેપારીઓએ આ ચળવળમાં ભાગ લીધો હતો ત્યારે પુરુષોત્તમદાસ ઠાકુરદાસ જેવા કેટલાક નામાંકિત મૂડીપતિઓ વાસ્તવમાં ચળવળનો વિરોધ કર્યો હતો. આમ છતાં પાછળથી મૂડીપતિઓનું વલણ બદલાયું. ઘણા ભારતીય મૂડીપતિઓએ સ્વાતંત્ર્ય-સંગ્રામને તેમનો ટેકો આપ્યો.

## 31.2 ભારતીય અર્થવ્યવસ્થા તથા ભારતીય મૂડીવાદી વર્ગનો વિકાસ (Growth of Indian Economy and Indian Capitalist Class)

હિંદના મૂડીપતિઓનો ક્રમશઃ ઉદય પામતો રાજકીય અભિગમ, ભારતીય અર્થવ્યવસ્થાનો જે રીતે વિકાસ થયો તેના સ્વરૂપ તથા પ્રમાણ સાથે સંબંધ ધરાવે છે. વસાહતી સમય દરમિયાન, ખાસ કરીને વીસમી સદીમાં હિંદની અર્થવ્યવસ્થાનો વિકાસ, બીજા મોટા ભાગના વસાહતી દેશોના અનુભવથી મહત્ત્વની બાબતોમાં અલગ હતો. તેના આધારે ભારતીય મૂડીપતિઓના સામ્રાજ્યવાદ સંબંધી અભિગમને ઘણું ખરું સમજાવી શકાય. આ વિકાસની સંક્ષિપ્ત રૂપરેખા નીચે મુજબ છે :

(1) વીસમી સદી શરૂ થઈ કે તરત જ ભારતીય અર્થવ્યવસ્થામાં ઝડપથી આયાતની અવેજી પૂરી પાડવાની પ્રક્રિયા શરૂ થઈ. બે વિશ્વયુદ્ધો તથા 1930ના દાયકાની વિશ્વવ્યાપી મંદીના સમય દરમિયાન, હિંદી અર્થવ્યવસ્થા પર સામ્રાજ્યવાદની પકડ પ્રમાણમાં નબળી પડી અને હિંદી ઉદ્યોગોના વિકાસની પ્રક્રિયાને મુખ્યત્વે કરીને વિદેશની આયાતના સ્થાને દેશના ઉત્પાદનને ખૂબ મોટા પ્રમાણમાં વેગ મળ્યો. આ સમયગાળામાં દેશી ઉદ્યોગોમાં થયેલ વિકાસ મુખ્યત્વે કરીને, સ્વતંત્ર હિંદની મૂડીનાં સાધનોમાંથી થયો હતો. બીજા શબ્દોમાં કહી શકાય કે, હિંદના મૂડીપતિઓ વિદેશી મૂડીપતિઓના ગૌણ ભાગીદારો તરીકે નહિ પરન્તુ પોતાની સ્વતંત્ર મૂડીના આધારે આગળ વધ્યા હતા.

(2) પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારથી દેશી ઉદ્યોગોના વિકાસમાં વધારો થયો. સામાન્યરીતે વસાહત ઉત્પાદિત માલની આયાત કરતી અને ખેતીવિષયક કાચો માલ તેમાંથી નિકાસ કરવામાં આવતો હતો. વિદેશ વ્યાપારની તે વિશિષ્ટ વસાહતી વ્યવસ્થા હવે ચોક્કસ ઊલટી (વિપરીત) દેખાવા લાગી. 1914 અને 1945 વચ્ચેનાં વરસોમાં ભારતમાં કુલ આયાત થયેલા ઉત્પાદિત માલના પ્રમાણમાં સારી પેઠે ઘટાડો થયો, જ્યારે કુલ નિકાસના પ્રમાણમાં વધારો થયો. તેનાથી વિપરીત (ઊલટું) ભારતની કુલ નિકાસમાં કાચા માલનું પ્રમાણ ઘટ્યું અને કુલ આયાતમાં (ગ્રાહકોના વપરાશી માલની સરખામણીમાં) મૂડી માલના પ્રમાણમાં વધારો થયો. તે સાથે આંતરરાષ્ટ્રીય વેપારના વસાહતી પ્રકાર પર ભારતીય અર્થવ્યવસ્થાની નિર્ભરતા ઓછી થવા લાગી, જ્યારે આંતરિક વેપારનો વિકાસ હરણફાળે થયો.

(3) ગૃહઉદ્યોગોમાં વિદેશી મૂડીનો અંકુશ જે બીજા કેટલાક વસાહતી દેશોની સરખામણીમાં હિંદમાં ઓછો અને મહત્ત્વનો ન હતો. હિંદમાં આમેય તે આ સમય દરમ્યાન વળી વધુ ઘટવા લાગ્યો. ભારતીય અર્થવ્યવસ્થામાં વિદેશી મૂડીનો પ્રવાહ 1920ના દાયકામાં ખૂબ વધ્યા બાદ, ઘટાડો થયો. બીજી બાજુએ, ખાસ કરીને 1930 ના દાયકાથી, વિદેશી દેવું ભરપાઈ કરવાનું તથા વિદેશી રોકાણોને અંશતઃ ભારતીય મૂડીપતિઓ દ્વારા વિદેશી કંપનીઓ ખરીદી લઈને પોતાના દેશમાં પાછા મોકલી આપવાનું વધુ પ્રમાણમાં શરૂ થયું. તેના પરિણામે, લગભગ 1935થી ભારતમાંથી વિદેશી મૂડીનું બહાર જતું વહેણ ફરીથી શરૂ થયું. હકીકતમાં દ્વિતીય વિશ્વયુદ્ધ દરમ્યાન ભારત દેવાદાર દેશ મટી ગયો. એથી વિપરીત, વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે ભારતે બ્રિટન પાસેથી આશરે રૂપિયા 1500/- કરોડની બરોબરીનું સ્ટર્લિંગ પુરાંતનું લેણું નીકળતું હતું. આનો અર્થ એ થયો કે વિદેશી દેવાની ભારતને જરૂરિયાત નહોતી તેથી લંડનના નાણાં બજાર પર ભારત આધાર રાખતું નહોતું.

(4) પ્રથમ વિશ્વયુદ્ધ પછીના સમય દરમિયાન, ઉપર ચર્ચવામાં આવેલ પ્રક્રિયાઓને કારણે ભારતીય મૂડીપતિ વર્ગ ઝડપથી વિકસી શક્યો હતો. તે નીચેની બાબતો દ્વારા વિકાસ કરી શક્યો :
- તેણે સતત આર્થિક અને રાજકીય સંઘર્ષ કર્યો, અને
- ખાસ કરીને બે વિશ્વયુદ્ધો અને વ્યાપક મહામંદી દરમ્યાન બ્રિટિશ સામ્રાજ્યવાદ દ્વારા સહન કરવામાં આવેલ સંકટનો સંપૂર્ણ લાભ ઉઠાવ્યો.

ભારતીય મૂડીપતિઓએ કાપડ ઉદ્યોગ તથા પોલાદ ઉદ્યોગ જેવાં ક્ષેત્રોમાં આયાતની અવેજી કરવા માંડી અને ધીમે ધીમે બૅંકિંગ, શણ, વિદેશ વ્યાપાર, કોલસો, ચા વગેરે જેવાં ક્ષેત્રો હસ્તગત કરવા માંડ્યાં જ્યાં ભારતમાં પરંપરાગત યુરોપીય મૂડીનું વર્ચસ્વ હતું. 1920ના દાયકાથી મોરસ, સિમેન્ટ, કાગળ, રસાયણો, લોખંડ અને પોલાદ જેવા ઉદ્યોગોમાં મોટા પ્રમાણમાં નવાં રોકાણો કરવાનાં પગલાં ભરવાની પણ તેમણે શરૂઆત કરી. તેના પરિણામે, દેશ સ્વતંત્ર થયો તે સમયે ભારતના પ્રયોજકોએ ભારતીય બજારના આશરે 72 ટકા પર કાબૂ મેળવ્યો હતો. નાણાકીય ક્ષેત્રમાં પણ ભારતીય મૂડીએ ઘણા મોટા પ્રમાણમાં ધિરાણો કર્યાં હતાં. ઉદાહરણ તરીકે :

- 1914માં કુલ થાપણોનો આશરે 30 ટકા ભારતીય બૅન્કો ધરાવતી હતી. 1947માં તેમનો હિસ્સો વધીને 80 ટકા કરતાં વધારે થયો.
- એવી રીતે ભારતની કંપનીઓ વીમાના ધંધામાં પણ ઝડપથી આગળ વધી. 1945 સુધીમાં તેમણે જીવનવીમાના 79 ટકા અને સામાન્ય વીમાના 55 ટકા ધંધો હસ્તગત કર્યો.
- 1946માં ત્રણ સર્વોચ્ચ ભારતીય ઉદ્યોગ ગૃહોની કુલ અસ્કામતો, ત્રણ સર્વોચ્ચ બિનભારતીય ઉદ્યોગગૃહોની કુલ અસ્કામતોથી ઘણી વધારે હતી.

ભારતીય મૂડીપતિ વર્ગનો આ આશ્ચર્યજનક અને સ્વતંત્ર વિકાસ સાંસ્થાનિક પરિસ્થિતિમાં તદ્દન અસામાન્ય હતો, તેમ છતાં વારંવાર કરવામાં આવતી દલીલમાં સત્ય નથી. આ સાંસ્થાનિક રાજ્ય દ્વારા 'બિન-સાંસ્થાનીકરણ'ની નીતિના પરિણામે તે વિકાસ સંભવિત થયો હતો. વાસ્તવમાં સામ્રાજ્યવાદ જ્યારે કટોકટીનો સામનો કરી રહ્યો હતો ત્યારે અથવા તેના તરફથી સંસ્થાનનાં વસાહતી હિતો વિરુદ્ધ સતત સંઘર્ષ કરવાના પરિણામે એમ બન્યું હતું ભારતીય મૂડીપતિઓએ તેમનાં હિતોને સંસ્થાનવાદ સાથે બાંધેલાં જોયાં નહોતાં.

આ ઉપરાંત, મૂડીપતિ વર્ગ સમગ્રપણે દેશમાં આર્થિક અથવા રાજકીય રીતે સામ્રાજ્યવાદ તરફી સામંતવાદી હિતોના હાથ નીચે ન હતો. એક બીજી સ્થિતિ ત્યારે સર્જાય છે જ્યારે, કોઈ સંસ્થાનનો મૂડીપતિ વર્ગ તેના સંસ્થાનમાં મૂડીવાદ-વિરોધી ઉદ્દામવાદી અથવા ડાબેરી પાંખના લોકઆંદોલનને લીધે પોતાના અસ્તિત્વ માટે ભય જુએ છે. ત્યારે, તે સામ્રાજ્યવાદ સાથે સહકાર સાધવાની પ્રવૃત્તિ કરે છે. કેટલાક સંસ્થાનવાદી અથવા અર્ધસંસ્થાનવાદી દેશોમાં એવી પરિસ્થિતિ ઉદ્‌ભવી કે જ્યાં મૂડીપતિ વર્ગે સામ્રાજ્યવાદ સાથે જોડાણ કરીને ઉદ્દામવાદી ચળવળ દબાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે અમે ચીનનું ઉદાહરણ આપી શકીએ. ભારતમાં પણ મૂડીપતિઓ ડાબેરીઓના ઉદયથી ચિંતાતુર હતા. તેમ છતાં, ભારતના મૂડીપતિ વર્ગને જ્યારે ઉદ્દામવાદીઓ તરફથી ભય વધે છે એમ લાગ્યું ત્યારે તેણે સામ્રાજ્યવાદીઓની સહાય મેળવીને નહિ, પરન્તુ વિવિધ સાધનો દ્વારા રાષ્ટ્રીય ચળવળમાં જમણેરી પાંખને, શક્તિશાળી બનાવવાના પ્રયાસો કર્યા હતા. ઉપરની ચર્ચા પરથી નીચેના મુદ્દા ઉદ્‌ભવે છે :

(1) ભારતીય મૂડીપતિ વર્ગ સ્વતંત્ર રીતે અને સામ્રાજ્યવાદની વિરુદ્ધમાં વિકસ્યો હતો અને તેથી પોતાના લાંબા ગાળાનાં વર્ગીય હિતો તેણે સામ્રાજ્યવાદ સાથે સંકળાયેલાં જોયાં ન હતાં.

(2) ભારતીય મૂડીપતિઓનો ઝડપી અને સ્વતંત્ર વિકાસ થયો હોવાથી સામ્રાજ્યવાદ-વિરોધી દષ્ટિકોણ અપનાવવા માટે તેઓ પૂરતા મજબૂત બન્યા હતા.

(3) ઉદ્દામવાદી લોકઆંદોલનોની ધમકીથી મૂડીપતિ વર્ગે સામ્રાજ્યવાદ સાથે સહકાર કે સમાધાન કર્યું નહિ. મૂડીપતિ વર્ગ સામેનો સવાલ એ ન હતો કે સામ્રાજ્યવાદનો વિરોધ કરવો કે નહિ.પરન્તુ સામ્રાજ્યવાદ સામે લડવા પસંદ કરેલો માર્ગ એવો ન હોવો જોઈએ કે તે મૂડીવાદને પોતાને માટે ભયજનક બને.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. મૂડીપતિ વર્ગનો વિકાસ સંસ્થાનવાદની આડપેદાશ હતો ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

2. ઉદ્દામવાદીઓની ધમકી પ્રત્યે ભારતીય મૂડીવાદી વર્ગનું વલણ કેવું હતું ?

------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------
------------------------------------------------------------------------

## 31.3 વર્ગસંગઠનનો ઉદય (The Emergence of Class Organisation)

સામ્રાજ્યવાદ અને રાષ્ટ્રીય ચળવળ પ્રત્યે તેનું વલણ નિશ્ચિત કરવાની પ્રક્રિયામાં જ ભારતનો મૂડીપતિ વર્ગ એક રાજકીય સંગઠન તરીકે ઉદય પામ્યો. 1920ના દાયકાની શરૂઆતથી જ જી.ડી. બિરલા અને પુરુષોત્તમદાસ ઠાકુરદાસ જેવા મૂડીપતિઓ ભારતીય વ્યાપારી નાણાકીય અને ઔદ્યોગિક હિત ધરાવનારાઓનું એક રાષ્ટ્રીય કક્ષાનું સંગઠન સ્થાપવાના પ્રયાસો કરતા હતા. શરૂઆતમાં તેઓ એક એવું ભારતીય વ્યાપાર સંગઠન સ્થાપવા માંગતા હતા, જે સાંસ્થાનિક સરકાર પર અસરકાર પ્રભાવ પાડી શકે -આ કામ બિનભારતીય વ્યાપારી હિતો વધુ સંગઠિત સ્વરૂપે લાંબા સમયથી કરતાં જ હતા. આ પ્રયાસના પરિણામે 1927માં ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI) ની સ્થાપના કરવામાં આવી. તરત જ ફિક્કી (FICCI)ના મોટી સંખ્યામાં સભ્યો થઈ ગયા અને તે સમગ્ર દેશનાં ભારતીય વેપારી હિતોની પ્રતિનિધિ સંસ્થા બની. તેની રચના પછીના અલ્પ સમયમાં, બ્રિટિશ સત્તાધીશો તથા ભારતના સામાન્ય લોકો દ્વારા તેને ભારતીય મૂડીપતિ વર્ગમાં પ્રભાવશાળી મતનું પ્રતિનિધિત્વ કરનાર સંસ્થા તરીકે માન્ય રાખવામાં આવી.

### 31.3.1 આર્થિક ક્ષેત્રમાં ભૂમિકા (Role in the Economic Sphere)

મૂડીપતિ નેતાઓએ સ્પષ્ટ નિવેદન કર્યું કે ફિક્કી (FICCI) નું લક્ષ્ય ''વ્યાપાર, વાણિજ્ય અને ઉદ્યોગના રાષ્ટ્રીય રક્ષક'' બનવાનું હતું. સામાન્ય રીતે એક રાષ્ટ્રીયવાદી સંગઠન પાસેથી જે કાર્યોની આશા રાખવામાં આવી હોય તે કાર્યો આર્થિક ક્ષેત્રમાં તે સંસ્થા કરવાની હતી. આ લક્ષ્ય પાર પાડવા ભારતીય મૂડીપતિઓએ સામ્રાજ્યવાદની તેનાં બધાં જ સ્વરૂપોને આવરી લેતી એક વ્યાપક આર્થિક વિવેચના તૈયાર કરી. ઉદાહરણ તરીકે, તેમની વિવેચનામાં સામ્રાજ્યવાદના એ શોષણને પ્રગટ કરવામાં આવ્યું જે વેપાર, વિદેશી રોકાણો, નાણાકીય અને ચલણની ઘાલમેલ દ્વારા કરવામાં આવતું હતું. તે ઉપરાંત કરવેરા, ખંડણી અથવા હોમ ચાર્જના સ્વરૂપમાં વધારાની રકમ સીધી કાઢી લેવામાં આવતી હતી. એક પક્ષે ભારતનાં હિતો અને બીજે પક્ષે સામ્રાજ્યવાદ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રસિદ્ધ નેતાઓ મોતીલાલ નેહરુ અને ગાંધીજી સામ્રાજ્યવાદ અંગે હિંદનાં હિતો સાથે જોડાયેલી જટિલ આર્થિક બાબતો વિશે પુરુષોત્તમદાસ અને જી. ડી. બિરલા જેવા ઉદ્યોગપતિઓની વારંવાર મદદ લેતાં અચકાતા નહિ.

### 31.3.2 રાજકીય ક્ષેત્રમાં ભૂમિકા (Role in the Political Sphere)

આમ છતાં, ફિક્કી (FICCI)ની ભૂમિકા સામ્રાજ્યવાદની આર્થિક વિવેચના કરવી અને ખાસ કરીને મૂડીપતિ વર્ગની અને સામાન્યતઃ સમગ્ર રાષ્ટ્રની આર્થિક માગણીઓ માટે લડવા પૂરતી મર્યાદિત ન હતી. મૂડીપતિ વર્ગના નેતાઓને સ્પષ્ટપણે રાજકારણમાં અસરકારક દરમિયાનગીરી કરવાની આવશ્યકતા જણાઈ. ફિક્કી (FICCI) ના પ્રમુખ પુરુષોત્તમદાસ ઠાકુરદાસે 1928માં તેની બીજી વાર્ષિક બેઠકમાં જાહેર કર્યું કે, ''હવે આપણે આપણા અર્થશાસ્ત્રમાંથી આપણા રાજકારણને અલગ કરી શકીશું નહિ.'' મૂડીપતિઓ માટે રાજકારણમાં સક્રિય થવાનો અર્થ થતો હતો - ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં જોડાવું. પુરુષોત્તમદાસે ફિક્કીના અધિવેશનમાં 1928માં જણાવ્યું હતું તે પ્રમાણે, ''ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ ખરેખર રાષ્ટ્રીય આંદોલન સાથે ગાઢ રીતે જોડાયેલું છે અને તેના અવિભાજ્ય અંગ સમાન છે - તેના વિકાસ સાથે તે વિકાસ પામે છે અને તેની શક્તિ વધતાં તે મજબૂત બને છે.'' પુરુષોત્તમદાસના વ્યક્તિત્વમાં થયેલ પરિવર્તન જોઈ શકાય છે, કારણ કે અગાઉ તેમણે અસહકારની ચળવળનો વિરોધ કર્યો હતો. મૂડીપતિઓને સ્પષ્ટ ખ્યાલ આવ્યો કે સાંસ્થાનિક વર્ચસ્વની મોજૂદ રાજકીય પદ્ધતિમાં પરિવર્તન લાવવા માટે લડત આપવાથી જ તેમના પણ આર્થિક હેતુઓ સિદ્ધ થઈ શકશે. 1930માં જી. ડી. બિરલાએ આ દષ્ટિકોણ વ્યક્ત કર્યો હતો :

> ''આપણા દેશની વર્તમાન રાજકીય સ્થિતિમાં સરકારને આપણા દષ્ટિબિંદુ પ્રમાણે બદલવી અશક્ય છે. તેનો એકમાત્ર ઉકેલ એ છે કે આપણા દેશની સ્વતંત્રતા માટે લડનાર દરેકના હાથ દરેક ભારતીય વેપારીએ મજબૂત કરવા જોઈએ.''

પરન્તુ, એની સાથે બ્રિટિશ સરકારને બિરલા એમ કહેવા પૂરતા જાગ્રત (સચેત) હતા કે સવિનય કાનૂનભંગની ચળવળ ચલાવવા એમણે કદી નાણાં આપ્યાં નહોતાં.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. ફિક્કીની રચના કરવા માટેનો પ્રારંભિક ઉદેશ શો હતો ?

-----------------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------

2. આર્થિક ક્ષેત્રમાં ફિક્કીએ શું ભાગ ભજવ્યો હતો?

------------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------


------------------------------------------------------------------------------------------------

## 31.4 સામ્રાજ્યવાદના વિરોધનું સ્વરૂપ : બંધારણીય માર્ગ (Nature of Anti-imperialism : the Constitutional Path)

કેવા પ્રકારના રાષ્ટ્રીય સંઘર્ષને તેમણે ટેકો આપવો તે અંગે મૂડીપતિ વર્ગે વિચાર કર્યો હતો. અંગ્રેજો પ્રત્યેનું તેમનું વલણ નક્કી કરવામાં, મૂડીપતિઓ હંમેશાં બંધારણીય માર્ગ તથા વાટાઘાટોનો સંપૂર્ણ ત્યાગ ન કરવાની તરફેણમાં હતા. તેઓ સંઘર્ષના બંધારણીય સ્વરૂપને ટેકો આપતા તથા આંદોલન તથા સવિનય કાનૂનભંગની તરફેણમાં નહોતા. આવું વલણ અપનાવવા માટે મૂડીપતિ વર્ગ પાસે કેટલાંક કારણો હતાં:

### (1) લોકઆંદોલનનો ભય (Fears of Mass Movement)

પ્રથમ, મૂડીપતિઓને ભય હતો કે, સામૂહિક સવિનય કાનૂનભંગ, ખાસ કરીને વધારે લાંબુ ચાલે ત્યારે, સામાન્ય લોકસમુદાય ઉદ્દામવાદી બની જાય અને સામ્રાજ્યવાદ વિરુદ્ધ ન્યાયી દબાણ કરવાને બદલે તે મૂડીવાદને માટે ભયજનક બની જાય. 1930માં ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર, મુંબઈના એક આગેવાન લાલજી નારણજીના સ્પષ્ટ જણાવવા પ્રમાણે, ''લોકઆંદોલન દ્વારા'' ''ખાનગી મિલક્ત'' ને માટે ભય પેદા થઈ શકે છે, અને તેના દ્વારા સર્જવામાં આવેલ ''સત્તા પ્રત્યેની અવગણના'' ની ભાવના ''સ્વરાજની સરકાર'' માટે ''આપત્તિજનક પશ્ચાદ્ અસરો'' પેદા કરી શકે છે. સામ્રાજ્યવાદ-વિરોધી ચળવળને મૂડીવાદ-વિરોધી ચળવળમાં પરિવર્તન ન થવા દેવાની ઇચ્છાથી મૂડીપતિઓએ હંમેશાં રાષ્ટ્રીય ચળવળને બંધારણીય વિરોધના માર્ગે લાવવાનો પ્રયાસ કર્યો. મૂડીપતિઓ સાંસ્થાનિક સરકારના લાંબા સમય સુધી ખેંચાતા તથા સંપૂર્ણ વિરોધનું સમર્થન કરી શકતા ન હતા, તેનું બીજું કારણ એ હતું કે તેઓના સામાન્ય રોજ -બ- રોજના વેપારમાં તેમને સરકારના ભલે લઘુતમ પણ ચોક્કસ સહકારની આવશ્યકતા હતી. અને આપણે બધા જાણીએ છીએ તે મુજબ, આ વખતે સાંસ્થાનિક સરકાર સત્તા પર હતી. પોતાની તાત્કાલિક જરૂરિયાતો માટે જે તે વર્તમાન સરકાર પર અધીનતા, અને વળી લોકઆંદોલન હંમેશાં સામાન્ય વેપારને ખોરવી નાંખે છે તે હકીકતોને લીધે મૂડીપતિઓએ કોઈ જાતના લોકઆંદોલનમાં - ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના આશ્રય હેઠળના લોકઆંદોલનમાં પણ ભાગ લીધો નહિ.



જી. ડી. બિરલા

### (2) બંધારણીય મંચ (Constitutional Forums)

મૂડીપતિઓ માનતા હતા કે વિધાન પરિષદો અથવા વિધાનસભાઓ જેવા બધા બંધારણીય માર્ગો અથવા ગોળમેજી પરિષદો જેવી મંત્રણાઓનો સંપૂર્ણ અથવા લાંબા સમય માટેનો બહિષ્કાર કરવો તે ''આત્મઘાતક નીતિ'' જ હતી. તેમને લાગ્યું હતું કે રાષ્ટ્રવાદી બળો આ મંચોનો સંપૂર્ણ ત્યાગ કરશે તો સરકાર પોતાના વફાદાર સભ્યોની સહાય વડે સહેલાઈથી એવી નીતિઓ કે પગલાં ધારાસભાઓમાં પસાર કરાવી લેશે, કે જે ભારતના આર્થિક વિકાસને ગંભીર નુકસાન કરશે. એમાં પણ તેમનાં પોતાનાં હિતો જોડાયેલાં હતાં. આ રીતે, આ બાબતને લક્ષમાં રાખીને, મૂડીપતિઓએ સાંસ્થાનિક સરકારે આપેલા વિવિધ મંચોને સમર્થન આપવા ઉપરાંત તેમાં ભાગ પણ લીધો. ઉદાહરણ તરીકે, તેઓમાંના કેટલાક વાઇસરૉયની કારોબારી સમિતિમાં પણ જોડાયા. હકીકતમાં તેઓ પ્રવર્તમાન માળખામાં રહીને શક્ય બધા જ સુધારાનો વધારેમાં વધારે લાભ તેમને માટે લેવા માંગતા હતા.

કેટલાક કિસ્સાઓમાં મૂડીપતિઓએ બંધારણીય સંસ્થાઓમાં ભાગ લેનારાઓને બિનશરતી ટેકો આપ્યો નહિ. જી. ડી. બિરલા અને પુરુષોત્તમદાસે સ્પષ્ટતા કરી કે તેઓ ''સિદ્ધાન્તોની બાબતમાં સમાધાન કર્યા વિના'' માત્ર ''પોતાની શરતોએ ભાગ લેશે''. ઉદાહરણ તરીકે, આ કારણથી 1934માં સંયુક્ત સંસદીય સમિતિએ રજૂ કરેલ બંધારણીય સુધારાની દરખાસ્તો ''પ્રત્યાઘાતી'' કહીને ફિક્કીએ અસ્વીકાર કર્યો હતો. આ ઉપરાંત, મૂડીપતિઓએ સામાન્ય રીતે રાષ્ટ્રીય ચળવળનાં અગ્રણી સંગઠનોની સામેલગીરી વગર અથવા ઓછામાં ઓછું તેમની મંજૂરી વિના, બ્રિટિશ સરકાર સાથે બંધારણીય અથવા આર્થિક પ્રશ્નો પર મંત્રણા

કરવાનો ઇનકાર કર્યો. ઉદાહરણ તરીકે, 1930માં ફિક્કીએ તેના સભ્યોએ એમ કહીને ગોળમેજી પરિષદનો બહિષ્કાર કરવાની સલાહ આપી કે, ''....... ભારતીય બંધારણીય વિકાસની સમસ્યા પર ચર્ચા કરવાના હેતુથી ભરવામાં આવેલી કોઈ પણ પરિષદમાં મહાત્મા ગાંધી એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે ભાગ ન લે, અથવા ઓછામાં ઓછી તેમની મંજૂરી મળી ન હોય તો તે સફળ થઈ શકે નહિ....... તેથી ઘણા અગ્રણી મૂડીપતિઓએ પ્રથમ ગોળમેજી પરિષદનો બહિષ્કાર કર્યો પરન્તુ ગાંધીજી સાથે બીજી પરિષદમાં ભાગ લીધો. ત્રીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસે તેનો કોઈ પ્રતિનિધિ મોકલ્યો નહિ, ત્યારે પુરુષોત્તમદાસ તેમાં વ્યક્તિગત કક્ષાએ હાજર રહ્યા હતા. પરન્તુ તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે ગાંધીજીની ગેરહાજરીમાં તે પરિષદ બંધારણીય સમસ્યાઓનું સમાધાન કરી શકે નહિ. મૂડીપતિઓને સ્પષ્ટતાપૂર્વક ખ્યાલ આવી ગયો હતો કે કૉંગ્રેસનું સમર્થન મેળવ્યા વિના તેમનાં હિતોનું સંરક્ષણ કરવામાં પ્રગતિ થઈ શકશે નહિ. 1929માં આ સ્થિતિનો ઉપસંહાર કરતાં અમદાવાદના એક પ્રખ્યાત મૂડીપતિ અંબાલાલ સારાભાઈએ જણાવ્યું હતું કે, ''કૉંગ્રેસના સમર્થનને બાદ કરીને સરકાર તમારી વાત ધ્યાનથી સાંભળશે નહિ''.

આ રીતે, મૂડીપતિઓ બે કારણોને લીધે બંધારણીય માર્ગ અને પદ્ધતિની તરફેણમાં હતા :

(ક) જમણેરી પાંખને મજબૂત બનાવીને તેઓ ઉદ્દામવાદીઓ(ડાબેરીઓ)ને અંકુશમાં રાખી શકતા હતા.

(ખ) તેઓ સરકારને બતાવી શકતા હતા કે બ્રિટિશ રાજ ચાલુ રાખવામાં તેઓ કોઈ રીતે ભયજનક નહોતા. ઉદાહરણ તરીકે, ડિસેમ્બર 1942માં પુરુષોત્તમદાસે જાહેર કર્યું કે, ''વ્યાપારી સમાજ દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ માગણીઓનો હેતુ બ્રિટિશ સામ્રાજ્યનો અંત આણવાનો નથી અને તે શક્ય પણ નથી''.

બંધારણીય પદ્ધતિમાં શ્રદ્ધા હોવાને કારણે જી. ડી. બિરલાએ 1935-37 દરમ્યાન ચૂંટણીઓ તથા પ્રધાનમંડળો રચવાના પ્રશ્નની બાબતમાં પોતે ગાંધીજી સાથે જોડાયા હતા.

### (3) લોકઆંદોલન પ્રત્યેનું વલણ (Attitude to Mass Movements)

આમ છતાં, કેટલીક વાર તેમને પોતાના વર્ગ અથવા દેશ માટે કેટલીક મહત્ત્વની છૂટછાટો મેળવવા માટે લોકઆંદોલન જરૂરી લાગતું હતું. અહીં જાન્યુઆરી 1931માં જી. ડી. બિરલા દ્વારા સવિનય કાનૂનભંગની ચળવળ ચાલુ હતી તે સમય કરવામાં આવેલ ટીકા આપણે ટાંકી શકીએ. તેમણે કહ્યું, ''એમાં કોઈ શંકા હોઈ શકે નહિ કે આપણને હાલમાં જે આપવામાં આવી રહ્યું છે તે સંપૂર્ણપણે ગાંધીજીને લીધે છે......... આપણે જે ઇચ્છીએ છીએ તે પ્રાપ્ત કરવું હોય તો *હાલની ચળવળ કમજોર થવા દેવી જોઈએ નહિ.''*

### (4) દીર્ઘ સમયના લોક આંદોલનનાં ભયસ્થાનો (Dangers of a Prolonged Mass Movement)

તેમ છતાં, લોકઆંદોલન લાંબું ચાલે એવું તેઓ ઇચ્છતા નહોતા. ચળવળ પાછી ખેંચી લેવામાં આવે તે માટે તેઓ સમાધાન કરાવવા પ્રયાસો કરતા હતા. સંધિ માટેની મંત્રણામાં સરકાર અને કૉંગ્રેસ વચ્ચે મધ્યસ્થી તરીકે તેમની સેવાઓ આપવાની તેમણે વારંવાર તૈયારી બતાવી હતી. આ માટેનું ઉત્તમ ઉદાહરણ માર્ચ 1931માં ગાંધી-ઈર્વિન કરાર થયા તેના આરંભની મંત્રણાનું છે. પરન્તુ અહીં લોકઆંદોલનને ચાલુ રાખવાનું અથવા તેને ફરી વાર શરૂ કરવાની ધમકીનો ઉપયોગ સોદાબાજી તરીકે કરવામાં આવ્યો હતો. જી. ડી. બિરલાએ જાન્યુઆરી 1931માં જણાવ્યું હતું કે મૂડીપતિઓ ''શાંતિ માટેની તેમની ચિંતામાં'' તેમની ''માગણીઓ ઘટાડશે'' કે જતી કરશે નહિ. તેમણે વધુમાં કહ્યું કે, તેઓએ ''બે બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ : એક તો એ કે સમાધાન કરાવવા માટે આપણે સૌથી શ્રેષ્ઠ સમયે કૂદી પડવું જોઈએ અને બીજું એ કે આપણે એવું કંઈ ન કરવું જોઈએ, જેનાથી તેમની (ભારતીય રાષ્ટ્રીય આંદોલનની) તાકાતમાં નબળાઈ આવે, કારણ કે તેમના જ પ્રયાસોથી આપણે આ તબક્કે પહોંચ્યા છીએ.'' બીજા શબ્દોમાં, મૂડીપતિઓએ શાંતિ અથવા સમાધાન માટે દલીલો કરી છતાં તેમણે મૂળભૂત રાષ્ટ્રીય માગણીઓ જતી કરી નહિ અથવા સમગ્રપણે રાષ્ટ્રીય ચળવળને નબળી પાડી નહિ.

સામૂહિક સવિનય કાનૂનભંગની ચળવળ ચાલુ રાખવા અથવા ચળવળમાં ઝંપલાવવાની બાબતમાં તેઓની ગંભીર મર્યાદાઓ હતી ત્યારે પણ મૂડીપતિઓએ તેને દબાવી દેવા માટે સાંસ્થાનિક સરકારને કદી ટેકો આપ્યો ન હતો. તેનાથી વિપરીત, તેઓએ દમન અટકાવી દેવા, કૉંગ્રેસ અને વર્તમાનપત્રો પરના પ્રતિબંધો દૂર કરવા, રાજકીય કેદીઓને મુક્ત કરવા તથા વટહુકમો મારફતે આપખુદ રાજ બંધ કરવા સરકાર ઉપર વારંવાર દબાણ કર્યું. રાષ્ટ્રીય ચળવળ તેના ગેરબંધારણીય તબક્કાની પરાકાષ્ઠાએ હતી ત્યારે પણ આ વલણમાં ફેરફાર થયો નહોતો. સામૂહિક ચળવળ ખૂબ ઉદ્દામવાદી બનવાના ભયથી અથવા રોજિંદા વેપારમાં ખોટ જતી હતી તે હકીકતથી સમગ્રપણે મૂડીપતિ વર્ગે ચળવળને દબાવી દેવામાં સરકારને ટેકો આપ્યો નહિ અથવા જાહેરમાં તેને વખોડી કાઢવા અથવા તેનાથી અલિપ્ત થઈ જવા તરફ દોરાઈ ગયો નહિ.

## તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. મૂડીપતિઓએ બંધારણીય મંચોનો ઉપયોગ કર્યો :
   (1) તેમની વ્યક્તિગત ક્ષમતામાં
   (2) કૉંગ્રેસનો ઇનકાર કરતી વખતે
   (3) કૉંગ્રેસનો ટેકો તેમના મનમાં સચેતપણે રાખીને
   (4) ઉપરનામાંથી એક પણ નહિ.

2. મૂડીપતિઓએ તરફેણ કરી :
   (1) દીર્ઘ સામૂહિક ચળવળોની
   (2) દીર્ઘ લોકઆંદોલન બંધ કરવા વહેલું સમાધાન કરાવવામાં કૉંગ્રેસ અને સરકાર વચ્ચે મધ્યસ્થી તરીકેનો તેમના સ્થાનની
   (3) લોકઆંદોલનો હોવાં ન જોઈએ તેની
   (4) ઉપરનામાંથી એક પણ નહિ.

## 31.5 કૉંગ્રેસ અને મૂડીપતિઓ (Congress and the Capitalists)

ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ અને મૂડીપતિઓ વચ્ચેના સંબંધો વિશે જાણવાનું તમને મન થશે. સામાન્ય રીતે, આ સંબંધોનું બે દૃષ્ટિકોણોથી વિશ્લેષણ થઈ શકે :

(1) કૉંગ્રેસ મૂડીપતિઓથી ઘણી પ્રભાવિત થયેલી હતી, જે તેનો ઉપયોગ તેમના પોતાના વર્ગના લાભાર્થે કરતા હતા. આ દૃષ્ટિકોણ એ સિદ્ધાંત પર કેન્દ્રિત થયેલો છે કે મૂડીપતિઓએ તેમની પાસેનાં નાણાં વાપરીને, તેમની પોતાની નીચે જણાવેલી માંગો માટે લડવા કૉંગ્રેસ પર દબાણ કર્યું હતું :

- રૂપિયો-સ્ટર્લિંગનું પ્રમાણ ઘટાડવું,
- ભારતીય ઉદ્યોગોને જકાત સંરક્ષણ, અને
- ભારતીય વહાણવટાને માટે કિનારાના પરિવહનનું આરક્ષણ વગેરે.

આ ઉપરાંત મૂડીપતિઓએ કૉંગ્રેસના બધા રાજકીય નિર્ણયોને પ્રભાવિત કર્યા, જેવા કે 1931માં સવિનય કાનૂનભંગની ચળવળ પાછી ખેંચી લેવી, ખાસ કરીને 1937ની ચૂંટણીઓમાં કૉંગ્રેસના ઉમેદવારોની પસદંગી; 1930ના દાયકાનાં છેલ્લાં વર્ષો દરમિયાન કામદારોના વર્ગની ચળવળને કચડી નાખવી, જમણેરી પાંખના નેતાઓને નાણાકીય સહાય કરવી વગેરે. ગાંધીજીને તેમનો ટેકો આપવાનું મુખ્ય કારણ એ હતું કે, ''આ દેશમાં માત્ર ગાંધીજી વર્ગવિગ્રહને અટકાવી શકે એમ છે'' એવી તેમની માન્યતા હતી. અને બીજી બાજુ ગાંધીજીએ મૂડીપતિઓનો પક્ષ લીધો. તેથી કૉંગ્રેસનું સ્વરૂપ મૂડીવાદી સંગઠનનું હતું.

(2) બીજો દૃષ્ટિકોણ એવી માન્યતા પર આધારિત છે કે કૉંગ્રેસ મૂડીપતિઓ દ્વારા લેશમાત્ર પ્રભાવિત થઈ નહોતી પરન્તુ કૉંગ્રેસ પોતાની શરતો સ્વીકારવા મૂડીપતિઓને ફરજ પાડતી હતી.

આ દૃષ્ટિકોણ અનુસાર :


(1) સામ્રાજ્યવાદની વિરુદ્ધ રાજકોષીય અને ચલણની સ્વાયત્તતા તથા આર્થિક રાષ્ટ્રવાદના કાર્યક્રમ સહિતની સંરક્ષણ માટેની માગણીઓ માત્ર મૂડીપતિ વર્ગને લાભકર્તા ન હતી. સ્વતંત્ર આર્થિક વિકાસ માટેની આ રાષ્ટ્રીય માગણીઓ હતી. સામ્રાજ્યવાદ વિરોધી કોઈ પણ વ્યક્તિ, ભલે તે મૂડીપતિ હોય કે નહિ, તેણે આ માગણીઓ માટે લડત આપવાની હતી. વાસ્તવમાં, ભારતમાં સમાજવાદીઓ અને સામ્યવાદીઓએ પણ આ માંગણીઓ માટે લડત આપી હતી. આ ઉપરાંત ભારતમાં શરૂઆતના રાષ્ટ્રવાદીઓએ આર્થિક રાષ્ટ્રવાદનો સિદ્ધાંત વિકસાવ્યો હતો. તેના કેટલાક દાયકા અગાઉ ભારતીય મૂડીપતિઓ રાજકીય રીતે સંગઠિત થયા અને તેમની આ માંગણીઓ માટે લડત આપવાની શરૂઆત કરી. હકીકતમાં ઓગણીસમી સદીમાં, જ્યારે પ્રથમ વાર આ માંગણીઓ કરવામાં આવી હતી ત્યારે મૂડીપતિ વર્ગનું અસ્તિત્વ હતું નહિ અને તે વર્ગ તેના ટેકામાં આવ્યો નહોતો. એ વાત સ્પષ્ટ છે કે આ માંગણીઓ રજૂ કરવા માટે મૂડીપતિઓ દ્વારા કૉંગ્રેસને ખરીદવા, તે માટે ઘાલમેલ કરવા અથવા દબાણ લાવવાની કોઇ જરૂરિયાત ન હતી.

(2) બીજું, નીતિવિષયક નિર્ણય કરવાની બાબત છે ત્યાં સુધી નાણાકીય ફંડ માટે કૉંગ્રેસ મૂડીપતિઓ પર એટલી હદે આધારિત ન હતી કે તેનો નિર્ણાયક પ્રભાવ પડી શકે. નાણાકીય મદદ માટે કૉંગ્રેસ મૂડીપતિઓ પર એટલી આધારિત ન હતી કે કૉંગ્રેસની નીતિઓ પર તેનો અસરકારક પ્રભાવ પડી શકે. કૉંગ્રેસની ઘણી મોટી બહુમતી આર્થિક બાબતોમાં આત્મનિર્ભર હતી અને કૉંગ્રેસનાં

આદોલનોનું સામાન્ય ખર્ચ સ્વૈચ્છિક આતિથ્ય તથા સામાન્ય લોકોના ટેકાથી ચાલતું અને સભ્યપદની ફી દ્વારા મેળવેલું ભંડોળ અને નાની રકમોના દાનથી ચાલતું હતું. બંધારણીય તબક્કામાં પણ જ્યારે કૉંગ્રેસ ચૂંટણીઓની તૈયારી કરતી હતી ત્યારે પણ ભંડોળ માટે તે મૂડીપતિઓ પર એવી નિર્ભર નહોતી કે તેને તેમના ઉપર આધાર રાખનાર બનાવે. વાઇસરૉય લિનલિથગોએ ઇન્ટેલિજન્સ બ્યુરોના નિયામકને પ્રશ્ન પૂછયો હતો કે, ''કૉંગ્રેસ ગાંધીવાદી મૂડીપતિઓથી અલગ થઈને લાંબા સમય સુધી તેનું અસ્તિત્વ ટકાવી શકે ખરી?'' તેના પ્રત્યુત્તરમાં નિયામકે માર્ચ 1939માં નીચેનો ઘણો મહત્ત્વનો હેવાલ રજૂ કર્યો હતો :

> ''નિયમિત નાણાં પૂરાં પાડવા માટે કૉંગ્રેસ પાસે.... ઘણી મહત્ત્વની વૈકલ્પિક વ્યવસ્થા છે. દેશભક્તિની અરજને લીધે ઘણું રોકડખર્ચ બચી જાય છે...... કૉંગ્રેસની સામાન્ય પ્રવૃત્તિઓ અને ચૂંટણીઓ બન્ને બાબતો ગાંધીજી માટેનો અંધવિશ્વાસ તથા હોદ્દો ભોગવતા કૉંગ્રેસી પ્રધાનમંડળોનો આ બે પ્રભાવ કરતાં મૂડીપતિઓ (નાણાંથેલીઓ) ઓછા મહત્ત્વના છે. તેમના આ પ્રભાવોના ટેકામાં સ્થાનિક કૉંગ્રેસનાં સંગઠનો લોકોનો એટલો બધો સહકાર મેળવી શકતાં હતાં કે તેઓ નાણાં વિના ચૂંટણીઓ લડવાની સ્થિતિ ધરાવે છે.''

ખાસ કરીને બંધારણીય તબક્કાઓ દરમિયાન, કૉંગ્રેસને મૂડીપતિઓના ભંડોળની જરૂર નહોતી કે ફાળો સ્વીકાર્યો ન હતો એમ કહેવાનો ઈરાદો નથી. તેમ છતાં, આ ભંડોળ દ્વારા મૂડીપતિ વર્ગ કૉંગ્રેસની નીતિ તથા તેની વિચારધારાને એવા કોઈ માર્ગ પર લઈ જઈ શકતો ન હતો, જેના ઉપર કૉંગ્રેસ પોતે સ્વતંત્ર રીતે જવા તૈયાર ન હોય.આ સંદર્ભમાં, કૉંગ્રેસના નેતાઓ-મૂડીપતિઓ સાથે નિકટનો સંબંધ રાખનાર નેતાઓનો દૃષ્ટિકોણ ઘણો મહત્ત્વનો છે. ફેબ્રુઆરી 1922 જેટલું વહેલું, ગાંધીજીએ વેપારીઓ તથા મિલમાલિકોના સમર્થનને આવકારતાં તથા તે માટે વિનંતી કરતાં સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું હતું કે :



19. જી.ડી. બિરલાન ગાંધીજીના પત્ર

તેઓ તેમ કરે કે નહિ, સ્વતંત્રતા તરફની દેશની કૂચ કોઈ નિગમ અથવા વ્યક્તિઓના સમૂહ પર આધારિત રાખી શકાય નહિ. આ એક પ્રજાનો સામૂહિક આવિર્ભાવ છે. આમજનતા ઝડપથી મુક્તિની તરફ આગળ વધી રહી છે અને તેણે સંગઠિત મૂડીની સહાય વડે અથવા તેના વગર, તે કાર્ય ચાલુ રાખવું જોઈએ. તેથી આ આંદોલન મૂડીથી સ્વતંત્ર હોવું જોઈએ અને છતાં તેનું વિરાધી હોવું જોઈએ નહિ. જો મૂડી આમજનતાની મદદે આવશે તો તેનાથી મૂડીપતિઓની પ્રતિષ્ઠામાં વધારો થશે અને સારા દિવસ (સ્વતંત્રતા)નું આગમન વહેલું થશે.

એવી રીતે મોતીલાલ નેહરુ જે સ્વરાજવાદી તબક્કામાં મુંબઈ અને અમદાવાદના મૂડીપતિઓના ગાઢ સંપર્કમાં હતા અને જેમણે રાજકીય કાર્ય માટે તેમની પાસેથી પૂરતી નાણાંની રકમો સ્વીકારી હતી, તેમણે પણ 1928માં સંકોચ વિના તેઓનો સખત ઊધડો લીધો હતો, કારણ કે તેમને એમ લાગ્યું હતું કે તેઓએ તેમની અગાઉની જવાબદારીઓમાંથી પીછેહઠ કરી હતી. તેમણે કહ્યું હતું :

કૉંગ્રેસે મિલમાલિકોના વલણમાં થયેલા આ પરિવર્તનને આવકારવું જોઈએ. રાષ્ટ્રની મુશ્કેલીઓનો ગેરલાભ લઈને નફાખોરી કરે છે તે મૂડીપતિઓ અને કૉંગ્રેસ વચ્ચેનું જોડાણ અશક્ય છે. કૉંગ્રેસ માટે વધારે યોગ્ય કામનું ક્ષેત્ર કામદારોનું છે અને મિલમાલિકોનું ક્ષેત્ર નહિ. પરન્તુ મિલમાલિકોમાંના મારા કેટલાક અંગત મિત્રોની દેશભક્તિપૂર્ણ વાતોથી હું ગેરમાર્ગે દોરવાઈ ગયો હતો. મહાત્માજી મિલમાલિકો સાથેના જોડાણમાં કદાપિ માનતા નહોતા, અને મેં હવે તેમને જણાવી દીધું છે કે તેઓ સાચા હતા અને હું ખોટો હતો.''

સંદેશ સ્પષ્ટ હતો. કૉંગ્રેસે તેમની સાથે કામ કરવાનું હોય તો મૂડીપતિઓએ પોતાનું વર્તન સુધારવું પડશે. તેઓ તેમ કરે કે ન કરે, કૉંગ્રેસ અન્ય વર્ગોના ટેકા ઉપર વિશ્વાસ ભરોસો મૂકીને તેના કામમાં આગળ વધશે.

પરન્તુ તેનો અર્થ એવો થતો ન હતો કે કૉંગ્રેસને તેમના નાણાકીય ટેકાની જરૂર નહોતી. ઘણા પ્રસંગોએ તેણે દાન લીધાં હતાં. ઉદાહરણ તરીકે, 1937માં ડાલમિયાંએ ચૂંટણી ભંડોળ માટે ફાળો આપ્યો હતા અને બિરલા દ્વારા રચનાત્મક કાર્યક્રમને હંમેશાં નાણાકીય સહાય મળતી હતી.

## 31.6 કૉંગ્રેસના વિશે મૂડીપતિઓનો દષ્ટિકોણ (Capitalists' View of the Congress)

ભારતીય મૂડીપતિઓનો ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ વિશે કેવો દષ્ટિકોણ હતો? હકીકતમાં, કૉંગ્રેસને તેમણે કદાપિ પોતાના વર્ગનો પક્ષ માન્યો ન હતો. ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના જે. કે. મહેતાના જણાવ્યા પ્રમાણે આ પક્ષમાં ''બધા પ્રકારની રાજકીય વિચારધારાઓ તથા આર્થિક દષ્ટિકોણ માટે સ્થાન હતું.'' પરન્તુ તે સાથે, મૂડીપતિઓએ પ્રયાસ કર્યો હતો કે રાષ્ટ્રીય ચળવળ ઉદ્દામવાદી બની ન જાય, દા.ત. સમાજવાદીઓ અથવા સામ્યવાદીઓના પ્રભાવ હેઠળ આવી ન જાય. આ પરિપ્રેક્ષ્ય સાથે તેમણે કૉંગ્રેસમાંની જમણેરી પાંખને મજબૂત કરી. ઉદાહરણ તરીકે, જી. ડી. બિરલાએ પુરુષોત્તમદાસને લખ્યું હતું (3 ઑગસ્ટ, 1934) :

વલ્લભભાઈ, રાજાજી અને રાજેન્દ્રબાબુ એ ત્રણે જણ સામ્યવાદ તથા સમાજવાદ સામે લડી રહ્યા છે. તેથી, એ જરૂરી છે કે આપણામાંના કેટલાક જે સ્પષ્ટપણે મૂડીવાદનું પ્રતિનિધિત્વ કરે છે તેઓ શક્ય એટલી ગાંધીજીને મદદ કરે અને સમાન હેતુ માટે કામ કરે.

હકીકતમાં બિરલા અને ઠાકુરદાસે મૂડીપતિઓના રાજકીય પક્ષની રચના કરવાના દોરાબજી ટાટાના સૂચનનો અગાઉ વિરોધ કર્યો હતો. આમ કરવાનું કારણ એ હતું કે કૉંગ્રેસમાં જમણેરી પાંખ વર્ચસ્વ ધરાવે તો કૉંગ્રેસ પોતે તેમનાં હિતોની સંભાળ લેશે એમ તેમને લાગતું હતું. ગાંધીજીનો વાલીપણાનો સિદ્ધાંત (એકમ 13) તેમને યોગ્ય લાગતો હતો કારણ કે તે મૂડીવાદ-વિરોધી સંઘર્ષને ઉત્તેજન આપતો નહોતો.

### 31.6.1 કૉંગ્રેસનો સમ્પર્ક (Approaching the Congress)

રસપ્રદ બાબત એ છે કે, મૂડીપતિઓએ પોતે કૉંગ્રેસને પોતાના વર્ગના પક્ષ તરીકે અથવા માત્ર તેમના જ પ્રભાવથી સ્વીકારી શકાય એવા પક્ષ તરીકે પણ કદાપિ ન જોવાની અસાધારણ પરિપક્વતા દર્શાવી હતી. તેઓએ એ હકીકતનો સંપૂર્ણ સ્વીકાર કર્યો કે કૉંગ્રેસ એક બહુવર્ગી લોકપ્રિય આંદોલન છે, જેમાં ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના જે. કે. મહેતાના શબ્દોમાં, ''બધા પ્રકારના રાજકીય અભિપ્રાયો તથા આર્થિક દષ્ટિકોણો માટે સ્થાન છે''. કૉંગ્રેસમાં કઈ છાયાના અગર કયા વર્ગ પરિપ્રેક્ષ્યના વિચારો વધારે પ્રભાવશાળી બનશે, તે એક સવાલ હતો અને અંશતઃ દરેક વર્ગની રાજકીય પરિપક્વતા તથા દૂરંદેશીપણા પર તેનો આધાર હતો.

### 31.6.2 ડાબેરીઓને અંકુશમાં રાખવાની મૂડીપતિઓની યુક્તિ (Capitalists' Strategy to Contain the Left)

રાષ્ટ્રીય ચળવળ ઘણી ઉદ્દામવાદી બની ન જાય, એટલે કે તે સમાજવાદીઓ અથવા સામ્યવાદીઓના પ્રબળ પ્રભાવ હેઠળ આવી ન જાય તેની ખાતરી રાખવી; એવી સમજદારી સાથે મૂડીપતિઓએ તેમના રાજકારણનો વળાંક નક્કી કર્યો. આમ છતાં, અગાઉ દર્શાવ્યા અનુસાર, મૂડીપતિઓએ સામ્રાજ્યવાદ સાથે જોડાઈ જઈને ભારતમાં ઉદ્દામવાદના વધતા જતા ભયનો પ્રત્યુતર આપ્યો નહિ. ઉદાહરણ તરીકે, 1928માં, 'જાહેર સુરક્ષા ખરડો' પસાર કરવામાં સાંસ્થાનિક સરકારને સમર્થન આપવાનો તેમણે ઇનકાર કરી દીધો. તે ખરડાનો ઉદ્દેશ સામ્યવાદીઓને અંકુશમાં રાખવાનો હતો. તેઓ એમ માનતા હતા કે આવો ખરડો રાષ્ટ્રીય ચળવળ પર ઘાતક નીવડશે. રાષ્ટ્રીય ચળવળમાં ડાબેરીઓનો ભય વધતો જતો હતો ત્યારે પણ રાષ્ટ્રવાદના પક્ષનો મૂડીપતિઓએ ત્યાગ કર્યો નહિ. તે હકીકતે રાષ્ટ્રીય ચળવળમાં, મૂડીપતિઓનો લાંબા સમય સુધી પ્રભાવ જાળવી રાખવામાં પૂરતો સાથ આપ્યો.

રાષ્ટ્રવાદના પક્ષનો ત્યાગ કરવાને બદલે, મૂડીપતિઓએ રાષ્ટ્રવાદી પ્રવાહમાં ઉદ્દામવાદી (ડાબેરીઓ) સામે લડવાની જટિલ વ્યૂહરચના વિકસાવી. તેમની વ્યૂહરચનાના એક ભાગ તરીકે, તેમણે રાષ્ટ્રીય ચળવળની જમણેરી પાંખના નેતાઓને ટેકો આપ્યો અને ઝડપી આર્થિક વિકાસ, ન્યાયપૂર્ણ વહેંચણી, આંશિક રાષ્ટ્રીયકરણ, જમીન અંગેના સુધારા અને કામદારના કલ્યાણ માટેની યોજનાઓ વિશે વિસ્તૃત રાજકીય તથા વૈચારિક પ્રચાર કર્યો. ફિક્કીના પ્રમુખ જી. એલ. મહેતાના જણાવવા મુજબ, ''સામાજિક અસંતોષ વિરુદ્ધ સૌથી વધુ અસરકારક ઉપાય તરીકે સુધારાઓનો સુસંગત કાર્યક્રમ'' બનાવીને તેઓએ રાષ્ટ્રીય ચળવળના ડાબેરી જૂથના પ્રભાવ સામે લડવાનો પ્રયાસ કર્યો.

આમ છતાં, ફરી વાર કહેવાની જરૂર છે કે, રાષ્ટ્રવાદી ચળવળને મધ્યમ વર્ગની મર્યાદામાં રાખવાનો મૂડીપતિઓનો પ્રયાસ એ સામ્રાજ્યવાદ સાથેનું કોઈ સમાધાન નહોતું. તેઓ સામ્રાજ્યવાદ-વિરોધી જ રહ્યા, છતાં તેમનો ઉદ્દેશ્ય સામ્રાજ્યવાદને નાબૂદ કરવાની વ્યૂહરચના વિકસાવવાનો કે સમર્થન આપવાનો હતો, જેથી સાથેસાથે મૂડીવાદી પદ્ધતિ જળવાઈ રહે.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

1. એમ કહી શકાય કે -
   (1) મૂડીપતિ વર્ગ કૉંગ્રેસને નાણાં પૂરાં પાડતો ન હતો.
   (2) મૂડીપતિઓ કૉંગ્રેસને સંપૂર્ણ નાણાં પૂરા પાડતા હતા.
   (3) મૂડીપતિઓ કૉંગ્રેસને નાણાં પૂરા પાડતા હતા પરન્તુ એ વિવાદાસ્પદ બાબત છે કે તેનો કૉંગ્રેસના રાજકીય નિર્ણયો પર કેટલા અંશે પ્રભાવ પડતો હતો.
   (4) ઉપરનામાંથી એક પણ નહિ.

2. રાષ્ટ્રીય ચળવળમાં ડાબેરીઓને અંકુશમાં રાખવા મૂડીપતિઓએ વિકાસાવેલી સૌથી અસરકારક વ્યૂહરચનામાંની એક હતી :
   (1) ડાબેરીઓને મજબૂત કરવા.
   (2) કૉંગ્રેસના મુખ્ય પ્રવાહમાંથી પોતે અલગ થઈ જવું.
   (3) કૉંગ્રેસમાં રહીને જમણેરી પાંખને મજબૂત બનાવવી.
   (4) ઉપરનામાંથી એક પણ નહિ.

## 31.7 સારાંશ

આ એકમમાં તમે નીચેના મુદ્દાઓ વિશે જાણકારી મેળવી :

- વિદેશી મૂડીની પકડમાં ઘટાડો, યુદ્ધ દ્વારા સર્જાયેલ આયાતની અવેજી અને વિદેશ વ્યાપારમાં પરિવર્તન દ્વારા સર્જાયેલ અવકાશની નક્કર સ્થિતિમાં ભારતીય મૂડીવાદનો ઉદ્ભવ થયો.
- વિશ્વયુદ્ધ અને 1930 ના દાયકાની મંદીથી આંતરિક કટોકટીમાં સામ્રાજ્યવાદ નબળો પડ્યો.
- ત્યારે પણ, ભારતીય મૂડીપતિઓએ પોતાનું સ્થાન મજબૂત બનાવવા માટે સાંસ્થાનિક નીતિઓ વિરુદ્ધ કેવી રીતે સંઘર્ષ કરવો પડ્યો હતો.
- ભારતીય મૂડીપતિઓના સંગઠને ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી (FICCI) હેઠળ એક વર્ગ તરીકે એ વાત વાસ્તવિક રીતે સ્પષ્ટ કરવામાં સહાય કરી કે સામ્રાજ્યવાદ આર્થિક તથા રાજકીય રીતે તેના વિકાસને કેવી રીતે પ્રભાવિત કરે છે.

- સંસ્થાનવાદની આ સુસ્પષ્ટ વિવેચનાના પરિણામે રાષ્ટ્રીય ચળવળમાં ભારતીય મૂડીપતિઓની વ્યૂહરચના નક્કી કરવામાં આવી.
- આ વ્યૂહરચનામાં નીચેની મુખ્ય બાબતો હતી :

  (1) પોતાનાં હિતો વિરુદ્ધનાં સંકટો હોવા છતાં સામૂહિક ચળવળોની જરૂરિયાતનો ખ્યાલ.
  (2) ઉદ્દામવાદીઓ (ડાબેરીઓ)ની વધતી જતી સુષુપ્ત શક્તિઓનો વિરોધ કરવાની જરૂરિયાત.
  (3) કોંગ્રેસના બહુ-વર્ગીય મંચને સતત વર્ગીય હિતો પ્રત્યે વાળવાની જરૂરિયાત.

## 31.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આયાત અવેજી (Import substitution) :** અગાઉ વિદેશથી આયાત થતો હતો તે માલનું ઉત્પાદન પોતાના દેશમાં કરવા જણાવતી આર્થિક નીતિ. આ નીતિ સામાન્ય રીતે રાષ્ટ્રીય દેશી ઉદ્યોગોના વિકાસને સહાય કરે છે.

**કોમ્પ્રેડોર્સ (Compradors) :** એવા મૂડીપતિઓ કે જેમના ઉદ્યોગો સંપૂર્ણપણે વિદેશી મૂડી પર આધારિત છે.

**સામંતવાદી હિત (Feudal interest) :** એવા લોકો કે જેમની આજીવિકાનું મુખ્ય સાધન જમીન અને તેના ખેડૂતો ઉપર અંકુશ રાખવા પર આધારિત છે.

**રાષ્ટ્રવાદી ચળવળની સાપેક્ષ સ્વાયત્તતા (Relative autonomy of the national movement) :** એવો શબ્દ કે જે સૂચવે છે કે રાષ્ટ્રીય ચળવળ કોઈ પ્રભાવશાળી વર્ગનાં હિતો સાથે જોડાયેલી નહોતી. તેમ છતાં, બધા વર્ગોનાં હિતો અને આશાઓ તેમાં સમાયેલા હતાં.

## 31.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. જુઓ પેટા વિભાગ 31.2.5. તમારા ઉત્તરમાં નીચેની બાબતો હોવી જોઈએ :
   (1) સંસ્થાનવાદ વિરુદ્ધની ભારતીય મૂડીપતિઓની પ્રવૃત્તિ
   (2) બ્રિટિશ સામ્રાજ્યવાદની નબળાઈ
2. જુઓ પેટા વિભાગ 31.2.7. તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :
   (1) ઉદ્દામવાદીઓના વિકાસ પ્રત્યેનું મૂડીપતિઓનું વલણ
   (2) ઉદ્દામવાદીઓની શક્તિ.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. જુઓ વિભાગ 31.3, પ્રથમ ફકરો પોતાનાં હિતો માટે પ્રચાર કરવા રાષ્ટ્રીય સંગઠન સ્થાપવા ભારતીય મૂડીપતિઓએ કરેલા પ્રયાસોનો તમારા જવાબમાં સમાવેશ થવો જોઈએ.
2. જુઓ પેટા વિભાગ 31.3.1. તમારા જવાબમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ : (1) વેપાર તથા ઉદ્યોગની રાષ્ટ્રીય સંગઠન તરીકેની ભૂમિકા (2) સામ્રાજ્યવાદની સમીક્ષાના વિકાસમાં તેની ભૂમિકા.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. (3) 2 (2) ✓

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1. (3) 2 (3) ✓



EHI-01-6

# એકમ 32 દેશી રાજ્યોમાં લોકસંઘર્ષ
## (Popular Struggles in the Princely States)

**રૂપરેખા**


32.0 ઉદ્દેશો
32.1 પ્રસ્તાવના
32.2 રાષ્ટ્રવાદી ચળવળનો પ્રભાવ
32.3 શરૂઆતનાં રાજકીય સંગઠનો
32.4 કૉંગ્રેસની નીતિ
32.4.1 સમવાયતંત્રની યોજના
32.4.2 કૉંગ્રેસી પ્રધાનમંડળો
32.5 નવો મંચ
32.5.1 કૉંગ્રેસની નીતિમાં પરિવર્તન
32.5.2 દેશી રાજ્યોમાં 'હિન્દ છોડો' ચળવળ
32.5.3 એકીકરણની પ્રક્રિયા
32.6 રાજકોટનો અભ્યાસ -1
32.6.1 લાખાજીરાજનું શાસન
32.6.2 આપખુદીનું પુનરાગમન
32.6.3 વિરોધની શરૂઆત
32.6.4 સત્યાગ્રહ
32.6.5 ગાંધીજીની દરમિયાનગીરી
32.6.6 રાજકોટ સત્યાગ્રહનો બોધ
32.7 હૈદરાબાદ : કેસ સ્ટડી-2
32.7.1 નિઝામનું શાસન
32.7.2 જાગૃતિની શરૂઆત
32.7.3 સત્યાગ્રહ
32.7.4 દ્વિતીય વિશ્વયુદ્ધ
32.7.5 ખેડૂતોનું આંદોલન
32.7.6 આખરી તબક્કો
32.7.7 સશસ્ત્ર સામનો અને ભારતીય સેનાની દરમિયાનગીરી
32.8 સારાંશ
32.9 ચાવીરૂપ શબ્દો
32.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 32.0 ઉદ્દેશો

આ એકમનો ઉદ્દેશ 1920-47 સુધીના સમય દરમિયાન દેશી રાજ્યોમાં ચાલેલા લોકસંઘર્ષોનું એક વિસ્તૃત સર્વેક્ષણ તમારી સમક્ષ રજૂ કરવાનું છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે–

- દેશી રાજ્યોમાં થયેલા સંઘર્ષો તથા રાષ્ટ્રીય ચળવળ વચ્ચે તુલના કરી શકશો.
- આ સંઘર્ષો માટે દેશી રાજ્યોના લોકોને તૈયાર કરવામાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની ભૂમિકાની ચર્ચા કરી શકશો.
- આ સવાલ વિશે કૉંગ્રેસની નીતિમાં થયેલ પરિવર્તન દર્શાવી શકશો, અને
- આ સંઘર્ષોની આગેવાની કરવામાં સામ્યવાદીઓની ભૂમિકાનું મૂલ્યાંકન કરી શકશો.

## 32.1 પ્રસ્તાવના

ભારત ઉપર અંગ્રેજોનું સાર્વભૌમત્વ એક લાંબી તથા જટિલ પ્રક્રિયા દ્વારા સ્થાપવામાં આવ્યું હતું. સાંસ્થાનિક રાજ અગાઉના ભારતમાં જે રાજ્યો અસ્તિત્વમાં હતાં, તેમના ઉપર અંગ્રેજો દ્વારા પ્રત્યક્ષ વિજય મેળવીને, ડરાવી ધમકાવીને અથવા સમજૂતી દ્વારા આધિપત્ય મેળવવામાં આવ્યું હતું. તેના પરિણામે આ ઉપખંડના ત્રણ-પંચમાંશ ભાગ પર અંગ્રેજોનું પ્રત્યક્ષ શાસન તથા બાકીના બે-પંચમાંશ ભાગ પર તેમની ''સર્વોપરી

સત્તા'' પરોક્ષ શાસનની વિભાવનામાં સ્થપાઈ હતી. પરોક્ષ શાસન હેઠળ આવતા વિસ્તારોમાં દેશી રાજાઓએ નામનું શાસન કરવાનું ચાલુ રાખ્યું હતું. દેશી રાજ્યો અથવા ભારતમાં સેંકડો રાજાશાહી રાજ્યોનો સમાવેશ થયો હતો, જેમાં હૈદરાબાદ, મૈસૂર અથવા કાશ્મીર જેવાં રાજ્યોનું ક્ષેત્રફળ ઘણા યુરોપીય દેશોના કદની બરાબર હતું. બીજાં કેટલાંક રાજ્યો ઘણાં નાનાં હતાં અને તેમની વસ્તી માત્ર થોડા હજારની હતી, તથા ઘણાં રાજ્યો આ બે પ્રકારોની વચ્ચેની શ્રેણીમાં આવતાં હતાં.

---

Praja Parishad Jindabad !!! Responsible Govt. Kayam ho !!!

JAI HIND

PARISHAD TRACT

# THE DREAMLAND OF RESPONSIBLE GOVERNMENT IN BIKANER

**Damodar Prasad Singhal**

*Issued by:*

THE PUBLICITY OFFICER

BIKANER RAJYA PRAJA PARISHAD, BIKANER

1st July 1946

---

ARAVALI PRESS. ALWAR.

**20. રાજ્યોના લોકોની માગણીઓ વિશેની પુસ્તિકાનું પૂંઠું**

દેશી રાજ્યો ઉપર પરોક્ષ બ્રિટિશ રાજનું સૌથી મહત્ત્વનું લક્ષણ એ હતું કે સર્વોપરી સત્તા તરીકે સ્વીકારવાના બદલામાં રાજાઓને અંગ્રેજોએ બાહ્ય અને આંતરિક બન્ને પ્રકારના ભય સામે સંરક્ષણ આપવાનું વચન આપ્યું હતું. તેના ફલસ્વરૂપે રાજાઓને પોતાની પ્રજાના કલ્યાણ માટે લઘુતમ પગલાં ભરવાની પણ જરૂરિયાત લાગી નહિ. મોટા ભાગનાં રાજ્યો સંપૂર્ણપણે આપખુદ સિદ્ધાંતો પ્રમાણે ચાલતાં હતાં. તે રાજાઓ રાજ્યની આવકોમાંથી તેમની અંગત ધૂન અને કલ્પના મુજબ પૈસા ઉડાવતા હતા. તે રાજાઓ વારંવાર યુરોપીય દેશોનો પ્રવાસ કરતા અને ઘણા લાંબા સમય સુધી ત્યાં રહેતા હતા. તેઓ શિકાર પર જવાની વ્યવસ્થા ગોઠવીને તેમના વિદેશી મહેમાનોને અતિ-ખર્ચાળ મનોરંજન પૂરું પાડતા હતા. તેમના અન્તઃપુર (જનાનખાનું)માં સ્ત્રીઓની સંખ્યા વધારવાનું તેઓ ચાલુ રાખતા. આ બધાના ખર્ચનો બોજો અલબત્ત તેમની અસહાય પ્રજા ઉપર પડતો હતો. પડોશના બ્રિટિશ ભારતના કરતાં પણ વધારે કરવેરા ભરવા એ સામાન્ય નિયમ બની ગયો હતો.

કેટલાક વધુ પ્રબુદ્ધ રાજાઓએ, ઘણી વાર અંગ્રેજોનો વિરોધ હોવા છતાં, વહીવટી અને રાજકીય સુધારા કરવા તથા ઔદ્યોગિક વિકાસને ઉત્તેજન આપવાના પ્રયાસો કર્યા હતા. તેઓએ આધુનિક શિક્ષણ વિસ્તારવા તથા સરકારમાં લોકોને હિસ્સો આપવાનાં પણ પગલાં ભરવાના ગંભીર પ્રયાસો કર્યા. પરન્તુ આવાં રાજ્યોની સંખ્યા ઘણી ઓછી હતી. દેશી રાજ્યોની ઘણી મોટી બહુમતી જીવનનાં સર્વ ક્ષેત્રોમાં પછાત રહી હતી. આવી પરિસ્થિતિ માટે મોટે ભાગે અંગ્રેજો જ જવાબદાર હતા. તેઓ ખાસ કરીને વીસમી સદીમાં રાષ્ટ્રીય આંદોલનની વધતી જતી શક્તિના સંદર્ભમાં દેશી રાજ્યને તમામ રીતની પ્રતિક્રિયાવાદી પરંપરાઓના પીઠબળ સમાન અડ્ડાઓ તરીકે ચાલુ રાખવા તત્પર હતા અને જવાબદાર સરકારની રચના કરવા કોઈ પગલું ભરવા માગતા નહોતા. અલબત્ત, રાષ્ટ્રીય ચળવળને રાજાઓ ટેકો આપે તો તેઓ તેને સખતાઈથી નામંજૂર કરતા અને રાજ્યમાં તેમના પ્રતિનિધિઓ એજન્ટો તથા રેસિડન્ટો મારફતે કડક દેખરેખ અને અંકુશ રાખતા.

## 32.2 રાષ્ટ્રીય ચળવળનો પ્રભાવ (Influence of the National Movement)

તેમ છતાં, બનવાનું નિશ્ચિત હતું તે મુજબ, રાષ્ટ્રીય ચળવળે બ્રિટિશ ભારતમાં તેનાં મૂળ મજબૂત થયા બાદ, દેશી રાજ્યોના લોકો ઉપર જોરદાર પ્રભાવ પાડ્યો. રાષ્ટ્રવાદીઓએ લોકોમાં ફેલાવેલા લોકશાહી, જવાબદાર સરકાર અને નાગરિક સ્વાતંત્ર્યના વિચારો તેમને માટે તાત્કાલિક લોકપ્રિય થયા હતા કારણ કે તેઓને તેમના રોજબરોજના જીવનમાં આપખુદ શાસનના જુલમો સહન કરવા પડતા હતા. આરંભમાં આ વિચારો વ્યક્તિગત રાષ્ટ્રવાદીઓ દ્વારા દેશી રાજ્યોમાં પહોંચ્યા. તે રાષ્ટ્રવાદીઓમાંના કેટલાક બ્રિટિશ ભારતમાંથી તે દેશી રાજ્યોમાં આશ્રય લેવા ગયેલા આતંકવાદીઓ હતા. પરન્તુ જ્યારે રાષ્ટ્રીય ચળવળે વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું ત્યારે દેશી રાજ્યોના લોકો ઉપર તેનો પ્રભાવ વધુ વ્યાપક બન્યો. વાસ્તવમાં, આ દેશી રાજ્યોમાં સ્થાનિક કક્ષાનાં પ્રથમ લોકોનાં સંગઠનો અસહકારની ચળવળ તથા ખિલાફત ચળવળના પ્રભાવ હેઠળ 1920થી 1922 સુધીમાં સ્થપાયાં હતાં.

## 32.3 શરૂઆતનાં રાજકીય સંગઠનો (The First Political Organisations)

જ્યાં પ્રથમ પ્રજામંડળો અથવા રાજ્યના લોકોની પરિષદો સ્થાપવામાં આવી તેમાં હૈદરાબાદ, મૈસૂર, વડોદરા, કાઠિયાવાડનાં (સૌરાષ્ટ્રનાં) રાજ્યો, દખ્ખણનાં રાજ્યો, જામનગર, ઈન્દોર અને નવાનગરનો સમાવેશ થતો હતો. આ પ્રક્રિયા દ્વારા જે નેતાઓ ઉદ્ભવ્યા તેમાં બળવંતરાય મહેતા, માણેકલાલ કોઠારી અને સી. આર. અભ્યંકર વધુ મહત્ત્વના આગેવાનો હતા. મુખ્યત્વે તેઓએ પહેલ કરવાથી 1927માં દેશી રાજ્યોના લોકોની પ્રથમ અખિલ ભારતીય પરિષદ મળી અને તેમાંથી ઑલ ઇન્ડિયા સ્ટેટ્સ પીપલ્સ કૉન્ફરન્સ (AISPC)ની સ્થાપના કરવામાં આવી. તેના પ્રથમ અધિવેશનમાં 700 રાજકીય કાર્યકરોએ હાજરી આપી હતી.

## 32.4 કૉંગ્રેસની નીતિ (The Congress Policy)

ઈ. સ. 1920માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે એક ઠરાવ દ્વારા દેશી રાજ્યો પ્રત્યેની તેની નીતિ જાહેર કરી. તેમાં રાજાઓને સંપૂર્ણ જવાબદાર સરકારની સ્થાપના કરવાનું જણાવવામાં આવ્યું. આમ છતાં, દેશી રાજ્યોમાં રાજકીય ચળવળો અથવા સંઘર્ષો ચલાવવાના પ્રશ્ન પર કૉંગ્રેસની નીતિ વધારે જટિલ હતી. રાજ્યોમાં વસતા લોકોને વ્યક્તિગત રીતે કૉંગ્રેસના સભ્યો બનવાની અને તેના દ્વારા ચાલતી ચળવળોમાં ભાગ લેવાની મુક્તિ હતી. આ સાથે કૉંગ્રેસના નામે દેશી રાજ્યોમાં રાજકીય પ્રવૃત્તિ ચલાવવાની કૉંગ્રેસ તરફથી છૂટ ન હતી. તેઓ માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતા અથવા પ્રજામંડળો જેવાં સ્થાનિક રાજકીય સંગઠનોના સભ્યો તરીકે રાજકીય પ્રવૃત્તિ કરી શકતા. કૉંગ્રેસના આ નિર્ણય માટેનું દેખીતું કારણ એ હતું કે જે તે દેશી રાજ્યો કાયદાની દૃષ્ટિએ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં હતાં. જુદાં જુદાં રાજ્યોમાં રાજકીય સ્થિતિ ઘણી બધી જુદી જુદી હતી અને બ્રિટિશ ભારત તથા દેશી રાજ્યો વચ્ચેના આ બાબતના ભેદો ઘણા મોટા હતા. તેથી કૉંગ્રેસ જેવું સંગઠન જે બ્રિટિશ ભારતમાંની સ્થિતિના આધારે તેનું રાજકારણ તથા સંઘર્ષનો પ્રકાર નક્કી કરતું હતું, તે શરૂઆતના તબક્કામાં દેશી રાજ્યોની રાજકીય ચળવળો સાથે પ્રત્યક્ષ રીતે જોડાય એ શક્ય ન હતું. તદુપરાંત દેશી રાજ્યોના લોકો માટે એ સલાહભરેલું ન હતું કે તેમની માગણીઓનો સ્વીકાર કરાવવા માટે તે બ્રિટિશ ભારતની વધારે વિકસિત પ્રકારોની ચળવળ ઉપર આધાર રાખે. તેમણે તેમની પોતાની શક્તિ સંગઠિત કરવાની, તેમની પોતાની રાજકીય જાગૃતિ વધારવાની અને તેમની પોતાની સ્પષ્ટ માગણીઓ માટે સંઘર્ષ કરવાની તેમની શક્તિ બતાવવાની આવશ્યકતા હતી. આ મર્યાદાઓના માળખામાં, કૉંગ્રેસ સંસ્થા અને કૉંગ્રેસીઓએ વિવિધ રીતે દેશી રાજ્યોમાંની ચળવળોને ટેકો આપવાનું ચાલુ રાખ્યું હતું. ઈ.સ. 1929માં કૉંગ્રેસની લાહોર બેઠકને પોતાના પ્રમુખ તરીકેના સંબોધનમાં જવાહરલાલ નેહરુએ દેશી રાજ્યોના સંદર્ભમાં કૉંગ્રેસ સંસ્થાના સ્થાનનું વિગતવાર વર્ણન કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે "દેશી રાજ્યો બાકીના ભારતથી અલગ રહી શકે નહિ..... દેશી રાજ્યોનું ભાવિ નક્કી કરવાનો અધિકાર આ રાજ્યોમાં રહેનારાઓને જ હોવો જોઈએ."

આમ જોઈએ તો અનેક રાજ્યોમાં 1920ના દાયકામાં અને 1930ના દાયકાનાં શરૂનાં વરસોમાં, રાજકીય જાગૃતિ અને રાજકીય વિરોધની પ્રક્રિયા આગળ ચાલી, પણ દેશી રાજ્યોની ચળવળોમાં ખરી પરાકાષ્ઠા 1930ના દાયકાના ઉત્તરાર્ધમાં આવી. ઘણુંખરું આ બે પરસ્પર સંબંધિત કારણોનું આ પરિણામ હતું. ભારતની સરકારના 1935ના ધારા દ્વારા સૂચવાયેલ સમવાયતંત્રની યોજના અને, 1937માં બ્રિટિશ ભારતના મોટા ભાગના પ્રાન્તોમાં કૉંગ્રેસી પ્રધાનમંડળો દ્વારા સત્તાપ્રાપ્તિ.

HARIJAN

Dec. 3 1938

## STATES AND THE PEOPLE

(*By M. K. Gandhi*)

The almost simultaneous awakening in the various states is a very significant event in the national struggle for independence. It will be wrong to think that such awakening can be due to the instigation of one person or a body of persons or any organization. It is just possible that the Haripura resolution of the Congress put the people of the states on their mettle and they realized as never before that their salvation depended upon their own labours. But above all it is the time spirit that has brought about the awakening. It is to be hoped that the Princes and their advisers will recognize it and meet the legitimate aspirations of the people. There is no half-way house between total extinction of the states and the Princes making their people responsible for the administration of their states and themselves becoming trustees for the people, taking an earned commission for their labours.

I hope, therefore, the rumour is not true that the British Government are likely, at the instance of some Princes or their Dewans, to announce a change in the policy recently enunciated by Earl Winterton, about the ability of the Princes to grant responsible government to their people. If any of them have asked the British Government to reverse the policy, they have undoubtedly done a disservice to themseleves. And if the British Government respond to the unworthy wish, they will precipitate a first class crisis whose magnitude it is difficult to foretell. I must refuse to believe that the British Government can commit such a blunder. Earl Winterton's announcement was but an endorsement of past practice. They are not known to have ever interfered with the states giving powers to their people, however wide they might be.

I go a step further. Even as the British Government, as the Paramount Power, are bound to protect the Princes against harm from outside or within, they are equally or *a fortiori* bound to ensure just rule on the part of the Princes. Hence it is their bounden duty, when they supply the police or the military to any state, to see that there is a proper emergency justifying the request and that the military or the police will be used with becoming restraint. From Dhenkanal have come to me stories of fiendish cruelty exercised by the state myrmidons under the shadow of the police supplied by the Paramount Power. I asked for evidence in support of some of the unnameable cruelities. And I have enough to inspire belief.

Indeed, it is a question whether responsible ministers in the provinces have not a moral responsibility in respect of the people of the states in their respective provinces. Under the constitution, the ministers have no power over them. The Governor is the agent of the Viceroy who is the representative of the Paramount Power. But the ministers in autonomous provinces have surely a moral responsibility regarding what happens in the states. So long as the states and the people are satisfied, ministers have no worry. But have they none if there is, say, virulent epidemic in the states which, if neglected, may easily overtake the province in which they are situated? Have they none when there is a moral epidemic which seems to be raging in Dhenkanal?

I understand that the persecuted people are taking refuge in British Orissa. Can the ministers refuse them shelter? How many can they take charge of? Whatever happens in these states affects for better or for worse the province as a whole. I do believe, therefore, that the ministers by reason of the heavy responsibility resting on their shoulders have the moral right, within strict limits, to assert themselves for the sake of internal peace and decency. They cannot look on with unconcern while the people of the states —an arbitrary creation of the Paramount Power— are being ground to dust as they in Dhenkanal are reported to be.

One reads in the papers that some concessions have been given to the people of Dhenkanal. I do not know whether the report is true and whether the relief answers the purpose for which the people of Dhenkanal are fighting and suffering. It is, however, irrelevant to the issue raised by me. I feel that the ministers in the Provinces are morally bound to take notice of gross misrule in the states within their borders and to tender advice to the Paramount Power as to what, in their opinion, should be done. The Paramount Power, if it is to enjoy friendly relations, with the provincial ministers, is bound to give sympathetic ear to their advice.

There is one other matter which demands the urgent attention of the states and their advisers. They fight shy of the very name Congress. They regard Congressmen as outsiders, foreigners and what not. They may be all that in law. But man-made law, if it is in conflict with the natural law, becomes a dead letter when the latter operates in full force. The people of the states look up to the Congress in all matters affecting their interest. Many of them are members of the Congress. Some like Shri Jamnalalji hold high offices in the Congress organization. In the eye of the Congress there is no distinction between members from the states and from India called British. It is surely detrimental to the interests of the states to ignore the Congress or Congressmen especially when it or they seek to render friendly assistance. They must recognize

21. દેશી રાજ્યોના લોકોની ચળવળ વિશે 'હરિજન'માં ગાંધીજીના લેખ

### 32.4.1 સમવાયતંત્રની યોજના (Federation Scheme)

સમવાયતંત્રની દરખાસ્ત મુજબ, દેશી રાજ્યો જે આ પહેલાં માત્ર બ્રિટિશ તાજ સાથે સીધો સંબંધ ધરાવતાં હતાં, તે સ્થિતિથી અલગ હવે તેમને બ્રિટિશ ભારત સાથે સીધા બંધારણીય સંબંધમાં લાવવાનાં હતાં. બ્રિટિશ ભારત અને દેશી રાજ્યોના પ્રતિનિધિઓની બનેલી સમવાયી ભારતીય ધારાસભાની સ્થાપના દ્વારા આ સિદ્ધ થવાનું કાર્ય પ્રાપ્ત કરવાનું હતું. આ સમવાયી ધારાસભામાં બ્રિટિશ ભારતના પ્રતિનિધિઓ મુખ્યત્વે લોકો દ્વારા ચૂંટવામાં આવશે, જ્યારે દેશી રાજ્યોના પ્રતિનિધિઓ જે કુલ સભ્યોની સંખ્યાના એક-તૃતીયાંશ ભાગના હતા તેઓની આ રાજ્યોના રાજાઓ દ્વારા નિમણૂક કરવાની હતી. આ સમગ્ર યોજનાનો હેતુ દેશી રાજ્યોના નિમણૂક કરેલા પ્રતિનિધિઓનો, બ્રિટિશ ભારતના ચૂંટાયેલા પ્રતિનિધિઓની સામે મજબૂત રૂઢિચુસ્ત જૂથ તરીકે ઉપયોગ કરવાનો હતો. આથી બધા રાષ્ટ્રવાદીઓ દ્વારા સમવાયતંત્રની યોજનાનો વિરોધ કરવામાં આવ્યો અને એવી માગણી કરવામાં આવી કે દેશી રાજ્યોના પ્રતિનિધિઓ પણ નિમણૂક કરવાને બદલે લોકો દ્વારા ચૂંટાયેલા હોવા જોઈએ. સ્વાભાવિક રીતે આને કારણે દેશી રાજ્યોમાં જવાબદાર સરકારો સ્થાપવા માટેની માગણીનું મહત્ત્વ સમજાયું, કારણ કે દેશી રાજ્યોમાં ચૂંટણીના સિદ્ધાંતનો અમલ કરવામાં આવ્યો ન હોય, ત્યાં સુધી તેનો સમવાયી ધારાસભાના સ્તર પર અમલ કરી શકાય નહિ.

### 32.4.2 કૉંગ્રેસી પ્રધાનમંડળો (Congress Ministries)

ઘણા પ્રાન્તોમાં કૉંગ્રેસી પ્રધાનમંડળો દ્વારા સત્તા સ્વીકારવામાં આવી તેણે પણ દેશી રાજ્યોમાં ચળવળને પ્રેરણા આપી. બ્રિટિશ ભારતમાંના પ્રાન્તોમાં કૉંગ્રેસ સત્તા ભોગવતી હોય તે હકીકતે દેશી રાજ્યોના લોકોમાં વિશ્વાસની ભાવના પેદા કરી તથા તેમનામાં અપેક્ષાઓ જગાડી. આ પરિસ્થિતિએ રાજાઓ ઉપર દબાણ લાવવાનું પણ કામ કર્યું; કારણ કે કૉંગ્રેસ સંસ્થા હવે માત્ર એક વિરોધી ચળવળ નહિ, પરન્તુ એક એવો રાજકીય પક્ષ હતો જે સત્તા ભોગવતો હતો. તેમણે પોતાના પ્રદેશોમાં ભવિષ્યમાં તેનો સામનો કરવાનો આવશે તેના સંકેત તરીકે આ પરિસ્થિતિને જોવા માંડી હતી.

## 32.5 નવો મંચ (The New Stage)

આ રીતે 1938-39નાં વરસોમાં દેશી રાજ્યોમાં ચળવળ તેની પરાકાષ્ઠાએ પહોંચી હતી. પ્રજા મંડળો અથવા લોકોનાં મંડળોની ઘણાં રાજ્યોમાં સ્થાપના કરવામાં આવી, અને રાજકોટ, ત્રાવણકોર, મૈસૂર, હૈદરાબાદ, પતિયાળા, કાશ્મીર તથા ઓરિસાનાં રાજ્યોમાં સંઘર્ષો શરૂ થયા.

### 32.5.1 કૉંગ્રેસની નીતિમાં પરિવર્તન (Change in the Congress Policy)

આ નવી પરિસ્થિતિમાં દેશી રાજ્યોમાંની ચળવળો પ્રત્યેની કૉંગ્રેસની નીતિમાં સ્પષ્ટ પરિવર્તન આવ્યું. ઉદ્દામવાદીઓ તથા ડાબેરીઓએ અગાઉથી જ દેશી રાજ્યોમાંની ચળવળો પ્રત્યે સ્પષ્ટ માર્ગદર્શન માગ્યું હતું. પરન્તુ દેશી રાજ્યોમાં લોકઆંદોલનોના ઉદ્‌ભવને લીધે કૉંગ્રેસની વિચારણા પર નિર્ણાયક પ્રભાવ પડ્યો. 25મી જાન્યુઆરી 1939ના રોજ 'ધી ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' સાથેની એક મુલાકાતમાં ગાંધીજી દ્વારા નીચેના નિવેદનમાં આ અંગે સ્પષ્ટતા કરવામાં આવી :

> "દેશી રાજ્યોના લોકોમાં જાગૃતિ આવી ન હતી ત્યારે કૉંગ્રેસ દ્વારા દરમિયાનગીરી ન કરવાની નીતિ, મારા અભિપ્રાય અનુસાર મુત્સદ્દીગીરીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. પરન્તુ દેશી રાજ્યોના લોકોમાં વ્યાપક જાગૃતિ આવી ગઈ છે અને લોકો પોતાના ન્યાયી અધિકારો મેળવવા માટે લાંબા સમય માટે દુ:ખો વેઠવા તૈયાર થયા છે ત્યારે હવે તે નીતિ કાયરતા ગણાશે... જે ક્ષણે તેઓમાં જાગૃતિ આવી, તે ક્ષણની કાનૂની, બંધારણીય અને બિનકુદરતી સરહદનો નાશ થયો."

માર્ચ 1939માં ત્રિપુરી મુકામે મળેલા તેના અધિવેશનમાં કૉંગ્રેસે એક ઠરાવ પસાર કર્યો જેમાં ગાંધીજીએ ઉપર વ્યક્ત કરેલા વિચારો સમાવી લેવામાં આવ્યા :

> "દેશી રાજ્યોના લોકોમાં આવી રહેલી મહાન જાગૃતિ કૉંગ્રેસે સ્વેચ્છાએ સ્વીકારેલા નિયંત્રણમાં ઢીલાશ લાવી દેશે અથવા તેને સંપૂર્ણપણે દૂર કરી દેશે. તેના પરિણામે દેશી રાજ્યોના લોકોની સાથે કૉંગ્રેસની સદાને માટે એકરૂપતા વધતી જશે."


ઑલ ઇન્ડિયા સ્ટેટ્સ પીપલ્સ કૉન્ફરન્સની લુધિયાણાની બેઠકમાં પ્રમુખ તરીકે 1939માં જવાહરલાલ નેહરુની ચૂંટણી થઈ તેનાથી પણ તે ચળવળને ઘણું પ્રોત્સાહન મળ્યું અને બ્રિટિશ ભારત તથા દેશી રાજ્યોમાંની ચળવળના એકીકરણ-એકતાનું પ્રતીક બન્યું.

### 32.5.2 દેશી રાજ્યોમાં 'હિન્દ છોડો' ચળવળ (Quit India in the States)

1939માં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું અને તેનાથી દેશની રાજકીય પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં, ભારતની બ્રિટિશ સરકાર તથા રાજાઓ વધારે જુલમી બન્યા. સ્વતંત્રતાની ચળવળ શાંત પડી તેમ છતાં ઑગસ્ટ 1942માં હિંદ છોડો ચળવળ શરૂ થવાથી તે શાંતિ તૂટી. સૌ પ્રથમ વાર, કૉંગ્રેસે દેશી રાજ્યોના લોકોને સ્વતંત્રતા માટેના અખિલ ભારતીય સંઘર્ષમાં ભાગ લેવાનું આહ્‌વાન કર્યું. જવાબદાર સરકાર માટેની તેમની માગણીમાં હવે ભારતની સ્વતંત્રતાની તથા દેશી રાજ્યોને ભારતીય રાષ્ટ્રના અવિભાજ્ય અંગ બનાવવાની માગણીઓ જોડી દેવામાં આવી. દેશી રાજ્યોમાં લોકોનો સંઘર્ષ બ્રિટિશ ભારતમાં લોકોના સંઘર્ષ સાથે વિધિસર જોડી દેવામાં આવ્યો.

### 32.5.3 એકીકરણની પ્રક્રિયા (The Process of Integration)

દ્વિતીય વિશ્વયુદ્ધ પૂર્ણ થયા બાદ, અંગ્રેજો પાસેથી ભારતીયોને સત્તા સોંપવા માટેની મંત્રણાઓનો આરંભ થયો. આ પરિસ્થિતિમાં દેશી રાજ્યોના ભાવિનો પ્રશ્ન ગંભીર બન્યો. બ્રિટિશ સરકાર એમ માનતી હતી કે તેમના ભારત છોડીને જવા સાથે તથા બ્રિટિશ સાર્વભૌમત્વનો લોપ થવાથી, દેશી



PAGE 227

FREE PRESS JOURNAL

STATES PEOPLES SUPPLEMENT

BOMBAY, SATURDAY, OCTOBER 18, 1947.

IN A MAZE

Despairing of the hope that Lord Mountbatten's advice to the Indian Princes will be followed, the Government of India and the A.I.S.P.C. are drifting, unable either to see the overall picture in its true perspective or lay down a uniform plan as to how the difficulties arising out of the June 2 Plan are to be surmounted.

The Union Government seeks to judge each state on individual merit.

The A.I.S.P.C. through its spokesman and now ex-President can see merit only in those actions of the States that are favourable to the Indian Union.

Thus Sardar Vallabhbhai Patel cannot see the necessity of holding a plebiscite in Kashmir although he thinks that a plebiscite in Junagadh is essential.

Thus Dr. Pattabhi Sitaramayya cannot see why Kashmir should join Pakistan but he wants Hyderabad and Junagadh to join the Indian Union on the grounds that the majority population is non-Muslim.

The Ex-Acting President even goes so far as to suggest that Kashmir and Hyderabad should exchange Rulers after which all difficulties would, apparently vanish.

Both representatives are inclined to lay emphasis on the Rulers rather than on the People. ....

Neither is able to get over the lapse of Paramountcy although one signed away all control over the Princes on the morning of June 3 and the other acquiesced without a murmur.

22. 18-10-1947ના ફ્રી પ્રેસ જર્નલમાં દેશી રાજ્યોના લોકોની ચળવળ વિશે તંત્રીલેખ

રાજ્યો કાયદેસર સ્વતંત્ર અસ્તિત્વ ધરાવશે. તેનાથી આ ઉપખંડના ટુકડા થઈ જાય એવી પરિસ્થિતિનું સર્જન થશે. રાષ્ટ્રીય નેતાઓ અને ખાસ કરીને સરદાર પટેલે આ પરિસ્થિતિમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો અને મુત્સદ્દીગીરીથી દબાણ, ધમકી અને લોકઆંદોલનોના સંયોગ દ્વારા ભારતીય સંઘ સાથે મોટા ભાગનાં દેશી રાજ્યોને જોડી દેવામાં સફળ થયા. વધુ બુદ્ધિશાળી રાજાઓમાંના ઘણા પોતાની જાતે જ સમજી ગયા હતા

કે અલગ અસ્તિત્વ તરીકે તેમનાં રાજ્યોની સ્વતંત્રતા એ સાચો વિકલ્પ નહોતો તોપણ, ત્રાવણકોર, જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર જેવાં કેટલાંક રાજ્યોએ છેલ્લી ઘડી સુધી ભારતીય સંઘમાં જોડાવાનો ઇન્કાર કર્યો. માત્ર હૈદરાબાદે છેલ્લે સુધી સ્વતંત્ર રહેવાનો ગંભીર પ્રયાસ કર્યો.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. દેશી રાજ્યોના લોકો ઉપર રાષ્ટ્રીય ચળવળનો શરૂઆતમાં શો પ્રભાવ પડ્યો ?

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

2. દેશી રાજ્યોમાં લોકઆંદોલનો પ્રત્યે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની નીતિ કેવી હતી ?

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

3. સમવાયતંત્રની યોજના વિશે પાંચ લીટીઓ લખો.

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------

4. નીચેનાં વાક્યો વાંચીને ખરાં (✓) અથવા (X)ખોટાં ની નિશાની કરો :

(1) દેશી રાજ્યોના અંકુશ હેઠળના વિસ્તારો પર અંગ્રેજો પરોક્ષ સત્તા ધરાવતા હતા.

(2) રાષ્ટ્રવાદી નેતાઓ સમવાયતંત્રની યોજનાનું સમર્થન કરતા હતા.

(3) 1930ના દાયકામાં દેશી રાજ્યોમાં ચળવળને પ્રોત્સાહન મળ્યું.

**બે રાજ્યોનો અભ્યાસ (Case Studies of Two States)**

હવે આપણે બે દેશી રાજ્યોની ચળવળોનાં તરેહ સ્વરૂપનો અભ્યાસ કરીશું. અહીં બધાં રાજ્યોની ચળવળોનો સંક્ષિપ્તમાં સારાંશ રજૂ કરવાને બદલે પસંદ કરેલાં દેશી રાજ્યોની ચળવળોને વિસ્તારથી રજૂ કરવાની પદ્ધતિ એટલા માટે અપનાવી છે કે આ રીતની પદ્ધતિથી દેશી રાજ્યોમાં પાયાના સ્તર પરની રાજકીય જાગૃતિ તથા રાજકીય પ્રવૃત્તિને મૂર્ત સ્વરૂપ આપનાર વિભિન્ન પરિબળોનાં જટિલ સ્વરૂપને સમજવામાં વધુ મદદ થશે એમ અમે માનીએ છીએ. અમે જે દેશી રાજ્યો પસંદ કર્યાં છે તે માત્ર કદ (વિસ્તાર)ની દૃષ્ટિથી નહિ, પરન્તુ બીજાં કેટલાંક કારણોથી પણ પ્રતિનિધિ રૂપ દેશી રાજ્યો હતાં - હૈદરાબાદ સૌથી મોટું દેશી રાજ્ય હતું અને રાજકોટ સૌથી નાનાં દેશી રાજ્યોમાંનું એક હતું. હૈદરાબાદ શાસક એક મુસ્લિમ નિઝામ હતા અને રાજકોટમાં હિન્દુ રાજા હતો. રાજકોટમાં લોકોના આગેવાનો ગાંધીવાદી રાજકીય કાર્યકરો હતા જ્યારે હૈદરાબાદમાં શાસકની વિરુદ્ધના લોકઆંદોલનમાં સામ્યવાદીઓએ મુખ્ય ભાગ ભજવ્યો હતો.

## 32.6 રાજકોટનો અભ્યાસ-1 (Rajkot : Case Study - 1)

રાજકોટનું દેશી રાજ્ય ગુજરાતના કાઠિયાવાડ દ્વીપકલ્પમાં આવેલાં અસંખ્ય નાનાં દેશી રાજ્યોમાંનું એક હતું અને તેની કુલ વસ્તી માત્ર પંચોતેર હજારની હતી. તેમ છતાં, તેનું મહત્ત્વ ઘણું વધારે હતું કારણ કે રાજકોટ શહેર વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સીનું મુખ્ય મથક હતું, જ્યાંથી બ્રિટિશ પોલિટિકલ એજન્સી તે વિસ્તારનાં બધાં નાનાં રાજ્યો ઉપર નિરીક્ષણનું કાર્ય કરતી હતી.

### 32.6.1 લાખાજીરાજનું શાસન (Reign of Lakhajiraj)

ભારતનાં દેશી રાજ્યોની સરકારમાં લોકોની ભાગીદારીની શરૂઆત કરવામાં આવી હોય એવાં પ્રથમ દેશી રાજ્યોમાંનું એક હોવાનું માન રાજકોટ ભોગવતું હતું. મોટા ભાગે, 1930 સુધી કુલ વીસ વર્ષ માટે રાજ્ય પર શાસન કરનાર રાજકોટના ઠાકોરસાહેબ, લાખાજીરાજના પ્રબુદ્ધ વિચારોને કારણે સરકારમાં લોકોની

આ ભાગીદારી શક્ય બની હતી. પુખ્તવય મતાધિકારના ધોરણે ચૂંટાયેલા 90 સભ્યોની બનેલી રાજકોટ પ્રતિનિધિ સભાનું તેણે ઈ.સ. 1923માં ઉદ્‌ઘાટન કર્યું હતું. ઠાકોરસાહેબ 'વીટો' અધિકાર ધરાવતા હતા, પરન્તુ લાખાજીરાજે ભાગ્યે જ આ અધિકારનો ઉપયોગ કર્યો હતો. વાસ્તવમાં આ પ્રજા-પ્રતિનિધિ સભા પાસે સારા પ્રમાણમાં સત્તા હતી. લાખાજીરાજે તેમના રાજ્યમાં ઔદ્યોગિક તથા શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપ્યું હતું.

આ પ્રબુદ્ધ શાસકે રાષ્ટ્રવાદી રાજકીય પ્રવૃત્તિઓને વિવિધ રીતે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે ઈ. સ. 1921માં રાજકોટમાં પ્રથમ કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરવા માટે પરવાનગી આપી હતી. તે પરિષદનું પ્રમુખપદ સરદાર વલ્લભભાઈ પટેલના પ્રસિદ્ધ મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલે સંભાળ્યુ હતું. તેઓ પાછળથી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય અધ્યક્ષ બન્યા હતા. લાખાજીરાજ ગાંધીજીના મહાન પ્રશંસક હતા અને "રાજકોટના આ સપૂત"ની સિદ્ધિઓ પર ખૂબ ગૌરવ ધરાવતા હતા. તેઓ વખતોવખત ગાંધીજીને તેમના **દરબારમાં** નિમંત્રણ આપતા, અને પછી તેમને સિંહાસન પર બેસાડી પોતે તેમના **દરબારમાં** બેસતા હતા. તેમના રાજ્યની એક મુલાકાત દરમિયાન જવાહરલાલ નેહરુનું તેમણે જાહેર સન્માન કર્યું હતું. લાખાજીરાજે કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠકોમાં પણ હાજરી આપી, અંગ્રેજોની ખુલ્લી અવગણના કરીને ખાદી પહેરી, અને રાષ્ટ્રીય શાળાની સ્થાપના માટે જમીનનું દાન કર્યું. પાછળથી તે શાળા રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની.

### 32.6.2 આપખુદીનું પુનરાગમન (Return to Despotism)

લાખાજીરાજે શરૂ કરેલાં સારાં કાર્યો લાંબા સમય સુધી ટક્યાં નહિ. ઈ. સ. 1930માં તેમનું અવસાન થવાથી તેમનો પુત્ર ધર્મેન્દ્રસિંહજી ગાદીએ બેઠો અને શાસક તરીકે તે તેના પિતાથી તદ્દન વિરોધી પુરવાર થયો. ધર્મેન્દ્રસિંહજીને માત્ર તેના પોતાના ભોગવિલાસ તથા સુખસગવડોમાં રસ હતો. તેમાં તેને તેના કપટી દીવાન વીરાવાળાનું પ્રોત્સાહન મળતું હતું. તેણે બધી સત્તા પોતાના હાથમાં કેન્દ્રિત કરવાની તક ઝડપી લીધી. રાજ્યની સંપત્તિ ઉડાઉ ખર્ચમાં બરબાદ કરવામાં આવી. તેથી રાજ્યની નાણાકીય સ્થિતિ તરત એવી થઈ ગઈ કે આવક વધારવા માટે ખાનગી વેપારીઓને ચોખા, દીવાસળી, મોરસ અને અનાજના વેચાણ માટે ચોક્કસ રકમના ઈજારા આપવામાં આવ્યા, કરવેરા વધારી દેવામાં આવ્યા, ભાવો વધ્યા અને પ્રજા-પ્રતિનિધિ સભા નાબૂદ થઈ ગઈ. આ બધું થવાથી લોકોમાં અસંતોષ અને ગુસ્સો ખાસ કરીને એટલા માટે ફેલાયો કે લાખાજી રાજના શાસનથી વર્તમાન શાસન અતિ ભિન્ન હતું.

### 32.6.3 વિરોધની શરૂઆત (Beginning of Protest)

કાઠિયાવાડ વિસ્તારમાં ઘણાં વર્ષોથી સક્રિય રહેલાં વિવિધ રાજકીય જૂથો દ્વારા સંઘર્ષ માટેની ભૂમિકા પણ તૈયાર કરી રખાઈ હતી. તેમ છતાં, આ વરસો દરમિયાન આગેવાન સ્થિતિ પ્રાપ્ત કરનાર જૂથ ગાંધીવાદી રચનાત્મક કાર્યકરોનું બનેલું હતું અને તેમના મુખ્ય આગેવાન ઉછરંગરાય ઢેબર હતા.

1936માં એક ગાંધીવાદી કાર્યકર જેઠાલાલ જોષી દ્વારા સંગઠિત મજૂર સંઘના આશ્રય હેઠળ રાજ્યની માલિકીની કાપડની મિલમાં 800 મજૂરોએ હડતાળ પાડી ત્યારે પ્રથમ ફટકો પડ્યો. તે હડતાળ 21 દિવસ ચાલી અને કામ દરમિયાનની વધારે સારી રચના માટેની સંઘની માગણીઓ દરબારે સ્વીકારવી પડી. આ સફળતાથી પ્રોત્સાહિત થઈને, માર્ચ 1937માં જેઠાલાલ જોશી અને ઉછરંગરાય ઢેબરે કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠક બોલાવી. તે છેલ્લાં આઠ વર્ષમાં પ્રથમ વાર બોલાવવામાં આવી હતી. આ બેઠક (અધિવેશન)માં હાજર રહેનાર પંદર હજાર લોકોએ જવાબદાર સરકાર સ્થાપવાની તથા કરવેરા અને રાજ્યનું ખર્ચ ઘટાડવાની માગણીઓ કરી.

રાજાએ પરિષદના નેતાઓ સાથે મંત્રણા ન કરી અને તેમની માગણીઓ સ્વીકારી પણ નહિ. તેથી, પરિષદના નેતાઓએ ઑગસ્ટ 1938માં જુગાર રમવાના વિરોધમાં તેની સામે બીજા તબક્કાનો સંઘર્ષ શરૂ કર્યો. આ ઈજારો પણ ગોકુલાષ્ટમીના મેળામાં વેચી દેવામાં આવ્યો હતો. વહીવટી તંત્રે જુલમ ગુજારવાનું આયોજન કર્યું હતું. અને પ્રથમ એજન્સીના પોલીસો દ્વારા અને પછી રાજ્યના પોલીસો દ્વારા વિરોધીઓને લાઠીઓ વડે મારવામાં આવ્યા. તેની પ્રતિક્રિયા તાત્કાલિક જણાઈ. સંપૂર્ણ હડતાલ પાડવામાં આવી અને 5મી સપ્ટેમ્બરના દિવસે પરિષદની બેઠકનું પ્રમુખપદ સરદાર પટેલે સંભાળ્યું. સરદાર પટેલ દીવાન વીરાવાળાને પણ મળ્યા અને લોકોની માગણીઓનું નિવેદન રજૂ કર્યું. તેમાં જવાબદાર સરકાર માટેની દરખાસ્તો ઘડવા એક સમિતિ નીમવી, પ્રજા-પ્રતિનિધિ સભા માટેની નવી ચૂંટણી, જમીન મહેસૂલમાં 15 ટકાનો ઘટાડો કરવો, બધા ઈજારા રદ કરવા અને રાજ્યની તિજોરીમાંથી શાસકે ખર્ચ માટે ઉપાડવાની રકમમાં મર્યાદા મૂકવાનો સમાવેશ થયો હતો. આમ છતાં, રાજા નેતાઓને સાંભળવા તૈયાર ન હતો. તેઓને સાંભળવાને બદલે તેણે

બ્રિટિશ રેસિડન્ટને દીવાન તરીકે એક બ્રિટિશ અમલદારને મોકલવા જણાવ્યું જેથી આંદોલન સામે અસરકારક પગલાં ભરી શકાય. બ્રિટિશ રેસિડન્ટે કેડલ નામના અધિકારીને દીવાન તરીકે મોકલ્યો. આ આખી યોજના ઘડનાર દીવાન વીરાવાળા રાજાનો ખાનગી સલાહકાર બન્યો અને પડદા પાછળ રહીને સક્રિય બન્યો.

### 32.6.4 સત્યાગ્રહ (The Satyagraha)

વહીવટી તંત્રનું સખત વલણ જોઈને, પૂર્ણ સ્વરૂપના સત્યાગ્રહ સુધી પહોંચે તે રીતે વિરોધ વધારી દેવામાં આવ્યો. કાપડની મિલમાં કામદારોએ હડતાલ પાડી અને વિદ્યાર્થીઓએ પણ હડતાલ પાડી. રાજ્ય દ્વારા પેદા કરવામાં આવતો બધો માલ અથવા ઈજારા હેઠળ વેચવામાં આવતી બધી પેદાશોનો બહિષ્કાર કરવામાં આવ્યો. તેમાં વીજળી અને કાપડનો સમાવેશ કરવામાં આવ્યો.જમીન મહેસૂલ ભરવામાં આવ્યું નહિ અને સ્ટેટ બૅંકમાં મૂકેલી થાપણો ઉપાડી લેવામાં આવી. ટૂંકમાં, રાજ્યની આવકનાં બધાં સાધનો બંધ કરી દેવામાં આવ્યાં. મુંબઈ, બ્રિટિશ ગુજરાત અને રાજકોટ સિવાયના કાઠિયાવાડના વિસ્તારોમાંથી સ્વયંસેવકોનો પ્રવાહ રાજકોટ તરફ વહેવા લાગ્યો. ચળવળનું સંગઠન ઘણું ઉચ્ચ કક્ષાનું હતું. દરેક નેતાની ધરપકડ બાદ તેનું સ્થાન બીજો નેતા સંભાળી લેતો અને તે માટે અગાઉથી નક્કી કરેલ ગુપ્ત યાદી મુજબ કામ થતું. તે પ્રમાણે સાંકેતિક સંખ્યા દ્વારા વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરીને સ્વયંસેવકોને તેમના આગમનની તારીખ તથા રાજકોટમાંની વ્યવસ્થાની જાણ કરવામાં આવતી હતી. સત્યાગ્રહનો બધો સમય સરદાર પટેલ રાજકોટમાં હાજર રહી શકતા ન હતા, છતાં રોજ સાંજે ટેલિફોન દ્વારા નિયમિત સંપર્કમાં રહેતા હતા.

રાજકોટમાં કૉંગ્રેસનો વિજય કહી શકાય એવી કોઈ પણ શક્યતાથી બ્રિટિશ સરકાર ચિંતિત હતી. વિરોધી આંદોલનની સાથે રાજા કંઈ પણ સમજૂતી કરે એમ બ્રિટિશ સરકાર ઇચ્છતી ન હતી. તેઓને ભય હતો કે એમ કરવાથી આંદોલન વધુ ફેલાશે તથા કૉંગ્રેસનો પ્રભાવ પણ વધી જશે. પરન્તુ અતિ-સફળ સત્યાગ્રહના સખત દબાણ હેઠળ આવી જઈને દરબારે એટલે કે રાજાએ 26 ડિસેમ્બર, 1938ના રોજ સરદાર પટેલ સાથે સમજૂતી કરી તે મુજબ, સત્યાગ્રહ પાછો ખેંચી લેવામાં આવ્યો અને બધા કેદીઓને મુક્ત કરી દેવામાં આવ્યા. એ સમજૂતીનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ એ હતો કે દરબારે દસ અધિકારીઓની બનેલી સમિતિ નીમવાનું વચન આપ્યું હતું. આ સમિતિનું કામ દરબારને સૌથી વધુ સત્તાઓ આપવા માટે સુધારાઓની યોજના તૈયાર કરવાનું હતું. આ સમિતિના દસ સભ્યોમાંના સાત જણ સરદાર પટેલના નિયુક્ત કરેલા હશે એમ પણ સમજૂતીમાં નક્કી કરવામાં આવ્યું હતું.

અંગ્રેજ સરકાર, જેણે શરૂઆતથી સમજૂતીનો વિરોધ કર્યો હતો, તે હવે તરત પ્રવૃત્તિશીલ બની. વાઇસરૉય અને હિંદી વજીર (સેક્રેટરી ઑફ સ્ટેટ) જેવા સર્વોચ્ચ અધિકારીઓની સલાહ લીધા બાદ, સરદાર પટેલ દ્વારા નીમવામાં આવનારા સાત સભ્યોની યાદી પોતે સ્વીકારશે નહિ એવું વલણ લેવા દરબારને ફરજ પાડવામાં આવી. તેને બદલે રેસિડન્ટની મદદથી સભ્યોની બીજી યાદી બનાવવામાં આવી. સરદાર પટેલ દ્વારા સૂચવવામાં આવશે યાદીનો અસ્વીકાર કરવા માટે લોકોને જે કારણ જણાવવામાં આવ્યું તે ઘણું મહત્ત્વનું હતું. તદનુસાર, સરદાર પટેલ દ્વારા સૂચવવામાં આવેલ યાદી એટલા માટે સ્વીકારી શકાય એમ ન હતી કે તેમાં સ્પષ્ટપણે જ્ઞાતિ અને કોમના વિભાજન ઉત્પન્ન કરવાનો પ્રયાસ જણાતો હતો. તે યાદીમાં માત્ર બ્રાહ્મણ અને વાણિયાનાં જ નામ હતાં તથા રાજપૂતો, મુસ્લિમો અને દલિત વર્ગોનું પ્રતિનિધિત્વ તેમાં ન હતું એમ દલીલ કરવામાં આવી.

સત્યાગ્રહ 26 જાન્યુઆરી 1939ના રોજ શરૂ કરવામાં આવ્યો અને તેમાં ઘણો વધારે જુલમ ગુજારવામાં આવ્યો. તેથી સમગ્ર દેશમાંથી જુલમનો સખત વિરોધ કરવામાં આવ્યો. ગાંધીજીનાં પત્ની કસ્તુરબા રાજકોટમાં ઊછરીને મોટાં થયાં હતાં. આ જુલમની તેમના હૃદય પર ઊંડી અસર થઈ અને પોતાની મોટી ઉંમર અને નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે રાજકોટ જવાનો નિર્ણય કર્યો. ત્યાં પહોંચતાં જ તેમને અને તેમનાં સાથી સરદાર પટેલની પુત્રી મણિબેનને રાજકોટ શહેરની બહાર એક ગામમાં રોકી રાખવામાં આવ્યાં. ત્યાર બાદ ગાંધીજીએ પોતે રાજકોટ જવાનો નિર્ણય કર્યો. દરબાર દ્વારા કરવામાં આવેલ ગંભીર કરારના ભંગની તેમણે ગંભીર નોંધ લીધી હતી. રાજ્ય અને ઠાકોર-સાહેબના કુટુંબ સાથે તેમનો પોતાનો તથા તેમના કુટુંબનો નિકટનો સંબંધ હોવાથી તેમણે અંગત રીતે દરમિયાનગીરી કરવી જોઈએ એમ તેમને લાગ્યું.

નિ:શંક પણે અંગ્રેજો દ્વારા ઉત્તેજન મળવાથી દરબારે, અલબત્ત પોતાની જીદ (હઠ) ચાલુ રાખી. તેથી આખરે ગાંધીજીએ જાહેર કર્યું કે જો 3જી માર્ચ સુધીમાં તેમની સમજૂતીને સ્વીકારવા માટે કબૂલ નહિ થાય તો પોતે અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કરશે. દરબાર તરફથી કોઈ ખાતરી આપવામાં આવી નહિ અને ગાંધીજીના ઉપવાસ શરૂ થયા.

*HARIJAN*

Feb.. 4 1939

## RAJKOT

( *By M. K. Gandhi* )

The struggle in Rajkot has a personal touch about it for me. It was the place where I received all my education up to the matriculation examination and where my father was Dewan for many years. My wife feels so much about the sufferings of the people that though she is as old as I am and much less able than myself to brave such hardships as may be attendant upon jail life, she feels she must go to Rajkot. And before this is in print she might have gone there.

But I want to take a detached view of the struggle. Sardar's statement, reproduced elsewhere, is a legal document in the sense that it has not a superfluous word in it and contains nothing that cannot be supported by unimpeachable evidence most of which is based on written records which are attached to it as appendices.

It furnishes evidence of a cold-blooded breach of a solemn covenant entered into between the Rajkot Ruler and his people. And the breach has been committed at the instance and bidding of the British Resident who is directly linked with the Viceroy.

To the covenant a British Dewan was party. His boast was that he represented British authority. He had expected to rule the Ruler. He was therefore no fool to fall into the Sardar's trap. Therefore the covenant was not an extortion from an imbecile ruler. The British Resident detested the Congress and the Sardar for the crime of saving the Thakore Saheb from bankruptcy and, probably, loss of his gadi. The Congress influence he could not brook. And so before the Thakore Saheb could possibly redeem his promise to his people, he made him break it. If the news that the Sardar is receiving from Rajkot is to be believed, the Resident is showing the red claws of the British lion and says in effect to the people: "Your ruler is my creature. I have put him on the gadi and I can depose him. He knew well enough that he had acted against my wishes. I have therefore undone his action in coming to terms with his people. For your dealings with the Congress and the Sardar I shall teach you a lesson that you will not forget for a generation."

Having made the Ruler a virtual prisoner, he has begun a reign of terrorism in Rajkot. Here is what the latest telegram received by the Sardar says: "Becharbhai Jasani and other volunteers arrested. Twentysix volunteers taken at night to a distant place in the Agency limits and brutally beaten. Volunteers in villages are similarly treated. Agency police controlling State agency and searching private houses in civil limits."

The British Resident is repeating the performances of the British officials in 'British India' during the Civil Disobedience days.

I know that if the people of Rajkot can stand all this madness without themselves becoming mad, and meekly but resolutely and bravely suffer the inhumanities heaped upon them, they will come out victorious and, what is more, they will set free the Thakore Saheb. They will prove that they are the real rulers of Rajkot under the paramountcy of the Congress. If, however, they go mad and think of impotent retaliation and resort to acts of violence, their state will be worse than before and the paramountcy of the Congress will be of no effect. The Congress paramountcy avails only those who accept the banner of non-violence, even as the paramountcy of Britain avails only those who subscribe to the doctrine of 'might is right'.

What then is the duty of the Congress when the people of Rajkot have to face not the Ruler and his tiny police but the disciplined hordes of the British Empire?

The first and natural step is for the Congress ministry to make themselves responsible for the safety and honour of the people of Rajkot. It is true that the Government of India Act gives the ministers no power over the States. But they are governors of a mighty province in which Rajkot is but a speck. As such they have rights and duties outside the Government of India Act. And these are much the most important. Supposing that Rajkot became the place of refuge for all the *gundas* that India could produce, supposing further that from there they carried on operations throughout India, the ministers would clearly have the right and it would be their duty to ask the Paramount Power through the British Representative in Bombay to set things right in Rajkot. And it will be the duty of the Paramount Power to do so or to lose the ministers. Every minister in his province is affected by everything that happens in territories within his geographical limit though outside his legal jurisdiction, especially if that thing hurts his sense of decency. Responsible government in those parts may not be the ministers' concern, but if there is plague in those parts or butchery going on, it is very much their concern; or else their rule is a sham and a delusion. Thus the ministers in Orissa may not sit comfortably in their chairs, if they do not succeed in sending 26,000 refugees of Talcher to their home with an absolute assurance of safety and freedom of speech and social and political intercourse. It is insufferable that the Congress, which is today in alliance with the British Government, should be treated as an enemy and an outsider in the States which are vassals of the British.

This wanton breach, instigated by the British Resident in Rajkot, of the charter of the liberty of its people is a wrong which must be set right at the earliest possible moment. It is like

23. ગાંધીજીનો રાજકોટ વિશે લેખ

### 32.6.5 ગાંધીજીની દરમિયાનગીરી (Gandhiji's Intervention)

અપેક્ષા હતી તે મુજબ, ગાંધીજીના ઉપવાસ શરૂ થતાં, તરત જ રાષ્ટ્રવ્યાપી વિરોધ શરૂ થયો. અનેક તાર દ્વારા વાઇસરૉયને દબાણ કરી દરમિયાનગીરી કરવાની માગણી કરવામાં આવી. કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દેવાની ધમકી આપી. અનેક સ્થળે હડતાલો પાડવામાં આવી અને ધારાસભાઓ મુલતવી રાખવામાં આવી. સમજૂતીને વળગી રહેવા ઠાકોરને સમજાવવા, ગાંધીજીએ પોતે સર્વોપરી સત્તાની દરમિયાનગીરીની માગણી કરી. વાઇસરૉયે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સર મોરિસ ગ્વાયરને મધ્યસ્થી બનીને ઠાકોરે ખરેખર સમજૂતીનો ભંગ કર્યો છે કે નહિ એ નિર્ણય કરવા જણાવ્યું. ત્યાર બાદ 7મી માર્ચના રોજ ગાંધીજીએ ઉપવાસનાં પારણાં કર્યાં.

મુખ્ય ન્યાયમૂર્તિએ 3 એપ્રિલ, 1939ના રોજ આપેલ પોતાના નિર્ણયમાં સરદાર પટેલના વલણને સમર્થન આપ્યું. પરન્તુ વીરાવાળા દ્વારા ઉત્તેજન આપવાથી દરબાર કોમવાદ તથા જ્ઞાતિવાદને પ્રોત્સાહન આપતા રહ્યા અને મુસ્લિમ તથા દલિતવર્ગોને તેમના દાવા રજૂ કરવા માટે ઉશ્કેરતા રહ્યા. એમ કરીને તે લોકોનો તેમણે એવી રીતે ઉપયોગ કર્યો કે તેઓ સમજૂતી સ્વીકારવાનો ઇન્કાર કરે. ખાસ કરીને ઝીણા અને આંબેડકરે મુસ્લિમો તથા દલિતવર્ગોને માટે અલગ પ્રતિનિધિત્વની માગણી કરવા સહિત આ પ્રશ્નમાં ઝંપલાવ્યું અને ગાંધીજીની પ્રાર્થના સભાઓમાં વિરોધી દેખાવો કરવામાં આવ્યા ત્યારે પરિસ્થિતિ ઝડપથી બગડવા લાગી. કૉંગ્રેસના વિજયથી બ્રિટિશ સરકારને કોઈ લાભ થવાનો ન હતો, તેને ફક્ત નુકસાન જ થવાનું હતું. તેથી તેણે પોતાની લાગવગ વાપરવાનો ઇન્કાર કર્યો.

આ પરિસ્થિતિમાંથી પાછા હઠી જવાનો ગાંધીજીએ પોતે આ વખતે નિર્ણય કર્યો અને તેમણે જાહેરાત કરી કે તેઓ ઠાકોરસાહેબને સમજૂતીમાંથી મુક્ત કરે છે. વાઇસરૉય તથા મુખ્ય ન્યાયમૂર્તિની તેમનો સમય બગાડવા માટે તેમણે માફી માગી, તેમના વિરોધીઓની પણ તેમણે માફી માગી અને તે બ્રિટિશ ભારતમાં પાછા ફર્યા. તેમના વિરોધીઓનાં ''હૃદય-પરિવર્તન'' કરવામાં તેમને મળેલી નિષ્ફળતાનાં કારણોનું વિશ્લેષણ કરતાં તેમને એવું લાગ્યું કે તેમણે પોતે દરબાર પર દબાણ લાવવા માટે સર્વોપરી સત્તાના અધિકારોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો તે અયોગ્ય હતું. તેમણે પોતે ઠાકોરસાહેબ તથા વીરાવાળાનું 'હૃદયપરિવર્તન' કરવા માટે, દુઃખ સહન કરવાની પોતાની શક્તિ પર જ આધાર રાખવો જોઈતો હતો ગાંધીજીના અભિપ્રાય મુજબ એમણે પોતે અપનાવેલી પદ્ધતિમાં રહેલ ''હિંસા'' અથવા જુલમનું તત્ત્વ પોતાની નિષ્ફળતાનું કારણ હતું.

### 32.6.6 રાજકોટ સત્યાગ્રહનો બોધ (Lessons of the Rajkot Satyagraha)

પોતાની સર્વ આંટીઘૂંટીઓ સહિત, રાજકોટ સત્યાગ્રહે દેશી રાજ્યોમાંની પરિસ્થિતિની જટિલતા પ્રદર્શિત કરી. સર્વોપરી સત્તા હંમેશાં પોતાની તરફેણમાં દેશી રાજ્યોમાં દરમિયાનગીરી કરવા તૈયાર રહેતી હતી. પરન્તુ જ્યારે કોઈવાર વિરોધી લોકો દરમિયાનગીરી કરવાની માગણી કરે તો દેશી રાજ્યની કાનૂની સ્વતંત્રતાના બહાના હેઠળ દરમિયાનગીરી કરવાનો ઇન્કાર કરવામાં આવતો હતો. બ્રિટિશ ભારતમાં આ બહાનાનો ઉપયોગ થઈ શકતો નહોતો. તેથી સામનો જુદા પ્રકારનો થતો હતો. પરિસ્થિતિમાં આ તફાવત હોવાને કારણે, બ્રિટિશ ભારત તથા દેશી રાજ્યોની વિભિન્ન રાજકીય પરિસ્થિતિઓમાં જ્યારે સંઘર્ષની એક સમાન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો ત્યારે વારંવાર અસમાન પરિણામો આવતાં હતાં. તેથી આ બે ક્ષેત્રોમાં આંદોલનોને જોડી દેવા માટે કૉંગ્રેસની ઘણાં લાબાં વરસો સુધી આનાકાની સંભવતઃ યોગ્ય હતી.

આમ છતાં, અહીં એ જણાવવું જરૂરી છે કે બધી દેખીતી નિષ્ફળતાઓ હોવા છતાં, અહીં રાજકોટ સત્યાગ્રહે તે રાજ્યના લોકો પર પ્રચંડ રાજકીય પ્રભાવ પાડવાનું મહત્ત્વનું કાર્ય હતું. આ એકમાત્ર બાહ્ય સંયોગ ન હતો કે દેશી રાજ્યોનું ભારતના સંઘમાં 1947માં વિલીનીકરણ કરવામાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવનાર માણસ બીજા કોઈ નહિ પણ રાજકોટ સંઘર્ષ તથા બીજાં દેશી રાજ્યોની વિરોધી પ્રવૃત્તિઓના ચુનંદા સંગઠક સરદાર પટેલ જ હતા. રાજકોટના જેવા સંઘર્ષો દેશી રાજ્યોના શાસકો સમક્ષ લોકોની પ્રતિકારની શક્તિ દર્શાવવામાં પણ મદદરૂપ થયા અને 1947માં બહુ વિરોધ કર્યા વગર વિલીનીકરણનો તેઓમાંના અનેક શાસકોએ સ્વીકાર કરી લીધો, તેને માટેનું બેશક આ પણ એક મહત્ત્વનું કારણ હતું.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. નીચેનાં વિધાનો વાંચો અને ખરું (✓) કે ખોટું (x) નિશાની કરો :
   (1) મોટા ભાગનાં બીજાં દેશી રાજ્યોથી વિપરીત રાજકોટ રાજ્યે સરકારમાં લોકોની ભાગીદારીનો સિદ્ધાંત અમલમાં મૂક્યો હતો.
   (2) ગાંધીવાદી કાર્યકરો દ્વારા રાજકોટમાં રાજકીય પ્રવૃત્તિઓ માટેની શરૂઆત કરવામાં આવી હતી.
   (3) રાજ્યના લોકો પર રાજકીય પ્રવૃત્તિઓનો રસ જાગ્રત કરવામાં રાજકોટ સત્યાગ્રહે મદદ કરી
2. રાજકોટ સત્યાગ્રહમાં ગાંધીજીના સમાવિષ્ટ થવા વિશે પાંચ લીટીઓ લખો.

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

--------------------------------------------------------------------------------

## 32.7 હૈદરાબાદનો અભ્યાસ-2 (Hyderabed : Case Study II)

એક રાજ્ય એવું હતું જેણે નિશ્ચિત ભાવિનું એંધાણ ઓળખવા ઈન્કાર કર્યો હતો. આ રાજ્ય બીજું કોઈ નહિ પરન્તુ ભારતનું સૌથી મોટું દેશી રાજ્ય હૈદરાબાદ હતું. હૈદરાબાદ પર તે સમયે ઉસ્માન અલીખાનનું શાસન ચાલતું હતું. તે 1911થી 1948 સુધી ત્યાંનો નિઝામ રહ્યો અને તેણે વિલીનીકરણ સામે સૌથી જોરદાર વિરોધ પ્રદર્શિત કર્યો. તેના વિરોધમાં કશું આશ્ચર્ય પામવા જેવું નહોતું. તે એક આપખુદ શાસકની રીતે રાજ્ય કરવા ટેવાયેલો હતો તથા તેની અંગત જાગીર રાજ્યના કુલ વિસ્તારની 10 ટકા થતી હતી. આ જાગીરની આવકો રાજકુટુંબના ખર્ચ માટે ઉપયોગમાં લેવામાં આવતી હતી. દેખીતી રીતે જ તેના રાજ્યનું લોકશાહી ભારતમાં વિલીનીકરણ થવાથી તેણે પુષ્કળ ગુમાવવાનું હતું.

### 32.7.1 નિઝામનું શાસન (Nizam's Rule)

હૈદરાબાદના લોકો ત્રણ જુદાં જુદાં ભાષા જૂથના-મરાઠી ભાષા (28 ટકા) કન્નડ ભાષા (22 ટકા) અને તેલુગુ ભાષા (50 ટકા)- હતા. તેઓને તેમના શાસક નિઝામ વિરુદ્ધ ક્રોધે ભરાવાનાં અનેક કારણો હતાં. તેમના ઉપર જાગીરદારો જુલમ ગુજારતા હતા. તે જાગીરદારો ગેરકાયદે વેરા, વધુ ગણોત (સાંથ) લેતા અને વેઠ કરાવતા હતા. ઘણી મોટી હિન્દુ વસ્તી ધાર્મિક અને સાંસ્કૃતિક દમનથી પણ પીડાતી હતી. તેમની ભાષાઓની અવગણના કરવામાં આવતી અને ઉર્દૂ ભાષાને વિવિધ રીતે ઉત્તેજન આપવામાં આવતું હતું. મુસલમાનોને ખાસ કરીને ઊંચા સ્તરે સરકારી નોકરીઓમાં ઘણો વધારે હિસ્સો આપવામાં આવતો હતો. 1920ના દાયકાથી આર્યસમાજે રાજ્યમાં નોંધપાત્ર લોકપ્રિયતા મેળવવા માંડી હતી. તેને સખત હાથે દબાવી દીધું અને તેના પ્રભાવ હેઠળ આવનારા લોકો સરકારી પરવાનગી વિના ધાર્મિક પ્રસંગો પણ કરી શકતા નહિ. એવી જ રીતે રાજકીય ક્ષેત્રમાં, નિઝામે ''ઇત્તેહાદ ઉલ મુસ્લિમિન'' નામની સંસ્થાની રચનાને ઉત્તેજન આપ્યું. તે સંસ્થા સમાન ધર્મના વિશ્વાસના આધારે નિઝામ પ્રત્યે વફાદારી રાખતી હતી. આ સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય તથા ધાર્મિક દમનને કારણે હૈદરાબાદમાં લોક ચળવળના વિકાસ માટેની ભૂમિકા તૈયાર થઈ હતી.

### 32.7.2 જાગૃતિની શરૂઆત (Beginning of Awakening)

રાજકીય જાગૃતિની શરૂઆત 1920-22માં અસહકાર તથા ખિલાફત ચળવળો સાથે થઈ. રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવામાં આવી. રેંટિયાને લોકપ્રિય બનાવવામાં આવ્યો. દારૂબંધી માટે પ્રચાર કરવામાં આવ્યો અને ગાંધીજી તથા અલિ ભાઈઓનાં ચિત્રો સહિતના બિલ્લા વેચવામાં આવ્યા. હિંદુ-મુસ્લિમ એકતાના જાહેર દેખાવો લોકપ્રિય બન્યા તથા નિઝામ ખિલાફત ચળવળનો જાહેરમાં વિરોધ કરવામાં અચકાતો હતો, તેથી લોકોની જાહેર સભાઓના રૂપમાં ખુલ્લેઆમ રાજકીય પ્રવૃત્તિઓના સંગઠન માટે ખિલાફત ચળવળનો અસરકારક મંચ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો.

આ પ્રવૃત્તિને અનુસરીને હૈદરાબાદ રાજ્યની નજીકમાં આવેલા બ્રિટિશ ભારતીય પ્રદેશમાં સંખ્યાબંધ હૈદરાબાદ રાજકીય પરિષદો યોજવામાં આવી હતી. આ પરિષદોમાં જવાબદાર સરકાર, નાગરિક સ્વાતંત્ર્યો, કરવેરામાં ઘટાડો, વેઠની પ્રથા નાબૂદી, ધાર્મિક અને સાંસ્કૃતિક અભિવ્યક્તિત્વનું સ્વાતંત્ર્ય વગેરે મુખ્ય માગણીઓ કરવામાં આવતી હતી. 1930-32ની સવિનય કાનૂન ભંગની ચળવળે રાજકીય જાગૃતિ આગળ વધારી, કારણ કે તે સંઘર્ષમાં ભાગ લેવા માટે ઘણા રાષ્ટ્રવાદીઓ હૈદરાબાદમાંથી બ્રિટિશ ભારતમાં ગયા.

તેઓ જેલમાં પણ ગયા અને અન્ય પ્રદેશોમાંથી આવેલા રાષ્ટ્રવાદીઓ સાથે નિકટના સંપર્કમાં આવ્યા. આ લોકો એક નવા જુસ્સા તથા ઉગ્રતા સહિત હૈદરાબાદ પાછા ફર્યા.

આ દરમિયાન, સાંસ્કૃતિક જાગૃતિની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ હતી. આ પ્રક્રિયાને કારણે વિવિધ ભાષાકીય - સાંસ્કૃતિક વિસ્તારોના લોકો દ્વારા તેમનાં પોતાનાં સંગઠનોની રચના કરવામાં આવી. તેમાં સૌ પ્રથમ આંધ્ર જન સંઘની સ્થાપના કરવામાં આવી. પાછળથી તેનું નામ બદલીને આંધ્ર મહાસભા રાખવામાં આવ્યું. તેલંગણા વિસ્તારના તેલુગુ ભાષી લોકોના આ સંગઠને શાળાઓ ખોલવી, વર્તમાનપત્રો અને સામયિકો પ્રગટ કરવાં' પુસ્તકાલયો ખોલવાં તથા સંશોધન કેન્દ્ર શરૂ કરીને તેલુગુ ભાષા તથા સાહિત્યના વિકાસ માટે કામ કર્યું. 1940ના દાયકાના આરંભ પહેલાં મહાસભાએ કોઈ પ્રત્યક્ષ રાજકીય પ્રવૃત્તિ શરૂ કરી નહિ. પરન્તુ નિઝામના વહીવટી તંત્રે તેના દ્વારા શરૂ કરવામાં આવેલાં વર્તમાનપત્રો, પુસ્તકાલયો તથા શાળાઓ બંધ કરવાનાં શરૂ કર્યાં. 1937માં બીજા બે ભાષાકીય સાંસ્કૃતિક વિભાગોએ પણ તેમનાં સંગઠનો સ્થાપ્યાં - તે હતાં મહારાષ્ટ્ર પરિષદ અને કન્નડ પરિષદ.

### 32.7.3 સત્યાગ્રહ (The Satyagraha)

ઈ. સ. 1938માં આ ત્રણે વિસ્તારોના સક્રિય કાર્યકરોએ ભેગા મળીને હૈદરાબાદ રાજ્ય કૉંગ્રેસના નામથી રાજ્યવ્યાપી સંગઠનની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો. તેની વાસ્તવમાં સ્થાપના થાય તે પહેલાં વહીવટી તંત્રે એવું કારણ દર્શાવીને તેના ઉપર પ્રતિબંધ મૂક્યો કે તેમાં મુસલમાનોનું પૂરતું પ્રતિનિધિત્વ નથી. વાટાઘાટ દ્વારા ઉકેલ લાવવાના બધા પ્રયાસો નિષ્ફળ ગયા અને સત્યાગ્રહ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

ઑક્ટોબર 1938માં સત્યાગ્રહ શરૂ થયો અને તેનું નેતૃત્વ એક મરાઠી ભાષી રાષ્ટ્રવાદી સ્વામી રામાનંદ તીર્થ કરતા હતા. તેમની જીવનપદ્ધતિ ગાંધીવાદી અને વિચારસરણી નેહરુવાદી હતી. આ સત્યાગ્રહના એક ભાગ તરીકે, રાજ્યનાં બધાં ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરનારા પાંચ સભ્યોના એક જૂથે પોતાને રાજ્યની કૉંગ્રેસના સભ્યો તરીકે જાહેર કરીને પ્રતિબંધિત હુકમોનો ભંગ કર્યો. આ સત્યાગ્રહ જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા અને તેમનો ટેકો વ્યક્ત કરતા હતા. આ રીતે હૈદરાબાદ તથા ઔરંગાબાદ એમ બે કેન્દ્રોમાં, અઠવાડિયામાં ત્રણ વખત લેખે બે મહિના સુધી સત્યાગ્રહ ચાલ્યો.

તે સાથે, આર્યસમાજ અને હિન્દુ નાગરિક સ્વતંત્રતા સંઘે પણ આર્યસમાજની કરવામાં આવતી ધાર્મિક સતામણી (પજવણી) વિરુદ્ધ સત્યાગ્રહ શરૂ કર્યો. આ સત્યાગ્રહને ધાર્મિક ઉદ્દેશ્યો હતા અને તેણે સાંપ્રદાયિક સ્વરૂપ ધારણ કરવા માંડ્યું. આ પરિસ્થિતિમાં લોકોના મનમાં બે સત્યાગ્રહો પ્રત્યે ગૂંચવણ થવાનો મોટો ભય હતો. રાજ્યનું વહીવટીતંત્ર સ્પષ્ટપણે એ દિશામાં કામ કરવાનો પ્રયાસ કરતું હતું.

રાજ્યની કૉંગ્રેસ તથા ગાંધીજી આ સ્થિતિ સમજી ગયા હતા. ધાર્મિક તથા રાજકીય સવાલોને અલગ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. તે મુજબ, રાજ્યની કૉંગ્રેસનો રાજકીય સત્યાગ્રહ અટકાવી દેવામાં આવ્યો.

આ સમય દરમિયાન, પ્રખ્યાત વંદેમાતરમ્ ચળવળ શરૂ થઈ. તેણે વિદ્યાર્થીઓને મોટા પાયા પર ઉગ્રવાદીઓ બનાવ્યા. છાત્રાલયોના પ્રાર્થનાખંડોમાં વંદેમાતરમ્ ગાવાનો વિદ્યાર્થીઓને ઈન્કાર કરનારા સત્તાધીશોની સામે વિરોધ-હડતાળ તરીકે હૈદરાબાદની કૉલેજોમાં આ ચળવળ શરૂ થઈ હતી. તે હડતાળ રાજ્યના અન્ય પ્રદેશોમાં ખૂબ ઝડપથી ફેલાઈ. વિદ્યાર્થીઓને કૉલેજોમાંથી બરતરફ કરવામાં આવ્યા. તેઓમાંના ઘણા વિદ્યાર્થીઓ કૉંગ્રેસની સત્તા હેઠળના મધ્ય પ્રાન્તો(હાલનું મધ્ય પ્રદેશ)ની નાગપુર યુનિવર્સિટીમાં ગયા. ત્યાં તેઓને પ્રવેશ આપવામાં આવ્યો. આ ચળવળ ઘણી મહત્ત્વની પુરવાર થઈ કારણ કે તે સમયના ઘણા સક્રિય રાજકીય કાર્યકરો આ વિદ્યાર્થીઓના જૂથમાંથી તૈયાર થયા હતા.

### 32.7.4 દ્વિતીય વિશ્વયુદ્ધ (World War II)

1939માં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું. આ યુદ્ધને કારણે રાજ્ય સરકારને રાજકીય સુધારા કરવાના પ્રશ્નોની ચર્ચાનો ઇન્કાર કરવાની તક મળી ગઈ. રાજ્યની કૉંગ્રેસ ઉપરનો પ્રતિબંધ ચાલુ રાખવામાં આવ્યો. સપ્ટેમ્બર 1940માં સ્વામીજી અને બીજા છ ગાંધીજી દ્વારા પસંદ કરવામાં આવેલા પ્રતિનિધિઓ દ્વારા બીજો એક સાંકેતિક વિરોધ દર્શાવવામાં આવ્યો. તેમ કરવાથી તેઓની ધરપકડ કરીને ડિસેમ્બર 1941 સુધી તેમને અટકાયતમાં રાખવામાં આવ્યા. આ તબક્કે ગાંધીજી કોઈ સામૂહિક સંઘર્ષ શરૂ કરવાની તરફેણમાં ન હતા, કારણ કે ટૂંક સમયમાં અખિલ ભારતીય સંઘર્ષ શરૂ કરવાનો હતો અને બધી લડતો તે વ્યાપક કાર્યક્રમના એક ભાગ તરીકે શરૂ કરવાની હતી.

રાજ્યની કૉંગ્રેસ પરના પ્રતિબંધના પરિણામે પ્રાદેશિક સાંસ્કૃતિક સંગઠનો રાજકીય પ્રવૃત્તિઓના મંચ તરીકે ઉદ્ભવ્યાં. તેલુગુ લોકોની આંધ્ર મહાસભાની બાબતમાં ખાસ કરીને આ વાત સાચી પડી. રાજકીય

પ્રવૃત્તિઓમાં રસ લેતા થયેલા નવા યુવાનોમાંના ઘણા આંધ્ર મહાસભામાં જોડાયા અને તેને નવી તાકાત અને જહાલ એટલે કે ઉગ્ર સ્વરૂપ આપ્યું. આ સમયે એક મહત્ત્વની ઘટના એ બની કે મહાસભામાં યુવકોના ઉદ્દામ જૂથના મુખ્ય આગેવાન તરીકે આગળ આવનાર તથા 1939માં રાજ્યની કૉંગ્રેસના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો તે રવિ નારાયણ રેડ્ડી ભારતના સામ્યવાદી પક્ષ પ્રત્યે આકર્ષાયા. રવિ નારાયણ રેડ્ડી અને તેમની સાથે બી. યેલ્લા રેડ્ડી યુવકોની ઘણી મોટી સંખ્યાનો ટેકો મેળવવામાં સફળ થયા. તેનું પરિણામ એ આવ્યું કે મહાસભાની રાજનીતિમાં ઉદ્દામવાદનો વિકાસ થયો અને ખેડૂતોની સમસ્યાઓ મહાસભાનો મહત્ત્વનો મુદ્દો બની ગયો.

આ દરમિયાન 'હિંદ છોડો'નો નાદ સમગ્ર દેશમાં ગુંજવા લાગ્યો. આ વખતે ચળવળ દેશી રાજ્યોમાં પણ વિસ્તારવાની હતી, તેથી ગાંધીજી અને જવાહરલાલ નેહરુ બન્નેએ ઑગસ્ટ 1922માં અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિ (AICC) ની બેઠક સાથે મળેલી ઑલ ઇન્ડિયા સ્ટેટ્સ પીપલ્સ કૉન્ફરન્સ (AISPC)ની સ્થાયી સમિતિને સંબોધન કર્યું અને સંઘર્ષ માટેનું આહ્વાન આપ્યું. મુખ્ય આગેવાનોની ધરપકડ થવાને કારણે કોઈ સંગઠિત ચળવળ શરૂ થઈ શકી નહિ. પરન્તુ સમગ્ર દેશમાં અનેક લોકોએ આ સંઘર્ષમાં ભાગ લીધો અને જેલોમાં ગયા. હૈદરાબાદ શહેરમાં મહિલાઓના એક જૂથે સત્યાગ્રહ કર્યો, અને એ અંગે સરોજિની નાયડુની ધરપકડ કરવામાં આવી. સમગ્ર વાતાવરણમાં વિરોધ (પ્રતિકાર)નો નવો જુસ્સો પ્રસરી ગયો.

'હિંદ છોડો' ચળવળની બીજી અસર પણ પડી. સામ્યવાદી તથા બિન-સામ્યવાદી પક્ષો વચ્ચે જે વિભાજન થયું હતું તેમાં વધારો થયો. ડિસેમ્બર 1941માં ભારતના સામ્યવાદી પક્ષે દ્વિતીય વિશ્વયુદ્ધને 'લોકયુદ્ધ' માનવાની નીતિ અપનાવી, અને ફાસીવાદ વિરોધી યુદ્ધમાં ગ્રેટ બ્રિટનને સમર્થન આપવા લોકોને જણાવ્યું. આ નીતિને અનુસરીને સામ્યવાદીઓએ હિંદ છોડો ચળવળને સમર્થન આપ્યું નહિ. આ રીતે અન્ય રાષ્ટ્રવાદીઓથી તેઓ અલગ પડી ગયા. વળી, આ સમયે ભારતની સરકારના સામ્યવાદીઓ પ્રત્યેના વલણમાં થયેલા પરિવર્તનને કારણે નિઝામે પણ ભારતના સામ્યવાદી પક્ષ પરથી પ્રતિબંધ હઠાવી લીધો. એ રીતે, બીજા રાષ્ટ્રવાદીઓ જેલમાં હતા ત્યારે ખુલ્લેઆમ તે પક્ષને લોકોમાં કામ કરવાની છૂટ મળી. આ પ્રક્રિયાના પરિણામે, 1944માં આંધ્ર મહાસભામાં વિભાજન થયું. બિનસામ્યવાદીઓ અલગ સંગઠનની રચના કરવા અલગ થઈ ગયા અને આન્ધ્ર મહાસભાનું સંચાલન સામ્યવાદીઓના હાથમાં રહ્યું.

### 32.7.5 ખેડૂતોનું આંદોલન (The Peasant Movement)

વિશ્વયુદ્ધનો અંત આવ્યો કે તરત જ સામ્યવાદીઓએ તેમના સ્થાનનો લાભ લેવાની ત્વરા કરી. 1945-46નાં વરસો અને ખાસ કરીને 1946ના વરસના ઉત્તરાર્ધ -- નાલગોન્ડા જિલ્લાનાં વિવિધ સ્થળો તથા કેટલેક અંશે વારંગલ તથા ખમ્મામમાં જોરદાર ખેડૂત આંદોલનનો વિકાસ થયો. ખેડૂતોમાં એકતા પેદા કરવા માટે જે મુદ્દા ઉઠાવવામાં આવ્યા તે હતા, વિશ્વયુદ્ધ ચાલુ હતું તે દરમિયાન સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવતી અનાજની લેવી, સરકારી અમલદારો તથા જમીનદારો દ્વારા કરાવવામાં આવતી વેઠ (મજૂરીનાં નાણાં ચૂકવ્યા વિના કરાવવામાં આવતું ફરજિયાત કામ) અને ખેડૂતોની જમીનો ગેરકાયદેસર કબજે કરવી-વગેરેના પરિણામે આંધ્ર મહાસભાના ધ્વજ હેઠળ સામ્યવાદીઓની આગેવાની હેઠળ ખેડૂતો તથા જમીનદારોના (નાણાં આપીને રોકેલા) ગુન્ડાઓ વચ્ચે સશસ્ત્ર સંઘર્ષો થયા. ત્યાર બાદ ખેડૂતો તથા રાજ્યના સશસ્ત્ર સૈનિકો વચ્ચે પણ સંઘર્ષો થયા. આ ભયાનક વિરોધનો સામનો કરવા ધરપકડો, મારપીટ અને હત્યાઓ દ્વારા જુલમ ગુજારવામાં આવ્યો જેથી ખેડૂતો થોડા સમય માટે નરમ પડ્યા. પરન્તુ સંઘમ્ નામથી ઓળખાતી મહાસભાના નેતૃત્વમાં ખેડૂતોના આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થયો હતો.

### 32.7.6 આખરી તબક્કો (The Last Phase)

3જી જૂન, 1947ના રોજ વાઇસરૉય માઉન્ટબેટને જાહેરાત કરી કે અંગ્રેજો થોડા સમય બાદ ભારત છોડીને ચાલ્યા જશે. આ જાહેરાત થવાથી પરિસ્થિતિમાં નાટકીય ઢબે પરિવર્તન આવ્યું. નિઝામે 12 જૂન, 1947ના રોજ જાહેર કર્યું કે અંગ્રેજો જાય તે પછી તે સર્વોપરી સત્તા ધરાવશે. તેથી એ સ્પષ્ટ થઈ ગયું કે ભારતના સંઘમાં જોડાવાની નિઝામની ઇચ્છા ન હતી.

રાજ્યની કૉંગ્રેસે હવે જાહેરમાં આવીને આગેવાની સંભાળવાનો નિર્ણય કર્યો. થોડા મહિના અગાઉ જ્યારે નિઝામ તરફથી નવું બિનલોકશાહી બંધારણ લોકો પર લાદવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે રાજ્યની કૉંગ્રેસે રાજ્યમાં કરાવવામાં આવેલી ચૂંટણીઓનો સફળતાપૂર્વક બહિષ્કાર કરીને લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. ભારતીય સંઘમાં જોડાવાનો નિઝામે ઇન્કાર કરવાથી, કૉંગ્રેસે હવે તેનું પ્રથમ ખુલ્લું અધિવેશન 16થી 18 જૂન સુધી આયોજિત કર્યું અને ભારતીય સંઘમાં જોડાવાની તથા જવાબદાર સરકારની માગણી કરી.

રાજ્યના નેતાઓ પણ દિલ્હીમાં રાષ્ટ્રીય નેતાઓની સલાહ લઈને નિઝામની સામે સંઘર્ષ કરવાની તૈયારી કરવા લાગ્યા. તે સંઘર્ષમાં સામૂહિક સત્યાગ્રહ તથા સશસ્ત્ર સામનો બન્નેનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ધરપકડો ટાળવાના હેતુથી હૈદરાબાદની બહાર પગલાં સમિતિની રચના કરવામાં આવી અને મધ્યસ્થ કાર્યાલય મુંબઈમાં તેનાં કાર્યાલયો રાજ્યની સરહદે આવેલાં શોલાપુર, બેઝવાડા તથા ગડગ સહિત સ્થાયી સ્થાપવામાં આવ્યાં. તે માટે ફાળો પણ ભેગો કરવામાં આવ્યો, જેમાં જયપ્રકાશ નારાયણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. આંદોલન શરૂ કરવા માટે 7 ઑગસ્ટ, 1947નો દિવસ નક્કી કરવામાં આવ્યો અને તેને 'ભારતીય સંઘમાં જોડાઓ - દિવસ' તરીકે ઊજવવાનો નિર્ણય કરવામાં આવ્યો. તે આંદોલનની ભવ્ય શરૂઆત થઈ. સમગ્ર રાજ્યનાં શહેરો તથા ગામોમાં પ્રતિબંધોનો વિરોધ કરતી સભાઓ યોજવામાં આવી અને મજૂરો તથા વિદ્યાર્થીઓએ હડતાલો પાડી. લોકોને મારવામાં આવ્યા અને ધરપકડો કરવામાં આવી તથા રાષ્ટ્રીય ધ્વજ વિધિસર ફરકાવવાની મનાઈ કરવામાં આવી. તે પછીના દિવસોમાં 'આ પ્રતિબંધોનો સર્વ રીતે ભંગ કરવો' એ સંઘર્ષનું મહત્ત્વનું સ્વરૂપ બની ગયું. સ્ત્રીઓની જેમ વિદ્યાર્થીઓએ આ સંઘર્ષમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

સરકારે દમનને વધારે સઘન બનાવ્યું અને 15 ઑગસ્ટ, 1947ના સ્વાતંત્ર્ય દિને સ્વામીજી તથા તેમના સહકાર્યકરોની ધરપકડ કરવામાં આવી. વળી એક નવી ઘટના બની : રઝાકારોને વહીવટીતંત્ર દ્વારા ખુલ્લેઆમ ઉત્તેજન આપવામાં આવ્યું. રઝાકારો **ઈત્તિહાદ ઉલ મુસ્લિમિન** નામની કોમી સંસ્થાના લડાયક સ્વયંસેવકો હતા અને તેઓ વધારાના સૈન્યનું કામ કરતા હતા. રઝાકારોને (ત્યાંની સરકાર દ્વારા) શસ્ત્રો આપવામાં આવ્યાં અને તેમને નિઃશસ્ત્ર ટોળાં પર તૂટી પડવા છૂટા મૂકી દીધા હતા. તેમણે બળવાખોર ગામો નજીક છાવણીઓ નાખી અને નિયમિત સશસ્ત્ર હુમલા કર્યા. નવેમ્બર 1947માં નિઝામે ભારતની સરકાર સાથે 'સ્ટેન્ડસ્ટીલ એટલે કે સંઘર્ષ અટકાવી દેવાના કરાર' પર સહી કરી. પરન્તુ તેમ કરવાથી લોકો ઉપરના દમનમાં ઘટાડો થયો નહિ.

### 32.7.7 સશસ્ત્ર સામનો અને ભારતીય સેનાની દરમિયાનગીરી
**(Armed Resistance and the Intervention of Indian Army)**

આંદોલને હવે સશસ્ત્ર વિરોધનું જુદું જ સ્વરૂપ ધારણ કર્યું. રાજ્યની કૉંગ્રેસે રાજ્યની સરહદો પર છાવણીઓ (પડાવ) નાખી, અને જકાત નાકાં, પોલીસ સ્ટેશનો તથા રઝકારોની છાવણીઓ ઉપર હુમલા કરવા માંડ્યા. પરન્તુ રાજ્યની અંદર ખાસ કરીને તેલંગણાના નાલગોંડા, વારંગલ અને ખમ્મામ જિલ્લામાં સશસ્ત્ર સામનો કરવાની આગેવાની સામ્યવાદીઓના હાથમાં હતી. તેમણે ખેડૂતોને 'દલમ્' ટુકડીઓમાં સંગઠિત કર્યા અને રઝાકારો પર આક્રમણ કરવા શસ્ત્રો વાપરવાની તાલીમ આપી. તેમણે ઘણા વિસ્તારોમાં જમીનદારો પર હુમલા કર્યા, થોડાકને મારી નાખ્યા તથા અનેક લોકોને શહેરો તરફ નસાડી મૂકીને, તેમની ગેરકાયદે પ્રાપ્ત કરેલી જમીન તેના મૂળ માલિકોને તથા ઘણી થોડી જમીનવાળાને તથા બિલકુલ જમીન વગરના લોકોને વહેંચી દીધી.

ભારતીય સેનાએ 13 સપ્ટેમ્બર, 1948ના રોજ હૈદરાબાદ પર આક્રમણ કર્યું અને નિઝામને શરણાગતિ સ્વીકારવી પડી તથા ભારતીય સંઘ સાથે તે રાજ્યનું વિલીનીકરણ કરવા સાથે એક નવો તબક્કો શરૂ થયો. ખેડૂતો સહિત લોકોએ ભારતીય સેનાનું મુક્તિ દળ તરીકે સ્વાગત કર્યું. સમગ્ર રાજ્યમાં અતિશય આનંદોલ્લાસ છવાઈ ગયો અને રાષ્ટ્રીય ધ્વજ અતિશય આનંદ અને સ્વતંત્રતાની અનુભૂતિ સહિત ફરકાવવામાં આવ્યો.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. હૈદરાબાદ રાજ્યમાં પ્રવર્તતા દમનના સ્વરૂપ વિશે પાંચ લીટીઓ લખો.

---------------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------------
---------------------------------------------------------------------------------

2. નીચેનાં નિવેદનો વાંચો અને ખરું (✓) અથવા ખોટું (X) નિશાની કરો :

(1) અસહકારની ચળવળનો પ્રભાવ હૈદરાબાદના લોકો પર પડ્યો ન હતો.

(2) વંદેમાતરમ્ ચળવળે હૈદરાબાદ રાજ્યના વિદ્યાર્થીઓને ઉદ્દામવાદી બનાવવામાં મદદ કરી.

(3) 'હિંદ છોડો' ચળવળે સામ્યવાદી તથા બિનસામ્યવાદીઓને એકસાથે જોડ્યા.

(4) નિઝામ ભારતીય સંઘમાં જોડાવા માગતો ન હતો.

## 32.8 સારાંશ

હૈદરાબાદ અને રાજકોટ બે દેશી રાજ્યોમાં થયેલ સંઘર્ષોનો ઇતિહાસ દેશી રાજ્યો તથા બ્રિટિશ ભારત વચ્ચેની સમાનતાઓ તથા તફાવતો દર્શાવે છે. ઘણી આર્થિક તથા સામાજિક સમસ્યાઓ સમાન હતી. ઉદાહરણ તરીકે જમીનદારીનો અભિશાપ, ઊંચા કરવેરા, નિરક્ષરતા અને સામાજિક પછાતપણું. પરન્તુ આ સમસ્યાઓ પણ દેશી રાજ્યોમાં વધારે તીવ્ર હતી કારણ કે ત્યાં રાજાઓ પાસે આપખુદ સત્તાઓ હતી, રાજકીય ક્ષેત્રમાં પણ દેશી રાજ્યો વધારે પછાત હતાં અને બ્રિટિશ ભારત કરતાં નાગરિક સ્વતંત્રતા તથા જવાબદાર સરકાર ઘણા ઓછા પ્રમાણમાં હતી.

તેના પરિણામે બ્રિટિશ ભારત કરતાં દેશી રાજ્યોમાં રાજકીય જાગૃતિ અને રાજકીય પ્રવૃત્તિઓનું ધોરણ આશરે એક દાયકો અથવા તેનાથી પણ વધારે પાછળ હતું. અને જ્યારે રાજકીય ચળવળોનો ઉદ્ભવ થયો ત્યારે, મતભેદ તથા વિરોધની જાહેરમાં અભિવ્યક્તિ માટે ઘણી ઓછી સંભાવના હતી. સામાન્યતઃ તેના ફલસ્વરૂપે પ્રવૃત્તિઓ ભૂગર્ભમાં ચલાવવામાં આવી અને કેટલાક પ્રમાણમાં તે હિંસક પણ બની. આ પ્રમાણેનું માત્ર હૈદરાબાદમાં જ નહિ પરન્તુ પતિયાળા, ત્રાવણકોર અને ઓરિસાનાં રાજ્યોમાં પણ બન્યું. તેનાથી બીજા રાષ્ટ્રવાદીઓ કરતાં સામ્યવાદીઓ તથા બીજા ઉદ્દામવાદી (ડાબેરી) જૂથોને વધારે સફળતા મળી કારણ કે ત્રાસી ગયેલા લોકોને શક્તિશાળી દમનની વિરુદ્ધમાં સંગઠિત કરવામાં તે બીજા રાષ્ટ્રવાદીઓ કરતાં હિંસાનો માર્ગ અપનાવવામાં ઓછો આંચકો અનુભવતા હતા. તેથી એમાં આશ્ચર્ય થાય એવું નથી કે હૈદરાબાદ, પતિયાળા તથા ત્રાવણકોર જેવાં રાજ્યોમાં, જ્યાં હિંસક કાર્યો કરવામાં આવ્યાં ત્યાં સામ્યવાદીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

દેશી રાજ્યોના સ્વાતંત્ર્ય-સંગ્રામનો ઇતિહાસ પણ દર્શાવે છે કે દેશી રાજ્યો પ્રત્યેની ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની નીતિ, સમગ્રપણે દેશની પરિસ્થિતિ પ્રમાણે સતત પરિવર્તનશીલ રહેતી હતી. જેમ ચળવળો મજબૂત (જોરદાર) બનતી ગઈ તેમ તેમ કૉંગ્રેસ વધુ સ્પષ્ટ અને વધુ હિંમતભર્યાં પગલાં ભરવાને શક્તિમાન બની અને 1942 સુધીમાં દેશી રાજ્યો તથા બ્રિટિશ ભારતની ચળવળો વચ્ચે કોઈ ભેદ રાખવામાં આવ્યો નહોતો. 1947-48માં કૉંગ્રેસે દેશી રાજ્યો દ્વારા ભારતીય સંઘથી સ્વતંત્ર રહેવાની સર્વ વાતોની વિરુદ્ધ લીધેલું સુસ્પષ્ટ વલણ તથા તે માટે તાકાતનો ઉપયોગ કરવાની તૈયારી દેશનું નાના ટુકડાઓમાં વિભાજન અટકાવવામાં મહત્ત્વનાં પરિબળો હતાં. આ રીતે કૉંગ્રેસે બ્રિટિશ સંસ્થાનવાદ દ્વારા સાચવી રાખેલા સામંતશાહીના સૌથી મોટા ખામીયુક્ત અવશેષોને હરાવવામાં સફળતા મેળવી.

## 32.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**સમવાયતંત્રની યોજના (Federation Scheme) :** ભારત સરકારના 1935ના ધારા દ્વારા અપનાવવામાં આવેલી બ્રિટિશ યોજના. આ યોજના દ્વારા દેશી રાજ્યોના પ્રતિનિધિઓને મધ્યસ્થ ધારાસભામાં સમાવી લઈને ભારતીય સમવાયતંત્રનો એક ભાગ બનાવવાનો પ્રયાસ હતો.

**સર્વોપરીતા (Paramountcy) :** બ્રિટિશ સરકાર તથા દેશી રાજ્યો વચ્ચેની એક વ્યવસ્થા. રાજાઓએ બ્રિટિશ સરકારને સર્વોપરી સત્તા તરીકે માન્ય રાખી અને બ્રિટિશરોએ બદલામાં તેમને સ્વતંત્ર રાજાઓ તરીકે કબૂલ રાખ્યા.

**પ્રતિક્રિયા (Reaction) :** પ્રગતિ અને પરિવર્તનનાં વિરોધી પરિબળો.

## 32.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. તમારા જવાબમાં દેશી રાજ્યોના લોકોમાં આવતી સામાન્ય રાજકારણ વિશેની જાગૃતિ તથા તેઓમાં લોકશાહીના વિચારો અને નાગરિક સ્વાતંત્ર્યોના ફેલાવાનો ઉલ્લેખ કરવો જોઈએ. જુઓ વિભાગ 32.2.
2. દેશી રાજ્યો પ્રત્યેની કૉંગ્રેસની નીતિની જટિલતા પર તમારે ખાસ ભાર મૂકવો જોઈએ. જુઓ વિભાગ 32.4.
3. જુઓ પેટા-વિભાગ 32.4.1.
   (1) ✓ (2) ✓ (3) ✓

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1 (1) ✓ (2) ✓ (3) ✓
2. જુઓ પેટા-વિભાગ 32.6.5.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1. તમારે આર્થિક તથા ધાર્મિક દમનનો ઉલ્લેખ કરવો જોઈએ.
જુઓ પેટા-વિભાગ 32.7.1.
2. (1) x (2) ✓ (3) x (4) ✓

# એકમ 33 દ્વિતીય વિશ્વયુદ્ધ : કારણો, તવારીખ અને પરિણામો

# (World War II : Causes, Course and Consequences)

રૂપરેખા


33.0 ઉદ્દેશો

33.1 પ્રસ્તાવના

33.2 કારણો

33.2.1 વર્સાઈની સંધિ અને સતત રાજકીય અવ્યવસ્થા

33.2.2 આર્થિક મંદીની અસર

33.2.3 જર્મની અને નાઝીવાદનો ઉદય

33.2.4 મુસોલિની અને ઇટાલીનો ફાસીવાદ

33.2.5 જાપાન અને લશ્કરવાદનો ઉદય

33.2.6 બ્રિટન, ફ્રાન્સ અને તુષ્ટીકરણની નીતિ

33.3 વિશ્વયુદ્ધ શરૂ થવાનાં કારણો

33.3.1 જાપાન અને પૂર્વ એશિયાની કટોકટી

33.3.2 એબિસિનિયા ઇથીઓપિયા પર ઇટલીનું આક્રમણ, 1935-36

33.3.3 સ્પેનનો આંતરવિગ્રહ, 1936-39

33.3.4 વિશ્વયુદ્ધ તરફ જર્મનીનું પ્રયાણ, 1933-39

33.4 દ્વિતીય વિશ્વયુદ્ધનો વિસ્તાર

33.4.1 આરંભનો તબક્કો : જર્મનીનો વિજય

33.4.2 મંદ સ્થિતિ : રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સનો યુદ્ધમાં પ્રવેશ

33.4.3 રક્ષણાત્મક સ્થિતિ : ધરી રાજ્યોનો ભાગ્ય પલટો

33.4.4 ધરી રાજ્યોની પીછેહઠ અને પરાજય

33.5 પરિણામો

33.5.1 ભારતની રાજકીય સ્થિતિ પર અસર

33.5.2 સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના

33.5.3 યુરોપ પર આર્થિક અસરો

33.5.4 ઠંડા યુદ્ધની શરૂઆત : નૂતન વિચારસરણીઓનો સંઘર્ષ

33.6 સારાંશ

33.7 ચાવીરૂપ શબ્દો

33.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 33.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :

- દ્વિતીય વિશ્વયુદ્ધનાં કારણો તથા તેની શરૂઆત કઈ રીતે થઈ તે વિશે સમજાવી શકશો.
- વિશ્વયુદ્ધ દરમિયાનના બનાવોની ગતિ વિશે જાણી શકશો.
- ભારતીય રાષ્ટ્રીય આંદોલન પર પડેલી તેની અસરોની ચર્ચા કરી શકશો, તથા
- આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પર પડેલા તેના પ્રભાવનું મૂલ્યાંકન કરી શકશો.

## 33.1 પ્રસ્તાવના

આ એકમમાં અમારો મુખ્ય ધ્યેય તમને દ્વિતીય વિશ્વયુદ્ધનો પરિચય કરાવવાનો છે. પ્રથમ વિશ્વયુદ્ધનો અંત લાવનાર વર્સાઈની સંધિ (1919) યુરોપીય મહાસત્તાઓ વચ્ચે પ્રવર્તતી તંગ પરિસ્થિતિને શાંત કરી શકી નહિ. યુરોપીય સત્તાઓ વચ્ચે પ્રવર્તતી સ્પર્ધા તથા બે વિશ્વયુદ્ધો વચ્ચેનાં વરસો દરમિયાન યુરોપમાં થઈ રહેલા પરિવર્તનના ફલસ્વરૂપે દ્વિતીય વિશ્વયુદ્ધ થયું હતું.

ભારત બ્રિટિશરોની એક વસાહત (સંસ્થાન) હોવાને લીધે, દેશના લોકોની ઇચ્છા વિરુદ્ધ ભારતને આ વિશ્વયુદ્ધમાં જોડવામાં આવ્યું હતું. તેના કારણે ભારતીય લોકોને અપાર દુઃખો સહન કરવાં પડ્યાં તથા તે સમયે ભારતમાં સામ્રાજ્ય વિરોધી ચળવળ પર પણ તેનો પ્રભાવ પડ્યો. આ યુદ્ધ દરમિયાન થયેલ અપૂર્વ જાનહાનિ તથા મિલકતોને થયેલું નુકસાન લોકોની સ્મૃતિમાં વારંવાર આવ્યા કરે છે. ખાસ કરીને વસાહતવાદના વિઘટનના દૃષ્ટિબિંદુથી તેનાં પરિણામો દૂરગામી હતાં. વિશ્વયુદ્ધ દરમિયાન અનેક વસાહતોમાં ચાલતી સ્વતંત્રતાની ચળવળો પર પ્રભાવ પડ્યો અને સામ્રાજ્યવાદી અંકુશ નબળો પડયો હતો.

## 33.2 કારણો (Causes)

માર્ક્સવાદી ઇતિહાસકારોએ દલીલ કરી હતી કે પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન લેનિને સૂચવેલ વ્યાપક શાંતિ પરિષદ અને પ્રદેશો ખાલસા કર્યા વિના તથા યુદ્ધદંડ લીધા વિના શાંતિ સ્થાપવાની તેની યોજનાનો સ્વીકાર કર્યો હોત તો જર્મનીનો વિસ્તારવાદ અસીમ બન્યો ન હોત. એ હકીકત સર્વસ્વીકૃત છે કે વર્સાઈની સંધિની પ્રાદેશિક પુનર્રચના તથા જર્મની પર લાદવામાં આવેલ અસહ્ય યુદ્ધદંડ દ્વિતીય વિશ્વયુદ્ધ માટે મુખ્ય કારણો બન્યાં. પરન્તુ અન્ય રાજકીય, વૈચારિક તથા આર્થિક પરિબળોની શક્તિશાળી અસરોની અવગણના કરવાનો ઇરાદો નથી. પ્રથમ વિશ્વયુદ્ધ-પશ્ચાત્ સંધિઓના રાજકીય પ્રત્યાઘાતો વિશ્વવ્યાપી આર્થિક મંદી, જર્મની, ઇટાલી અને જાપાનમાં ફાસીવાદ તથા લશ્કરવાદનો ઉદય તથા સોવિયેટ-વિરોધી પરિપ્રેક્ષ્ય પર આધારિત પાશ્ચાત્ય લોકશાહીઓની સમાધાનકારી નીતિના સંબંધમાં ધ્યાનમાં લેવા જોઈએ.

### 33.2.1 વર્સાઈની સંધિ અને સતત રાજકીય અવ્યવસ્થા (Versailles Treaty and the Continued Political Disorder)

જર્મન લોકો સાથે કરવામાં આવેલી વર્સાઈની સંધિ (28 જૂન, 1919) સંખ્યાબંધ સોદા અને સમજૂતીઓનું પરિણામ હતું; એ અસ્થાયી પ્રકારની ઢંગધડા વિનાની શાંતિમાં પરિણમ્યું. આખરે જર્મનીને તેના આંતરિક પ્રદેશો ગુમાવવા પડ્યા : તેણે ફ્રાંસને આલ્સસ-લોરાં, મિત્ર રાષ્ટ્રોને રહાઈનલેન્ડ, બેલ્જિયમ તથા ડેન્માર્કને નાના સરહદી વિસ્તારો અને બ્રિટન તથા ફ્રાંસને તેનાં સંસ્થાનોનો કબજો સોંપી દેવો પડ્યો. 1920ના દાયકાની મધ્યમાં જર્મનીની નોંધપાત્ર વસૂલાત દ્વારા પુરવાર થાય છે કે તેને આર્થિક દૃષ્ટિએ બહુ નુકસાન થયું ન હતું. તેમ છતાં માનસિક દૃષ્ટિએ નુકસાની ભરવા કરતાં પ્રદેશો ગુમાવવા પડ્યા તે બાબતે જર્મનીના લોકોને વધારે ક્રોધાન્વિત કર્યા. આ નુકસાની (યુદ્ધદંડ)ની રકમ 'યુદ્ધ ગુનેગાર' ની કલમ 231 હેઠળ 1320 લાખ સુવર્ણ માર્કસ થતી હતી. લીગ ઑફ નેશન્સ (રાષ્ટ્ર સંઘ) પ્રત્યે પણ 'અન્યાયી' પ્રાદેશિક સમજૂતીઓનો ફરજિયાત અમલ કરાવનાર સાધન તરીકે જર્મની જોઇતું હતું.

વર્સાઇની સંધિ પછીની સમગ્ર આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પદ્ધતિના આધારશિલા અગાઉના દાયકાઓ કરતાં વધુ નબળી હતી. શાંતિના કરારમાં 'નૈતિક ભાવના'નો અભાવ હતો. જર્મનો માનતા હતા કે શાંતિના કરારમાં વિલ્સનના ચૌદ મુદ્દામાં દર્શાવેલી મૂળભૂત માન્યતાઓનો ભંગ હતો. ફ્રાન્સે તેને એક પરાજય માની લીધો.

મધ્ય તથા પૂર્વ યુરોપમાં પ્રાદેશિક સમજૂતીઓ ભાવિ લડાઈઓનું મૂળ કારણ બની ગઈ હતી. ઑસ્ટ્રિયા-હંગેરીના વિઘટનથી રાજકીય શૂન્યાવકાશ ઉત્પન્ન થયો અને રાષ્ટ્રીય આત્મ-નિર્ણય માટેની ઉત્કંઠાએ સંઘર્ષનાં નવાં ક્ષેત્રોનું સર્જન કર્યું. રાષ્ટ્રસંઘમાંથી, મહાસત્તાઓમાંની સોવિયેટ રશિયા તથા યુનાઇટેડ સ્ટેટ્સની ગેરહાજરીમાં વિશ્વશાંતિ જાળવવાની જવાબદારી માત્ર બ્રિટન અને ફ્રાંસની રહી. પરન્તુ બ્રિટન અથવા ફ્રાંસમાંથી એક પણ પાસે શાંતિના કરારનું રક્ષણ કરવાની શકિત કે ઇચ્છા નહોતી. સંસ્થાનોમાં ઉગ્ર રાષ્ટ્રવાદી મુક્તિ સંઘર્ષોને લીધે તેમની તાકાત નબળી પડી ગઈ હતી. આ ઉપરાંત, સામ્રાજ્યવાદીઓની પરસ્પરની સ્પર્ધાએ જર્મનીના પ્રશ્નનો ઉકેલ આવવા દીધો નહિ. 1914 પહેલાં શક્તિ સંતુલન પાછળ નૈતિક સમર્થન હતું, તે આ રીતે કદાપિ પુનઃ પ્રાપ્ત થઈ શક્યું નહિ. રાષ્ટ્રસંઘ પણ આંતરરાષ્ટ્રીય સમર્થન પ્રાપ્ત કરી શક્યું નહિ અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષોનું નિવારણ કરવામાં બિનઅસરકારક પુરવાર થયું.


### 33.2.2 આર્થિક મંદીની અસર (Effect of Economic Depression)

વિશ્વયુદ્ધ પછી યુરોપમાં થઈ રહેલા આર્થિક સુધારાને ઑક્ટોબર 1929માં ન્યૂર્યાકના પ્રસિદ્ધ શૅરબજાર વૉલ સ્ટ્રીટમાં શૅરોના ભાવોમાં આવેલી એકાએક મંદીથી, ફરી વાર ભારે અસર થઈ. 1932 સુધીમાં યુરોપમાં ઔદ્યોગિક ઉત્પાદન લગભગ અડધું થઈ ગયું અને વેપાર 1928માં 58 અબજ (બિલિયન) ડૉલર પરથી ઘટીને 1935માં 20.8 અબજ ડૉલરનો થઈ ગયો. વિશ્વવ્યાપી આર્થિક મંદીએ અપૂર્વ બેકારીની સમસ્યા પણ પેદા કરી. 1932 સુધીમાં બેકારોની સંખ્યા જર્મનીમાં 60 લાખ, બ્રિટનમાં 30 લાખ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં 1 કરોડ 30 લાખની હતી.

સંકટગ્રસ્ત આંતરરાષ્ટ્રીય રાજકારણ આર્થિક મંદીની અસરોથી મુક્ત રહી શક્યું નહિ. રાષ્ટ્ર-રાજ્યો વચ્ચેના અસ્તિત્વને ટકાવવા માટેની ભયંકર સ્પર્ધાએ ઉગ્ર રાષ્ટ્રવાદી ભાવનાઓને વધારે મજબૂત બનાવી. જર્મની, ઇટાલી, જાપાન, સ્પેન અને રુમાનિયાની નબળી રાજકીય પદ્ધતિઓને કારણે તેમણે ત્યાંનો ઉગ્ર જમણેરી 'રાષ્ટ્રવાદી' ફાસીવાદી નેતૃત્વ તથા વિચારધારાઓથી પ્રભાવિત ફાસીવાદી તથા લશ્કરી રાજ્ય અમલ આગળ નમતું જોખવું પડ્યું. જર્મનીમાંના બનાવોને નિયંત્રિત કરવાના ફ્રાંસના પ્રયાસોથી જર્મનીના લોકોમાં રાષ્ટ્રવાદી ભાવના વધુ તીવ્ર બની. જર્મની દ્વારા નુકસાની ભરપાઈ કરવાના ''હૂવર દેવામોકૂફી'' (Hoover Moratorium) યોજના વિશે પણ ફ્રાન્સ તથા યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે કડવાશ તીવ્રપણે વિકસી. જુદા જુદા દેશોની સરકારો દ્વારા ચલણનું સ્પર્ધાત્મક અવમૂલ્યન અને હરીફ રાષ્ટ્રીય ચલણોનો ઉદ્ભવ થવાથી રાજકીય-આર્થિક કટોકટીમાં વધારો થયો. આ પરિસ્થિતિમાં જર્મનીમાં એડોલ્ફ હિટલર, એક આત્મ-નિર્ભર સંકુલ(Reich)ની સ્થાપના કરવાના તેના કાર્યક્રમ માટે આમજનતાની સંમતિ સહેલાઈથી મેળવી શક્યો, તે બાબતનું આશ્ચર્ય થવું જોઈએ નહિ.

### 33.2.3 જર્મની અને નાઝીવાદનો ઉદય (Germany and the Rise of Nazism)

1920 તથા 1930ના દાયકા દરમિયાન યુરોપમાં લાખો લોકો માટે રાજકીય અસ્થિરતા, આર્થિક મુશ્કેલીઓ, બેકારી, વિશ્વાસનો અભાવ અને વિકટોરિયા યુગનાં સામાજિક મૂલ્યોના પતનનો સમય હતો. આવા લોકો નવી ફાસીવાદી ચળવળોના વિચારો તથા ભ્રમણાઓ પ્રત્યે સહેલાઈથી આકર્ષાયા હતા. આવી પરિસ્થિતિમાં, એડોલ્ફ હિટલરનો (1889-1945), લોકોને તેમનાં દુઃખોમાંથી મુક્તિ અપાવનાર નેતા તરીકે, ઉદ્ભવ થયો. આંતરિક રીતે ઈ.સ. 1932 સુધીમાં, ફ્રિટ્ઝ સ્ટર્નના મતાનુસાર ''વીમાર''(Weimar)નું પતન



24. હિટલર-જર્મનીનો ફાસીવાદી શાસક

નિશ્ચિત બન્યું હતું. પરન્તુ હિટલરનો વિજય હજુ સુધી નિશ્ચિત ન હતો.'' છતાં ઈ.સ. 1933 સુધીમાં હિટલર જર્મન ચાન્સલેર બની ગયો હતો અને તે માટે સંખ્યાબંધ બનાવોની મદદ તેને મળી હતી.

ઈ.સ. 1920 અને 1928 વચ્ચેના સમયમાં મિશ્ર સરકારનું રાજકારણ જર્મનીમાં સંસદીય પ્રણાલી જીવિત રાખી શક્યું. પરન્તુ 1929માં આર્થિક મંદી શરૂ થવાથી અત્યાર સુધી અનિશ્ચિતતાની સ્થિતિમાં ટકી રહેલી વીમાર સરકારના ભાગ્યનો ચુકાદો આવી ગયો. સંસદ(Reich Stag)માં નાઝી પક્ષના સભ્યોની સંખ્યા ઈ.સ. 1924માં 32 હતી તે ઈ.સ. 1928માં ઘટીને 12ની થઈ હતી. તે નાઝી પક્ષે આ કટોકટીની સ્થિતિનો લાભ લીધો અને ઈ.સ. 1933માં ચૂંટણીમાં અભૂતપૂર્વ પ્રભાવ પાડ્યો. નાઝી ચળવળે નાના ખેડૂતો, મધ્યમ અને નાના મધ્યમ વર્ગોની ફરિયાદોને ચૂંટણીમાં વ્યાપક સમર્થન મેળવવા માટે સફળતાપૂર્વક ઉપયોગ કર્યો.

જર્મનીના પ્રમુખ હિન્ડનબર્ગે અતિ જમણેરી પાંખ પ્રત્યે ઢળીને તેનો ટેકો મેળવવા માંડ્યો કારણ કે રાષ્ટ્રવાદીઓનું રાજકીય પતન થઈ ગયું હતું. શરૂઆતમાં હિન્ડનબર્ગ હિટલર-વિરોધી હતો, તેણે હવે તેનો અભિપ્રાય બદલીને જાન્યુઆરી 1933માં ચાન્સેલર તરીકે હિટલરને પસંદ કર્યો. ત્યાર બાદ નાઝી ચળવળે પ્રગતિ સાધવામાં પાછું વાળીને જોયું નહિ.

જર્મનીનાં અનેક નાના જાતિવાદી તથા રાષ્ટ્રવાદી જૂથો ભેગાં મળીને રાષ્ટ્રીય સમાજવાદીઓનો અથવા નાઝી પક્ષ બન્યો હતો. જુલાઈ 1921થી હિટલરે નાઝીઓની આગેવાની સંભાળી હતી. નવેમ્બર 1923માં મ્યુનિક વિદ્રોહ દરમિયાન સત્તા હસ્તગત કરવામાં હિટલરને નિષ્ફળતા મળી, છતાં 1925 અને 1928ના સમયગાળા વચ્ચે તેણે નાઝી ચળવળ ચાલુ રાખી અને 30 જાન્યુઆરી 1933ના રોજ જર્મન ચાન્સેલર બની ગયો. હિટલરની સફળતા તેની એ વિશિષ્ટ આવડતમાં સમાયેલી હતી કે લોકોની માનસિક ચિંતાઓનો રાજકીય ઉપયોગ તે કરી શકતો હતો. મજબૂત સરકાર તથા બેકારીનો અંત લાવવાનાં વચનો આપીને અને શેરીઓમાં શક્તિશાળી સૈનિકોના ઉપયોગ વડે પોતાના વિરોધીઓનું દમન કરીને હિટલર સત્તા પર આવ્યો હતો.

ઈ.સ. 1918ના પરાજયનો ભ્રમ દૂર થયા બાદ, જર્મનીમાં ફેલાયેલા પછાત દેખાતા રૂઢિવાદના પાયા પર, વૈચારિક દૃષ્ટિએ નાઝી ચળવળની ચડતી થઈ હતી. તે રૂઢિવાદ-સામ્યવાદ-વિરોધી, યહૂદીઓ વિરોધી, લોકશાહી વિરોધી અને ઓગણીસમી સદીમાં બદનામ થયેલ જાતિવાદ તથા અતિ જમણેરીવાદ પર આધારિત હતો. હિટલરનો નાઝીવાદ, પરાજિત પરન્તુ આક્રમક સૈન્યવાદ તથા સામ્રાજ્યવાદ સાથે જોડાયેલો હતો. તેમ છતાં, મોટા ભાગના ઇતિહાસકારોના મતાનુસાર નાઝીવાદના ઉદય માટે હિટલરે ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પરન્તુ માર્ક્સવાદી ઇતિહાસકારો એ હકીકત સાચી રીતે ભારપૂર્વક જણાવે છે કે સમગ્ર જર્મન સમાજના લશ્કરવાદી માળખાને કારણે નાઝી નેતાઓની સત્તા મજબૂત બની હતી. વૈચારિક દૃષ્ટિએ, નાઝીવાદ પણ જર્મન જાતિના લોકોની સર્વોપરીતા તથા તેમને માટે વધારે જમીનની માગણી પર આધારિત હતો.

## 33.2.4 મુસોલિની અને ઇટાલીનો ફાસીવાદ (Mussolini and Italian Fascism)

ફાસીવાદ કોઈ આર્થિક વ્યવસ્થા ન હતી. તેની કોઈ સ્પષ્ટ વિચારધારા ન હતી. તે એક એવી પ્રત્યાઘાતી ઘટના હતી, જેને યોગ્ય રીતે 'જમણેરી પાંખના ઉગ્રવાદ' તરીકે વર્ણવવામાં આવ્યો હતો.

ઇટાલીમાં ફાસીવાદ પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઈ.સ. 1918-22ની કટોકટીની પેદાશ હતી; જેમાં સામાજિક-આર્થિક અસંતોષ રાષ્ટ્રવાદી અસંતોષ, તથા સમાજને એકસૂત્રમાં બાંધી રાખનાર ઉદાર રાજકારણની નિષ્ફળતાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. આવા સામાજિક-આર્થિક વાતાવરણ અને રાજકીય શૂન્યતાએ ફાસીવાદને તેનાં મૂળ મજબૂત કરવામાં મદદ કરી. તેના ઉદયનાં કારણો સામાન્ય રીતે ઉદારવાદનું પતન, દિશાવિહીન જનતાનો ઉદય, 'સર્વાધિકારવાદ' તથા 'આધુનિકીકરણ' અને કામદારોને નિયંત્રિત કરવા માટે સ્થિર મૂડીવાદની આવશ્યકતા માનવામાં આવે છે. આર્થિક પતન, આક્રમક રાષ્ટ્રવાદ અને માર્ક્સવાદનો વિરોધ તેની સફળતાનાં ઊગમ સ્થાનો હતાં.

23 માર્ચ 1919ના રોજ બેનિટો મુસોલિની (1883-1945) નામના એક પત્રકાર, ભૂતપૂર્વ સૈનિક તથા માજી સમાજવાદીએ ''સંઘર્ષ માટે સંઘ'' નામથી એક નવી ચળવળ શરૂ કરી. સામ્યવાદીઓ, સમાજવાદીઓ તથા અન્ય વિરોધીઓની હત્યાઓ કરીને તેમણે સત્તા પ્રાપ્ત કરી. તેમનો નેતા મુસોલિની 1922માં ઇટાલીનો વડાપ્રધાન બન્યો, જે ઈ.સ. 1925માં ફાસીવાદી સરમુખત્યાર બની ગયો. ઈ.સ. 1926માં તેણે પોતાની સરકાર હુકમનામા દ્વારા ચલાવવાની શરૂ કરી અને બંધારણ તથા ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવ્યાં. ઈ.સ.1926થી 1939ની વચ્ચેના સમયમાં ઇટાલીના ફાસીવાદે ''કૉર્પોરેટ સ્ટેટ''ની રચનાને પોતાના મુખ્ય ધ્યેય તરીકે જાહેર કરી હતી, જે વાસ્તવમાં ભાગ્યે જ સિદ્ધ થઈ શક્યું હતું,

છતાં તેણે મજૂરોના થતા શોષણ તથા દમનને ઢાંકેલું રાખ્યું. મુસોલિનીની આર્થિક આત્મનિર્ભરતાની નીતિ ઈ.સ. 1936 બાદ કોઈ પરિણામો સિદ્ધ કરી શકી નહિ.

### 33.2.5 જાપાન અને લશ્કરવાદનો ઉદય (Japan and the Rise of Militrism)

જર્મની તથા ઇટાલીની માફક, જાપાનમાં પણ 1918-22ની કટોકટીની પરિસ્થિતિ પોતાની સાથે 'ચોખા માટેનું હુલ્લડ' તથા ઔદ્યોગિક અશાંતિ લાવી. રાજકીય દૃષ્ટિએ ડાયેટ (સંસદ) તથા મોટા ઉદ્યોગપતિઓ એકબીજાની પાસે આવવાથી 1930ના દાયકામાં જાપાનના લશ્કરી ફાસીવાદનો પાયો નાંખ્યો. ઈ.સ. 1912થી 1926નો ''તાઈશો'' યુગ (મહાન ન્યાયપ્રિયતા) વાસ્તવમાં ઉદારવાદી રાજ્યમાંથી સરમુખત્યારશાહી રાજ્ય તરફનો માત્ર સંક્રાન્તિકાળ હતો.

ઈ.સ. 1927 અને 1930 વચ્ચેના સમયમાં આંતરિક સાધારણ મંદી અને વિશ્વવ્યાપી આર્થિક મહામંદીએ ઉદ્યોગો તથા બૅંકિંગ બન્નેને સખત ફટકો માર્યો. નિકાસમાં ઘટાડો, ખાસ કરીને કાચા રેશમની અમેરીકામાં થતી નિકાસમાં ઘટાડો થવાથી અડધા જેટલા જાપાનીઝ ખેડૂતો પર ઘણી ખરાબ અસર થઈ. ઈ.સ. 1932માં ચોખાનો પાક નિષ્ફળ ગયો તેથી ગ્રામ્ય વિસ્તારોમાં દુષ્કાળની સ્થિતિ તથા અશાંતિ પેદા થયાં. કમનસીબે, ઉદારમતવાદી રાજકીય નેતાઓ આ કટોકટીનો ઉકેલ લાવવામાં નિષ્ફળ ગયા. કટોકટીની આ પરિસ્થિતિ, લશ્કરના જુનિયર અધિકારીઓમાં ઉગ્ર રાજકીય વિચારોની રચના કરવામાં કારણભૂત બની. આ કિતા ઈક્કી દ્વારા રજૂ કરેલ 'શોવા પુનર્રચના'ની લોકપ્રિયતામાં વ્યક્ત થયું જેનો અર્થ થતો હતો લશ્કરી સરમુખત્યારશાહી દ્વારા રાજ્યના સમાજવાદની સ્થાપના.

1930ના દાયકામાં ઉગ્ર-રાષ્ટ્રવાદ તથા પ્રત્યાઘાતી રૂઢિવાદે તેની આર્થિક અને રાજકીય કટોકટી દરમિયાન જાપાનમાં આ રીતે પોતાનાં મજબૂત મૂળ નાખ્યાં. ઉગ્ર રાષ્ટ્રવાદ અને લશ્કરવાદ, મંચુરિયામાં તેને મળેલા વિજય તથા 'પૂર્વીય સામ્રાજ્ય' સ્થાપવા માટેની તેની તીવ્ર ઇચ્છાએ જાપાનને દ્વિતીય વિશ્વયુદ્ધમાં ધકેલ્યું.

### 33.2.6 બ્રિટન, ફ્રાંસ અને તુષ્ટીકરણની નીતિ (Britain, France and the Policy of Appeasement)

ઈ.સ. 1937થી જ્યારે હિટલર મધ્ય યુરોપના પ્રદેશો ખાલસા કરવામાં રોકાયેલો હતો ત્યારે પાશ્ચાત્ય લોકશાહી રાજ્યો સમાધાનની નીતિ દ્વારા સમજૂતી માટે કામ કરી રહ્યા હતા. સમાધાનની પાછળ પાયાનું દર્શન (તર્ક) એ રહેલું છે કે ''કોઈ વસ્તુની માલિકી ધરાવનારને જ્યારે પડકારવામાં આવે ત્યારે તેણે આખરે અનિવાર્યપણે કેટલીક વસ્તુનો ત્યાગ કરવો પડે.'' બ્રિટિશ વડાપ્રધાન નેવિલ ચેમ્બરલેઇને 1937થી એંગ્લો-જર્મન જોડાણ સિદ્ધ કરવા માટે, આ નીતિનો અમલ કર્યો હતો.

ચેમ્બરલેઈનની નીતિ પાછળનાં મુખ્ય પરિબળો આ પ્રમાણે હતાં : જર્મની, ઇટાલી અને જાપાનની સંયુક્ત તાકાતનો ભય, ફ્રાન્સની રાજકીય તથા લશ્કરી અવિશ્વસનીયતા; સોવિયેટ સંઘ પ્રત્યે શંકા; જર્મની સાથે લાંબા સમય માટેનું યુદ્ધ; મોટા પાયા પરના શસ્ત્રીકરણ પરનું નાણાકીય ખર્ચ તથા તેના રાજકીય પ્રત્યાઘાતો; આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું ખોટું મૂલ્યાંકન તથા આખરે બ્રિટનની સંરક્ષણ વ્યવસ્થાને મજબૂત કરવા માટે વધુ સમય મેળવવો. સામાજિક અને રાજકીય દબાણો, નાણાંકીય તથા લશ્કરી મર્યાદાઓ, ફ્રાન્સની નીતિ નક્કી કરવામાં ઘણુંખરું નિર્ણાયક બન્યાં.

તેના પરિણામે, ઈ.સ. 1938માં સોવિયેટ સંઘ દ્વારા, જર્મનીના આક્રમણ વિરુદ્ધનાં પગલાં લેવા અંગેની વિચારણા કરવા માટે ચાર દેશોની પરિષદ બોલાવવા માટે પૂરી પાડવામાં આવેલી તકનો લાભ લેવામાં તેઓ નિષ્ફળ ગયા. જાપાનનું ચીન પરનું આક્રમણ, ઇટાલીનું એબિસિનિયા પરનું આક્રમણ તથા જર્મનીએ પ્રાગ કબજે કરી લીધું તે દરમિયાન આ રાષ્ટ્રો દરમિયાનગીરી કરવામાં નિષ્ફળ ગયા. ઈ.સ. 1940માં માત્ર ફ્રાન્સ પરનું હિટલરનું આક્રમણ સમાધાનની નીતિને જોરદાર ફટકો લગાવી શક્યું.

## 33.3 વિશ્વયુદ્ધ શરૂ થવાનાં કારણો (Origins of the War)

વિશ્વયુદ્ધનાં તાત્કાલિક કારણો તે સમયના આંતરરાષ્ટ્રીય બનાવોની હારમાળામાંથી શોધી શકાય. ફાસીવાદી સત્તાઓ (દેશો) દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલા યુદ્ધના ભયને બ્રિટન તથા ફ્રાન્સના કટોકટીના સમયની નિર્ણાયક તથા સંયુક્ત દરમિયાનગીરી દ્વારા સંભવતઃ ટાળી શકાયો હોત. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમને સ્પષ્ટ થઈ જશે કે હિટલરનો ઉદય, ફાસીવાદી ચળવળનો વિકાસ અને યુરોપમાં આક્રમક લશ્કરી પગલાંઓમાં અનિવાર્યતા જેવું કંઈ હતું નહિ. 1920 તથા 1930ના દાયકાઓની આર્થિક તથા રાજકીય કટોકટીની પરાકાષ્ટા, જો ઉદારવાદી રાજકીય પરિબળોએ આ કટોકટી દૂર કરવાની દિશામાં પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હોત તો, ફાસીવાદીના વર્ચસ્વ અને આક્રમક યુદ્ધોમાં પરિણમત નહિ

### 33.3.1 જાપાન અને પૂર્વ એશિયાની કટોકટી (Japan and the Crisis in Eastern Asia)

1928-37 દરમિયાન પૂર્વ એશિયામાં વધતો જતો સંઘર્ષ જુલાઈ 1937માં ચીન-જાપાન યુદ્ધ તરફ દોરી ગયો. તેને સામાન્ય રીતે વિશ્વયુદ્ધ તરફ જવાની શરૂઆત માનવામાં આવે છે. પશ્ચિમના દેશોએ જાપાનને રાષ્ટ્રસંઘની મદદથી અંકુશમાં લેવાનો પ્રયાસ કર્યો, પરન્તુ તેમાં સફળતા મળી નહિ.

મંદી બાદ અર્થવ્યવસ્થાના પુનઃનિર્માણ માટે -- જાપાનને મૂડી તથા કોલસા, રૂ, કાચું લોખંડ અને તેલ બહારથી મેળવવાની જરૂર હતી. ખાસ કરીને કાચો માલ મેળવવા માટે મંચુરિયા ઉપર અંકુશ રાખવો અતિ મહત્ત્વનું હતું. નોંધપાત્ર બાબત એ છે કે 1929 સુધીમાં જાપાનનું વિદેશોમાં કુલ રોકાણ હતું તેનો 4/5 ભાગ ચીનમાં હતો. ચીન પણ પોતાનું એક એશિયાઈ સામ્રાજ્ય સ્થાપવાનું સામ્રજ્યવાદી સ્વપ્ન જોઈ રહ્યું હતું.

1930ના દશકામાં ઉદય પામેલ ઉગ્ર-રાષ્ટ્રવાદ તથા લશ્કરવાદ વિદેશોમાં સામ્રાજ્યવાદ તરીકે વ્યક્ત થાય એ નિશ્ચિત હતું. સપ્ટેમ્બર 1931માં જાપાનના લશ્કર દ્વારા મંચુરિયાના કવાન્તુંગના સૈન્ય પર ઉદ્ધતાઈભર્યો કબજો કરવામાં આવ્યો, તેમાં પ્રતિબિંબિત થાય છે. હકીકતમાં, ફેબ્રુઆરી 1932 સુધીમાં લશ્કરે 'મંચુકુઓ' નામની પૂતળા સરકારની સ્થાપના કરી, જેને માન્યતા આપવાનો રાષ્ટ્રસંઘે ઇન્કાર કર્યો. તેથી માર્ચ 1933માં જાપાને રાષ્ટ્રસંઘનો ત્યાગ કર્યો અને વિસ્તારવાદ તરફ આગળ વધવા લાગ્યું. જાપાનની સરકાર અગાઉ અથવા તો પાછળથી લશ્કરવાદ પર અંકુશ મૂકી શકી નહિ. મુલકી (Civil) સરકાર પર લશ્કર વર્ચસ્વ ભોગવતું હતું. તેનું પરિણામ એ આવ્યું કે જુલાઈ 1937માં ચીન સામે સંપૂર્ણ યુદ્ધ જાહેર કરવામાં આવ્યું. યુદ્ધ મોજું ચીન અને જાપાન ઉપરાંત અન્યત્ર વિકસવા અને ફેલાવા લાગ્યું.

### 33.3.2 એબિસિનિયા / ઈથીઓપિયા પર ઇટાલીનું આક્રમણ 1935-36 (Italy's Invasion of Abyssinia/Ethiopia 1935-36)

ઇટાલી, આફ્રિકામાં વસાહતી સામ્રાજ્યનું નિર્માણ ન તો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા સંઘર્ષ દરમિયાન કરી શક્યું અથવા ન તો પ્રથમ વિશ્વયુદ્ધ બાદ પેરિસ શાંતિ પરિષદમાં તેને કોઈ સફળતા મળી. ઈ.સ. 1896માં સ્વતંત્ર ઇથીઓપિયાએ ઇટાલીને પરાજય આપ્યો હતો. તે 1935-36માં મુસોલિનીનું જીતી લેવા માટેનું લક્ષ્ય બન્યું. વસાહતી સામ્રાજ્ય સ્થાપવા તરફનું તેનું આ પ્રથમ સોપાન હતું.

જે ફ્રાન્સ હિટલરની વિરુદ્ધ મુસોલિનીના સમર્થન માટે પ્રયાસ કરતું હતું તે ફ્રાન્સને જાન્યુઆરી 1935માં મુસોલિનીએ તટસ્થ કરી દેવામાં સફળતા મેળવી. પરન્તુ, લોકોની સહાનુભૂતિના દબાણથી બ્રિટને ઈથીઓપિયાની પડખે રહેવાની ખાતરી આપી. તેમ છતાં, 3 ઑક્ટોબર, 1935ના રોજ ઇટાલીએ ઈથીઓપિયા પર આક્રમણ કર્યું. રાષ્ટ્રસંઘે, તાત્કાલિક ઇટાલીને આક્રમક જાહેર કરી દીધું અને તેના ઉપર આર્થિક નાકાબંધી લાદવામાં આવી. પરન્તુ બ્રિટન અને ફ્રાન્સની સમાધાનકારી નીતિને કારણે પ્રતિબંધ (નાકાબંધી) બિનઅસરકારક બની ગયા. ઇટાલીને સંતોષ આપવા માટે તેમણે ઈથીઓપિયાનું વિભાજન કરવાની દરખાસ્ત પણ મૂકી, પરન્તુ લોકોના રોષની સમક્ષ તેમણે દરખાસ્ત પરત લેવી પડી.

1936ની વસંત ઋતુ સુધીમાં, હવાઈ હુમલામાં ઝેરી ગેસ વાપરીને તથા રક્ષણ રહિત આદિવાસીઓની હજારોની સંખ્યામાં કતલ કરીને ઇટાલીના લશ્કરે ઈથીઓપિયાનો વીરતાભર્યો સામનો તોડી નાખ્યો. 5મી મેના દિવસે ઇટાલીના લશ્કરે પાટનગર એડિસ અબાબામાં કૂચ કરી.

આ યુદ્ધે ખરેખર રાષ્ટ્રસંઘને મરણતોલ ફટકો માર્યો અને મુસોલિનીને હિટલરના જેવો આક્રમક બનાવ્યો. તેના ફલસ્વરૂપ પાછળથી રોમ-બર્લિન ધરી અસ્તિત્વમાં આવી, જેણે આંતરરાષ્ટ્રીય શાંતિને ભયંકર નુકસાન કર્યું.

### 33.3.3 સ્પેનનો આંતરવિગ્રહ, 1936-39 (The Spanish Civil War, 1936-39)

ઈ.સ. 1900 પછી સ્પેનને અસર કરનારા, લોકોના અસંતોષના ત્રણ મુખ્ય પ્રવાહો : કામદાર વર્ગનું ક્રાંતિકારી આંદોલન, પ્રાંતિક સ્વાયત્તતા માટેની માંગ અને પાદરીવાદનો વિરોધ હતા. સપ્ટેમ્બર 1923થી જાન્યુઆરી 1930 સુધીની પ્રાઈમ ડી રિવર્સની લશ્કરી સરમુખત્યારશાહી અથવા તો 1931 પછીની ચૂંટાયેલી રિપબ્લિકન સરકાર લોકોની આ ફરિયાદોને દૂર કરી શકી નહિ. તેમ છતાં 1936ની ચૂંટણીઓ બાદ ડાબેરી તથા ડાબેરી મધ્યમમાર્ગી પક્ષો સત્તા પર આવ્યા. પરન્તુ ઉગ્ર ડાબેરી પક્ષોને આ પરિવર્તનથી સંતોષ થયો નહિ અને સીધાં પગલાં ભરવાનો માર્ગ તેમણે અપનાવ્યો. તેમાં જમીનનો કબજો તથા સામૂહિક ક્રાંતિકારી ઉત્તેજના સભર ક્રાંતિકારી હડતાળોનો સમાવેશ થતો હતો. ક્રાંતિની વિરુદ્ધમાં પ્રતિક્રાંતિકારી

બળોનો પ્રવેશ થવાથી 17મી જુલાઈ, 1936ના રોજ સ્પેનમાં ખરેખર આંતરવિગ્રહ શરૂ થઈ ગયો.

સ્પેનનો આંતરવિગ્રહ ત્રણ વર્ષ ચાલ્યો, તે ક્રાંતિકારી તથા રૂઢિચુસ્ત પરિબળો વચ્ચેનો આંતરિક સંઘર્ષ તથા ફાસીવાદી અને લોકશાહી સરકારોને સંડોવતી આંતરરાષ્ટ્રીય લડાઈ એમ બન્ને હતો. એક મહત્ત્વપૂર્ણ સમયે તે સામ્યવાદ, ફાસીવાદી તથા ઉદારવાદની વચ્ચે વિચારસરણીઓની લડાઈ પણ બની ગઈ. ખરેખર સ્પેનમાં થઈ રહેલા ફેરફારો વિશ્વયુદ્ધનાં ચિહ્નો સમાન હતાં.

જનરલ ફ્રાન્કોએ ડિસેમ્બર 1938માં, હિટલર તથા મુસોલિનીની સક્રિય મદદથી સ્પેનના લોકો પર ફાસીવાદી સરકાર લાદી. તેને પશ્ચિમના લોકશાહી દેશોએ માન્યતા આપી. તેની સાથે જ પશ્ચિમની લોકશાહી સરકારોની સાથે ''સામૂહિક સલામતી'' માટેના સોવિયેટ સંઘના પ્રયાસોનો અંત આવ્યો, કારણ કે ફાસીવાદી સત્તાઓને નિયંત્રિત કરવા માટે પશ્ચિમના લોકશાહી દેશો નબળા તથા અસ્થિર મનવાળા પુરવાર થયા.

## 33.3.4 વિશ્વયુદ્ધ તરફ જર્મનીનું પ્રયાણ, 1933-39

**(Germany's Move Towards the World-War, 1933-39)**

ઈ.સ. 1933-39 દરમિયાન હિટલરે જર્મનીની લોકશાહી સંસ્થાઓનો સંપૂર્ણ નાશ કર્યો તથા યુરોપને નાઝીવાદી કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી. ઈ.સ. 1939માં શરૂ થયેલ વિશ્વયુદ્ધ તરફ દોરી જતા બનાવો બહુ ઝડપથી બન્યા. મુસોલિનીના ઈથીઓપિયા પરના આક્રમણને હિટલરનું સમર્થન આ પ્રક્રિયાનું નિર્ણાયક બિન્દુ હતું. સ્પેનના આંતરવિગ્રહે આ મૈત્રી સુદૃઢ કરી. આ સમય દરમિયાન હિટલરે પણ જર્મનીનું પુનઃશસ્ત્રીકરણ તથા રૂહાઈનલૅન્ડમાં પુનઃ લશ્કરીકરણનું કાર્ય પૂરું કરી લીધું હતું. બ્રિટન તથા ફ્રાન્સની તટસ્થ નીતિનો લાભ લઈને હિટલરે 1938માં ઑસ્ટ્રિયા સાથે એકતા સિદ્ધ કરી. ત્યાર બાદ ચેકોસ્લોવાકિયાનું વિભાજન કરવામાં આવ્યું અને માર્ચ 1939 સુધીમાં તેને સંપૂર્ણ ખાલસા કરવામાં આવ્યું. હિટલરને આ કાર્ય સિદ્ધ કરવા માટે બ્રિટનનો મૌન ટેકો મળ્યો હતો.

જોકે જ્યારે જર્મનીએ સ્લાવ લોકોની ભૂમિ સુધી વિસ્તાર કર્યો ત્યારે વાત વધી ગઈ. ''પોલેન્ડની ગેલરી'' એક એવો મુદ્દો હતો જેના ઉપર હિટલરે જર્મનીની ઉગ્ર રાષ્ટ્રવાદી ભાવનાઓને બહેકાવી. આ સમયે સોવિયેટ સંઘે દૃશ્યમાં પ્રવેશ કર્યો. ફાસીવાદી આક્રમણનો સામનો કરવા માટે તેના લોકપ્રિય મોરચાની દરખાસ્તને પશ્ચિમના લોકશાહી દેશોનો અયોગ્ય પ્રતિભાવ મળવાથી સ્તાલિનનો ભ્રમ ભાંગી ગયો, અને તેણે જર્મની સાથે પરસ્પર આક્રમણ ન કરવાના કરાર 1939માં કર્યા. આ ઉપરાંત સ્તાલિને પોલેન્ડના વિભાજનનો સ્વીકાર કરી લીધો. જર્મનીએ 1 સપ્ટેમ્બર, 1939ના રોજ પોલૅન્ડ પર આક્રમણ કરવાથી, વાસ્તવમાં વિશ્વયુદ્ધ શરૂ થયું. બે દિવસ બાદ, બ્રિટન તથા ફ્રાન્સે પોલેન્ડના સંરક્ષણ માટે યુદ્ધમાં ઝંપલાવ્યું. ફરી એક વાર જર્મનીનો ઉગ્રરાષ્ટ્રવાદ વિશ્વયુદ્ધ માટે મૂળભૂત કારણ બન્યો.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. વર્સાઈના કરારની જર્મની પર શું અસર પડી? દસ લીટીઓમાં જવાબ આપો.

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

2. આ સમયગાળા દરમિયાન પૂર્વ એશિયામાં મહત્ત્વની કટોકટી કઈ હતી?
   આશરે સો શબ્દોમાં જવાબ લખો.

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

----------------------------------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------------------------

-------------------------------------------------------------------------------------------

3. નીચેનાં વિધાનો વાંચો અને ખરું (✓) અથવા ખોટું (X) નિશાની કરો :
   (1) વિશ્વવ્યાપી આર્થિક મંદી રાષ્ટ્ર-રાજ્યો વચ્ચે આપસ-આપસમાં ટકી રહેવા માટે ભયંકર સ્પર્ધા તરફ દોરી ગઈ.
   (2) વિચારધારાની દૃષ્ટિએ, નાઝી ચળવળ સામ્યવાદ-વિરોધી તથા લોકશાહી-વિરોધી હતી.
   (3) ઇટાલીમાં ફાસીવાદની સફળતા માત્ર મુસોલિનીના નેતૃત્વને આભારી હતી.
   (4) સ્પેનનો આંતરવિગ્રહ સામ્યવાદ, ફાસીવાદ તથા ઉદારવાદ વચ્ચેની વિચારધારાઓની લડાઈ બન્યો.

## 33.4 દ્વિતીય વિશ્વયુદ્ધનો વિસ્તાર (Course of the Second World War)

વિશ્વયુદ્ધની સંપૂર્ણ પ્રક્રિયાને ચાર વિશાળ તબક્કામાં વહેંચી શકાય. શરૂઆતનો તબક્કો ફાસીવાદી સેનાઓની ઝડપી કૂચનો હતો. ત્યાર બાદ યુદ્ધમાં તીવ્રતા આવી તથા તેને વિશ્વવ્યાપી બનવાનો તબક્કો આવ્યો. જાપાન, યુનાઇટેડ સ્ટેટ્સ તથા રશિયાનો યુદ્ધમાં પ્રવેશ થવાથી તે વિશ્વવ્યાપી તથા દીર્ઘકાલીન બન્યું. એક વાર સોવિયેટ સંઘે તેને ''દેશભક્તિપૂર્ણ યુદ્ધ'' તરીકે જાહેર કર્યું અને કબજો કરેલા વિસ્તારોમાં લોકોની વિરોધી ચળવળો લોકપ્રિય થઈ ત્યારે ધરી રાજ્યોનાં ફાસીવાદી લશ્કરો પોતાનું રક્ષણ કરવું પડે એવી સ્થિતિમાં મુકાઈ ગયાં. ત્યાર બાદ જે બનાવો બન્યા તેનાથી યુદ્ધની પરિસ્થિતિ અનિવાર્યપણે બદલાઈ ગઈ. ફાસીવાદી સેનાઓને પીછેહઠ કરવાની ફરજ પડી. આખરે ઇટાલી, જર્મની તથા જાપાનનો વિનાશક પરાજય થયો.

### 33.4.1 આરંભનો તબક્કો : જર્મનીનો વિજય (Initial Stage : The Triumph)

1939-41 દરમિયાન જર્મનીએ યુરોપમાં સંખ્યાબંધ ઝડપી વિજયો મેળવ્યા. તે માટે તેણે બ્લિટ્ઝક્રિગની યુક્તિ એટલે કે વીજળી વેગે પહેલાં ટેન્કો દ્વારા ઝડપથી સરહદો ભેદીને લુફ્વોફે બીજા દેશોમાં પ્રવેશ અને પછી હવાઈ હુમલા લુફ્વોફે તેણે અપનાવ્યા. સપ્ટેમ્બર 1939માં પોલેન્ડ કબજે કરવામાં આવ્યું. પોલેન્ડના પૂર્વના પ્રાન્તો રશિયાનાં સૈન્યોએ કબજે કર્યા અને બાકીનું પોલેન્ડ જર્મનીના અંકુશ હેઠળ હતું. હિટલર (ફયુહરર- હિટલરનો ઇલકાબ) ની શરૂઆતનાં યુદ્ધોમાં ઝડપથી હુમલા કરી દેવાની રણનીતિ ઘણી અસરકારક પુરવાર થઈ.

ફયુહરરનું હવે પછીનું લક્ષ્ય, સબમરીનનું મથક બની શકે એવાં નોર્વે, તથા ડેન્માર્ક હતાં. એપ્રિલ 1940માં જર્મન સેનાએ ડેન્માર્કમાં થઈને નોર્વે ઉપર એકાએક આક્રમણ કર્યું. મે મહિના સુધીમાં ફ્રાન્સ પર જોખમ પેદા થયું. સ્કેન્ડિનેવિયન તટસ્થ રાજ્ય સ્વીડન એકલું જેમનું તેમ બચી ગયું હતું. 10મી મેના રોજ નેધરલેન્ડ્ઝ તથા થોડા દિવસો બાદ બેલ્જિયમને જર્મનીએ કબજે કરી લીધાં.

તેમાં નવાઈની વાત એ છે કે, બ્રિટન તથા ફ્રાન્સનો પ્રતિભાવ આ સમય દરમિયાન બિનઅસરકારક તથા નિરુત્સાહી પુરવાર થયો હતો. તેમના સેનાપતિઓ ઝડપથી હુમલા કરવાની યુદ્ધનીતિ (બ્લિટ્ઝક્રિગ)નું મહત્ત્વ સમજી શક્યા નહિ. તેના ફલસ્વરૂપે તેઓએ તેની ઘણી વધારે કિંમત ચૂકવવી પડી.

12 મી મેના દિવસે જર્મન લશ્કરે સેદાન પાસેથી ફ્રાન્સમાં પ્રવેશ કર્યો. એક જ અઠવાડિયામાં નાઝી સેના ફ્રાંસના આંતરિક વિસ્તારોમાં ધસારો કરતી હતી. ફ્રાન્સમાં છદ્મ યુદ્ધ (Phony War) ફેલાઈ ગયું. 25મી મેના રોજ બેલ્જિયમે શરણાગતિ સ્વીકારી. જૂન માસની મધ્યમાં મુસોલિનીએ પણ ફ્રાન્સ સામે યુદ્ધ જાહેર કર્યું અને પેરિસ અરક્ષિત રહ્યું અને કબજે કરવામાં આવ્યું. 17 જૂનના રોજ ફ્રાન્સે યુદ્ધવિરામ માટે વિનંતી કરી. યુગોસ્લાવિયા તથા ગ્રીસ, એપ્રિલ-મે 1941 દરમિયાન જીતી લીધા પછી, હિટલર રશિયા તરફ ગયો.

### 33.4.2 મંદ સ્થિતિ : રશિયા અને યુનાઇટેડ સ્ટેટ્સનો યુદ્ધમાં પ્રવેશ (The Stalling Stage : Entry of Russia and USA)

સ્તાલિનની હિટલર સાથેના સમાધાનની નીતિ નિરર્થક પુરવાર થઈ. 22મી જૂન 1941ના દિવસે ફયુહરરે યુનિયન ઑફ સોવિયેટ્સ સોશિયાલિસ્ટ રિપબ્લિક (USSR) પર ખુલ્લું આક્રમણ કર્યું. એ રીતે યુદ્ધના મહત્ત્વપૂર્વ તબક્કા બે મોરચા પર શરૂ થયા. આશરે બે હજાર માઈલના વિસ્તારમાં કુલ 150 સશસ્ત્ર ડિવિઝનોએ જોરદાર ધસારો કર્યો. સપ્ટેમ્બર મહિના સુધી ફાસીવાદી સૈન્યો કોઈના રોક્યા વિના કે લડ્યા

વિના આગળ વધતાં રહ્યાં. તે સૈન્યોએ લેનિનગ્રાદ શહેરને ઘેરી લીધું. તે ઘેરો ત્રીસ મહિના સુધી રહ્યો. ઑક્ટોબર મહિના સુધીમાં યુક્રેન પર સંપૂર્ણ કબજો કરી લેવામાં આવ્યો. એવી પ્રતીતિ થાય છે કે સોવિયેત સંઘે સમય મેળવવા માટે સ્થળમાં ફેલાઈ જવાની નીતિ અપનાવી હતી.


Regd. No. B. 3000
All The News
THE BOMBAY SENTINEL
Final Edition
Edited By B. G. Horniman
VOL. VIII NO. 205 BOMBAY: TUESDAY, AUGUST 27, 1940 PRICE: ONE ANNA

# Hitler Launches Biggest Air Attack On Britain

Twilight Twitters

EGYPTIAN PREMIER RESIGNS

Whole-Night Raid On 500 Mile Coast Line Front Extended Across Country From North To South

LONDON SURROUNDED BY WALL OF LIGHT DURING LONGEST AIR RAID CITY EVER EXPERIENCED

Rumania Prepared For Every Sacrifice

Axis Powers' "Programme" In U. S.

"EGYPTIAN AND BRITISH INTERESTS IDENTICAL"

British Ambassador's Vigorous Reply To Axis Allegations

NAZIS EXPERIENCE STIFF RESISTANCE

JAWAHAR ON CONGRESS PLANS

DRIVER KILLED IN GOODS TRAIN ACCIDENT

GENERAL STAFF RESPONSIBLE FOR FRENCH DISASTERS

R.A.F. Raids On Somaliland & Abyssinia

PATIENTS TAKEN TO TRENCHES

ANOTHER AIR RAID ALARM IN BERLIN

Telegraph Traffic To Somaliland Suspended

વિશ્વયુદ્ધ વિશે વર્તમાનપત્રના હેવાલ

ઑક્ટોબર તથા નવેમ્બર મહિના દરમિયાન રશિયાના શિયાળાની ઠંડીને કારણે હિટલરે તેનાં કૂચ ધીમાં કરવાની ફરજ પાડી. 2જી ડિસેમ્બરના રોજ સ્તાલિને મોસ્કોનું રક્ષણ કરવામાં સફળતા મેળવી. હવે સોવિયેટ સંઘે આક્રમક નીતિ અપનાવવાની શરૂ કરી. ઈ. સ. 1812માં નેપોલિયન બોનાપાર્ટે જે ભૂલ કરી હતી, તેનું હિટલરે પુનરાવર્તન કર્યું જેનાથી તેનાં બધાં સ્વપ્નોનો ભાંગીને ભુક્કો થઈ ગયો.

પર્લ હાર્બર ઉપરના જાપાનના હુમલાએ 7મી ડિસેમ્બર 1941ના રોજ અમેરિકાને યુદ્ધમાં ખેંચી આણ્યું અને એ રીતે આ યુદ્ધને પૂર્ણપણે વિશ્વયુદ્ધ બનાવી દીધું. એપ્રિલ, 1942 સુધીમાં, જાપાને સમગ્ર દક્ષિણ-પૂર્વ (અગ્નિ) એશિયા - ગુઆમ અને વેક ટાપુઓ અને સિંગાપુર, ફિલિપિન્સ, બર્મા અને નેધરલેન્ડ્ઝ, ઈસ્ટ ઇન્ડિઝ વગેરેને પોતાના કબજામાં લઈ લીધાં. અમેરિકાએ જર્મનીને સૌ પ્રથમ હરાવવાની અગ્રતા આપી હતી. તેમ છતાં, તેણે મે 1942 સુધીમાં જાપાનને પેસિફિક સમુદ્રમાં આગળ વધતું રોકી દેવામાં સફળતા મેળવી. 1942-43 દરમિયાન સોવિયેટ સંઘે નિર્ણાયક વિજયો મેળવ્યા પરન્તુ તેણે ભારે નુકસાન ભોગવવું પડ્યું. આ સમય દરમિયાન, બ્રિટિશ તથા અમેરિકન સૈન્યો માત્ર સંખ્યાબંધ નૌકા અને હવાઈ યુદ્ધોમાં રોકાયેલાં રહ્યાં હતાં.

### 33.4.3 રક્ષણાત્મક સ્થિતિ : ધરી રાજ્યોનો ભાગ્યપલટો

### (The Defensive Stage : Reversal of the Axis Fortunes)

નાઝી શાસકોએ કબજે કરેલા પ્રદેશોમાં જંગલી દમન તથા કતલ સહિત તેમની જાતિય એટલે કે વંશીય નવી વ્યવસ્થા લાદી. જર્મનીનું યુદ્ધનું તંત્ર મજબૂત કરવા માટે લોકો પાસે ફરજિયાત મજૂરી કરાવવામાં આવી. તેના પરિણામે સ્વયંભૂ ગુપ્ત વિરોધી સંગઠનો સર્વત્ર સ્થાપવામાં આવ્યાં આ આંદોલનો સંગઠિત




(ક) પોતાના દેશની સરહદ પુનઃસ્થાપિત
કરતા સોવિયેટ સૈનિકો 1944



(ખ) મોસ્કોમાં [illegible]



(ગ) લડાઈમાંથી પાછા ફરેલા
સૈનિકોનું સ્વાગત કરતા મોસ્કોના લોકો



(ઘ) રેડ સ્ક્વેર મોસ્કોમાં 24.6. 1945ના રોજ
વિજય કૂચ-નાઝી ધ્વજ નીચે ફેંકેલો છે.

કરવામાં માર્શલ ટીટો તથા ચાર્લ્સ દ્ ગૉલ મહત્ત્વની વ્યક્તિઓ હતી. જર્મનીમાં પણ હિટલર-વિરોધી લોકપ્રિય ચળવળ શરૂ થઈ.

યુદ્ધના મોરચા પર, ધરી રાજ્યોનાં સૈન્યોએ, 1942 સુધીમાં રક્ષણાત્મક સ્થિતિમાં આવવાની ફરજ પડી. સ્તાલિનગ્રાદની લડાઈમાં, સોવિયેટ લાલ સેનાએ અઢી લાખ નાઝી સૈનિકોને રોકી લીધા અને જ્યારે તે સૈનિકોએ એક વર્ષ બાદ શરણાગતિ સ્વીકારી ત્યારે માત્ર 80,000 સૈનિકો જીવિત હતા.

અન્ય પ્રદેશોમાં, અંગ્રેજો ઈજિપ્તમાં આગળ વધ્યા. અમેરિકાનાં સૈન્યો ફ્રેન્ચોના ઉત્તર આફ્રિકામાં જઈ પહોંચ્યાં અને આ રીતે મિત્ર રાષ્ટ્રોએ ધરી રાષ્ટ્રોને ઘેરી લેવાની શરૂઆત કરી દીધી.

હવે પછી ભાગ્ય પલટાવા માંડ્યું. ફાસીવાદી લશ્કરોની શરણાગતિ હવે માત્ર સમયનો પ્રશ્ન હતો. 24 જાન્યુઆરી, 1943ના દિવસે મિત્ર રાષ્ટ્રોના લશ્કર દ્વારા ટ્રિપોલી તથા 13 મેના દિવસે ટ્યુનિસિયાને ઘેરી લેવામાં આવ્યું. સિસિલી જુલાઈમાં જીતી લેવામાં આવ્યું અને ત્યાર બાદ ઇટાલીમાં મુસોલિનીની સરકારનું પતન થયું. તેના પરિણામે મિત્ર રાષ્ટ્રોનાં સૈન્યોએ ઇટાલીના કેટલાક પ્રદેશો કબજે કર્યા. પૂર્વના મોરચે લાલ સેનાએ 1943 સુધીમાં યુક્રેનના મોટા ભાગના પ્રદેશોને મુક્ત કરાવ્યા. ત્યાર બાદ લાલ સેના યુરોપમાં આગળ વધવા લાગી.

### 33.4.4 ધરી રાજ્યોની પીછેહઠ અને પરાજય (Retreat and Defeat of Axis Powers)

ઈ. સ. 1942-45 દરમિયાન ધરી રાજ્યોના પરાજયમાં લોકોની વિરોધી ચળવળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આંતરિક ભાંગફોડનાં કાર્યો સામાન્ય બની ગયાં. સોવિયેટ સંઘમાં અનેક ઠેકાણે અને યુગોસ્લાવિયામાં પૂર્ણ સ્વરૂપે ગેરીલા યુદ્ધ લડવામાં આવ્યું. કબજે કરવામાં આવેલા બધા દેશોમાં મિત્રરાજ્યોનાં લશ્કરની યોજનાઓ હકીકતમાં મજબૂત પ્રતિકારરૂપ સંઘર્ષને લીધે બની.

એટલામાં 4થી 6 જૂન દરમિયાન મિત્રરાજ્યોનાં લશ્કરોએ રોમ શહેરને મુક્ત કર્યું અને નોરમન્ડીમાં ઉતરાણ કર્યું. તેમ છતાં, ઇટાલીને સંપૂર્ણપણે સ્વતંત્ર કરવામાં લગભગ એક વર્ષનો સમય લાગ્યો. પેરિસ સહિત ફ્રાન્સના મુખ્ય વિસ્તારો સપ્ટેમ્બર 1944 સુધીમાં તથા સંપૂર્ણ ફ્રાન્સ માર્ચ 1945 સુધીમાં સ્વતંત્ર કરવામાં આવ્યાં. બેલ્જિયમને પણ ઝડપથી મુક્ત કરાવવામાં આવ્યું. રશિયાના મોરચેથી લાલ સેનાએ પોલેન્ડ અને બાલ્ટિક રાજ્યો મારફતે ધસારો કર્યો અને સપ્ટેમ્બર 1944 સુધીમાં બલ્ગેરિયા કબજે કરી લીધું, જ્યારે ઑગસ્ટ 1944માં રુમાનિયા તથા ફિનલૅન્ડે શાંતિ સ્થાપવા માટેની દરખાસ્ત મૂકી.

એશિયામાં મે 1945 સુધીમાં મિત્ર રાજ્યોનાં સૈન્યોએ સૈપાન, તિનિઆન, ગુઆમ, ફિલિપિન્સ અને બર્મા કબજે કર્યાં. જૂન 1945 માં ઑકિનાવા ટાપુ કબજે કરીને તેમણે જાપાનને ધમકી આપી.

યુરોપમાં 1945ની શરૂઆતમાં મિત્ર રાજ્યોનાં લશ્કરે પૂર્વ તથા પશ્ચિમ તરફથી જર્મનીને ઘેરી લેવાની શરૂઆત કરી. 22 એપ્રિલ, 1945 સુધીમાં સોવિયેટ સંઘની સેનાએ બર્લિન કબજે કર્યું. 28 એપ્રિલના રોજ મુસોલિનીની હત્યા કરવામાં આવી, તેને બીજે દિવસે તેના દેશ ઇટાલીએ શરણાગતિ સ્વીકારી. 30 એપ્રિલ, 1945ના દિવસે એડોલ્ફ હિટલરે આપઘાત કર્યો અને 7 મે, 1945ના રોજ જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી.

## 33.5 પરિણામો (Consequences)

અગાઉનાં યુદ્ધોથી ભિન્ન, દ્વિતીય વિશ્વયુદ્ધે માનવજીવનનાં પ્રત્યેક પાસાં પર અસર કરી હતી. યુદ્ધમાં વૈજ્ઞાનિક તથા ટેકનોલૉજિકલ સંશોધનોનો ઉપયોગ તથા તેનાં વિનાશકારી પરિણામો અપૂર્વ હતાં. ખાસ કરીને, યુદ્ધ માટે અણુશસ્ત્રનો ઉપયોગ કરવાથી પૃથ્વી ઉપર અસ્તિત્વ ધરાવતી માનવજાત માટે નવો ભય પેદા થયો.

આંતરરાષ્ટ્રીય સંબંધોમાં શાંતિનો જૂનો ખ્યાલ સમાપ્ત થઈ ગયો. સંસ્થાનવાદનું સ્થાન વિશ્વ સામ્રાજ્યવાદી શોષણની નવી પદ્ધતિ - નવા સંસ્થાનવાદે લીધું હતું. સંસ્થાનવાદનો વિનાશ થયો અને તેમાંથી અનેક સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં. તે રાષ્ટ્રો હવે "ત્રીજી દુનિયા" (થર્ડ વર્લ્ડ) કહેવાય છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપનાથી શાંતિ માટેની નવી ક્ષિતિજો દષ્ટિગોચર થઈ, પરન્તુ 'ઠંડા યુદ્ધ'ની શરૂઆત થવાથી નવી તંગદિલી પેદા થઈ.

### 33.5.1 ભારતની રાજકીય સ્થિતિ પર અસર (Effect on Indian Political Scene)

ભારતમાં 1938-39નાં ફાસીવાદી આક્રમણો પ્રત્યે રાજકીય પ્રત્યાઘાતો ઘણા તીક્ષ્ણ હતા. બ્રિટિશ-વિરોધી કૉંગ્રેસનો રાષ્ટ્રવાદ તથા સામ્રાજ્યવાદ-વિરોધી અને ફાસીવાદ-વિરોધી ડાબેરી (ઉદ્દામ) આંતરરાષ્ટ્રવાદ એ

બંને ફાસીવાદી આક્રમણ તથા ચેમ્બરલેનની સમાધાનની નીતિને ધિક્કારવામાં સાથે હતાં. ભારતને 3 સપ્ટેમ્બર, 1939ના રોજ, તેની સંમતિ લીધા વિના, બ્રિટન સાથે યુદ્ધમાં જોડી દેવામાં આવ્યું. પરન્તુ રાષ્ટ્રવાદીઓએ યુદ્ધમાં સહકાર આપવા માટે એવી દરખાસ્ત રજૂ કરી કે બ્રિટન કેન્દ્રમાં સંપૂર્ણ જવાબદાર સરકારની તાત્કાલિક રચના કરવાની તથા યુદ્ધ પછી સ્વતંત્ર ભારત માટે બંધારણ સભાની રચના કરવાની તેમની માગણીઓનો સ્વીકાર કરે. આમ છતાં, બ્રિટનનો પ્રતિભાવ નકારાત્મક હતો. પછીથી ગાંધીજીની આગેવાની હેઠળ રાષ્ટ્રવાદીઓએ શાંત સવિનય કાનૂનભંગ સહિત તેનો પ્રતિભાવ આપ્યો. પરન્તુ ડાબેરી (ઉદ્દામવાદી) કૉંગ્રેસીઓએ સામ્યવાદીઓ સહિત ઉગ્ર યુદ્ધ-વિરોધી સંઘર્ષ માટે પ્રચાર કર્યો.

રશિયા ઉપર જર્મનીનું આક્રમણ તથા જાપાને અગ્નિ (દક્ષિણ-પૂર્વ) એશિયાના વિસ્તારો કબજે કરવાથી ભારતની રાજકીય પરિસ્થિતિમાં નાટકીય પરિવર્તન થયું. ભારતીય સામ્યવાદી પક્ષે સઘન ચર્ચા-વિચારણા બાદ, જાન્યુઆરી 1942માં ફાસીવાદ-વિરોધી 'લોકયુદ્ધ' તથા મિત્ર રાષ્ટ્રોના યુદ્ધના પ્રયાસોને સમર્થન આપવાનો નિર્ણય જાહેર કર્યો.

પરન્તુ ઑગસ્ટ 1942માં ગાંધીજીનો ઉગ્ર પ્રતિભાવ "કરો યા મરો" ના સૂત્રમાં જાહેર થયો. આ રીતે 'હિંદ છોડો' આંદોલન સમગ્ર ભારતમાં ફેલાઈ ગયું. પરન્તુ બ્રિટિશ નોકરશાહીએ 1942ના અંત સુધીમાં એ ચળવળ કચડી નાખી. લોકોના આવેશના દેશવ્યાપી મોજાની વિરુદ્ધ સામ્યવાદીઓએ સાહસો કરીને ફાસીવાદ વિરોધી તથા બ્રિટિશ યુદ્ધ પ્રયાસોની તરફેણમાં કામ કર્યું. તેના પરિણામે ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં એક સ્પષ્ટ વૈચારિક વિભાજન થયું.

ભારતમાં યુદ્ધનાં ભયંકર આર્થિક પરિણામો આવ્યાં - તેમાં ફુગાવો, વસ્તુઓની અછત, કાળા- બજાર અને ભ્રષ્ટાચાર હતાં, તથા 1943માં દુષ્કાળ પડ્યો તેમાં બંગાળમાં આશરે 30 લાખ લોકો મરણ પામ્યા. કોમવાદનો ઉદય, પાકિસ્તાન માટે મુસ્લિમ લીગની માગણી તથા સંસ્થાનવાદી શાસકો સાથે સમાધાન માટે કૉંગ્રેસની મંત્રણાઓ - ભારતમાં યુદ્ધ પશ્ચાત્ત રાજકીય પરિસ્થિતિનું દર્શન કરાવે છે. ખેડૂતો અને કામદારો દ્વારા સામ્રાજ્યવાદ-વિરોધી, જમીનદાર-વિરોધી તથા મૂડીપતિઓ-વિરોધી સંઘર્ષો તથા 1945-46માં થયેલ રૉયલ ઇન્ડિયન નેવીના બળવાએ સંપૂર્ણ સ્વતંત્રતા તથા સામાજિક ક્રાન્તિની પ્રક્રિયાને એકીસાથે વેગ આપ્યો.

### 33.5.2 સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના (Birth of the United Nations Organisation)

સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના યુદ્ધસમયે અસ્તિત્વમાં આવેલ ફાસીવાદ વિરોધી (મિત્ર રાષ્ટ્રોના) જોડાણ દરમિયાન થઈ. ઑગસ્ટ 1941માં રૂઝવેલ્ટ અને ચર્ચિલે આટલાન્ટિક જાહેરનામું (ચાર્ટર) તૈયાર કર્યું. તેમાં યુદ્ધ પશ્ચાત્ આંતરરાષ્ટ્રીય પુનઃ સંગઠન તથા "સામાન્ય સુરક્ષાને માટે વિસ્તૃત તથા સ્થાયી વ્યવસ્થા"ની સ્થાપનાના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો. આ સિદ્ધાંતોના આધાર પર 1 જાન્યુઆરી, 1942ના રોજ બધા ધરી રાષ્ટ્રવિરોધી દેશોએ સંયુક્ત રાષ્ટ્રસંઘના જાહેરનામા પર સહીઓ કરી. સામાજિક સલામતી, આર્થિક લોકશાહી અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વને માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસોને અલગ અલગ જાહેરનામામાં વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યાં. તેને પછીથી સંયુક્ત રાષ્ટ્રોનાં વિવિધ અંગોમાં સમાવી લેવામાં આવ્યાં. આખરી જાહેરનામા પત્ર પર જૂન 1945માં, સાનફ્રાંસિસ્કોમાં સહીઓ કરવામાં આવી.

યુદ્ધ દરમિયાન બ્રિટન, યુનાઇટેડ સ્ટેટ્સ, સોવિયેટ સંઘ, ચીન અને બીજાં પચાસ રાષ્ટ્રોએ વિશ્વની આર્થિક તથા સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કેટલીક આંતરરાષ્ટ્રીય એજન્સીઓને અસ્તિત્વમાં લાવ્યા. ઈ.સ.1943માં સંયુક્ત રાષ્ટ્ર રાહત તથા પુનર્વસવાટ તંત્રની સ્થાપના કરવામાં આવી. ઈ. સ. 1944માં નાણાકીય તથા ચલણની સમસ્યાઓ હાથ ધરવા માટે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ તથા પુનર્રચના અને વિકાસ માટે આંતરરાષ્ટ્રીય બૅન્કની સ્થાપના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠનની (યુનેસ્કો) સામાજિક તથા સાંસ્કૃતિક સહકારની સંભાળ લેવાના ઉદ્દેશથી સ્થાપના કરવામાં આવી. સંગઠનના આમુખમાં યોગ્ય રીતે જાહેર કરવામાં આવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય શાંતિની સ્થાપના "માનવજાતની બૌદ્ધિક તથા નૈતિક એકતા"ના આધાર પર કરવી જોઈએ. પોષણનાં ધોરણો ઊંચાં લાવવા માટે ખાદ્યપદાર્થોના ઉત્પાદન તથા વહેંચણીની પદ્ધતિઓ સુધારવા તથા વિકસતા જતા વિશ્વ અર્થતંત્રમાં પ્રદાન કરવા માટે 1945માં ખોરાક અને ખેતીવિષયક સંગઠનની સ્થાપના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રોએ ધીમે ધીમે તેની સભ્યસંખ્યા વધારીને 1945માં 51ની હતી તે 1963માં 123ની કરી દીધી. પરન્તુ ઠંડા યુદ્ધને લીધે તેની અસરકારક કાર્યવાહી પર ગંભીર અસર થઈ.

### 33.5.3 યુરોપ પર આર્થિક અસરો (Economic Consequences on Europe)

યુદ્ધ પછીના અસંગઠિત યુરોપમાં સર્વત્ર ગરીબીનાં દર્શન થવા લાગ્યાં તથા લાખોની સંખ્યામાં નિરાશ્રિતો તથા યુદ્ધ કેદીઓને ખોરાક તથા આશ્રય આપવાની સમસ્યા ઉકેલવાની હતી. યુરોપના દેશોના અર્થતંત્રને છિન્નાભિન્ન કરનારાં પરિબળો ઔદ્યોગિક યંત્રસામગ્રી અને તેની ઇમારતોનો નાશ, વાહનવ્યવહારની વ્યવસ્થાને થયેલુ નુકસાન, ફુગાવો તથા અસ્થિર ચલણ અને રાજકીય અનિશ્ચિતતાઓ હતાં. 1947ના વર્ષની મધ્યમા સમગ્ર યુરોપમાં ઉત્પાદન જરૂરિયાત કરતાં ઓછું થતું હતું અને મૂડીરોકાણ પણ ઓછું હતું. બ્રિટન આર્થિક દૃષ્ટિએ નબળું પડ્યું. અને તેણે પશ્ચિમના દેશોના નેતૃત્વનો ત્યાગ કરીને તે યુનાઇટેડ સ્ટેટ્સના હાથમાં ગયું.

જૂન 1947થી પશ્ચિમ યુરોપના દેશોની પુનર્રચના માટે અમેરિકાની સહાય મુખ્ય આધાર હતો. યુરોપીય પુનર્રચના કાર્યક્રમ (માર્શલ યોજના) હેઠળ 1948-49 દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સે વરસે ચાર અબજ ડૉલર લેખે પશ્ચિમ યુરોપના દેશોને મદદ કરી. 1950 સુધીમાં યુરોપના પુનર્રચનાનાં પરિબળો વેગવાન બન્યાં કારણ કે માલનું ઉત્પાદન તથા સેવાઓમાં નોંધપાત્ર વધારો થયો હતો. તેમ છતાં, બાકીના યુરોપની પુનર્રચનાનું કાર્ય ધીમું હતું, કારણ કે ઠંડા યુદ્ધને લીધે પૂર્વ યુરોપના દેશો અમેરિકાની સહાયથી વંચિત હતા.

### 33.5.4 ઠંડા યુદ્ધની શરૂઆત : નૂતન વિચારસરણીઓનો સંઘર્ષ (Origin of Cold War : New Ideological Struggle)

અમેરિકન રાજપુરુષ બર્નાર્ડ એમ. બ્રુચ દ્વારા સૌ પ્રથમ વાર 1947માં " ઠંડું યુદ્ધ" શબ્દપ્રયોગ કર્યો હતો, પરન્તુ તેનાં મૂળ 1942-43ના બનાવોમાં શોધી શકાય એમ છે. રશિયા ઉપર જર્મન આક્રમણનું દબાણ ઘટાડવા માટે યુરોપમાં બીજો મોરચો ખોલવામાં ઇરાદાપૂર્વક મોડું કરવામાં આવ્યું જેને કારણે રશિયા તથા પશ્ચિમના દેશો વચ્ચે સંગઠન સાધવામાં અનિશ્ચિતતા ચાલુ રહી. સપ્ટેમ્બર 1943માં ઇટાલી સાથે યુદ્ધવિરામ માટેની મંત્રણાઓમાં રશિયાને અલગ રાખવામાં આવ્યું. તેને લીધે રશિયાની પશ્ચિમના દેશો માટેની શંકામાં વધારો થયો. તેના ફલસ્વરૂપે 1945માં રુમાનિયા, બલ્ગેરિયા તથા હંગેરીનો વહીવટ કરવામાં રશિયાએ પશ્ચિમના દેશોને સાથે રાખ્યા નહિ. ઈ.સ. 1945માં પોલેન્ડની બાબતમાં પણ એમ જ કરવામાં આવ્યું. 'ઠંડા યુદ્ધ'માં જર્મનીનો પ્રશ્ન કેન્દ્રીય મુદ્દો બની ગયો હતો.

સોવિયેટ વિસ્તાર અને સામ્યવાદી વિચારો તથા ચળવળોના પ્રભાવનો અન્ય ક્ષેત્રોમાં ન સામનો કરવાના ફેલાવાના ઉદ્દેશથી વાસ્તવમાં 'ટ્રુમેન સિદ્ધાંત' ઘડવામાં આવ્યો હતો, જેણે 'ઠંડા યુદ્ધ'નો પાયો નાંખ્યો. જૂન 1947થી યુરોપની પુનર્રચના માટે આપવામાં આવતી અમેરિકન આર્થિક સહાય પણ સામ્યવાદ સામે અમેરિકન વૈચારિક યુદ્ધનું સાધન બન્યું હતું. તેના પરિણામે સામ્યવાદી જૂથ તથા પાશ્ચાત્ય અમેરિકન જૂથ વચ્ચે "લોખંડી પડદો" ઊભો થઈ ગયો હતો. આ વૈચારિક વિભાજન, હરીફ લશ્કરી જૂથો સહિતનાં લશ્કરી જોડાણો જેવાં કે નાટો (NATO), સીઆટો (SEATO) વગેરેના રૂપમાં વિશ્વના વિભાજનમાં પરિણમ્યાં. ત્યારથી વિશ્વ, પૃથ્વી પરની માનવજાતના અસ્તિત્વને ધમકાવતા અણુશસ્ત્રોના ભંડાર સહિત ત્રીજા વિશ્વયુદ્ધની ધાર ઉપર બેઠું છે.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નીચે લખેલાં વિધાનો વાંચો અને ખરું (✓) અથવા **ખોટું**(X)ની નિશાની કરો :
   (1) કબજે કરવામાં આવેલા વિસ્તારોમાં લોકોની **વિરોધી** ચળવળોએ ધરી રાજ્યોના પરાજયમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.
   (2) હિટલરની યુદ્ધનીતિના વિરોધમાં જર્મનીમા લોક ચળવળ થઈ ન હતી.
   (3) દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ સામ્રાજ્યવાદી શોષણનો અત આવ્યો.
   (4) "ઠંડા યુદ્ધ" માટેના પાયામાં સોવિયેટ સંઘનો વિસ્તાર તથા સામ્યવાદી વિચારોનો પ્રભાવ સર્વત્ર પ્રસરતો અટકાવવાનો ઉદેશ હતો.

2. ભારતીય રાજકીય મંચ પર પડેલી વિશ્વયુદ્ધની અસરો સંક્ષિપ્તમાં વર્ણવો.

-----------------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------------

-----------------------------------------------------------------------------------------------

3. સંયુક્ત રાષ્ટ્રસંઘની રચના શા માટે કરવામાં આવી ? સંયુક્ત રાષ્ટ્રસંઘના ત્રણ મહત્ત્વના અંગો જણાવો.

---------------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------------

## 33.6 સારાંશ

આ એકમમાં તમે અભ્યાસ કર્યો કે પ્રથમ વિશ્વયુદ્ધ પછી કરવામાં આવેલા શાંતિના કરાર સ્થિર રાજકીય સ્થિતિ પૂરી પાડી શક્યા નહિ. ખાસ કરીને નાના દેશોને લાગેવળગે છે ત્યાં સુધી તેનાથી મોટા ભાગના વિશ્વમાં અસંતોષ ફેલાયો. તદુપરાંત 1929-33ની આર્થિક કટોકટીએ રાજકીય કટોકટીમાં વધારો કર્યો.જર્મનીમાં નાઝીવાદ, ઈટાલીમાં ફાસીવાદ તથા જાપાનમાં લશ્કરવાદનો ઉદય આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નિર્ણાયક મુદ્દા હતા અને દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થવામાં તેનું મહત્ત્વનું પ્રદાન હતું. મંચુરિયા પર જાપાનના આક્રમણે, એબિસિનિયા પર ઇટાલીના આક્રમણે તથા 1936-39 દરમિયાન સ્પેનના આંતરવિગ્રહે સંઘર્ષને વધારે વ્યાપક બનાવ્યો. બ્રિટન તથા ફ્રાન્સ દ્વારા અમલમાં મૂકવામાં આવેલ સમાધાનની નીતિ નાઝી તથા ફાસીવાદી લશ્કરો દ્વારા કરવામાં આવેલા આક્રમણો માટે ઘણુંખરું જવાબદાર હતી.

યુનાઇટેડ સ્ટેટ્સ તથા સોવિયેત સંઘનો યુદ્ધમાં પ્રવેશ તથા કબજે કરેલા વિસ્તારોમાં વિકસેલી લોકોની વિરોધી ચળવળોએ ધરી રાજ્યોને સંરક્ષણાત્મક સ્થિતિમાં ધકેલી દીધાં. આખરે ધરી રાજ્યોએ યુદ્ધમાં વિનાશક પરાજય સહન કરવો પડ્યો.

સસ્થાનવાદના સ્થાને નવ-સંસ્થાનવાદનો ઉદ્ભવ, કેટલાંક સ્વતંત્ર રાષ્ટ્ર રાજ્યોની સ્થાપના સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્થાપના તથા નવી તંગદિલીઓ પેદા કરનાર ‘ઠંડા યુદ્ધ’ની શરૂઆત વગેરે દ્વિતીય વિશ્વયુદ્ધનાં કેટલાંક મહત્ત્વનાં પરિણામો હતાં.

## 33.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઑટાર્કી (Autarky)** કોઈ રાજ્યનું આત્મ-નિર્ભર બનવું, ખાસ કરીને આર્થિક દૃષ્ટિએ.

**ટ્રુમેન સિદ્ધાંત (Truman Doctrine)** બધા દેશોને તેમની સ્વતંત્રતા જાળવવા લશ્કરી તથા આર્થિક મદદનું વચન આપવામાં આવ્યું - તે અમેરિકાના પ્રમુખ ટ્રુમનની જાહેરાત. તેનો હેતુ રશિયાના વિસ્તૃતીકરણનો અને સામ્યવાદી વિચારો તથા ચળવળોનો અન્યત્ર સામનો કરવાનો હતો.

**ત્રીજું વિશ્વ (Third World) :** એશિયા તથા આફ્રિકાના દેશોની માફક, જે દેશો ગરીબ છે, તેમની પાસે બહુ તાકાત નથી અને અણવિકસિત ગણવામાં આવે છે તે દેશો.

**નવ-વસાહતવાદ (Neo-Colonialism) :** પ્રત્યક્ષ રાજકીય નિયંત્રણ વિના બીજા દેશના વેપાર અથવા નાણાકીય સંસ્થાઓનો અંકુશ મેળવીને બીજા દેશ દ્વારા કોઈ સ્વતંત્ર દેશ ઉપર આર્થિક અંકુશ રાખવો.

**નાટો (NATO) :** નોર્થ આટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનિઝેશન, યુનાઇટેટ સ્ટેટ્સ, કેનેડા, યુનાઇટેડ કિંગડમ (ગ્રેટ બ્રિટન) અને બીજા યુરોપીય દેશો જેમણે તેમની ઉપર આક્રમણ કરવામાં આવે તો એકબીજાને મદદ કરવા કબૂલ થયા હતા. તેનો હેતુ સામ્યવાદના વિકાસને અંકુશમાં રાખવાનો હતો.

**નુકસાની ભરપાઈ કરવી :** પરાજિત દેશ પાસેથી માંગવામાં આવેલ યુદ્ધમાં થયેલા નુકસાન માટેનું વળતર. ઉદાહરણ તરીકે પ્રથમ વિશ્વયુદ્ધ બાદ જર્મનીએ ઘણી મોટી રકમની નુકસાની ભરવી પડી હતી.

**સીઆટો (SEATO) :** સાઉથ ઇસ્ટ એશિયા ટ્રિટી ઓર્ગેનિઝેશન. સામ્યવાદ સામે લડવા માટે, યુનાઇટેડ સ્ટેટ્સની સૂચનાથી રચવામાં આવેલ અગ્નિ (દક્ષિણ પૂર્વ) એશિયાના કેટલાક સ્વતંત્ર દેશોનું લશ્કરી જોડાણ.

**યુદ્ધ-ગુનેગાર (War-guilt) :** ઈ. સ. 1919ના શાંતિના કરારની જોગવાઈઓમાંની એક; તે મુજબ જે દેશને યુદ્ધગુનેગાર માનવામાં આવ્યો હોય તેણે બીજા દેશોને વળતર ચૂકવવાનું હતું.

**વીમાર સરકાર (Weimar Govt.) :** પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મનીમાં સ્થાપવામાં આવેલી સરકાર જે હિટલર સત્તા પર આવ્યો ત્યાં સુધી ટકી રહી.

## 33.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1. તમારા જવાબમાં - જર્મનીના ગુમાવેલા પ્રદેશો અને 1919ની સમજૂતી વિરુદ્ધ જર્મનીમાં લોકોનો રોષ - નો સમાવેશ થવો જોઈએ. જુઓ પેટા વિભાગ 33.2.1.
2. જાપાનમાં ઉગ્ર-લશ્કરવાદ તથા લશ્કરવાદનો ઉદય, ચીન-જાપાન યુદ્ધ તરફ દોરી જતો મંચુરિયા ઉપરનો જાપાનનો હુમલો-વગેરે જુઓ પેટા વિભાગ 33.3.1.
3. (1) ✓ (2) ✓ (3) x (4) ✓

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. (1) ✓ (2) x (3) x (4) ✓
2. કૉંગ્રેસ દ્વારા ફાસીવાદી યુદ્ધને ધિક્કારવું, અંગ્રેજો દ્વારા સ્વરાજ માટે કૉંગ્રેસની માગણીનો અસ્વીકાર, કૉંગ્રેસ દ્વારા 'હિંદ છોડો' ચળવળનો આરંભ વગેરે. જુઓ પેટા વિભાગ 33.5.1.
3. વ્યાપક સલામતીની કાયમી પદ્ધતિ સ્થાપવી. યુનેસ્કો, ઇન્ટરનેશનલ મોનેટરી ફન્ડ વગેરે. જુઓ પેટા વિભાગ 33.5.2.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

A.C. Banerjee: *Constitutional History of India*, Vol. 2 (Delhi 1972.)
Marguirite Rose Dowe : *Forfeited Future : The Conflict over Congress Ministries* (Chanakya Delhi 1987).
Kapil Kumar : *Congress and Classes* (Manohar, New. Delhi, 1988)
J.Nehru : *An Autobiography* (Bombay, 1962).
D.N. Panigrahi (ed) : *Economy, Society and Politics in Modern India*, (Vikas, New Delhi, 1985)
Sumit Sarkar: *Modern India*. (Macmillan, New Delhi, 1983).
Rani Dhawan Shankar Dass: *The First Congress Raj*. (Macmillan, N. Delhi, 1982).
Pattabhai Sitaramayya : *History of Indian National Congress*, Vol. 2 (Padma, Bombay).

### હિંદી પુસ્તકો

**આર. પી. દત્ત** : આજકા ભારત
**અયોધ્યા સિંહ** : ભારતકા મુક્તિ સંગ્રામ
**તારા ચંદ** : ભારતીય સ્વતંત્રતા સંગ્રામકા ઇતિહાસ, ખંડ 3 અને 4.

**NOTE**

NOTE